Vol. 43, No.7
November 2022
ISSN 2455 - 4162

નવનીત સમર્પણ

Rs: 40

જીવન, સાહિત્ય અને સંસ્કારનું સામયિક

દીપોત્સવી

નિસબત વિશેષાંક



32g
પ્રોટીન

અમૂલ દૂધ પીતા હૈ ઇંડિયા

₹61* / 1 L

અમૂલ ગોલ્ડ

500mL: ₹ 31* | 16g પ્રોટીન

Amul
The Taste of India

*એમઆરપી (બધાં કરવેરા સહિત), ટ્રાન્સપોર્ટેશન અને કૂલિંગ ચાર્જિસ સામેલ છે. શરતો લાગુ. પૂછપરછ/ઉપલબ્ધતા માટે કૃપા કરી સંપર્ક કરોઃ વેસ્ટર્નઃ 9323760326, સેન્ટ્રલઃ 9324513052, થાણેઃ 7045841018, નાશિકઃ 9028161181

ચિનગારી

□ સુભાષ ભટ્ટ

ક્ષણિક છે બધું સર્વ છોડીને ચાલો,
ચિરંજીવ હો તત્ત્વ એ શોધી કાઢો

આમ તો ભારત એટલે સાધુત્વ, સંન્યસત્વ અને સંતત્વની અખંડ અને અનંત ચૈતન્ય ધારાઓ.... મહારાષ્ટ્રની આવી જ એક ચેતના એટલે સમર્થ રામદાસજીએ (ઈ.સ. ૧૬૦૮ - ૧૬૮૨) લગ્નવિધિ દરમિયાન પુરોહિતના 'શુભ મંગલ સાવધાન' સાંભળીને સંસારનો ત્યાગ કરેલો. તેઓ તત્ત્વજ્ઞાની અને સંતકવિ પણ હતા. આપણે તેમને શિવાજી મહારાજના ગુરુ તરીકે પણ ઓળખીએ છીએ.

તેઓ સ્નાન - પૂજા બાદ માત્ર પાંચ ઘરમાં ભિક્ષા માગવા જતા. એક વખત તેઓ ' જય જય રઘુવીર સમર્થ ' ઉચ્ચારીને એક ઘર સામે ઊભા રહ્યા. ત્યાં વળી પતિ-પત્ની ખૂબ ઝઘડેલાં. તેથી પત્નીએ ગુસ્સામાં સમર્થને કહ્યું, 'તમારા જેવાને ભીખ માગવા સિવાય કાંઈ ધંધો નથી. કોઈ કામ વિના માગી ખાવું છે. અહીં કાંઈ તમારી દાળ ગળવાની નથી. જાઓ, બીજા ઘરે! સમર્થ કહે, 'માતાજી હું ખાલી હાથે અહીંથી નહીં જાઉં. કશુંક આપો.' પેલી સ્ત્રીએ ગુસ્સામાં પોતાના હાથમાં રહેલું મસોતું સમર્થની ઝોળીમાં નાખ્યું અને બોલી, 'લ્યો, આનાથી તમારું મુખ કાળું કરો!' સમર્થે તો નદીએ જઈને તે વસ્ત્રને સ્વચ્છ કર્યું - સૂકવ્યું અને દીવાની વાટ બનાવી. દેવાલયમાં તેની જ્યોત પ્રગટાવીને બેઠા. પેલી સ્ત્રી પશ્ચાત્તાપ સાથે ક્ષમા માટે દેવાલયમાં આવીને રડી. તો સમર્થ કહે, 'જો, તારી ભિક્ષા થકી આ દેવાલયમાં ઉજાસ છે!'

આપણે પણ વિદાય થતા વરસનું બધું જ નિરર્થક એકઠું કરીને તેની વિસ્મરણ જ્યોત બનાવીએ અને આવતા વરસને આવકારીએ - ઉજાસીએ.

(ઉપરોક્ત પંક્તિ - શ્રી મનાચે શ્લોક - સમર્થ રામદાસજી, સમશ્લોકી ભાવાનુવાદ - શ્રીમનના શ્લોક - શ્રી મકરંદ મુસળે)

❑❑❑

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः।

દરેક દિશાએથી અમને શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ - ઋગ્વેદ ૧-૮૯-૧

નવનીત સમર્પણ

જીવન, સાહિત્ય અને સંસ્કારનું માસિક

વર્ષ : ૪૩ અંક : ૭, નવેમ્બર ૨૦૨૨

સંસ્થાપકો :
કનૈયાલાલ મુનશી
શ્રીગોપાલ નેવટિયા
સમર્પણ : સ્થા. ૧૯૫૯
નવનીત : સ્થા. ૧૯૬૨

સંપાદકઃ
દીપક દોશી

સહાયક સંપાદકઃ
અવની સોલંકી

પૃષ્ઠસજ્જા : યોગેશ પટેલ

પ્રકાશક :
પી. વી. શંકરનકુટ્ટી

કાર્યાલય : ભારતીય વિદ્યા ભવન,
કુલપતિ મુનશી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૭.
E-mail : deepsamarpan@yahoo.com
website : www.navneetsamarpan.com

રવાનગી વિભાગ :
૨૩૫૩૦૯૧૬, ૨૩૫૧૪૪૬૬

૭
ૐ નમો ભગવતે રામકૃષ્ણાય - ૧૩
કૂપમંડૂક

૧૧
કલા અને નિસબત
નિસર્ગ આહીર

૨૩
નિસબત : એક વિસરાતી જતી વાત
સિતાંશુ યશશ્ચંદ્ર

૨૬
મુનશીવાણી

૨૭
આપણી નિસબત : તમસ અને તેજ સાથે
સુભાષ ભટ્ટ

૩૩
ચિકિત્સક અને નિસબત
વૈદ્ય નિપુણ પી. બૂચ

૪૧
'સિનેમા ઑવ પ્રયોગ' અને નિસબત
અમૃત ગંગર

૪૯
ભારતીય સ્ત્રીઓની આત્મકથાઓમાં પ્રતિબિંબત તેમની નિસબત
ડૉ. રંજના હરીશ

૫૭
ડૉ. નરેશ વેદ : એક સંવાદ
આરાધના ભટ્ટ

૬૭
રાણી એલિઝાબેથથી રાણી એલિઝાબેથ સુધી
યુનુસ ચીતલવાલા

૭૩
હાસ્યમેળો
☐ જ્યોતિન્દ્ર દવે ☐ બકુલ ત્રિપાઠી
☐ વિનોદ ભટ્ટ ☐ રતિલાલ બોરીસાગર
☐ નિરંજન ત્રિવેદી

૮૯

કાવ્યધારા

☐ રઘુવીર ચૌધરી ☐ ચંદ્રકાન્ત શેઠ
☐ વિનોદ જોશી ☐ દલપત પઢિયાર
☐ ડૉ. ભરત ગોહેલ ☐ હરીશ મીનાશ્રુ
☐ કુલદીપ કારિયા ☐ રમણીક સોમેશ્વર
☐ ધીરેન્દ્ર મહેતા ☐ જવાહર બક્ષી
☐ જિગર જોષી 'પ્રેમ' ☐ ભાગ્યેશ જહા
☐ નયના જાની ☐ રાજેન્દ્ર શુક્લ
☐ અનિલ ચાવડા ☐ વિપાશા
☐ દિલીપ ઝવેરી ☐ પ્રવીણ દરજી
☐ માધવ રામાનુજ ☐ રાજેન્દ્ર પટેલ
☐ ભરત નાયક ☐ બાબુ સુથાર
☐ કમલ વોરા ☐ દર્શિની દાદાવાલા
☐ મધુમતી મહેતા ☐ મનીષા જોષી
☐ અનિલ રમાનાથ ☐ અજય સરવૈયા
☐ સુધીર પટેલ ☐ જ્યેન્દ્ર શેખડીવાળા
☐ હર્ષદ ત્રિવેદી ☐ પંચમ શુક્લ
☐ પીયૂષ ઠક્કર ☐ રાજેશ વ્યાસ
☐ નીરવ વ્યાસ ☐ પ્રબોધ પરીખ
☐ અશરફ ડબાવાલા ☐ લલિત ત્રિવેદી
☐ હેમેન શાહ ☐ કાનજી પટેલ
☐ સંજુ વાળા ☐ રઈશ મનીઆર
☐ રાજેશ પંડ્યા ☐ પારુલ ખખ્ખર
☐ યોગેશ જોષી ☐ ચંદ્રકાન્ત શાહ
☐ શૈલેશ ટેવાણી ☐ યજ્ઞેશ દવે
☐ હર્ષ બ્રહ્મભટ્ટ ☐ આશ્લેષ ત્રિવેદી
☐ ભાવેશ ભટ્ટ ☐ પ્રફુલ્લ પંડ્યા
☐ નીતિન વડગામા ☐ સુરેન્દ્ર કડિયા
☐ મણિલાલ હ. પટેલ ☐ પ્રણવ પંડ્યા
☐ ઉદયન ઠક્કર ☐ પન્ના ત્રિવેદી
☐ પ્રતિષ્ઠા પંડ્યા ☐ સાહિલ
☐ હેમંત ધોરડા ☐ ગૌરાંગ ઠાકર
☐ રાધિકા પટેલ ☐ ચંદ્રેશ મકવાણા

૧૩૧

વાતમેળો

કોઈનું કંઈ... ☐ પ્રવીણસિંહ ચાવડા
વણનોંધાયેલી... ૧૪૨ ☐ હિમાંશી શેલત
નોલો કોન્તેન્દેરે ૧૪૭ ☐ મધુ રાય
એ રાતે ૧૫૪ ☐ બાદલ પંચાલ
બાકીનું શરીર ૧૫૯ ☐ વીનેશ અંતાણી
રામાયણીબાબા...૧૬૯ ☐ વર્ષા અડાલજા
રડવું એટલે... ૧૭૯ ☐ કિરીટ દૂધાત
સમરસ ૧૮૯ ☐ બિપિન પટેલ

૧૯૫

જીવવું - નિસબત - મરવું

ઋષિત પ્રબોધ દુબલ

૨૦૨

ગોદાર મારા ગામે

અમૃત ગંગર

૨૦૭

નિસર્ગ - નિસબત

હિમાંશુ પ્રેમ

૨૧૮

'અંતરિક્ષના આગિયા': એક પ્રતિભાવ

ડૉ. સુશ્રુત પટેલ

૨૨૬ : હાસ્યેન સમાપયેત

આવરણ : અતુલ ડોડિયા

'બ્લેક મૂન' ૨૦૧૨ મેટલ રોલર શટર ઉપર ઇનેમલ પેઈન્ટ, બ્રાસ અક્ષરો, લોઢાના હૂક સાથે. ૧૦૮ x ૭૨ ઈંચ

લવાજમના દરો : એક વર્ષ : રૂ. ૩૦૦, બે વર્ષ : રૂ. ૫૮૦, ત્રણ વર્ષ : રૂ. ૮૫૦, પાંચ વર્ષ : રૂ. ૧,૪૦૦, દસ વર્ષ : રૂ. ૨,૮૦૦ ❑ વિદેશમાં એક વર્ષના : દરિયાઈ માર્ગ : રૂ. ૧,૫૦૦ હવાઈ માર્ગે : દરેક દેશમાં : રૂ. ૨,૬૦૦ ❑ ચેક/ડ્રાફ્ટ 'ભારતીય વિદ્યા ભવન'ના નામે મોકલવો.
❑ ઓનલાઈન લવાજમ માટે www.navneetsamarpan.com

દીપોત્સવી શુભેચ્છા-સંદેશ

'નવનીત સમર્પણ' દીપોત્સવી પ્રસંગે વિશેષાંક પ્રગટ કરે છે. આ વખતે 'નિસબત' વિશેષાંક આપના હાથમાં મૂકતાં હર્ષની લાગણી અનુભવું છું. આજે વિજ્ઞાન અને તંત્રવિજ્ઞાનને લીધે માણસ પાસે અપાર શક્યતાઓ અને નવી દિશાઓ ખૂલી રહી છે. જો કે એને લીધે મનુષ્યની નીતિમત્તાનો આંક ઊંચે ગયો હોય એવું અનુભવાતું નથી. ઊલટાનાં સ્વાર્થ, જડતા, બેજવાબદારી, પૈસા અને સત્તાની આંધળી દોટ વધુ જોવા મળે છે. એવું કયું તત્ત્વ છે જે આટઆટલી અનુકૂળતાઓ છતાં આપણને સર્વેના ઉત્કર્ષના ઉજાસને બદલે, સ્વાર્થના અંધકાર ભણી દોરી જાય છે? મારું નમ્ર માનવું છે કે આપણે દેશના નાગરિક તરીકે, સમાજના સભ્ય તરીકે અને એક સ્વતંત્ર વ્યક્તિ તરીકે આપણી સાચી નિસબત દાખવી શક્યા નથી. એનાં કારણો અનેક હોઈ શકે પણ સાચી નિસબત કઈ રીતે વ્યક્ત થઈ શકે એ માટેનો થોડો ઉજાસ આ દીપોત્સવી પ્રસંગે પ્રગટાવવાનો પ્રયાસ છે. આશા છે કે આપ સૌને એ સાર્થક લાગશે. ગાંધીજીનું એક અવતરણ અહીં ટાંકવાનું મન થાય છેઃ ''સઘળા ધર્મો પ્રત્યે સમાન આદર રાખનારા આપણે, આવા બધા પ્રસંગો અવશ્ય ઊજવવા જોઈએ. આપણે અંતર્મુખ થઈએ... આપણામાં રહેલી સઘળી અશુદ્ધિઓ દૂર કરીએ અને ઈશ્વર એક જ છે તથા તેનો ઉપદેશ પણ એક જ છે, એ વસ્તુ સમજીએ. આપણે જેને સત્ય અથવા ન્યાયયુક્ત માનતા હોઈએ, તેને ખાતર આપણા જીવનની પણ આહુતિ આપવાને તૈયાર થઈને આપણી શ્રદ્ધાનું પારખું આપવું જોઈએ.''

ભારતીય વિદ્યા ભવન જીવન, સાહિત્ય અને સંસ્કારની આ જ્ઞાનજ્યોત સતત ૬૩ વર્ષથી પ્રજ્વલિત રાખી શક્યું છે એ માટે ભવનની ટીમ સાથે કદરદાન વાચકોનો હૃદયપૂર્વક આભાર માનું છું. પ્રસ્તુત અંકમાં સાહિત્ય ઉપરાંત નિસબત વિષય અંગે અનેક ક્ષેત્રના વિદ્વાનોએ ખાસ લેખ લખી મોકલ્યા છે તે સૌનો પણ આભાર માનું છું. આ દીપોત્સવી પર્વનો ઉજાસ આપણી નિસબતથી વધુ પ્રકાશમય બને એવી આપ સૌને અંતરની શુભેચ્છા આપું છું.

સુરેન્દ્રલાલ ગિ. મહેતા
પ્રમુખ
(ભારતીય વિદ્યા ભવન)



ૐ નમો ભગવતે રામકૃષ્ણાય - ૧૩

☐ કૂપમંડૂક

ભગવાન રામકૃષ્ણ કહેતા કે ત્રણ વાતમાં મને પગમાં કાંટો ઘૂસી જાય ને કેવું થાય એવો ઝટકો લાગે. કોઈ મને ગુરુ, માલિક કે બાબા કહે ત્યારે. સચ્ચિદાનંદ જ સાચા ગુરુ. ઉપદેશ એ જ આપી શકે. લોકોને ઉપદેશ આપવો એ શું કાંઈ ખાવાના ખેલ છે? ખૂબ જ વિકટ વસ્તુ છે. એ માટે અધિકાર પ્રાપ્ત કરવો પડે. ઈશ્વરનો સાક્ષાત્કાર થાય તો વાત બને. પછી ઈશ્વરનો આદેશ

મળી જાય.

નારદ, શુકદેવ, શંકરાચાર્યને આ આદેશ મળ્યો હતો. ઈશ્વરની વાણી બોલવી એ બચ્ચાંની રમત છે? પીગળાવી નાખે. એટલે તો નારદ, શુકદેવે થોડોક વિદ્યાનો અહમ્ 'હું ઈશ્વરનો દાસ' એવી ભાવનાનો અહમ્ સાચવી રાખેલો. આ પાકો અહમ્ એમાં કોઈ નુકસાન નહિ. આદેશ મળ્યા વગર જો હું લોકોને ઉપદેશ દઉં છું એવો અહમ્ આવે તો એ તમારું ધનોતપનોત કાઢી નાખે. આવો અહંકાર આવે ઘોર અજ્ઞાનથી અને જે ખુદ અજ્ઞાની છે એ બીજાને શું જ્ઞાન આપવાનો? ધૂળ અને ઢેફાં!

પરવાનો ક્યાં છે? પરવાનો લાવ. નહિ તો હસવા જેવી વાત થાય. પોતાનું ઠેકાણું નહિ ને બીજાનો ઉદ્ધાર કરવા હાલી નીકળ્યા. આંધળો આંધળાને દોરે ને બંને ઠોકર ખાય. મનમાં ને મનમાં માને કે મને આદેશ મળી ગયો છે. અરે ભાઈ, ઈશ્વરનાં દર્શન કર્યાં? એમની સાથે વાતો કરી? આ આદેશની તાકાત સમજે છે? પર્વત હાલી જાય. લેક્ચરબાજી કરતો ફુટકળિયો પોતાને ગુરુ કહેવડાવે એ હીન બુદ્ધિનો.

ત્રાજવાનાં પલ્લાં જોયાં છે ને? હલકું પલ્લું જ ઊંચે જાય. સાચા આચાર્ય ને ખોટા આચાર્ય વચ્ચે શું તફાવત ખબર છે? નાનકડું લાકડું, ખોખલું થઈ ગયેલું લાકડું જ્યારે તરતું હોય ત્યારે એના પર એક નાનકડું પંખી પણ બેસે તો બંને પાણીની અંદર ગરક થઈ જાય. પરંતુ મોટું ઇમારતી લાકડું તરતું જતું હોય ત્યારે ગાય, માણસ ને હાથી સુધ્ધાં એના પર બેસીને જઈ શકે. સ્ટીમર પોતે પણ પસાર થાય ને બીજા કેટલાય માણસોને પણ પાર ઉતારે. નારદ વગેરે આચાર્યો ઇમારતી લાકડાં જેવા, સ્ટીમ બોટ જેવા.

હે મૂર્ખ પંડિત! તું જે કરવા લોકોને કહેવાનો છે એ પહેલા તું કર. ચારિત્ર્યને સંપૂર્ણપણે કેળવશે નહિ તો તું એ કરી જ નહિ શકશે અને એ કરવું એટલે? પ્રખર સાધના કરવી પડે, તપશ્ચર્યા કરવી પડે, ત્યાગ કરવો પડે. ધનદોલતનો, ઐશ્વર્યનો, કામવૃત્તિને સંતોષવાની લાલસાનો, માનપાન લેવાનો, ખ્યાતિ મેળવવાનો, પોતાને ગુરુ ને સંત કહેવડાવવાનો, પોતાના અહંમાં સ્વાર્થલોલુપતાની હવા ભરી-ભરીને એનો ફુગ્ગો ચગાવવાનો.

ઉપદેશ આપવાનો ઈશ્વર પાસે આદેશ મેળવવા માટે સત્યને પકડી રાખવું પડે. સત્યની સતત સાધના કરવી પડે. તું તો તારા સ્વાર્થની સાધનામાં તું જે છે એ નથી, અને જે નથી એ છે એવી રીતે લોકો સમક્ષ પેશ આવવા દંભ અને ઢોંગનો સહારો લઈ અસત્યની ધૂળમાં આળોટાય છે. સમજી લે કે સત્ય જ પરમેશ્વર છે. સત્ય અને સ્વાર્થ વગરની નિષ્કામ ભક્તિ એ બે વસ્તુ કળિયુગની સાધના છે.

અને આ બે વસ્તુ આવ્યા પછી તારો અહમ્ પોતાને ગુરુ ને બાબા કહેવડાવવાની મહેચ્છા, ધનદોલત, ખ્યાતિ વગેરે પ્રાપ્ત કરવાની લાલસા તને ઝેર જેવાં લાગશે. આ ચક્કીમાંથી પિસાઈને બહાર આવશે ને તારામાં લોકોને સાચો માર્ગ દેખાડવાની તમન્ના જાગશે ત્યારે ઈશ્વર દર્શન દઈ તને ઉપદેશ આપવાનો પરવાનો આપશે. બાકી તો અંદર બધું ખાલીખમ ને સાહેબ નીકળ્યા બીજાના ચૈતન્યને જાગ્રત કરાવવા! એમાં તું તો ડૂબશે પણ તારું સાંભળવાવાળાને પણ ડુબાડશે.

ઠાકુર આ માટે સાપ અને દેડકાની કથા કહેતા. એક મોટો દેડકો પાણીના ડેંડા સાપના મોઢામાં આવી ગયો. સાપ એને ગળી જવા ભગીરથ પ્રયાસ કરે, પણ ઓલો અંદર જાય જ નહિ. ગળામાં ભેરવાઈ રહેલો. એટલે સાપે એને બહાર ફેંકી દેવા કોશિશો કરી પણ પેલો ન બહાર નીકળી શકે કે ન તો ડેંડો એને ગળી જઈ શકે. બાપડો દેડકો ડ્રાંઉં ડ્રાંઉં કરીને બૂમાબૂમ કરે. સાપનેય ભારી ત્રાસ થાય. ઠાકુર કહેતા કે એ દેડકો ફણીધર નાગના સપાટામાં આવ્યો હોત તો એક-બે વાર ડ્રાંઉં ડ્રાંઉં કરી શાંત થઈ જાત.

ડેંડો સાપ એ કાચો ગુરુ. ઈશ્વરીય અધિકાર મેળવ્યા વગર ગુરુ બનવા નીકળેલો મૂર્ખ. દેડકો એ ચેલો કે પેલા ઢોંગી ગુરુને મહાન માનવાવાળો માણસ. બંને અધ્ધર લટકીને મરે. ફણીધર નાગ એ પાકો ગુરુ. ગટાક્ દઈને દેડકાને ગળી જાય, એટલે કે મુક્તિના માર્ગ ઉપર મૂકી આપે.

વેદ, ઉપનિષદ, ગીતા ગોખી ફટાફટ શ્લોકો બોલવાથી શું વળવાનું? શ્રોતાઓ ઘડીક વાહ-વાહ કરે, પણ પછી શું? પંચાંગમાં લખ્યું હોય કે આ તિથિએ ખૂબ વરસાદ પડશે. પણ પંચાંગને નિચોવવાથી એનાં પાનાં પરથી એક ટીપું પણ પાણી પડશે? ચોપડા વાંચીને વાતો કરવાથી, ઉપદેશ આપવાથી શું મળે? ભાંગ-ભાંગ મોઢેથી બોલ્યે શું વળે? કોગળો કર્યેય કાંઈ વળે નહિ. એને પીવી જોઈએ. પેટમાં નાખવી પડે, ત્યાર પછી નશો ચડે.

કોઈએ દૂધ વિશે સાંભળ્યું છે, કોઈએ એને જોયું છે, પણ એ શા કામનું? દૂધને પીવું પડે. જે પીએ એ જ એ વિશે કહી શકે. ખોખલા પંડિતે કાશીને નકશા પર જોયું છે અને એ નકશામાં ક્યાં છે એ બરાબર બતાવી શકે. પણ પછી કાશીનું વર્ણન કરવા બેસે તો શું કરે? ચોપડામાં વાંચેલું બોલે. જે કાશી ગયો છે, ત્યાં રહ્યો છે, એને અનુભવ્યું છે, એ જ કાશી વિશે અધિકૃત વાત કરી શકે.

આ પંડિતો છે ને, એ બધામાં એક વાત કૉમન. અહંકાર. બધા જ અહંકારી. અરે! જેમાં વિદ્યા હોય, પણ એ વિદ્યાનો અહંકાર હોય, તો એને જ્ઞાન

ન થાય, તો પંડિતાઈના અહંકારનું પૂછવું શું? જ્ઞાન કદી એની આજુબાજુ ફરકે જ નહિ. અહંકાર અને જ્ઞાનને બાપે માર્યા વેર. ખોખલા પંડિતને કદી જ્ઞાનપ્રાપ્તિ ન થાય. એનો અહંકાર એ થવા જ ન દે. ઊંચી ટોચ પર પાણી એકઠું થાય નહિ. નીચી જમીનમાં ચારેકોરથી પાણી ખળખળ કરતું આવે. જેનામાં વિવેક-વૈરાગ્ય નથી એ પંડિતો મને ઘાસનાં ફોતરાં જેવા લાગે.

એટલે જ ઠાકુરને કોઈ ગુરુ કહે તો એ સમસમી જતા. એકવાર એક ડૉક્ટરે કહ્યું કે મારો દીકરો અમૃત તમારો ચેલો છે અને બીજી વાર ગિરીશે કહ્યું કે ફલાણો પોતાને તમારો ચેલો કહેવડાવે છે ત્યારે ઠાકુર બોલી ઊઠેલા, "કોઈ સાલો મારો ચેલો-બેલો નથી. હું જ સૌનો ચેલો. સૌ ઈશ્વરનાં બાળક, ઈશ્વરના દાસ. હું પણ તેનું જ બાળક છું, તેનો જ દાસ છું."

ઠાકુર કહેતા કે ડૂબકી મારો, ડૂબકી મારો. બેઠાં-બેઠાં શાસ્ત્રોનાં વચન લઈને માત્ર લેક્ચર ઠોક્યે રાખવાથી કશું વળવાનું નથી. સાલાઓએ ડૂબકી મારવી નથી ને બેઠાં-બેઠાં રતન જોઈએ છે!

ઠાકુર જે ઘાસનાં ફોતરાંની વાત કરતા હતા એવાં ફોતરાં આપણા દેશમાં આજે હજારોની સંખ્યામાં એવાં ઊડે છે કે જાણે આકાશમાં ઘૂમી ધરતી પર અંધકાર ફેલાવે છે. આની વાત આગળ ચાલતાં કરીશું. આજે ફરી એકવાર આ વિષય ઉપર ઠાકુરના શબ્દોથી પૂર્ણાહુતિ કરીએ.

"ઘણાની ઇચ્છા હોય કે ગુરુપણું કરીએ. પાંચ માણસો ગણે - માને. શિષ્યો થાય, સેવકો મળે. માણસો કહે ગુરુચરણના ભાઈનું આજકાલ બહુ સરસ જામી ગયું છે. કેટલાય માણસો આવ-જાવ કરે. ચેલા, સેવક ઊભરાય. ઘરમાં સમૃદ્ધિની છનાછની થઈ રહી છે. કેટલાય માણસો કેટલીય ચીજો લઈને આવે છે.

"પણ ગુરુપણું એ વેશ્યાવૃત્તિ જેવું. ધૂળ ને રાખ જેવા પૈસાટકા માટે, માણસોમાં નામ કાઢવા માટે, પગપંચી ને શરીરની સેવા કરાવવા માટે પોતાની જાત વેચી દેવી!!! જેનાથી ઈશ્વરની પ્રાપ્તિ કરી શકાય એ શરીર, મન અને આત્માનો ધૂળ જેવી ચીજ માટે ઉપયોગ કરવો એ બિલકુલ સારું નથી. એક જણ કહેતો હતો કે હમણાં ગુલાબડીનો બહુ સારો સમય આવ્યો છે. મજાનું એક ઘર ભાડે રાખ્યું છે; ત્યાં પલંગ, વાસણકૂસણ, ગાદી-તકિયા વગેરે. કેટલાયે માણસો ગુલાબડીને વશ છે. આવન-જાવન ચાલુ જ રહે છે. કેમ? તો કહે ગુલાબડી વેશ્યા થઈ છે. એટલે સુખ મા'તું નથી. પહેલાં એક ગૃહસ્થને ઘેર ઘરકામ કરતી હતી. હવે વેશ્યા તરીકે છે એને ઘી-કેળાં. સામાન્ય વસ્તુઓ સારુ પોતાનો જ સર્વનાશ!"

[ક્રમશઃ]

વીનસ ઑફ્ હોલ ફેલ્સ, પ્રાચીનતમ શિલ્પ

કલા અને નિસબત

☐ નિસર્ગ આહીર

કલા સ્વયં નિજી નિસબતનું પરિણામ હોય છે. હા, કલાકીય નિસબતનાં પરિબળો, કારણો, ઉદ્દેશો, આવિષ્કારો અને અભિવ્યક્તિઓ વિભિન્ન હોવાનાં. એનું કારણ એ કે કલાનો કર્તા કલાકાર વિશિષ્ટ પ્રતિભા ધરાવનાર વ્યક્તિ હોય છે. એની પ્રતિભાના વિસ્તાર અને ભાવજગતની સીમા અનુસાર કલારૂપો આકારિત થતાં હોય છે. વસ્તુતઃ કલાકાર હોવું એટલે જ કોઈ નિજી નિસબતને રૂપાયિત કરવાની મથામણ કરવી. નિસબત વગરની કલા હોઈ શકે? હરગિજ નહિ. અને નિસબતહીન કલા હોય તો એને કલા કહેવાય જ નહિ.

પ્રાણીચિત્રણનું લાસ્કો ગુફામાંનું પ્રાચીનતમ ચિત્ર, ફ્રાન્સ

નિસબતની ગેરહાજરી હોય તો બની રહે કૌશલ્યપરક વ્યાયામ, કેવળ કસબ.

કલામાં નિસબતની માત્રા ઓછીવધુ હોઈ શકે, કિન્તુ એ તો સ્વયંસ્પષ્ટ છે કે અનેક લોકોનો આદર પામીને, મોટો ચાહકવર્ગ ઊભો કરીને, સમયના સુદીર્ઘ પટ પર પથરાયેલી કલામાં નિસબતનું બહુઆયામી પ્રાબલ્ય હોવાનું. કલાનો કર્તા આખરે તો માણસ જ છે. પરંતુ જે કલાકારની કૃતિ અખિલાઈ, સમષ્ટિ, શાશ્વતી, વ્યાપ્તિ, નિર્હેતુકતા, નિરતિશય આનંદને લઈને અભિવ્યક્ત થઈ હોય તે જ કાલજયી નીવડે છે.

ભૂપેન ખખ્ખરનું જીવનવાસ્તવ દર્શાવતું ચિત્ર

કલા એટલે ભાવવિશ્વની પ્રબળતમ કોઈક અવસ્થાને સૌંદર્યઘન મૂર્ત રૂપ આપવાની પ્રક્રિયા. એના નિર્માણમાં આત્મિક અને ભૌતિક પ્રતિભા કારણભૂત હોય છે. 'કલા' બહુવાચક શબ્દ છે. સાહિત્ય, સંગીત, ચિત્ર, શિલ્પ, સ્થાપત્ય એ પાંચેય લલિત કલા માટે 'કલા' શબ્દ પ્રયોજાય છે, તદુપરાંત સૌંદર્યાત્મક અન્ય પ્રવૃત્તિ માટે પણ 'કલા' શબ્દ જ ખપમાં

કૃષ્ણલીલાની આધુનિક શૈલીનું ચિત્ર, એમ. એફ. હુસૈન

લેવામાં આવે છે. આ લેખમાં ચિત્ર-શિલ્પની દૃશ્યકલાને કેન્દ્રિત કરી છે.

કલાની પ્રથમ નિસબત ભાવવિવર્તને રસાનંદમય રૂપ આપવાની છે. બીજી નિસબત જિવાતા જીવનની અનુભૂતિઓ અને નિરીક્ષણોને કાયમી રૂપ આપવાની છે. ત્રીજી નિસબત તે માનવને સર્જન કરવાની મળેલ શક્તિ કે સિસૃક્ષાને અભિવ્યક્ત કરવાની છે. કોઈ પણ કલામાં નિસબતરૂપે આ ત્રણેય સાથે મળીને કેન્દ્રબિંદુ બને છે. સમગ્ર રીતે જોઈએ તો કલાભિવ્યક્તિ માટે ભાવાવેશ, સંવેદનશીલતા, દર્શન, વિચાર, સંક્ષોભ, આઘાત, પીડા, સંવેગ, આવેગ, આક્રોશ, અભાવ, આર્થિક જરૂરિયાત, માગ, પ્રતિષ્ઠાપ્રાપ્તિ, માન-અકરામની ઉપલબ્ધિ જેવાં અનેક પરિબળો કારણભૂત હોઈ શકે. મૂલતઃ કલાસર્જનની પ્રક્રિયા સંકુલ અને સૂક્ષ્મ હોવાને કારણે કોઈ પણ કલાકૃતિમાં મુખ્ય પરિબળ તરીકે શું જવાબદાર હશે એ સ્પષ્ટપણે કહી ન શકાય, પરંતુ કોઈક પરિબળની માત્રા ઓછી કે વધુ કઈ રીતે હોઈ શકે એનો અંદાજ તો લગાવી શકાય.

જાતકકથા, સાંચી

ગંગા, દિલ્હી રા.

યક્ષી, મથુરા.

એક અર્થમાં એમ કહી શકાય કે નિસબત સ્વયં પોતીકી પ્રક્રિયામાંથી પસાર થઈ કલારૂપ ધારણ કરે છે. એ કલારૂપ સ્વયંપર્યાપ્તિ અને સંતર્પક હોય છે. કલાના બાહ્ય કે મૂર્ત રૂપમાં થતા અવતરણમાં તો નિર્હેતુક, નિર્વિચાર એવી ભાવસ્થિતિ પ્રવર્તતી હોય છે. કલાની અભિવ્યક્તિ માટે કોઈક પ્રેરણા, કશોક ધક્કો, કોઈક ઉદ્દીપન કારણભૂત હોઈ શકે, કિન્તુ કલાકૃતિના નિર્માણ વખતે, મૂર્ત રૂપ આપતી વખતે કલાગત પ્રાપ્ત થયેલા તમામ સંસ્કારો એની સમગ્રતામાં કાર્યરત થતા હોય છે. કલાકારના ભાવ મનોગ્રાહ્ય એવું મૂર્ત રૂપ ધારણ કરે એમાં એકાધિક કારણો સમાવિષ્ટ હોય છે.

યક્ષી, દીદારગંજ

કલાની અભિવ્યક્તિમાં વૈયક્તિક નિસબત હોય છે તેમ સામૂહિક નિસબત હોય છે. માનવસંસ્કૃતિના વિકાસ સાથે કલાની નિસબતનું કેન્દ્ર પણ બદલાતું રહ્યું છે. એમ કહી શકાય કે આરંભકાલીન કલામાં કલાકાર હોવાની સભાનતા વિનાની અનુકરણ કે સુશોભનની નિસબત રહી છે. એમાં વૈયક્તિક નહિ, પણ સામૂહિક સર્જનભાવના કારણભૂત રહી છે. કલાકાર આરંભે તો કસબી જેવો કે કંઈક હલકો ગણાતો હતો. કલાકારની 'કલાકાર' હોવાની સભાનતા ઘણી મોડી આવી. તેમાં પણ કલાકાર તરીકેની પ્રતિષ્ઠા તો બહુ

જીવનરસથી ભરેલાં પાત્રો, ખજૂરાહો

પાછળથી પ્રાપ્ત થઈ. રાજ્યાશ્રય મળતાં, શ્રીમંત લોકોની કલા પરત્વે રુચિ વધતાં અને કલાકૃતિ વેચાણની જણસ બનતાં કલાકારનું સ્થાન સુદૃઢ બન્યું. ખરેખર તો એમ કહી શકાય કે કલાકારને કલાકારનું ગૌરવ પ્રાપ્ત થયા પછી જ એ સ્વકીય, વૈયક્તિક પરિમાણોથી સ્વતંત્રપણે કાર્ય કરી શક્યો. એનો નિજી અવાજ બુલંદ બનતાં તો બહુ વાર લાગી છે.

પ્રારંભે કલાકાર અનેક કારણોસર દોરવાયેલો હતો. તે સ્વતંત્ર નહોતો અથવા આંશિક સ્વતંત્ર હતો. રાજ્યસત્તા, આશ્રયદાતા, ધર્મ, સામાજિક સ્થિતિ, સાંસ્કૃતિક ગતિવિધિ, પુરસ્કર્તાઓ, ભાવકો વગેરે અનેક પરિબળો કલાપ્રવૃત્તિને નિયંત્રિત કરતાં હતાં. કલાનાં અને સૌંદર્યશાસ્ત્રનાં પુસ્તકો રચાયાં તે પણ પરંપરાને પોષનારાં હતાં. આમ છતાં એ બાબત ખાસ ઉલ્લેખનીય છે કે કોઈ પણ સ્થિતિમાં પ્રતિભાશાળી કલાકાર પરાધીનતામાંથી પણ સ્વાધીનતા, પરંપરામાંથી પણ પ્રયોગશીલતા જન્માવનારા બની જ રહે છે. કશુંક નૂતન, તાજું, અનોખું,

હર્ક્યૂલસ, ચિત્રકાર રૂબેન્સની મિથ આધારિત કૃતિ

પિએટા, માઇકલ એન્જેલોનું ધર્મકેન્દ્રી શિલ્પ

જન્મદાત્રી માતૃશક્તિના પ્રતીક તરીકે રૂપાકૃતિ પામ્યાં છે. માતૃરૂપની જન્મ આપવાની અને પોષણ કરવાની જે સકારાત્મક ઊર્જા છે તેને માનવાકૃતિ દ્વારા, નારીશક્તિના દીર્ઘ વક્ષઃસ્થળ અને પુષ્ટ જઘનપ્રદેશના શિલ્પાંકન દ્વારા સંકેતિત કરવામાં આવી છે.

ચમત્કારિક ન જન્માવી શકે તે કલાકાર ન જ કહેવાય. દરેક યુગે આવા કલાપરક ચમત્કારો થયા એનું કારણ છે કલાકારની નિઃસીમ પ્રતિભા.

જગતની પ્રાચીનતમ કલા તો પ્રતીકરૂપે જન્મેલી એમ કહી શકાય. જેને વિશ્વની પ્રથમ કલા માનવામાં આવે છે તેમાં વીનસ ઑવ્ હોલ ફેલ્સ કે વીનસ ઑવ્ વિલનડોર્ફનાં શિલ્પો

ફ્રાન્સની લાસ્કો, સ્પેનની અલ્તામીરા કે ભારતની ભીમબેટકા જેવી ગુફાઓનાં પ્રાગૈતિહાસિક ચિત્રોમાં આદિમાનવની નિસબત પોતાની મુખ્ય પ્રવૃત્તિઓને અંકિત કરવાની રહી છે. પોતાના રોજિંદા જીવનનું પ્રતિરૂપ, પ્રતિબિંબ રચવું હતું એમને. જિવાતા જીવનને આલેખીને માણસે પોતાની હયાતીનાં પદચિહ્ન ગુફાચિત્રોમાં અંકિત કર્યાં છે. એમાં પ્રાણીઓનું પ્રાબલ્ય,

ગુએર્નિકા, યુદ્ધની વિભીષિકા પ્રગટ કરતું પાબ્લો પિકાસોનું ચિત્ર

મેટામોર્ફોસિસ ઑવ્ નાર્સિસસ, સાલ્વાડોર ડલીનું સરરિયલ ચિત્ર

માણસે એને વશ કરવા માટે કરેલા યત્ન, શિકાર કરવા કરેલી મથામણનાં પ્રતિરૂપો છે. એમાં કલામાંનું સૌંદર્યલક્ષી જે ઋતુ છે તેનો અભાવ છે, એ સમજી શકાય તેમ છે, તો પણ એમની પ્રતિરૂપો સર્જવાની નિસબતને સલામ કરવી જ રહી. માનવીય કલાભિવ્યક્તિની એ પ્રાચીનતમ ચિત્રણા છે.

જગતની પ્રાચીન સંસ્કૃતિઓમાં કલા સામાન્યતઃ અલંકરણ કે સુશોભનનું રૂપ લે છે. આસપાસનું જગત સુશોભિત, રૂપકડું, અનેક આકૃતિઓથી અલંકૃત કરવાથી માણસને આનંદની અનુભૂતિ થતી હોય છે. એમાં કશુંક સારું કર્યાની સંતુષ્ટિ પણ હોય છે. એ રીતે અનેક પ્રકારની સુશોભનભાતો આવી, જે વિશેષતઃ તો પ્રાકૃતિક રૂપોની અનુકૃતિ જેવી હતી. મોર જેવાં પક્ષીઓ, હાથી જેવાં પ્રાણીઓ, ફૂલો, પર્ણો, વૃક્ષો, વેલીઓ એ સુશોભનના કેન્દ્રમાં રહ્યાં છે. ભૌમિતિક આકૃતિઓની અવનવી

આધુનિક કલાને આત્મસાત્ કરનાર રવીન્દ્રનાથ ટાગોર

નવવધૂના શૃંગારને દર્શાવતી અમૃતા શેરગિલની ચિત્રકૃતિ

ભાતો પણ રચાઈ. એ રીતે કલાનો વિસ્તાર સામૂહિક રીતે થતો રહ્યો માટે એ બધું ખૂબ મહત્ત્વ ધરાવે છે.

પ્રાચીનતમ સંસ્કૃતિઓમાં પુરાકથાઓ કે માઇથૉલૉજીનાં કલારૂપ પુષ્કળ માત્રામાં મળે છે. ઇજિપ્ત, મેસોપોટેમિયા, ગ્રીસ,

ધી નવાનગર કો-ઓપરેટીવ બેંક લિ.
PROUDLY CO-OPERATIVE
E : mail@nawanagarbank.co.in
www.nawanagarbank.co.in
'નવાનગર બેંક ભવન', પ્રણામી સ્કુલ સામે, હિરજી મિસ્ત્રી રોડ, જામનગર. ફોન : ૨૫૫૩૯૮૪ - ૮૫
'નાના માણસોની મોટી બેંક'
'સહકારીતાનો વ્યવસાયિક
ઉદ્દેશ્ય માનવ સેવા'
• આધુનીક બેંકીંગ સુવિધાઓ ફ્રી ઓફ ચાર્જ •
RTGS / NEFT
થી ફંડ ટ્રાન્સફર
E-PAYMENT
I.T. / G.S.T.
SMS ALERT
RuPay ડેબીટ કાર્ડ
મોબાઈલ બેન્કીંગ
NEFT ફંડ ટ્રાન્સફર સુવિધા સાથે
ઓનલાઈન શોપીંગ
મોબાઈલ એપથી વિજ બિલ, ગુજરાત ગેસ બિલ, મોબાઈલ બિલ પેમેન્ટ સુવિધા

રોમ, ચીન, ભારતનું પુરાકથાવિશ્વનું આલેખન છે, એમાં ધર્મ ઉપરાંત ચમત્કાર, શુભાશુભની માન્યતા અને રોચકતાનાં તત્ત્વો જવાબદાર રહ્યાં છે. શિલ્પ અને ચિત્ર બંનેમાં એ પ્રકારનું કામ થયું છે. આપણને આશ્ચર્યચકિત કરી દે એવી વૈવિધ્યસભર એ સૃષ્ટિ છે.

ધર્મ સમગ્ર માનવ-ઇતિહાસમાં પાયાનું અને પ્રમુખ પરિબળ રહ્યું છે. ઇષ્ટદેવની કૃપા, ચમત્કારો,

ધર્મના મહાનાયકો, ધાર્મિક કથાઓ, ધર્મકેન્દ્રી સાહિત્યની સૃષ્ટિને કલા દ્વારા વ્યાપક પ્રમાણમાં કલારૂપ આપવામાં આવ્યું છે. ભારતમાં બૌદ્ધ, જૈન, હિન્દુ ધર્મનાં ચિત્રો અને શિલ્પો અજંતા, ઈલોરા, બાઘ, મથુરા, અમરાવતી, ભારહૂત, સાંચી, મહાબલિપુરમ્ એમ અનેક સ્થળોમાં બહોળી માત્રામાં મળે છે. એ જ રીતે વિશ્વભરની કલામાં બાઇબલ જેવા ધર્મના પ્રસંગોનું આધિપત્ય છે, એમાં ધર્મપરક નિસબત રહી છે. દરેક ધર્મમાં કલાએ પોતપોતાની નીતિરીતિએ અનેક શિખરો સર કર્યાં.

વિશેષતઃ ઈ.સ.ના આરંભથી કલા વિશે વ્યાપક ચિંતન થવા લાગ્યું. ચિત્ર અને શિલ્પકલાનાં લક્ષણો અને ઉદ્દેશો સ્પષ્ટ થવા લાગ્યાં અને એનાં સ્વતંત્ર શાસ્ત્રો પણ રચાયાં. કલાની અભિવ્યક્તિમાં પછીથી ઉત્તરોત્તર કલાકીય નિસબતનું ક્ષેત્ર વિસ્તરતું ગયું. કલાની સભાનતા વધી અને કલાકારનું ચોક્કસ સ્થાન બંધાતું આવ્યું. ભારતમાં ભરતનું 'નાટ્યશાસ્ત્ર', વાત્સ્યાયનનું 'કામસૂત્ર', 'વિષ્ણુધર્મોત્તરપુરાણ' વગેરે કલાનાં વિવિધ અંગો વિશે પાયાની ચર્ચા કરે છે. એનો અર્થ એ થયો કે કલા અને કલાકારની સૃષ્ટિ વિશે ગંભીરતાથી વિચાર થવા લાગ્યા. ચોક્કસ નિયમો બંધાયા અને કલાનાં લક્ષણો સ્પષ્ટ થવા લાગ્યાં.

આમ છતાં એમ કહેવું જોઈએ કે એવી કલામાં ઋત, સત્ત્વ, માંગલ્ય, ધર્મપરાયણતા, અલંકરણ જેવાં બિંદુઓ કેન્દ્રમાં હતાં અને ચોક્કસ પરિપાટીમાં, ક્વચિત્ પરંપરામાં કલા વહેતી હતી. એમાં કલાકારનું સ્થાન વૈયક્તિક રીતે નહિ, પણ સાર્વત્રિક રીતે જ મહત્ત્વનું બની રહ્યું. અલબત્ત, દરેક પ્રતિભાશાળી કલાકાર પોતાનું આગવું કશુંક નવું ઉમેરતો કે સિદ્ધ કરતો, તો પણ એમાં પરંપરાનું અનુસંધાન રહેતું. રંગવિધાન અને મૂર્તિવિધાન પરંપરિત રહેતાં. પ્રણાલીના સહારે જ કલા પુષ્ટ થતી.

એમ કહી શકાય કે કલાશાળાઓમાં કલાનો શાસ્ત્રીય રીતે અભ્યાસ થવાથી અને એમાં પણ આધુનિકતાનો પ્રાણસંચાર થવાથી કલાના ક્ષેત્રમાં આમૂલ પરિવર્તન આવ્યું. પહેલાં કલા આનંદાભિવ્યક્તિનું માધ્યમ હતી તે હવે વિચાર, દર્શન, વાદ, આગ્રહો, પૂર્વાગ્રહો, વિરોધ, ક્રાંતિ ઇત્યાદિના રંગેઢંગે આવવા લાગી. નિસબતનું ક્ષેત્ર વિસ્તૃત થયું તેમ વૈયક્તિક થયું. પોતીકો અવાજ,

નિજી ચિત્રભાષા સાથે સૌ સ્વકીય અભિવ્યક્તિની તરફેણ કરવા લાગ્યા. કલા દ્વારા કલાકારનો અવાજ મોટો થવા લાગ્યો. જોકે બધા કંઈ સ્વકીય એવી સ્વયંપર્યાપ્ત પ્રબળ સ્થાપના કરી શક્યા નહિ, પણ આધુનિકતાના વિશ્વવ્યાપી આંદોલને કલાની દિશા અને દશાને ખાસ્સાં પ્રભાવિત કર્યાં એ તો સ્વીકારવું જ રહ્યું. કલાને પરંપરિત એવાં તમામ બંધનોમાંથી મુક્ત કરી સ્વાયત્ત કરવાની નેમ બુલંદ બની. જૂનાપુરાણાને આઘાત આપવાનું, તોડીફોડી નવું સ્થાપવાનું વલણ કેન્દ્રમાં રહ્યું. પરંપરાને બદલે અનેક સ્તરીય પ્રયોગશીલતા દ્વારા કલાને કેવળ કલાકીય શુદ્ધતાના સ્તરે જ આરાધવાની કલાકારોની ખેવના પ્રશસ્ય છે.

અત્યંત પ્રયોગશીલ થવાની લાયમાં કેટલાક પ્રમાણમાં કલાના મૂળ ઉદ્દેશનો સમૂળગો છેદ ઊડી ગયો એ સ્વીકારવું જ રહ્યું. કલા ભારેખમ અને સાયાસ બની ગઈ જાણે. આનંદને બદલે આઘાત, સૌંદર્યને બદલે કદર્ય, રૂપસંવાદને બદલે વિરૂપતા, વિકેન્દ્રીકરણને બદલે કેન્દ્રીકરણ એવું ઘણુંબધું પ્રવેશી ગયું. વિચારનું ભારણ એટલું બધું વધ્યું કે કલા સંકુલ બની એમ દુર્બોધ પણ બની. સરેરાશ લોકો એનાથી વિમુખ થતા ગયા. કલાકૃતિઓ વેપારની જણસ બની, રોકાણલાયક સંપત્તિ લેખાઈ એને આધારે જ કેટલીક કલાકૃતિ તો ટકી શકી. એમાં જેનું ચાલ્યું તેનું ચાલ્યું. ઘણી વાર કલાનાં ધોરણો કરતાં ગૅલરીની માયાજાળ, ઑક્શન હાઉસની લિલામીની આંટીઘૂંટી, આર્ટક્રિટિકની ચબરાકી, માર્કેટિંગની આવડત જેવાં દૂષણોને કારણે નબળી કૃતિઓ પોંખાઈ, તો સામે પક્ષે સારી કૃતિઓ અવગણાઈ પણ ખરી. આ દુષ્ચક્રને બાજુ પર રાખીએ તો પણ એટલું તો કહેવું જ જોઈએ કે આધુનિકતાના પ્રભાવને કારણે કલાને ઘણાબધા લાભ થયા. સાંપ્રતમાં ભલે આધુનિકતાનો પ્રભાવ ન રહ્યો તો પણ એમ તો સ્વીકારવું જ રહ્યું કે વિચાર, શૈલી, વિષય અને અભિવ્યક્તિમાં આધુનિકતાએ કેળવેલી સમજની ઓછેવત્તે અસર તો રહે જ છે.

ભારતીય પ્રાચીન કલા માત્ર ધાર્મિક જ હતી એમ નહિ કહી શકાય. મંદિરો ઉપરાંત કિલ્લા, મહેલો, દરવાજાઓ, કૂવાઓ, વાવો, તળાવો, તોરણો, આવાસો એમ અનેક જગ્યાએ ચિત્ર અને શિલ્પકલા અંગભૂત બનીને આવતી. વિષયો પણ કેવળ ધાર્મિક હતા એવું નથી. લોકકથાઓ, દંતકથાઓ, અર્ધદૈવી અને માનુષી પાત્રો, અપ્સરાઓ, મદનિકાઓ, પ્રાણીઓ, પશુઓ ઇત્યાદિનું વૈવિધ્ય કલાવિષય બન્યાં છે. જીવનને એની અખિલાઈમાં આકારિત કરવાની ભાવનાને કારણે નવરસમય સૃષ્ટિ કલારૂપો પામી છે. ભારતમાં કલાનો આશય સર્વગ્રાહી રહ્યો છે, સર્વાંગી રહ્યો છે. જીવનની એ વ્યાપ્તિ લોકકલા અને

જ્યાં સસલું કૂતરાની સામે થયું ત્યાં રચાયું અમદાવાદ, અમિત અંબાલાલ

શાસ્ત્રીય કલામાં સમાંતરે અનુભવાય છે. એટલા માટે જ મંદિરો પરનાં શિલ્પો, ગુફાઓનાં ભીંતચિત્રો, લઘુચિત્રો કાલાતીત છે. કલાકારે પોતાની ઓળખને મહત્ત્વ આપવા કરતાં કલાઊર્જાને વિશેષ મહત્ત્વ આપ્યું. તેમાં કલાકારની નિસબત ભારતીય ચેતનાને એની સમગ્રતામાં આકારિત કરવાની રહી છે.

ભારતમાં અંગ્રેજો દ્વારા ૧૮૫૦થી લઈને ૧૮૫૭ સુધીમાં ચેન્નઈ, કોલકોત્તા અને મુંબઈમાં કલાશાળાઓની સ્થાપના થઈ. એમાં આરંભે પાશ્ચાત્ય ધોરણે શાસ્ત્રીય કલાશિક્ષણ આપવામાં આવતું, પરંતુ પછીથી ઈ. બી. હેવલ જેવા આચાર્યોને કારણે અને અનેક વિદ્વાનોના વિદ્વદ્‌પૂર્ણ લેખનને કારણે ભારતીય કલાની મહત્તા સ્વીકારાઈ. બંગાળી સ્કૂલ એનું જ્વલંત ઉદાહરણ છે. એ પૂર્વે રાજા રવિ વર્માએ ભારતીય પૌરાણિક સૃષ્ટિની પ્રભાવક ચિત્રશ્રેણી દ્વારા ભારતને સમૃદ્ધ કર્યું હતું. અમૃતા શેરગિલ, રવીન્દ્રનાથ ટાગોર, રામકિંકર બૈજ વગેરેને કારણે ભારતમાં આધુનિક કલાનાં મંડાણ થયાં. એમાં પણ ૧૯૪૮માં મુંબઈ ખાતે શરૂ થયેલ પ્રોગ્રેસિવ આર્ટિસ્ટ ગ્રૂપનો ભારતમાં આધુનિકતાની આબોહવા દૃઢમૂલ કરવામાં મહત્ત્વનો ફાળો છે.

કલાકારોની કલાભિવ્યક્તિ બાબતનો

દૃષ્ટિકોણ બદલાયો એટલે નિસબત પણ બદલાઈ. એક અર્થમાં તો કલાકારોને પરંપરા, વાદ, ધર્મ, પુરાકથાઓનો જે સહારો હતો તે છૂટતો ગયો. તેમણે નિજી આધાર શોધવા પડ્યા અને કેવળ કલાકીય ધોરણોથી કલા સ્થાપિત કરવાની આવી. આ એક પડકારરૂપ અવસ્થા હતી. એમાં જેમની નિસબત દૃઢ, વિશાળતાનો સંસ્પર્શ પામેલી, સત્ત્વમૂલક હતી તેઓ જ ગૌરવભેર ઊભા રહી શક્યા.

ગુજરાતી કલાકારોની વાત કરીએ તો કલાગુરુ રવિશંકર રાવળ, સોમાલાલ શાહ, રસિકલાલ પરીખ વગેરેએ ભારતીય પરંપરિત કલાને નવ્ય ઘાટ આપવાનો પ્રયાસ કર્યો. તેઓ સૌંદર્ય દ્વારા રસાનંદ સિદ્ધ કરવાની પૂર્વપ્રણાલીને વફાદાર રહ્યા. શ્યામક્ષ ચાવડા, કનૈયાલાલ યાદવ વગેરેમાં પ્રયોગશીલ વલણ જોઈ શકાય છે. પછીથી વિષય, ઉદ્દેશ, રચનારીતિ, પદ્ધતિ, માધ્યમ એમ અનેક સ્તરીય બદલાવ કેન્દ્રમાં રહ્યો.

ગુજરાતના ખ્યાતનામ કલાકારોની કલાનિસબત પર દૃષ્ટિપાત કરીશું તો વિવિધ સ્તરીય રૂપો જોવા મળશે. કાંતિભાઈ પટેલ વ્યક્તિશિલ્પ દ્વારા જે તે વ્યક્તિનું આંતરબાહ્ય વ્યક્તિત્વ એની પૂર્ણતામાં આકારિત કરવાના હિમાયતી રહ્યા. ગુલામ મોહમ્મદ શેખ લઘુચિત્ર જેવી ભારતીય પરંપરાને સ્વકીય સંયોજનાથી નવ્ય રૂપ આપવાના મતના છે. જ્યોતિ ભટ્ટ લોકકલા અને તંત્રકલાનાં પ્રતીકોને આધારે પરંપરિત સત્ત્વ સાથેની નૂતન ચિત્રભાષા રચે છે. ભૂપેન ખખ્ખરે સામાન્ય જનજીવન અને સમલૈંગિક સંબંધોને પ્રભાવક રીતે સ્થાપિત કરવાની મથામણ કરી. અમિત અંબાલાલ કલાકારને પ્રાપ્ત 'લીલા'નું મહત્ત્વ કરી કલાને સહજતા અને હળવાશના સ્તરે લાવી મૂકે છે. અતુલ ડોડિયા અનેકવિધ પ્રયોગ દ્વારા ધ્વન્યાત્મક અને વ્યંજનાસભર ચિત્રસૃષ્ટિ રચે છે કે જેનાં દૃશ્યગત વિવર્ત વિસ્તરતાં જ રહે. વૃંદાવન સોલંકી ગ્રામપાત્રોના સાહજિક સૌંદર્યને સેન્દ્રિય રૂપ આપે છે. નબીબખ્શ મનસૂરી વિવિધામય ભાવસ્થિતિઓને તીવ્ર રંગાવલિમાં પ્રભાવક બનાવે છે. ધ્રુવ મિસ્ત્રી પૌરાણિક રૂપકોને નૂતન પરિપ્રેક્ષ્યમાં મોટા કદમાં રૂપાયિત કરે છે. રતિલાલ કાંસોદરિયા ગ્રામચેતનાનાં સાહજિક ક્રિયારૂપોને ગતિશીલ કરીને સ્મૃતિને ઝંકૃત કરવાનો આયાસ કરે છે. અહીં માત્ર ઉદાહરણરૂપ કલાકારો વિશે ટૂંકી વિગતો આપી છે. કહેવાનો આશય એ કે દરેક કલાકારની સ્વકીય મુદ્રાઓ છે, જેમાં એમની નોખીનિરાળી નિસબત પારખી શકાય છે. કલાસર્જનમાં સૌની પ્રતિભા અને સમજના આધારે નિસબતની સીમા વિસ્તરતી રહેતી હોય છે. નિસબત જ કલાનો પ્રાણ છે, પ્રભાવક પ્રતીતિ છે.

❑❑❑

નિસબતઃ એક વિસરાતી જતી વાત

☐ સિતાંશુ યશશ્ચન્દ્ર

ઉમાશંકર જોશીનો એક સોરઠો છે; એમની ઉત્તમ ગુજરાતીમાં ઈશ્વરને આપણું અંગ્રેજીવાળું 'થેન્ક યૂ, બટ નો', એમ કહેતો સોરઠો. એ તોરીલો કવિ ઈશ્વરને કહે છેઃ

"ત્રણ વાનાં મુજને મળ્યાં, હૈયું, મસ્તક, હાથ.
બહુ દઈ દીધું, નાથ! જા ચોથું નથી માગવું."

ઉમાશંકરના આ સોરઠાના ચોથા ચરણની જે મસ્તી છે, ત્યાં છે સાચી નિસબતનું સાચું સરનામું. જે નિસ્પૃહ છે એ જ ખરી નિસબતવાળો બની અને રહી શકે. માગણોને પોતાનાં મન ક્યાંથી? મન વિના ખેવના ક્યાંથી?

એક કવિની અને નાગરિકની રીતે આજીવન ખેવનાભર્યું, નિસબતવાળું જીવન જીવનારા ઉમાશંકર જોશીનો આ સોરઠો તો ત્રીજા ચરણમાં સબાક કરતો ઈશ્વરનીયે સામો આવે છેઃ 'બહુ દઈ દીધું, નાથ!' અને પછી સમાપનનું ચોથું ચરણ આવે છેઃ 'જા, ચોથું નથી માગવું!' જરા ચોંકેલા ઈશ્વર એ કવિના પાણીદાર ચહેરા તરફ એક હેતભરી નજર નાખી, 'ખરો છે આ માણસ!' એવું બોલી, નરસિંહ મહેતાએ કંઈક એવી જ વાત શંકર ભગવાનને સંભળાવી હતી એ યાદ કરતાં કરતાં

અંતર્ધ્યાન થઈ ગયા હશે, એવું આપણે કલ્પી શકીએ. અંતર્ધ્યાન થયેલો ઈશ્વર એના આરાધકને જેવો હાજરાહજૂર, ચોખ્ખેચોખ્ખો, આખેઆખો દેખાય અને સંભળાય એવો બીજે ક્યાંયે, ગભારે-મિનારે-પુલ્પિટે ન દેખાય, ન સંભળાય.

* *

- નિસબતનું પણ એવું જ: નજરે ચઢે તે નિસબત નહીં, એ તો દેખાડા. જે દેખાય/સંભળાય નહીં; વરતી શકાય, બસ, એ જ ખરી નિસબત. બાકીના બોલવે-દેખાડવે ખેવનાવાળાઓને નજીકથી તપાસો તો આછે અવાજે બબડતા હોય કે 'એમાં મારા કેટલા ટકા?'

* *

યુરોપ અમેરિકાના ઍરપોર્ટ પર પ્રિયજનને વિદાય આપવા આવેલી કોઈ ગૌરાંગિની સ્વજનને છડેચોક ભેટી ચુંબન લગાવતી દેખાય, એમાંયે પોતીકી મધુર સુંદરતા કેમ ન હોય? પણ અમદાવાદ-મુંબઈના એરપોર્ટ પર સહેજ ભીની નજરે પોતાના વિદેશ જતાં સંતાનને સામાન ચેક ઇન કરતું દૂરથી એકીટશે જોતી કોઈ ગુજરાતણની આંખો તમે ક્યારેક જોજો. નિસબતનો અર્થ જોવા કોઈ શબ્દકોશ ખોલવાની જરૂર પછી નહીં પડે.

* *

નિસ્વાર્થ લાગણી, સ્વતંત્ર બુદ્ધિ અને રચનાકુશળ હાથ - આ ત્રણ ભેગાં હોય ત્યારે માણસની સર્જનશક્તિ પ્રગટ થાય; ત્રણમાંથી એક પણ વાનું ખૂટે તો એ અલોપ થઈ જાય! આજે કટોકટી એ એક વાનું ખૂટવાની છે. એટલે હાથ છરા ઉપાડે છે; બુદ્ધિ કોઈ ને કોઈ સત્તાની તાબેદારીમાં એને ઇશારે કામ કરે છે; લાગણી સ્વાર્થમગ્ન થઈ, કોઈ બીજા માટે નહીં ખુદ પોતાને માટે જ ઉશ્કેરાય છે. માણસની વિસર્જન શક્તિ દુનિયાભરમાં પ્રગટ થઈ છે. એવે વખતે નિસબતની વાત, નાતાની અને સંબંધની, દરકાર અને પરવાની વાત, પરાઈ પીડ જાણવાની વાત કરવી બહુ મુશ્કેલ અને બહુ જરૂરી બને છે. ગાંધીગિરા આપણા જ હોઠ પર આપણી જાણ બહાર ઝીણાજુબાન બની ન જાય, એની ચોંપ રાખવી મુશ્કેલ એ કારણે છે કે નિસબતનો વેશ કાઢવામાં સહુ પારંગત બની ગયા છે. ટીવી અને સિનેમાને પડદે પડદે જ નહીં, સઘળે, સંસદથી શાળાઓ સુધી, સ્માર્ટ સિટિઝથી સુપર સ્માર્ટ કોર્પોરેટ ટાવર્સ સુધી, વિવિધ ધાર્મિક મહાલયોમાં, આજે જાણે એક ફેન્ટૅસ્ટિક ફેન્સી ડ્રેસ કોમ્પિટિશન ચાલે છે: કૌન બનેગા કરોડોના કરોડો (રૂપયે, વોટ્સ, ફોલોઅર્સ; ફૅન્સ) કે પતિ!

* *

'त्रयः समुदिताः न तु व्यस्ताः' ('ત્રણે સાથે, સમપ્રમાણ; ન કે અસ્તવ્યસ્ત, વેરવિખેર, વિષમપ્રમાણ') એમ અગિયારમી સદીના કાશ્મીરી કાવ્યજ્ઞ આચાર્ય મમ્મટે અલગ સંદર્ભે કહ્યું હતું.

આજે ભારતીય જીવનમાં, સાહિત્યમાં અને વિદ્યાજગતમાં હૈયું, મસ્તક ને હાથ એકમેક સાથેનો તાલમેલ ખોઈ બેઠાં છે, એક સાથે એક લયમાં ઊઠવાનું ચૂકી ગયાં જણાય છે, એટલે હાથ હત્યાઓમાં અને ખંડનોમાં ઊઠે છે, હૈયું કાં તો ફફડી ઊઠે છે કાં થીજી જાય છે અને મસ્તક દરેક ધડ ઉપર એકનું દસ થઈને ખડખડ હસે છે, મંચે મંચે, કટારે કટારે, ચેનલે ચેનલે. હિંદુસ્તાન હસવે ચઢ્યું છે, હોસ્પિટલોના દરવાજે ઊભું.

'આ મારી નિસબતની વાત છે' એવા એક જીભે બોલાતા શાંત દૃઢ (ગાંધીગિરાના) વાક્યની જગ્યાએ 'એમાં મારા કેટલા ટકા?' એવું વાક્ય દસ મોઠે એક સાથે (ગોડસેગિરામાં, ઝીણાજુબાનમાં; રાજમહેલો, બજારો અને ધર્મોની 'ડબલ-સ્પીક' નહીં 'મલ્ટિપલ-સ્પીક'માં) બોલાતું સંભળાય છે. લગભગ બધું જ જ્યાં વેચાણે મુકાયું છે ત્યાં નિસબતની વાત જ ક્યાં? - ક્યાં, એ સવાલનો જવાબ આજે સાહિત્યે, કલાએ, વિદ્યાલયોએ ગોતવાનો છે. પણ એ દરેક જગ્યા આજે વેચાણે મુકાઈ છે અથવા પચાવી પડાતી ચાલી છે.

* *

અંતર્ધ્યાન થયેલું કશુંક હવે મને ધીરેથી કહે છેઃ ભલા'દમી, નિસબત વિશે આટલાથી વધારે કહેવાનું હોય? કે એ તો જાતે થાય તેટલું કરવાનું હોય!

❑❑❑

With Best Compliments

From:-

SAMIR DIAMONDS

&

SAMIR DIAMONDS EXPORTS PRIVATE LIMITED

9/910 Prasad Chambers, Opera House,

MUMBAI – 400004. Tel: 022-23632957 / 58

Email: info@samdiam.in

મુનશીવાણી

ઑગસ્ટ ૧, ૧૯૬૩
બેંગ્લોર કેન્દ્ર, પ્રાચીન મૂલ્યોનું સમર્થન

મારા નવયુવાન મિત્ર,

જો આપણે આપણા પૂર્વજોના અનુભવ અને પરંપરાની જીવંત ભાવનાને વિકસાવી ભૂતકાળ સાથેના સાતત્યની જાગૃતિને વિકસાવીશું તો જ આવું જીવન શક્ય બનશે, તો જ આપણે યંત્રયુગની સંસ્કૃતિના ઝડપથી વિકસતા જતા બાહુલ્ય સામે નિર્ભય ઊભા રહી શકીશું અને અર્વાચીન કાર્યક્ષમતા અને પ્રાચીન સૌંદર્ય ભાવનાથી સંતુલિત જીવન પ્રત્યે ગતિ કરી શકીશું. તો આપણે એવા વિભ્રમમાં નહિ રાચીએ કે આપણે નવી દુનિયા સર્જી રહ્યા છીએ અને આંજી દેતાં પ્રવચનો કે વ્યાખ્યાઓ દ્વારા આ પૃથ્વી પર શાંતિ સ્થાપી રહ્યા છીએ. તો આપણને એ પ્રતીતિ થશે કે માનવપ્રકૃતિ એવી ને એવી જ રહી છે અને જ્યાં સુધી આપણી સંસ્કૃતિનાં મૂલ્યોનો, આપણા વૈયક્તિક અને સામાજિક જીવનનો વિનિયોગ સાધી એનું રૂપાંતર નહિ સધાય ત્યાં સુધી એવી જ રહેશે. તો જ આજની સંસ્કૃતિ અને આપણા સાંસ્કૃતિક વારસા વચ્ચે સામાજિક, નૈતિક અને આધ્યાત્મિક સંવાદ સાધવાનું શક્ય બનશે.

* * *

પ્રાચીન મૂલ્યોનું સમર્થન કેવળ શબ્દોથી ન થઈ શકે. એ તો દેહ અને મનને વિશુદ્ધ કરતી પ્રક્રિયા છે. આના માટે ભારતીય સંસ્કૃતિનાં મૂળભૂત મૂલ્યોને વ્યક્ત કરતો મહત્ત્વનો શબ્દ છે તપસ્. પતંજલિએ કહ્યું છે : कार्येन्द्रिय शुद्धि तपसाः। તપસ્ એ દેહ અને મનને શુદ્ધ કરતી પ્રક્રિયા છે. આ પ્રક્રિયામાંથી પસાર થાય એને જ શુદ્ધ તપસ્ કહી શકાય - तपसा ब्राह्मणो जातः।

આ પ્રક્રિયાને શ્રીકૃષ્ણ આ પ્રમાણે વર્ણવે છે : દેવતા, બ્રાહ્મણ, ગુરુ અને જ્ઞાનીજનોનું પૂજન; પવિત્રતા, સરળતા, બ્રહ્મચર્ય અને અહિંસા, આ બધાં શરીર સંબંધી તપ કહેવાય છે તથા જેમાં મનને ઉદ્વેગ ન કરે છતાં પ્રિય, હિતકારક અને યથાર્થ કથન હોય છે તેમ જ જેમાં વેદશાસ્ત્રોનો સ્વાધ્યાય અને પ્રભુના નામજપનો અભ્યાસ હોય છે એને નિઃસંદેહ વાણી સંબંધી તપ કહેવાય છે. મનની પ્રસન્નતા, સૌમ્ય ભાવ, મૌન, મનનો નિગ્રહ અને અંતઃકરણની પવિત્રતા - આ બધાં મન સંબંધી તપ કહેવામાં આવે છે. **[ક્રમશઃ]**

આપણી નિસબત : તમસ અને તેજ સાથે

☐ સુભાષ ભટ્ટ

પ્રજાપતિનાં બે સંતાનો છે : દેવ અને અસૂર

- બૃહદારણ્યક ઉપનિષદ

તો વળી આદિ શંકરાચાર્ય પણ એમ કહે છે કે પરમ ઊર્જાનાં બે સંતાન છે : દ્વૈત અને અદ્વૈત. લાઓત્ઝુનું તાઓદર્શન પણ એમ કહે છે કે પરમ તાઓમાં વિપરીતો કે સામસામેના ધ્રુવોનો સમાવેશ થાય છે. એમાં સંઘર્ષ નથી સંયોગ છે, એમાં તનાવ નથી આકર્ષણ છે. નિરંતર વિસ્તરે એ જીવન છે. સત્ય વહેણ છે, કોઈ સ્થાન નથી. આરંભ અને અંત, સર્જન અને વિસર્જન, કેઓસ અને કૉસ્મૉસ એ અલગ ખંડો નથી પણ એક જ ચૈતન્યની અવસ્થાઓ છે. આપણે અનામથી ડરીએ છીએ તેથી સલામતી ખાતર નામો આપીએ છીએ. આ નામો જ અખંડને ખંડિત કરે છે. નામો દેવાથી ચૈતન્ય જ પદાર્થ બની જાય છે. આમ ભાષા સમસ્યા સર્જે છે. બાકી, અંતિમ સત્તા કે સત્ય અસીમ અને અનામ છે. સંસાર અને નિર્વાણ, માયા અને બ્રહ્મ જીવનવહેણમાં વચ્ચે આવતાં નગરો છે. આ સમજવા માટે આપણે, મને બધી જ ખબર છે તેમ કહેનાર જ્ઞાનીનું ગામ અને મને કશી

જ ખબર નથી તેમ કહેનાર અજ્ઞાનીનું ગામ છોડીને ક્યાંક વચાળ ઊભા રહેવું પડશે. જ્ઞાત કે અજ્ઞાતને બદલે અજ્ઞેયમાં ઊભા રહેવું પડશે. નૈતિક કે અનૈતિકના ખાનાઓની બહાર નીકળી અતિનૈતિક (amoral અથવા trans-moral)માં ઊભા રહેવું પડશે. કારણ કે સુખની અનિવાર્ય શરત દુઃખ છે, ઉજાસની પૂર્વશરત જ અંધકાર છે. એકને રાખીને બીજું ફેંકી શકાય તેમ નથી. શિખર પસંદ કરે તેના ભાગમાં ખીણ આવી જ જાય છે. માત્ર એક જ બાજુ ધરાવતો હોય તેવો સિક્કો અશક્ય છે. દીવાનખાનામાં દેખાતું પતિ-પત્નીના સંબંધોનું દૃશ્ય અર્ધું જ છે તેનો અન્ય અર્ધ બેડરૂમમાં છે. શોરૂમનો દેખાવડો શોકેસ તેના કદરૂપા સ્ટોરરૂમના આધારે જ ઊભો છે. હવે પ્રશ્ન એ છે કે જીવન કે અસ્તિત્વ અખંડ અને અવિભાજ્ય હોવા છતાં આપણી નિસબત એકાદ રૂપકડા અને ઝળહળતા ખંડ પર જ કેમ કેન્દ્રિત હોય છે? આપણે આવા એકાંગી અને ખંડિત કેમ છીએ? આપણે આવા ઑટિસ્ટિક અને ન્યુરોટિક કેમ છીએ? આપણે સ્વયંના ખંડોમાં રોકાણ કરીએ છીએ, પણ સમગ્રતાને નજર અંદાજ કરીએ છીએ. જીવન-નિસબત એટલે તો દરેક પળ, શ્વાસ, વિચાર, પગલાં સાથેની આપણી જીવંત-નિસબત. આપણી ભરતી અને ઓટ, વસંત અને પાનખર, અમાસ અને પૂનમ સાથેનો આપણો પ્રત્યક્ષ સંવાદ. આપણાં પડછાયા અને કેડી સાથેની આપણી અતૂટ દોસ્તી.

*

આપણો પડછાયો એટલે એક વિશાળ અને ભારેખમ બૅગ, જેને આપણે અવિરત અને અથાક ઢસડ્યા કરીએ છીએ.

- રૉબર્ટ બ્લાય

કદાચ, આ બૅગ કે કોથળામાં આપણી અંધકારમય, અહંકારમય અને અજ્ઞાનમય ક્ષણોને સંતાડવામાં આવી છે. આપણો પડછાયો એટલે આપણાં સ્વાર્થ, ઈર્ષ્યા, ગુસ્સો, અસલામતી, ભય, હિંસા, આક્રમકતા વગેરે જેવો પુષ્કળ સામાન. આપણે તેને બરાબર ઓળખીએ છીએ તો ક્યારેક આપણા અંગત પણ આ ભારેખમ કોથળા ઊંચકતા હોય છે. આપણાં અંતહીન ચહેરા, મહોરાં, રંગો, મિજાજને આપણે સંતાડીએ છીએ. આપણી અંદરની વસાહતોમાં આવું ઘણુંબધું છે જેને આપણે ત્યાંથી હાંકી કાઢી શકતા નથી. કદાચ, આપણી જીવનસાધનાનો આરંભ ત્યારે અને ત્યાંથી જ થાય છે, જ્યારે આપણે સ્વયંના અંધકાર કે પડછાયાને સ્વીકાર અને સન્માન આપી શકીએ. રશિયન એવો સોલ્ઝેનિત્સિન તો કહે છે, 'શુભ અને અશુભની રેખા આપણા હૃદય-મધ્યને વીંધતી અને વિભાજતી પસાર થાય છે. આપણે હૃદયને વિભાજિત ન કરી શકીએ. સ્વયં પૂ. ગાંધીજી તો કહેતા કે વિશ્વના શેતાનો આપણા હૃદય

આસપાસ તો ફરતા હોય છે : ઠગ, ચોર, હત્યારા, પાપી બધા આપણામાં તો જીવે છે. લગભગ આવો જ સૂર વિશ્વકવિ ઓડેનનો છે. અશુભ હંમેશાં સાવ સામાન્ય, બિનઆડંબરી અને માનવીય દેખાય છે. તે સૂવા, બેસવા, જમવામાં આપણી સાથે તો હોય છે. આપણે જ દૈનિક વ્યવહારમાં અંગતને પીડા, અભાવ, ઈર્ષ્યા, દુર્લક્ષ્ય વગેરેનો નિયમિત ડોઝ આપતા હોઈએ છીએ. અરે, આપણો કાળોડિબાંગ પડછાયો ધિક્કાર, અણગમો, પેંતરા, લુચ્ચાઈ અને અપમાનોમાં તો વસતો હોય છે. રિચાર્ડ બાક એક આઘાતજનક વાત કરે છે : લોકો હવે જિસસને વધસ્તંભ પર નહીં ચડાવે, પણ ડિનર માટે બોલાવીને મહેણાં મારશે. કેનરી મિલર તેનો ઉકેલ આપતાં કહે છે : આપણી અંદર જ વસતા નિમ્નનઠારાનો સંપૂર્ણ અને આનંદપૂર્વક સ્વીકાર જ આમૂલ રૂપાંતરણનો નિર્વિવાદ માર્ગ છે.

આપણી જ અપૂર્ણતાઓ, મર્યાદાઓ, શિથિલતાઓને ઢાંકવાનું અને તેનાથી ભાગવાનું ત્યજીએ. આપણી અંદરના ડેમોન-રાક્ષસને મળીએ. તેની સાથે શરમ વિના જ સંવાદ રચીએ. તેને સાંભળીએ, સમજીએ, સ્વીકારીએ. ખરી નિસબત એ તો છે આપણી પ્રતિષ્ઠા અને શરમની જવાબદારી આપણે જ લઈએ. સ્વર્ગની બહાર કોઈ ડમ્પિંગ ગ્રાઉન્ડ નથી, જ્યાં આપણો ઉકરડો ફેંકીને પ્રવેશી શકીએ. આખરે, શાશ્વત ઉજાસ તો અંધકારમાં ખાંખાંખોળા કર્યા પછી જ મળે છે. વિશ્વના શ્રેષ્ઠ સેવકો, સાધકો, સર્જકો અને સંતોનાં જીવન તપાસીએ તો આ વાત સમજાય છે. આખી માનવજાતનો અનુભવ છે કે અનૈતિક પ્રસંગો કે પ્રકરણો થકી જ સારી કથા કે શ્રેષ્ઠ જીવન રચાતું હોય છે.

ક્યાંય ન પહોંચાડતી કેડીઓ પર શ્રેષ્ઠ દશ્યો મળે છે, નિષ્ફળ સ્વપ્નો થકી મહાન ચારિત્ર્યો ઘડાય છે, ભૂલા પડી ગયા પછી જ જીવનનો 'ધ પાથ' મળતો હોય છે. અધ્યાત્મમાં આને 'ડાર્ક નાઇટ ઑફ ધ સોલ' તરીકે ઓળખવામાં આવે છે.

*

અંધકાર તો સમય છે,
જ્યારે આંખો નીરખવાનું આરંભી દે છે.
- થિઓડોર રોથકે

દરેક જીવન કે અધ્યાત્મનો યાત્રી આ એકલવાયી, પીડા અને પડકારદાયક એવી અંધકારમય રાત્રીઓમાંથી પસાર થાય છે. ક્યારેક આ અંધકાર એટલો પ્રગાઢ હોય છે કે સ્વયંનો પડછાયો પણ ખોવાઈ જાય છે. પણ હા, સવારની પૂર્વે અનિવાર્યપણે રાત્રી હોય છે. દરેક યાત્રામાં એક તબક્કો એવો આવે છે જ્યારે આપણે કશેક પહોંચવા માટે નીકળી ગયા હોઈએ છીએ અને ક્યાંય પહોંચ્યા હોતા નથી. આ આત્માની અંધકારમય અવસ્થા કોઈ ડિપ્રેશન, કોઈ સિન્ડ્રમ, કોઈ મનોવૈજ્ઞાનિક બીમારી નથી, પણ એક સર્જનાત્મક કે આધ્યાત્મિક

કસોટી અને કટોકટી છે. અંતરાત્માની ઊંચાઈ અને ઊંડાઈની પ્રગાઢ પ્રતીતિ પીડા અને પડકારો, અસ્થિરતા અને અરાજકતાની પળોમાં પણ થાય છે. તેને ટાળવાની કે ઉકેલવાની નથી, પાળવાની કે પંપાળવાની નથી પણ તેની સામે અને સાથે સ્વ-સ્થ બનીને ઊભા રહેવાનું છે. 'સ્વ'ની અઢળકતા ત્યાં તો છુપાયેલી છે. સંત ફ્રાન્સીસનું એક અદ્‌ભુત રહસ્યમય કથન છે, આદેશ છે : તમારી અંદર વસતા રક્તપિત્તીઆને પ્રેમ કરો. 'ડાર્ક નાઇટ ઑફ ધ સોલ' શબ્દપ્રયોગ સૌપ્રથમ સ્પેનિશ રહસ્યવાદી કવિ-સાધક જહૉન ઑફ ધ ક્રૉસે (ઈ.સ. ૧૫૪૧-૧૫૯૭) કરેલો. આ સમય 'સ્વ' સાથે રહેવા માટે છે, અન્ય સાથે નહીં. કારણ કે 'સ્વ'ના અસંખ્ય, અનામ અને અજ્ઞાત આયામો છે તેને જાણવા, પામવા અને આત્મસાત્ કરવાના હોય છે. તે પણ આપણી જ નિસબત છે. તેના સિવાય આપણા ગ્રે શેડ્ઝ નહીં ઓળખાય. સૂક્ષ્મ અર્થોમાં આ સમય મહેમાનોને પડતા મૂકીને યજમાનની આગતા-સ્વાગતાનો છે. આઉટર પેરીફરી છોડીને ઇનરકોરમાં-સેન્ટરમાં બેસવાનો છે. હોમોસેક્સુઆલિટીના ગુના અને સજા બાદ છૂટો થયેલ ઑસ્કર વાઇલ્ડ તેના મિત્રને એક પત્રમાં આમ લખે છે : મારી જીવનની ઇચ્છાઓ અકબંધ છે. હૃદયભંગ થયો છું, પણ હૃદય તો તૂટવા જ સર્જાયેલ હોય છે. ઈશ્વર તે માટે તો દુઃખને મોકલે છે. મારે મન પીડા તો હવે એક ધર્મવિધિ અને સંસ્કાર બની ગઈ છે. તે જેને પણ સ્પર્શે છે તેને પવિત્ર બનાવી દે છે. બાકી વસ્તુઓથી ઘેરાયેલ જીવન આત્માને રીઢો બનાવી દે છે.

મને અંગત રીતે એમ લાગે છે કે અંધકાર-નકારાત્મકતા વ્યક્તિની સંવેદનશીલતા અને પ્રત્યક્ષીકરણને સતેજ બનાવી દે છે. કમનસીબે આપણી ક્લિનિકલ લૅન્ગવેજ જે જીવનની દરેક પળ અને વસ્તુને નીતિ-અનીતિ કે શુભ-અશુભના બીબાઢાળ ખાનાંઓમાં ગોઠવી દે છે. તેને ત્યજવાની જરૂર છે. તે માટે 'જસ્ટ કૅર, ડૉન્ટ ક્યૉર' નીતિની જરૂર છે. આપણે સ્વયંના પડછાયાને મારી, પછાડી, દબાવી અને સંતાડી શકતા નથી પણ તેની સાથે બેસીને દોસ્તી કરી શકીએ છીએ. મારી નિસબત મારા ઉજાસ સાથે નહીં મારા અંધકાર સાથે પણ હોવી જોઈએ. આપણને ખબર છે કે નિત્શેનું તત્ત્વજ્ઞાન અને વાન ઘોગનાં ચિત્રો પાછળનું બળ તેમની એકલતાનો અંધકાર છે. સિલ્વિયા પ્લાથ અને એન્ન સેક્સટનનું સર્જન તેમની પ્રગાઢ પીડામાંથી આવેલું. વિશ્વકવિ ટાગોરના પરિવારમાં હારબંધ મૃત્યુ પણ તેમના જીવન-ઉત્સવનાં કાવ્યો પાછળનું એક કારણ છે. તેઓ કહેતા : ચાર દિશાઓ થકી જેમ પૃથ્વીની સમગ્રતા રચાય છે તેમ જ બધા અનિત્યોમાં નિત્ય વસતો

હોય છે.

જેમ વૃક્ષની ઊંચાઈનો આધાર ઊંડાઈ હોય છે અને લૉન્ગ જમ્પર જેવી રીતે થોડો પાછળ જઈને પોતાનો રન-વે બનાવે છે તેવો જ સંબંધ શુભ-અશુભનો કે સર્જન-વિનાશનો છે. નવસર્જન માટેની અનિવાર્ય પૂર્વશરત છે : તૂટફૂટ. સ્વર્ગનો રસ્તો નર્કમાંથી અને નિર્વાણની કેડી સંસારમાંથી નીકળે છે. જૉન ઑફ ધ ક્રૉસ તો આવી પ્રાર્થના કરતા :

આ ડાર્ક નાઇટ, માય ગાઇડ,
મોર ડિઝાયરેબલ ધેન ડૉન...

એમ. સી. રિચાર્ડઝ કહે છે કે કાવ્ય ઘણી વાર અપ્રસ્તુતતાની બારીમાંથી ઊતરી આવે છે. આમ તો દરેક જીવનમાં સાઇકો-ઇમોશનલ કબાડ અને એંઠવાડ હોય જ છે. જુઓ : અપેક્ષાઓમાં વેડફેલ સમય, પ્રેમના નિષ્ફળ પ્રયાસો, સ્વપ્નોનો ભંગાર, ઇચ્છાની ભુલભુલામણી વગેરે. આ બધો ગ્રોસ, ટ્રેશ, લગેજ... પણ હા, જીવન કીમિયાગર છે. તે જીવનના રસાયણને રૂપાંતરિત કરી નાખે છે, ક્યારેક માર્ગાંતરણ અને ઊર્ધ્વીકરણ તો ક્યારેક વિવેચન અને ચિત્તશુદ્ધિ દ્વારા. ક્રમશઃ માતાના ગર્ભના અંધકારમાં બીજનું બાળકમાં રૂપાંતર થઈ જાય તેમ. જાણે અંધકાર સર્જનની અનિવાર્યતા હોય. ધરાના અંધકારમાં જ વૃક્ષ જન્મ લે છે. જિસસની પ્રથમ દીક્ષા ઈસેની નામના પંથમાં થયેલી, જે અંધકારને જ પરમ તત્ત્વ ગણે છે. અલબત્ત, સેવક-સર્જક અને સાધકના અંધકારની તાસીર અલગ હોય છે. કમનસીબે આપણને જે કાંઈ અનામ, અજ્ઞાત, અવ્યાખ્ય, અસ્થિર, અરાજક છે તેનાથી ડર લાગે છે તેથી આ બધાં તત્ત્વો સાથે નથી નિસબત કે નથી મૈત્રી. કદાચ આપણાં જીવન અને સભ્યતામાં સર્વત્ર નજરે પડતી એન્ટ્રોપી (અવ્યવસ્થા)ને લીધે ખંડ-ખંડપણું આવ્યું છે. તેથી શરીર અને મનની, બુદ્ધિ અને હૃદયની ટગ ઑફ વૉર ચાલ્યા કરે છે. હા, જીવનનો અર્થ કદાચ મન-બુદ્ધિ થકી આવતો હશે, પણ આનંદ તો હૃદયની સમગ્રતા સાથેની નિસબતમાંથી આવે છે.

આપણાં ન્યુરોસીસ કે માનસિક ગરબડો પણ આપણું પ્રવિમા મટેરીઆ કે જીવતરનાં ઈંટ, રેતી, ચૂના, પથ્થર છે. આખરે બદલાહટની પળે ક્રોધ જ ધ્યાન, ઘૃણા જ પ્રેમ અને વૈમનસ્ય જ મૈત્રી બની જતાં હોય છે. સૂક્ષ્મ રીતે આપણી બધી નેગેટિવિટી આપણા પાસવર્ડ પણ બની શકે. આપણું ચાલવું, થાકવું, હાંફવું, લથડવું કે ભૂલા પડવું એ આપણી જીવનયાત્રાના જ તબક્કાઓ છે. યાત્રાના અંતે મને મારું જ બેટર વર્ઝન મળતું હોય છે.

અંશોમાં નિસબત જોવી અને સમગ્રમાં નિસબત જોવામાં અને જીવવામાં ચૈતન્ય ભેદ છે. નિકોલા તેસ્લા આપણને ચેતવણી આપતાં કહે છે : આપણા સદ્‌ગુણો અને નિષ્ફળતાઓ અવિભાજ્ય છે : પદાર્થ અને ઊર્જાની જેમ જ. જો તેનું વિભાજન થઈ જશે તો માણસ નહીં

બચે. આનો સાદો અર્થ એવો કરાય કે આપણી નજર - આપણી નિસબત બન્નેમાં હોવી જોઈએ.

હોલ ઓવ ફેમ અને હોલ ઓવ શેઇમમાં આપણું જોડાણ બન્ને સાથે હોવું જોઈએ. શિખરની ઊંચાઈ સાથે અને ખીણની ઊંડાઈ સાથે. આ માટેની એક રૂપકડી રીત આપણને અદ્‌ભુત કવિ ભગવતીકુમાર શર્મા આપે છે :

ગગનના ચન્દ્ર કે સૂરજ નહીં શોધી શકે,
હું મારી છાયાના અંધારમાં છુપાયો છું.

આપણાં જીવન-મરમની ધારાનું સ્રોત ઊજાસ અને અંધકાર બન્નેમાં છે.

*

સમગ્ર બ્રહ્માંડની આધારભૂત વાસ્તવિકતા એક જ છે : અવિભાજ્ય ઐક્ય.

- ડેવિડ બ્હોમ

અસ્તિત્વભરના આનંદોત્સવનો આધાર જીવનની સમગ્રતા છે. તેના સ્વીકારમાં આપણું સૌંદર્ય પણ છે. આ અખંડને આવકારે અને આલિંગનમાં જ આપણી આસ્તિકતા છે. તેની પ્રત્યેના અહોભાવમાં આપણી આસ્થા છે. બધા દ્વૈત આભાસી અને કામચલાઉ છે. કણ-તરંગ, ગતિ-સ્થિતિ, સર્જન-વિસર્જન, શિવ-શક્તિ, પ્રવૃત્તિ-નિવૃત્તિ, આકુંચન-પ્રસરણ, વ્યક્ત-અવ્યક્ત, સીમ-અસીમ, અહમ્-ઇદમ્ વગેરે. સૂક્ષ્મ રીતે આ બધા ધ્રુવો એક જ ચૈતન્યનો વિસ્તાર છે. એક જ ઊર્જા બહિર્ગામી હોય તો પ્રેમ છે. અંતર્ગામી બને તો ધ્યાન છે.

જીવનનો ગેસ્ટાલ્ટ (સમગ્ર દર્શન) તો જ આવશે જો તેમાં બ્લીસફુલ ડિઝાયર અને પેઇનફૂલ ફેલ્યોર સાથે હશે. આ માટે આત્માને તપાસી શકે તેવા માઇક્રોસ્કોપ અને સ્ટેથોસ્કોપ વિકસાવવાં પડશે. જીવન-ઊર્જાને સહજ વહેવા દેવા માટે ઘનભાર અને ઋણભાર બન્ને જોઈશે. પરમને સમજવા માટે જિસસ અને જુડાસ બન્ને સમજવા પડશે.

ગત સદીના અદ્‌ભુત રહસ્યવાદી સંત નીમકરોલી બાબાના એક રિચાર્ડ ઓલ્પર્ટ નામના શિષ્ય હતા. જેને સમય જતાં સૌ બાબા રામદાસ તરીકે ઓળખતા. તેમને અંગત રીતે ત્યારના કાસ્પર વેઇનબર્ગર નામના એક લશ્કરી સેક્રેટરી પ્રત્યે અતિ ગુસ્સો અને અભાવ હતો. આ વાત તેને આધ્યાત્મિક સાધક રીતે ખૂંચતી હતી. તેને થયું કે તે પણ એક પરમનો ચહેરો નથી? તે પણ પરમને મંજૂર નથી? તેનાં કૃત્યો મારું બંધન કેમ બને? શું હું મારા હૃદય-અવકાશમાં તેને સ્થાન ન આપી શકું? અને પછી બાબા રામદાસે તેની અંગત પૂજામાં તેના વંદનીય-પૂજનીય એવા બુદ્ધ, જિસસ, હનુમાનજી, આનંદમયી મા, નીમકરોલી બાબા, શ્રી રમણ મહર્ષીની હરોળમાં કાસ્પરની તસવીર પણ પ્રતિષ્ઠિત કરી. પરોઢ અને સંધ્યાએ દીવો પ્રગટાવતો. આ છે : સમત્વપૂર્ણ નિસબત. જેમાં સંવાદિતા છે, સાહચર્ય છે, સહયોગ છે, સંયોગ છે અને હા, ઐક્ય છે.

❑❑❑

ચિકિત્સક અને નિસબત

☐ વૈદ્ય નિપુણ પી. બૂચ

નિસબત એક કુદરતી પ્રેરણા ગણી શકાય, કારણ કે દરેક સજીવમાં તે જન્મજાત રહેલી હોય છે. જે સજીવ સંવેદના ધરાવતો હોય કે અનુભવતો હોય તે નિસબત અવશ્ય ધરાવતો જ હોય. સંવેદના, નિસબત અને તે બન્નેની સાથે સચ્ચાઈ તથા પ્રામાણિકતા જોડાયેલી જ હોય છે. અલબત્ત, વર્તમાન સમયમાં નિસબતનું પ્રમાણ ખૂબ જ ઘટી ગયેલું જોવા મળે છે, તેથી જ નિસબતમાં ઓટ આવવાથી સંવેદના-સચ્ચાઈ અને પ્રામાણિકતામાં પણ ઓટ દેખાઈ રહી છે. આજે કોઈ પણ ક્ષેત્રમાં રહેલી વ્યક્તિ દ્વારા જો નિસબત જોવા મળે તો આશ્ચર્ય થાય છે, કારણ કે નિસબત પણ હવે ગણતરીપૂર્વક જ દર્શાવવામાં આવે છે અથવા તો પોતાની અનુકૂળતા પ્રમાણે જ નિસબત વ્યક્ત કરવામાં આવે છે.

જીવનના દરેક ક્ષેત્રમાં અરસપરસ નિસબત હોવી ખૂબ જ જરૂરી છે અને તેમાં પણ ચિકિત્સાના ક્ષેત્રમાં તો નિસબત એ એક અનિવાર્ય અંગ ગણી શકાય. આજે જ્યારે ચિકિત્સાનું ક્ષેત્ર એક એવા સમયમાંથી પસાર થઈ રહ્યું છે કે જેમાં દર્દી કે પીડિત વ્યક્તિ કરતાં તેના દર્દ કે રોગ - તેની દવા - દવા

બનાવનારા - દવા વેચનારા અને દર્દ માટેના દર્દીએ લીધેલા વીમા સાથે આ ક્ષેત્ર ને વધારે નિસબત હોય તેવું લાગી રહ્યું છે.

ચિકિત્સા ક્ષેત્રમાં ચિકિત્સા એ મુખ્ય અંગ ગણાય અને આપણા ભારતીય ચિકિત્સા વિજ્ઞાન એટલે કે આયુર્વેદ વિજ્ઞાન અનુસાર આ મુખ્ય એવી ચિકિત્સા માટેના આવશ્યક એવા ચાર સ્તંભ ગણવામાં આવ્યા છે. સર્વ પ્રથમ અને પ્રધાન સ્તંભ એટલે ચિકિત્સક, ઔષધ, પરિચારક અને ચિકિત્સા કરવાની છે તે દર્દી કે રોગી. જે રીતે લોકશાહીના ચાર સ્તંભની એકબીજા પ્રત્યેની નિસબત અને પરસ્પર સંકલન લોકશાહી માટે જરૂરી છે તે રીતે જ ચિકિત્સાના આ ચારેય સ્તંભોમાં પણ એકબીજા પ્રત્યેની નિસબત અને પરસ્પર સંકલન ખૂબ જ આવશ્યક ગણવામાં આવેલ છે, કારણ કે આ ચારેય સ્તંભોમાંથી ત્રણ સ્તંભ સજીવ એટલે કે માનવ હોવાથી તેમના પરસ્પર સંબંધોમાં અનુકૂલન અને સંકલનથી ચિકિત્સાની સફળતા અને દર્દીની રોગમુક્તિ માટે નિસબત એ એક મુખ્ય અને આવશ્યક અંગ આપોઆપ જ બની જાય છે. નિસબત હશે તો ચિકિત્સામાં આપોઆપ જ સંવેદના-સચ્ચાઈ અને પ્રામાણિકતા જોડાઈ જશે. તેથી જ આપણે અહીં આપણા આયુર્વેદ વિજ્ઞાનમાં દર્શાવેલ 'ચિકિત્સક' કે જે ચિકિત્સા કર્મનો મુખ્ય અને પ્રધાનકર્તા છે, તેના ગુણો નિસબત સંબંધે કેવા હોવા જોઈએ તે અંગે જાણકારી મેળવીએ. ચિકિત્સાની દૃષ્ટિ એ નિસબત સાથે કરેલ કાર્ય જ 'કર્મ' બને છે, નહિ તો તે સાદી 'ક્રિયા' બની રહે છે તેથી જ જો કોઈ કર્મ જે નિસબત સાથે યોગ્ય રીતે ન થાય તો તેવી 'ક્રિયા'ની 'પ્રતિક્રિયા' ચિકિત્સાસ્થળોમાં આજે આપણે અવારનવાર જોવા મળી રહી છે. આમ આજે ચિકિત્સક અને દર્દી વચ્ચે 'નિસબત'નો દુષ્કાળ હોવાથી પરસ્પરના સંબંધોમાં શંકા-અવિશ્વાસ અને માત્ર વ્યાવસાયિકતા જ જોવા મળે છે તેથી હાલના સમય અને સંજોગોમાં તો ચિકિત્સકની સાચી નિસબત પણ 'વ્યાવસાયિક' જ ગણાઈ જાય છે.

આપણે જાણીએ છીએ કે ભારતીય ચિકિત્સાશાસ્ત્ર એટલે કે આયુર્વેદ વિજ્ઞાન એ માત્ર 'ચિકિત્સાનું શાસ્ત્ર' જ નથી, પરંતુ જિવાતા જીવન સાથે નિસબત ધરાવતું વિજ્ઞાન છે, તેથી જ તો તેને 'જીવનનું વિજ્ઞાન - Science of Life' કહેવામાં આવે છે. આયુર્વેદ વિજ્ઞાન પ્રમાણે જે વ્યક્તિ સ્વસ્થ હોય તેને નિરંતર સ્વસ્થ રાખવા માટે અને જે વ્યક્તિ સ્વસ્થ થવા 'આતુર' હોય તેવા દર્દીની સમગ્રપણે સારવાર કરવાની નેમ અને નિસબત આયુર્વેદ વિજ્ઞાનના પાયામાં દર્શાવેલ છે. તેથી અહીં આપણે આયુર્વેદના પરિપ્રેક્ષ્યમાં રહીને આપણે ચિકિત્સાના

ચાર સ્તંભોમાં પ્રથમ અને પ્રધાન એવા 'ચિકિત્સક'ના ગુણો આયુર્વેદ વિજ્ઞાનની વિવિધ સંહિતાઓમાં દર્શાવ્યા મુજબ સરળ સંક્ષેપમાં જાણીએ. અહીં એક સંદર્ભનો ઉલ્લેખ ખાસ કરવો જરૂરી સમજુ છું. આ સંદર્ભ ભારતીય વિદ્યા ભવન અંગેનો છે. આપણા 'આયુર્વેદ'ને આધુનિક ચિકિત્સાના પરિપ્રેક્ષ્યમાં અને આજના સમયને અનુરૂપ તેની ઉપયોગિતાને સમજવાની મથામણ તો વર્ષોથી થતી આવી છે અને તે નિરંતર ચાલુ જ રહેશે, પરંતુ આપણા ભારતીય વિદ્યા ભવન દ્વારા 'એન્શ્યન્ટ ઇનસાઇટ ઍન્ડ મૉડર્ન ડિસ્કવરીસ' નામનો એક પ્રકલ્પ હાથ ધરાયો હતો અને તેના 'લાઇફ ઍન્ડ હેલ્થ સાયન્સ' ડિવિઝન દ્વારા વર્ષ ૧૯૮૬માં 'આયુર્વેદ ઍન્ડ મૉડર્ન મેડિસિન' નામના પુસ્તકની પ્રથમ આવૃત્તિ પ્રકાશિત કરવામાં આવેલી. એના લેખક 'ન્યુક્લિયર મેડિસિન'ના ક્ષેત્રમાં વિખ્યાત અને આપણા દેશમાં તે ક્ષેત્રના પ્રણેતા ગણી શકાય તેવા વરિષ્ઠ વિદ્વાન ડૉ. આર. ડી. લેલેસાહેબે ખૂબ જ સરળ અને સરસ રીતે આધુનિક ચિકિત્સા વિજ્ઞાન અને આયુર્વેદ વિજ્ઞાનનું તુલનાત્મક સંતુલિત અધ્યયન તેમ જ અભ્યાસ રજૂ કરેલ છે. એમાં તેમણે પુસ્તકના પ્રથમ પ્રકરણ - 'આયુર્વેદ થ્રુ મૉડર્ન આઇઝ'માં 'ક્વૉલિટી ઑફ ફિઝિશિયન્સ' અંગે ખાસ ઉલ્લેખ કરેલ છે. એમણે મૂળભૂત રીતે ચરકસંહિતાનો સંદર્ભ અને આધાર લીધેલો છે, જે તેમની આયુર્વેદ પ્રત્યેની અને ચિકિત્સક પ્રત્યેની નિસબત દર્શાવે છે.

આપણે પણ અહીં ચરકસંહિતાનો મુખ્ય આધાર લઈને આ સંદર્ભમાં આગળ વધીએ. ચરકસંહિતાના સૂત્રસ્થાનના પ્રથમ અધ્યાય - દીર્ઘ જીવીતીય અધ્યાયથી જ તેમાં નિસબતવાળા ચિકિત્સકના ગુણો કેવા હોવા જોઈએ તે અંગે વર્ણન કરવામાં આવે છે. તે મુજબ 'ઔષધિ અને ચિકિત્સક - ડ્રગ ઍન્ડ ફિઝિશિયન' વિભાગમાં જણાવ્યા પ્રમાણે તે સમય મુજબ અને આજના સંદર્ભે પણ ચિકિત્સકે વનૌષધિ જાણવા - તેનું સ્વરૂપ અને ઉપયોગ સમજવા માટે પ્રત્યક્ષરૂપે વનમાં જઈને ત્યાં વનમાં રહેતા લોકો સાથે સંવાદ રચીને સ્થળ પર પૂરેપૂરી ઓળખ અને ઉપયોગ જાણવાં જોઈએ. તેનો વ્યવહારમાં દર્દીના સંદર્ભે ઉપયોગ કરવો જોઈએ. આચાર્ય સુશ્રુતે પણ આ પ્રમાણેનો જ આદેશ તેમની સંહિતામાં કરેલો છે. આજના સમયને અનુરૂપ આયુર્વેદની દવાઓમાં વનૌષધિના સ્વરૂપ - ઉપયોગનું તો પ્રત્યક્ષ જ્ઞાન હોવું જ જોઈએ, પણ તેના પર થયેલા ક્લિનિકલ રિસર્ચના ડેટાની પણ જાણકારી જે-તે દર્દીના પરિપ્રેક્ષ્યમાં હોવી જોઈએ. તેથી જ આગળ જતાં આચાર્ય ચરક કહે છે કે ઔષધિઓનું માત્ર નામ અંગેનું જ્ઞાન જ ચિકિત્સક માટે સંપૂર્ણ નથી એમ

દર્શાવીને તેઓ ચિકિત્સકને આધુનિક સમયની રીતે જોઈએ તો 'એવિડન્સ બેઝ્ડ પ્રૅક્ટિસ' અને 'એવિડન્સ બેઝ્ડ મેડિસિન' વાપરવાનો અને તે માટે સજ્જ રહેવાનો ખાસ આગ્રહ કરે છે. આજનાં 'નેટયુગ'ની દૃષ્ટિએ જોઈએ તો 'સેલ્ફ મેડિકેશન' કે 'નેટ મેડિકેશન' દ્વારા માત્ર 'અનામી વીડિયો' જોઈને કે 'સર્ચ એન્જિન'માં ઔષધિનાં 'નામ' સર્ચ કરીને વ્યક્તિએ કે ચિકિત્સકે કોઈની પણ ચિકિત્સા કરવી જોઈએ નહિ. વળી ઉત્તમ ચિકિત્સક તે જ કહેવાય કે જે દરેક દર્દીને તેની તકલીફોને વ્યક્તિગત રીતે યોગ્ય પ્રકારે તપાસી - આયુર્વેદના સિદ્ધાંતો મુજબ દેશ-કાળ-વય-બળ વગેરે મુજબ નિસબત સાથે ઔષધ આયોજન કરે છે.

હજારો વર્ષથી ભૂતકાળમાં ચિકિત્સા ક્ષેત્રે આયુર્વેદના 'વૈદ્ય'નો દબદબો અને ખાસ પ્રતિષ્ઠા હતાં એટલે જે વ્યક્તિ ચિકિત્સા કરવાની લાયકાત - પાત્રતા કે કાયદાકીય રીતે અધિકૃતતા ન ધરાવતી હોય તેવી વ્યક્તિને સામાન્ય બોલચાલની લોકભાષામાં 'ઊંટવૈદ્ય' કહેવામાં આવતી હતી. હવે આધુનિક સમયમાં ગુલામી પછી, પણ ચિકિત્સા ક્ષેત્રે 'ડૉક્ટરો'ની બોલબાલા હોવાના કારણે આવી અનઅધિકૃત રીતે ચિકિત્સા કરનારને 'ઊંટ ડૉક્ટર' ગણવા જોઈએ. વચ્ચે વળી એક હિંદી ફિલ્મને કારણે આવી વ્યક્તિઓ 'મુન્નાભાઈ' તરીકે પણ ઓળખાવા લાગી છે. આચાર્ય ચરક આવી કોઈ પણ કાયદાકીય અધિકૃતતા વગર ચિકિત્સા-કર્મ કરતી વ્યક્તિ માટે સંસ્કૃતનો ખાસ શબ્દ 'છદ્મચર' વાપરે છે. અંગ્રેજીમાં તેને 'QUACKS' - ક્વેક કહી શકાય. આવી વ્યક્તિ અંગે દરેકને લાલબત્તી ધરી તેમને ઓળખીને તેમનો 'સામાજિક બહિષ્કાર - SOCIAL BOYCOTT' સુધ્ધાં કરવાનું જણાવે છે. આવા લોકોને તે સમય અનુસાર 'પાપી', 'ધર્મહીન', 'મૃત્યુતુલ્ય' ગણવામાં આવેલ છે. વળી આચાર્ય ચરકે આવી વ્યક્તિએ રોગીઓ પાસેથી લીધેલ ધન-અન્ન-વસ્ત્ર કે અન્ય ભેટસોગાદો વગેરેને પણ ગેરકાયદે અને અનઅધિકૃત ગણાવેલ છે. આમ આવા 'ઊંટવૈદ્યો' - ઊંટ ડૉક્ટરો કે 'મુન્નાભાઈઓ'ને 'છદ્મચર ચિકિત્સક' ગણી ભરપૂર 'ભર્ત્સના' કરવામાં આવી છે. તેમને નિંદનીય ગણવામાં આવેલ છે. આજના સંદર્ભે ટેલિવિઝન-મોબાઇલ કે ડિજિટલયુગ સંદર્ભે આવા 'છદ્મચર'નું વિશ્વ તેમજ ભારતના લોકોમાં જુદી રીતે ચલણ વધી રહ્યું છે. કારણ કે તેઓ સમાજમાં નહિ, પણ આ માધ્યમથી સતત આપના ઘરમાં આંગળીના ટેરવે સતત આપણી સાથે રહેતા થઈ ગયા છે, તેથી એવા લોકોનો ચિકિત્સકની નિસબત - ગુણો અને આયુર્વેદના પરિપ્રેક્ષ્યમાં ઉલ્લેખ કરવો પણ જરૂરી બની જાય છે. પ્રત્યક્ષ રીતે દવાખાનું

ખોલ્યા વગર - દર્દીને તપાસ્યા વગર 'ટેલી- માર્કેટિંગ', 'ટેલી-બ્રાન્ડિંગ', 'મોબાઇલ-બ્રાન્ડિંગ' સોશિયલ મીડિયા ઇન્ફ્લ્યુએન્સર તરીકે કે ઈ-કૉમર્સના પ્લૅટફૉર્મ પર પોતાના વીડિયો કે ટીવી પરની જાહેરાતોમાં જોવા મળતા આવા આયુર્વેદ અને સ્વદેશીપણાનો દાવો કરતા ચિકિત્સકો કે બ્રાન્ડ ઍમ્બેસેડર્સ દ્વારા 'છદ્મચર'ની જેમ જ આયુર્વેદ વિજ્ઞાનનું તેમજ તેમાં વિશ્વાસ ધરાવતા લોકોનું ખુલ્લેઆમ 'ચીરહરણ' થઈ રહ્યું છે. ચોવીસે કલાક ચાલતી આવી જાહેરાતોમાં કે વીડિયોમાં વજન ઘટાડવા-વધારવા, ડાયાબિટીસ મટાડવા, સાંધાના રોગો, કિડનીના, લીવરના રોગો, કૅન્સર જેવા રોગો કે અન્ય અસાધ્ય રોગો મટાડવા માટેના મોટા-મોટા દાવા કોઈ પણ જાતની 'નિસબત' વગર જ કરવામાં આવતા હોય છે. થોડા સમય પહેલાં જ કોરોનાકાળમાં આપણે જોયું અને અનુભવ્યું કે ભારતના લગભગ દરેક લોકો પાસે દરેકને કોરોનામુક્ત કરવા કે રાખવા માટેના પોતપોતાના નુસખા - ઉકાળા હતા. કોઈ પણ જાતની 'નિસબત' વગર 'છદ્મચર ચિકિત્સક'ની અદાથી પૂરતા આત્મવિશ્વાસ સાથે જરા પણ સમજણ વગર એકબીજાના મોબાઇલ પર દરેકને 'ફૉર્વર્ડ' કરવામાં આવતા હતા. આયુર્વેદ વિજ્ઞાનમાં રોગ વિનિશ્ચયન અને તેની ચિકિત્સા માટે સારવાર પહેલાં રોગ નિદાન - લક્ષણો - સંપ્રાપ્તિ - સાધ્યાસાધ્યતા વગેરે નક્કી કરવા નિસબતવાળા નિષ્ણાત આયુર્વેદ ચિકિત્સકની જ જરૂર દર્શાવેલ છે. માત્ર દૂર બેઠે-બેઠે ફોન કે મૅસેજથી જાહેરાત જોઈને સ્ક્રીન પરના નંબર કે સ્થળ પર વાતચીત કરીને કે ઈ-કૉમર્સ પ્લૅટફૉર્મ પર 'રેટિંગ' જોઈને - દર્શાવીને ઑનલાઇન સાજા કરનારા લોકો આયુર્વેદ વિજ્ઞાનનું તો અહિત કરે જ છે, પરંતુ સાથોસાથ દર્દી માટે પણ જાનનું જોખમ, આરોગ્યને નુકસાન પહોંચાડવાનું જોખમ પેદા થઈ જાય છે. તેથી જ આવા લોકો પણ આચાર્ય ચરકના મતે 'છદ્મચર' ચિકિત્સક જ ગણવા જોઈએ. તેઓ 'ત્યાજ્ય' અને નિંદનીય છે.

આચાર્ય ચરકના નિર્દેશો મુજબ ચિકિત્સકે પોતાના અભ્યાસ અને દર્દીને સાજા કરવા - સ્વસ્થ કરવાના પ્રયત્નોમાં સતત અને સદા પ્રયત્નશીલ રહેવું જોઈએ - 'અપડેટેડ' અને 'અપગ્રેડેડ' રહેવું જોઈએ. તથા આધુનિક ચિકિત્સા વિજ્ઞાનની ભાષામાં સતત - CME - 'કન્ટિન્યુઅસ મેડિકલ એજ્યુકેશન'માં રત રહીને પોતાને નિરંતર 'એજ્યુકેટ' કરતા રહેવું જોઈએ. ચરકસંહિતાના સૂત્રસ્થાનના નવમા અધ્યાય - 'ખુડ્ડાક ચતુષ્પાદ' અધ્યાયમાં આચાર્ય ચરકે ફરીને ચિકિત્સાના ચારેય સ્તંભો કે અંગોનું વિસ્તારથી વર્ણન કર્યું છે તથા ચિકિત્સાના ગુણોને વધારે અનુમોદિત અને સ્પષ્ટ કરેલ છે. દશમા અધ્યાય

એવા 'મહાચતુષ્પાદ' અધ્યાયમાં એમણે આ ગુણો માટે ચિકિત્સકોની તે સમયે નિયમિત યોજાતી 'કૉન્ફરન્સીસ - સંભાષા પરિષદો'માં ચિકિત્સકના ગુણો સંદર્ભે 'ઔચિત્ય' પર આયુર્વેદના વિવિધ દેશ-પ્રદેશના વૈદ્ય સમુદાયમાં થયેલી વિસ્તૃત ચર્ચા - શંકા - પ્રશ્નો - અસરકારકતા - આવશ્યકતા - સમર્થન - સમાધાન વગેરે સાથે છેલ્લે તેનો નિષ્કર્ષ જણાવેલ છે. તેમાં અન્ય ત્રણ સ્તંભોનો પણ સમાવેશ છે. આ સાથે ચરકસંહિતાના 'વિમાનસ્થાન' નામના વિભાગમાં આઠમા અધ્યાયમાં પણ શ્રેષ્ઠ વૈદ્ય - ઉત્તમ વૈદ્યના ગુણો પર પ્રકાશ પાડવામાં આવેલ છે. આ બધાને આપણે સંક્ષેપમાં જાણીએ. પોતાના શાસ્ત્રનું યોગ્ય રીતે જ્ઞાન સંપાદન કરનાર, વારંવાર તથા અનેક વખત રોગી - ઔષધનિર્માણ - ઔષધ-આયોજન - સંયોજન વગેરેનું જે-તે દર્દી અને તેના રોગ સંબંધે પ્રત્યક્ષ ઉપયોગના અનુભવી, વળી પોતાના કાર્યમાં દક્ષતા કે નૈપુણ્ય / નિપુણતા ધરાવનાર, સમયાનુસાર પરિસ્થિતિ મુજબ 'પ્રત્યુત્પન્ન મતિ' ધરાવનાર, પરમ ચતુર, પવિત્ર અને નીતિવાન વૈદ્યને જ ગુણવાન ચિકિત્સક કહી શકાય. ત્યાર બાદ આવા ચિકિત્સકની ચારેય ઘટકોમાં પ્રધાનતાને વિશેષ પ્રતિપાદિત કરેલ છે તથા વારંવાર અયોગ્ય કે અનઅધિકૃત વ્યક્તિ દ્વારા દર્દીની ચિકિત્સા કરવાનો કે લેવાનો વિવિધ દૃષ્ટાંતો દ્વારા આચાર્ય ચરક ભારપૂર્વક નિષેધ કરતા રહે છે.

આચાર્ય ચરક શ્રેષ્ઠ વૈદ્યમાં પણ વિશેષ એવા 'પ્રાણાભિસર વૈદ્ય'નો દૃઢતાપૂર્વક ઉલ્લેખ અને સમર્થન કરી તેવા વૈદ્યના ગુણો પણ વિગતે જણાવે છે. 'પ્રાણાભિસર વૈદ્ય' માટે કહેવાયું છે કે તે પોતાના ગુણો - કર્મો - અનુભવ અને નિપુણતાને આધારે દર્દીના કે રોગીના જઈ રહેલા પ્રાણને ફરી પાછા દર્દી કે રોગીના શરીરમાં લાવે છે કે પ્રતિસ્થાપિત કરે છે તે વૈદ્ય જ પ્રાણાભિસર - પ્રાણનું અભિસરણ કરીને પાછા લાવનાર ઉત્તમ વૈદ્ય કહેવાય છે. આજના જમાનામાં આપણે તેને 'ક્રિટિકલ કેર સ્પેશિયાલિસ્ટ' કે 'ઇન્ટેન્સિવિસ્ટ' ચિકિત્સકની સમકક્ષ ગણી શકાય. આથી આવા ચિકિત્સકને 'નિસબત' ધરાવતા ચિકિત્સકનું સર્વોચ્ચ શિખર ગણી શકાય. વળી આયુર્વેદની રચના અને ઉન્નતિકાળના સમય પ્રમાણે રાજાઓ કે દેશના મુખ્ય વહીવટકર્તાના ચિકિત્સકમાં કેવી નિસબત અને કેવા ગુણો હોવા જોઈએ તેનું પણ વર્ણન મળે છે. આમ આચાર્ય ચરકે સંક્ષેપમાં જોઈએ તો નિસબતવાળા ચિકિત્સકમાં વિશેષ કરીને છ ગુણો તો હોવા જ જોઈએ એવું પ્રતિપાદિત કરેલ છે. જે ગુણો જોઈએ તો વિદ્યા - વિતર્ક - વિજ્ઞાન - સ્મૃતિ - તત્પરતા - ચિકિત્સાક્રિયા છે. આનો

વિસ્તાર પણ તેમણે વિવિધ ઉદાહરણો સાથે વિશેષ સમજણ આપીને કરેલ છે. વળી શાસ્ત્રનું સંપૂર્ણ જ્ઞાન - નિર્મળ બુદ્ધિ - ચિકિત્સાકર્મને જાણવાની વિશેષ 'કર્મદૃષ્ટિ' - ચિકિત્સાકર્મનો વારંવાર નિરંતર અભ્યાસ - અનુભવને કારણે આવતી સહજ ગણી શકાય તેવી 'ચિકિત્સાસિદ્ધિ' તથા અધિકૃત - યોગ્ય અને શ્રેષ્ઠ ગુરુઓ - વિદ્વાનો - ગુરુકુળો એટલે કે આજના સંદર્ભમાં કૉલેજો અને યુનિવર્સિટી તથા ફૅકલ્ટીઓ પાસે જ્ઞાન પ્રાપ્ત કરવું તે ચિકિત્સક 'નામગ્રહણ' કરવા કે અધિકૃત ચિકિત્સક બનવા માટે આવશ્યક પ્રાથમિક જરૂરિયાત ગણાવેલ છે. એ તેની સાથે 'સજ્જતા' પણ આપોઆપ લાવે છે.

નિસબત ધરાવતા ચિકિત્સકની 'વૃત્તિ' ચર પ્રકારની હોવી જોઈએ તેવું જણાવતાં આચાર્ય ચરક કહે છે કે મનુષ્ય કે પ્રાણી માત્ર એટલે કે સર્વે માટે સમાન મિત્રતાપૂર્ણ વ્યવહાર, રોગી કે પીડિત વ્યક્તિ પ્રત્યે કરુણા કે 'નિસબત', સાધ્ય રોગોને સંપૂર્ણ રીતે 'શમન' કરવાની વૃત્તિ તથા અસાધ્ય રોગ માટે કે નિશ્ચિત મૃત્યુ તરફ જતા દર્દી પ્રત્યે સંપૂર્ણ સહયોગની વૃત્તિ હોવી જોઈએ.

આચાર્ય ચરક તેમની સંહિતાના ૨૯મા અધ્યાય - દશ પ્રાણાયતનીક અધ્યાયમાં આગળ પ્રાણાભિસર ચિકિત્સક એટલે કે 'સેવિયર ઑફ લાઇફ' તથા 'રોગાભિસર' એટલે કે દર્દીના શરીરમાં રોગોને તાણી લાવનાર એવા ચિકિત્સક 'છદ્મચર' અને 'પોતાની મેળે પાસ - PMP ચિકિત્સકો - આપ મેળે બની બેઠેલા 'સિદ્ધ સાધિત' ચિકિત્સક વૈદ્યનાં સંદર્ભે ખાસ બંને વચ્ચે તુલનાત્મક ટિપ્પણી કરી તેના ગુણોમાં તફાવત દર્શાવે છે. આમ પ્રાણના રક્ષક અને નાશક વૈદ્ય કે ચિકિત્સકનો તફાવત વારંવાર સ્પષ્ટ કરે છે. ચિકિત્સા હોય કે અન્ય કોઈ ક્ષેત્ર, નિસબત વગરની વ્યક્તિ ભલે તે ચિકિત્સક હોય કે અન્ય કોઈ ક્ષેત્રમાં હોય તે અંતે તો વ્યક્તિ - સમાજ કે દેશને, રાષ્ટ્રને 'ખાઈ જનાર - ચરી જનાર કે ક્ષતિ પહોંચાડનાર જ' હોય છે.

આચાર્ય સુશ્રુત પણ તેમની 'સર્જરી'નું ઉદ્‌ગમસ્થાન ગણાતી 'શુશ્રૂતસંહિતા'માં સૂત્ર સ્થાનના પાંચમા અધ્યાયમાં ઉત્તમ વૈદ્ય - વિશેષ કરીને 'સર્જન' એટલે કે નિસબત ધરાવનાર 'શલ્ય ચિકિત્સક'ના ગુણ વર્ણવતાં જણાવે છે કે 'સર્જન' હંમેશાં નિર્ભય એટલે કે ઇમર્જન્સીમાં ગભરાઈ જાય કે ભય પામે તેવો ન હોવો જોઈએ - લોહી જોઈને ડરી જાય તેવો ન હોવો જોઈએ એટલે કે 'શૂર' હોવો જોઈએ. સાથોસાથ 'આશુક્રિયા' એટલે કે ઝડપથી 'સર્જરી' કરવાવાળો હોવો જોઈએ - ત્વરિત નિર્ણય અને તેના પર સ્વસ્થતાથી અમલ કરવાવાળો હોવો જોઈએ. 'જીતહસ્ત' કે 'લઘુહસ્ત' અથવા તો 'હસ્તલાઘવ' એટલે કે જેનો

હાથ સર્જરી કરતી વખતે જરા પણ કંપે કે ધ્રૂજે નહિ અને પોતાના હાથ પર પૂરેપૂરું નિયંત્રણ કરી શકે તેવો હોવો જોઈએ. શસ્ત્રકર્મ દરમ્યાન પરિસ્થિતિને નિયંત્રણમાં રાખે કે સ્વસ્થતા રાખી શકે અને એકાગ્રતાપૂર્વક સર્જરી કરી શકે તેવો હોવો જોઈએ, નહિ કે મૂઢ થઈ જાય કે મૂર્ચ્છિત થઈ જાય તેવો. આચાર્ય ચરક પણ ફિઝિશિયન સાથે સર્જનો માટે બે ગુણોનો ઉમેરો કરતાં જણાવે છે કે વિશેષ કરીને 'જીતહસ્ત' અને 'જિતેન્દ્રિય' હોવો જોઈએ. જિતેન્દ્રિય સર્જન જ સર્જરી દરમ્યાન વિચલિત થતો નથી. વળી આચાર્ય વાગ્ભટ પણ પોતાની સંહિતા 'અષ્ટાંગ હૃદય'માં સૂત્ર સ્થાનના પહેલા અધ્યાયમાં આચાર્ય ચરક અને આચાર્ય સુશ્રુતે જણાવેલા નિસબતવાળા ઉત્તમ વૈદ્યના ગુણોનો પુનરોચ્ચાર કરતાં વધારામાં 'શુદ્ધિ' એટલે કે ચિકિત્સક માટે જરૂરી એવા શુદ્ધ આચાર અને વિચારના ગુણને આવશ્યક માન્યો છે. ટૂંકમાં કહીએ તો નિસબત ધરાવતો ચિકિત્સક 'Clear vision and determination in theory and practice, extensive practical experience, skill and purity with dedication'ના ગુણો ધરાવતો હોવો જોઈએ એવું આયુર્વેદ વિજ્ઞાન - નિસબત અને ચિકિત્સક તથા ચિકિત્સાકર્મના ક્ષેત્ર સંદર્ભે કહી શકીએ. આ બધા જ ગુણો દરેક દેશ, દરેક પરિસ્થિતિ અને દરેક સમયની એરણ પર સંપૂર્ણપણે 'સનાતન સત્ય' જ કહી શકાય. સદીઓથી સમાજ ચિકિત્સક-ડૉક્ટર કે વૈદ્યને હંમેશાં બે અંતિમો વચ્ચે જનસામાન્યને થતા અનુભવને આધારે મૂલવતો અને પ્રમાણતો આવ્યો છે. આવી મુલવણી આપણે આપણા સંસ્કૃત સુભાષિતોમાં પ્રતિબિંબિત થતી જાણી શકીએ છીએ. જેમ કે 'વૈદ્યરાજ નમસ્તુભ્યમ્ યમરાજ સહોદર' શ્લોક મુજબ ચિકિત્સકને યમરાજના સહોદર એટલે કે સગાભાઈની સાથે સરખાવેલ છે, તો સામે છેડે, 'વૈદ્યો નારાયણો હરિ:' એટલે કે ચિકિત્સકને સાક્ષાત્ ભગવાન - નારાયણનું પદ આપવામાં આવેલ છે. હવે ચિકિત્સકે નિસબત સાથે નરમાંથી નારાયણ બનવા તરફનો પ્રયાસ કરવો એમાં જ ચિકિત્સક અને નિસબત બન્નેનું સાફલ્ય ગણાશે.

❑❑❑

'નવનીત સમર્પણ'ના એક શુભેચ્છક શ્રી પ્રમોદરાય ભીમજીભાઈ પારેખ તરફથી ઉત્તમ સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવા દર મહિને પ્રગટ થતી કૃતિઓમાંથી ચૂંટેલી એક કૃતિને રૂ. ૪૦૦૦/-નો પુરસ્કાર આપવાનું નક્કી થયું છે. ઑક્ટોબર ૨૦૨૨ના અંકમાં પ્રગટ થયેલા ગુલામમોહમ્મદ શેખ કૃત લેખ 'કૃષ્ણ છાટપાર'ને આ પુરસ્કાર એનાયત થયો છે. એમને અભિનંદન. - સં.

પૅરિસના પોમ્પિદૂ સેન્ટરમાં સિનેમા પ્રયોગની પ્રસ્તુતિ પછી ઢૂંકડે આવેલા સિનેમાથેક ફ્રાંસેના દ્વારે. એક વખતે હોંન્રી લંગલુઆ સિનેમાથેકના વડા હતા ત્યારે ઝાંલુક ગોદાર અને ફ્રાંસ્વા ત્રુફો જેવા ઘણા યુવાનોને નવા વિચારોથી પ્રજ્વલિત કર્યા હતા. ફ્રેંચ સિનેમાના નવા જુવાળનાં બીજ અહીં રોપાયાં હતાં. છબી : માર્ટિન ચેમાન્ના

'સિનેમા ઑવ પ્રયોગ' અને મારી નિસબતનો નીંભાડો

☐ અમૃત ગંગર

કાચી અવસ્થામાં નિસબત કદાચ કાચી માટીના લોંદા જેવી હોય છે. તેને ચાકડે ચડતાં પણ વાર લાગે છે. એક વાર ચાકડે ચડ્યા પછી તેને કેવો આકાર મળશે તેની નિસબતકારને ખબર પણ નથી હોતી. એ કોઈ ગૂઢ રહસ્યની ભેદી વાત નથી, કારણ કે આકારપ્રાપ્તિની તેની પ્રક્રિયામાંથી એ પસાર થઈ રહ્યો હોય છે અને તે નર્યો અલિપ્ત સાક્ષીભાવ નથી, સક્રિય સંગાથ છે. ચાકડાથી નીંભાડામાં પ્રવેશવાની અને પરિપક્વ થવાની 'નિસબત'ની પ્રક્રિયા સતત ચાલતી રહે છે. એવી જ મારા 'સિનેમા ઑવ પ્રયોગ'ના સિદ્ધાંતના ઉદ્ભવ અને ઉત્ક્રાંતિની કહાણી છે, જે હવે મારી અતૂટ 'નિસબત' બની ગઈ છે. નીંભાડોમાં પાકવાની તેની પ્રક્રિયા નિત્ય રહેવાની. તેના હાંડલા પર અવારનવાર ટકોરા મારીને તેમાંથી નીકળતા ધ્વનિઓ અને

સ્પંદનોને ઝીલીને ચકાસવાની 'સિનેમા ઑવ પ્રયોગ'ની નિસબત સાથે નિજી ફિલ્મોસોફી અને તેની સાથે સંકળાયેલી કેટલીક વિશિષ્ટ ફિલ્મકૃતિઓની અત્રે વાતો કરવી છે.

પ્રયોગ-વિચાર : ઉદ્‌ભવ અને આકાર

આમ તો વર્ષ ૨૦૦૫માં મુંબઈમાં યોજાયેલા ઍક્સ્પેરિમેન્ટલ ફિલ્મ ફેસ્ટિવલના યુવાન ડાયરેક્ટર શાઈ હરેડિયાના આમંત્રણથી 'સિનેમા ઑવ પ્રયોગ'ના સિદ્ધાંતને મેં પહેલી વાર જાહેરમાં પ્રસ્તુત કર્યો હતો. પશ્ચિમના યુરો-અમેરિકન-કેન્દ્રિત ઍક્સ્પેરિમેન્ટલ ફિલ્મના પર્યાય રૂપે ઘડેલા આ નવા વૈકલ્પિક વિચારને ઑડિટોરિયમમાં બેઠેલા યુવાન ફિલ્મદિગ્દર્શકો, ક્યુરેટરો, પત્રકારો અને રસિકોનો સારો પ્રતિસાદ મળ્યો. ઑડિયન્સમાં લંડનથી આવેલા બે ફિલ્મદિગ્દર્શકો અને ક્યુરેટરો હતા (૧) બ્રેંડ બટલર અને (૨) કારેન મિરઝા. કાર્યક્રમ પૂરો થયા પછી તેઓ મને મળ્યા અને પૂછ્યું, 'સિનેમા ઑવ પ્રયોગ'ના તમારા મૌલિક સિદ્ધાંતને પ્રસ્તુત કરવા માટે તમે લંડન આવશો? તમારી સંમતિ હોય તો અમે અધિકૃત આમંત્રણ મોકલવાની ગોઠવણ કરીશું.

'સિનેમા ઑવ પ્રયોગ'નાં મૂળ તો ઊંડે રહેલા મારા સ્વભાવગત અજંપામાં છે, પણ આવી ઍબ્સ્ટ્રેક્ટ ઊર્મિને ક્યાંક, કોઈક રીતે આર્ટિક્યુલેટ થવું પડે. થોડા ખાંખાંખોળા કરતાં તેનાં મૂળ મને મુંબઈસ્થિત ફિલ્મ સોસાયટી સ્ક્રીન યુનિટની એક સાઇક્લોસ્ટાઇલ્ડ પ્રોગ્રામ નોટમાં મળે છે. તેની તારીખ છે : ૨ સપ્ટેમ્બર, ૧૯૮૬. એટલે આજથી છત્રીસ વર્ષ અગાઉ! આ પ્રોગ્રામ નોટના પહેલા જ ફકરામાં મેં પશ્ચિમની લગભગ અંતિમ મુકામે પહોંચેલી ઍક્સ્પેરિમેન્ટ (આવાંગાર્ડ સહિત) વિભાવનાઓનો વિકલ્પ શોધવાની વાત કરી હતી. કલાની ભાષામાં વણાઈ ગયેલો ફ્રેંચ શબ્દ 'આવાંગાર્ડ' તો લશ્કરમાંથી આવેલો - પ્રથમ હરોળના સૈનિકો. જે શબ્દ કે સંજ્ઞાના મૂળમાં હિંસા હોય તો તેનો વિકલ્પ શોધવાની ખેવના પણ એટલી જ પ્રબળ થાય! 'સિનેમા ઑવ પ્રયોગ'ના વિચારગર્ભનું બીજ છેક ૧૯૮૬માં રોપાઈ ગયેલું. વચ્ચેના બે દાયકા તે સુષુપ્ત અવસ્થામાં રહેલું. નિસબતનો લોંદો હજી ચાકડા પર ઘાટ પામી રહ્યો હતો.

ટેટ મૉડર્ન, લંડન; પોમ્પિદૂ સેન્ટર, પૅરિસ અને મારી નિસબતનું નીખરવું

ટેટ મૉડર્નની એ સાંજ (વર્ષ : ૨૦૦૬) અનેરી હતી, ઑક્સફર્ડ યુનિવર્સિટીના ફિલસૂફીના અધ્યાપકો, ઇટાલીથી આવેલા ક્યુરેટરો, લંડનના લેખકો ને ફિલ્મદિગ્દર્શકો, તેમજ ઘણા ભારતીય વિદ્યાર્થીઓથી આલીશાન ઑડિટોરિયમ ભરાઈ ગયેલું. લંડનથી ૨૧૫ કિ.મી. દૂર આવેલા વ્હિટ્‌ની ટાઉનથી મારો તુર્કી આર્કિટેક્ટ મિત્ર ઓમર ઓલ્ગુન્સોય પણ આવ્યો હતો. થોડા વખત પછી

પૅરિસના પોમ્પિદૂ સેન્ટરમાં 'સિનેમા પ્રયોગ'ની કલ્પનાને પ્રસ્તુત કરવાની તક મળી ત્યારે હરદમ વૈકલ્પિક વિચારોની ખોજમાં રહેતાં ફ્રેંચ મનોની ઉષ્મા પણ સાંપડી. ૨૦૧૧ના ઑગસ્ટ મહિનામાં શાંતિનિકેતનના કલાભવનમાં વિતાવેલા ત્રણ દિવસ મારી 'સિનેમા પ્રયોગ'ની નિસબતના સંદર્ભમાં અવિસ્મરણીય રહેશે, ખાસ કરીને નૂતન વિચારોના ઉમેરણ માટે ગુરુદેવની ભૂમિમાં જ કોઈ જાદુ હતો. એ સિવાય દેશવિદેશનાં ઘણે ઠેકાણેથી વિચારોનું વિટામિન મળતું રહ્યું.

કેટલીક પ્રાથમિક વિભાવનાઓ અને સૈદ્ધાંતિક સમીકરણો

સૌપ્રથમ 'પ્ર'નો પ્રત્યય એવું એન્જિન છે જે ક્રિયાને આગળ ધપાવે, દા.ત. ગતિની ક્રિયા આગળ 'પ્ર'નું એન્જિન જોડાય તો પ્રગતિ થાય, એટલે આગળ ધપતી ક્રિયા. 'પ્રયોગ'નું પણ એવું જ. યોગની સંધિને 'પ્ર' આગળ ધપાવે અને એ રીતે એ આવાંગાર્ડ સંજ્ઞાના વિકલ્પની બિનલશ્કરી ગરજ સારે. અંગ્રેજી શબ્દ એક્સ્પેરિમેન્ટ કરતાં સંસ્કૃત શબ્દપ્રયોગ મને ઘણો માતબર લાગ્યો છે અને તે બધી ભારતીય ભાષાઓમાં જડે. વળી, આંદ્રે તાર્કોવસ્કી કે મણિ કૌલ કહેતા કે ફિલ્મકૃતિનું સર્જન કરતી વખતે તેઓ તેના પિંડ ઘડવાની પ્રક્રિયાથી પૂરેપૂરા સભાન રહે છે, તેમાં રસાયણશાળામાં બે ભાગ હાઇડ્રોજન ને એક ભાગ ઑક્સિજન એકઠા થઈ જાય તો અચાનક



૨૦૧૧ના વર્ષે ૧૯થી ૨૧ ઑગસ્ટ દરમ્યાન શાંતિનિકેતનના કલાભવનમાં યોજાયેલા સિનેમા ઑવ પ્રયોગના કાર્યક્રમનું બૅનર, છબી : અમૃત ગંગર

જળપ્રાપ્તિ થઈ જાય એવું નથી હોતું. વળી પશ્ચિમની એક્સ્પેરિમેન્ટલ ફિલ્મની વિભાવનામાં પદાર્થ (મટેરિયલ)નો પ્રભાવ છે, તેની અમૂર્તતા વેગળી છે. 'પ્રયોગ'નું ઍબ્સ્ટ્રૅક્શન પ્રમાણમાં ઘણું વ્યાપક છે.

સૈદ્ધાંતિક રીતે 'સિનેમા પ્રયોગ' ચલચિત્રને કાલીય (ટેમ્પોરલ) કલા ગણે છે દૃશ્ય (વિઝ્યુઅલ) કલા નહીં. આમેય વિઝ્યુઅલ તો એ છે જ. વળી તેની પ્રૅક્ટિસમાં સાદગીની ચુસ્તતા એટલે રીગર ઑવ ઑસ્ટેરિટી જાળવવી જરૂરી છે. સામાન્ય રીતે 'પ્રયોગ' ફિલ્મ પ્રૅક્ટિશનર લભ્ય તેવાં સાધનોથી કલાસાધના કરતો હોય છે.

'પ્રયોગ' ફિલ્મ પ્રૅક્ટિશનર્સ અને

ફિલ્મકૃતિઓ

સુરતના મારા વિદ્યાર્થી જય ખોલિયાએ સાડા બાર મિનિટની એક પ્રયોગ ફિલ્મ બનાવી છે, જેનું નામ છે : 'ધ ફૉલિન્ગ ફ્રૂટ. ધ ફ્રોઝન ટાઇમ. એન્ડ ધ ફાઇવ વેરિએશન્સ ઑન મણિ કૌલ્સ ઉસ કી રોટી.' એક પણ પૈસો ખર્ચ કર્યા વિના જયે આ ટૂંકી ફિલ્મ જૂના (એન્ડ્રોઇડ નહીં) મોબાઇલ ફોનથી બનાવી છે, જે દેશવિદેશના ઘણા ફિલ્મ-ફેસ્ટિવલોમાં આવકારાઈ છે અને બૅન્ગકૉકમાં એ પુરસ્કૃત પણ થઈ છે. મણિ કૌલકૃત *ઉસ કી રોટી* એટલે મોહન રાકેશની એ જ નામની હિન્દી-પંજાબી ટૂંકી વાર્તા આધારિત ૧૯૭૦માં બનેલી શ્વેતશ્યામ ફિલ્મકૃતિ જેનો ઉલ્લેખ મેં *નવનીત સમર્પણ*માં અવારનવાર કર્યો છે.

'ફાઇવ વેરિએશન્સ' મણિ કૌલ ટ્રીલજીની પ્રથમ ફિલ્મ છે. આવર્તનોની રીતે વેરિએશન્સનો વિચાર વેસ્ટર્ન ક્લાસિકલ મ્યુઝિકની વિભાવનામાંથી પ્રાપ્ત થયો છે, દા.ત. કી બોર્ડ પર ગોલ્ડબર્ગે કરેલાં બાખની સંગીતરચનાનાં વેરિએશન્સ. ખોલિયાની ફિલ્મનું ટ્રેલર આ લિન્ક ખોલવાથી જોઈ શકશો :

https://www.youtube.com/watch?v=R_JbZPAFbLc

સિનેમા પ્રયોગ : સાત સર્જક, સાત સંવાદ

વર્ષ ૨૦૦૮માં મુંબઈના નૅશનલ સેન્ટર ફૉર પર્ફૉર્મિન્ગ આર્ટ્સ (એનસીપીએ)એ

વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું જોઉં પટંતરો એ જ પાસેનો અહેસાસ કરાવતી અમિત દત્તાની હિમાચલ પ્રદેશમાં બોલાતી ગદ્દી ભાષાની ફિલ્મકૃતિ અજ્ઞાત શિલ્પીનું એક દૃશ્ય. છબી સૌ. દિગ્દર્શક

જગતની સૌથી દીર્ઘ અવધિ (૧૦૨ મિનિટ)ની સિંગલ શૉટ સતત ચક્રાકારે ફરતી આશિષ અવિકુન્તકની બંગાળી ફિલ્મકૃતિ રતિ ચક્રવ્યૂહનું દૃશ્ય. છબી સૌ. દિગ્દર્શક

મને 'સિનેમા પ્રયોગ'નો બૃહદ કાર્યક્રમ પ્રસ્તુત કરવા માટે આમંત્ર્યો હતો. એ વખતે લિટલ થિયેટરમાં સતત સાત મહિના ચાલેલો 'સાત સર્જક, સાત સંવાદ'ના નામે સાત ફિલ્મસર્જકોની હાજરીમાં સ્ક્રીનિંગ-કમ-ચર્ચાનો કાર્યક્રમ યોજ્યો હતો. સાત ફિલ્મસર્જકો હતા - મણિ કૌલ (જેમનું મૃત્યુ ૨૦૧૧માં થયું), કુમાર શાહાની, અમિત દત્તા, આશિષ અવિકુન્તક, કબીર મોહંતી, શાઈના આનંદ-અશોક સુકુમારન, આર્ય્ય બાસુ (કમનસીબે થોડા વરસો અગાઉ તેમણે કલકત્તામાં આત્મહત્યા કરીને જીવનનો અંત આણ્યો). અત્રે હું મુખ્યત્વે ત્રણ પ્રયોગ ફિલ્મસર્જકો વિશે ટૂંકમાં છણાવટ કરીશ. આ સંવાદ ઇન્ટરેક્ટિવ છે, એટલે કે આપેલી લિન્ક્સ ખોલવાથી આપને એમની ફિલ્મકૃતિઓની થોડી ઝાંખી પણ થશે.

અમિત દત્તા અને અખિલ બ્રહ્માંડની વ્યાપકતા

હિમાચલ પ્રદેશના પાલમપુરના પહાડી ઇલાકામાં રહેતા ફિલ્મસર્જક-વાર્તાલેખક-ગિટારવાદક-ચેસ ચૅમ્પિયન અમિત દત્તાનું નામ તો જગવિખ્યાત છે. દુનિયાના અનેક પ્રતિષ્ઠિત ફિલ્મ ફેસ્ટિવલો, યુનિવર્સિટીઓ ને મ્યુઝિયમો તેમને નિમંત્રે પણ એ પોતે ક્યાંય જાય નહીં, સહાયકોને મોકલે. ટેક્નોલૉજીની સહાયથી એકલે હાથે નાનીમોટી, લાંબીટૂંકી (પણ અગત્યની) ફિલ્મકૃતિઓ સર્જ્યા કરે, હિન્દીમાં લેખન પણ કરે (એનાં પુસ્તકો પણ અગત્યનાં). સોશ્યલ મીડિયાથી દૂર રહે. આ ખૂબ મહત્ત્વના 'પ્રયોગ' ફિલ્મસર્જકની બે કૃતિઓ, *નૈનસુખ* અને *અજ્ઞાત*

શિલ્પી વિશે મેં ગુજરાતીમાં લખ્યું છે (*શબ્દસૃષ્ટિ*, મે, ૨૦૧૮). તો તેમના વિશે થોડુંક. (તાજેતરમાં મ્યુબી સ્ટ્રીમલાઇન સર્વિસે અમિત દત્તાની ફિલ્મકૃતિઓનો રેટ્રોસ્પેક્ટિવ યોજ્યો હતો.) એમની ફિલ્મમેકિંગ પ્રૅક્ટિસમાં અમિત દત્તા ખૂબ ટેમ્પોરલ છે, એમનું અવકાશનું અન્વેષણ પણ એટલું જ સ્પર્શનીય.

અમિત દત્તાની સિનેમૅટોગ્રાફી અંતરખોજની કલા છે. *અજ્ઞાત શિલ્પી* (૨૦૧૭) ફિલ્મકૃતિ એની ગતિ દ્વારા, પ્રકાશ અને નીરવતાના સંયોજનની કરામત દ્વારા, હિમશિખરોની નિઃસ્તબ્ધ ભવ્યતા દ્વારા અને વનશ્રીના મર્મર ધ્વનિ દ્વારા આ ખોજનું તાદૃશ પ્રતિબિંબ સર્જે છે. એ સમગ્ર પ્રક્રિયા દરમ્યાન ફિલ્મ સ્વયં એક ગોપકાવ્યનું કે લોકગીતનું છંદોબદ્ધ સ્વરૂપ પામે છે, અલબત્ત કાલીય સ્તરે. જુઓ અને અનુભવો :

https://www.youtube.com/watch?v=2HJThnfspJ4

અમિત દત્તાની પહાડી લઘુચિત્રની પરંપરાના અગ્રણી ચિત્રકાર નૈનસુખ (૧૭૧૦-૧૭૭૮)ના કલા અને જીવનને વિશિષ્ટ રીતે આલેખતી *નૈનસુખ* ફિલ્મકૃતિ કાલીયતાના પરિમાણનું અન્વેષણ કરવાની સાથે 'સ્વ'નો લોપ કરીને કથા, દંતકથા, સ્મૃતિ, કલ્પના તેમજ પરંપરાનું સંયોજન કરે છે. ફ્રેંચ વિવેચક મારી પ્યેર દુમિયેલના મત અનુસાર અમિત દત્તાની સિનેમૅટોગ્રાફી એક એવું ટાઇમ મશીન છે જે ચિત્રપટને દાર્શનિક ભવ્યતા બક્ષે છે. *નૈનસુખ* ફિલ્મકૃતિમાં આ ભવ્યતા વિપુલ માત્રામાં છે. અમિત દત્તાના મતે સિનેમાનું માધ્યમ વિશેષપણે સ્થાનીય કરતાં કાલીય સ્વભાવ ધરાવે છે. સંગીતની જેમ જ સિનેમા પણ સમયમાં જ ઉત્પન્ન થાય છે અને સમયમાંથી જ આકાર પામે છે. તાર્કોવસ્કી જેને 'સ્કલ્પટિંગ ઇન ટાઇમ' કહે છે. *નૈનસુખ*ની ચાખી કરો :

https://www.youtube.com/watch?v=NxBbvWsG4s8

આશિષ અવિકુન્તક અને તાંત્રિક તાણાવાણા

પુણેની ફિલ્મ ઍન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યૂટ ઑવ ઇન્ડિયામાં તાલીમ લીધેલા અમિત દત્તાથી પુણેની ડેક્કન કૉલેજમાં આર્ક્યોલૉજીનું શિક્ષણ પામેલા અને ત્યાર બાદ અમેરિકાની સ્ટેનફર્ડ યુનિવર્સિટીમાંથી સોશ્યલ ઍન્ડ કલ્ચરલ આન્થ્રોપોલૉજીના વિષયમાં પીએચ.ડી. થયેલા 'પ્રયોગ' ફિલ્મસર્જક આશિષ અવિકુન્તકની સિનેમૅટોગ્રાફીની તાસીર સાવ વેગળી પણ 'સમય'નો તંતુ બેઉને બાંધી રાખે. ૨૦૧૪માં *આર્ટ રિવ્યૂ* જર્નલે અવિકુન્તકને 'ફ્યૂચર ગ્રેટ' તરીકે જાહેર કર્યા હતા. તાજેતરમાં મ્યુબીએ એમની અંગ્રેજી સબટાઇટલ્સવાળી બંગાળી ફિલ્મકૃતિઓનો રેટ્રોસ્પેક્ટિવ પણ યોજ્યો હતો. એમાંની કેટલીક કૃતિઓ વિશે મેં અંગ્રેજીમાં વિસ્તારથી લખ્યું છે. એકાદ-બેની અહીં વાત કરું.

જય ખોલિયા કૃત ટૂંકી પ્રયોગ ફિલ્મ ફાઇવ વેરિએશન્સનાં દૃશ્યો. છબી સૌ. દિગ્દર્શક

એમની ફિલ્મકૃતિ રતિ *ચક્રવ્યૂહ* (૨૦૧૩) જગતની સૌથી દીર્ઘ અવધિ (૧૦૨ મિનિટ)ની સિંગલ શૉટ કૃતિ છે. તેનાથી અગાઉ રશિયાના એલેક્ઝાંડર સોકુરોવે *રશિયન આર્ક* નામની સિંગલ શૉટ (૯૬ મિનિટ) ૨૦૦૨માં બનાવી હતી. આજે ગૂગલેશ્વર સૌથી દીર્ઘ અવધિની ઘણી સિંગલ શૉટ તેમજ અનેક ફિલ્મમેકર્સનાં નામો આપશે પણ બધું માનવા જેવું નથી. અલબત્ત, આજે ટેક્નોલૉજી (દા.ત. રેડ કૅમેરા)એ ઘણુંબધું શક્ય બનાવ્યું છે. સવાલ છે કાલીય ચુસ્તતા અને લય (ટેમ્પો) જાળવવાનો; બધાના બસની આ વાત નથી. સોકુરોવને હું ૨૦૧૭માં ત્રિવેન્દ્રમમાં મળ્યો હતો ત્યારે તેમની ફિલ્મકૃતિ *રશિયન આર્ક* વિશે થોડી વાતો થઈ હતી.

તેના ચક્રાકાર સ્વરૂપમાં રતિ *ચક્રવ્યૂહ* જાણે સિનેમૅટોગ્રાફિક તાંત્રિક મંડલ રચીને નિરંતર સ્વની શોધ કરતી રહે છે જે આખરે સામૂહિક (ફિલ્મનાં છ નવવિવાહિત યુગલો અને મહિલા પુરોહિત) આત્મહત્યા કરે છે. આવા અનપેક્ષિત અંતવાળી સિંગલ શૉટ ફિલ્મ પ્રેક્ષકને 'કાળ' નામના અદૃશ્ય સૂત્રધાર દ્વારા જકડી રાખે છે. ('ફાઇન્ડિંગ અ ફૉર્મ, અ સિનેમૅટોગ્રાફિક મંડલા', અમૃત ગંગર, હ્યુમેનિટીઝ અન્ડરગ્રાઉન્ડ, ૧૮ જૂન, ૨૦૧૭) જુઓ :

https://www.youtube.com/watch?v=KVdzqZXJsis

એંસી મિનિટની એમની *કઠોપનિષદ* (૨૦૧૧) ફિલ્મકૃતિમાં પણ એક કલાક અવધિનો સિંગલ શૉટ છે. અમેરિકાની રહોડ આઇલૅન્ડ યુનિવર્સિટીમાં સિનેમાનું અધ્યાપન કરતા આશિષ અવિકુન્તક

ખૂબ મહત્ત્વના પ્રયોગ કલાકાર છે. તેઓ ફિલ્મમેકિંગ પ્રૅક્ટિસને 'સાધના' સ્વરૂપે ગણે છે.

વિપિન વિજય અને સાંપ્રત સંવેદનાઓની સૃષ્ટિ

મારા ત્રીજા 'પ્રયોગ' ફિલ્મસર્જક છે કેરળના વિપિન વિજય. કલકત્તાની સત્યજિત રાય ફિલ્મ ઍન્ડ ટેલિવિઝન ફિલ્મ ઇન્સ્ટિટ્યૂટમાં તાલીમ લીધેલા વિપિન વિજયની થોડા સમય અગાઉ જ એમની માતૃસંસ્થામાં ડીન તરીકે નિમણૂક થઈ છે. વિપિન વિજય હાજર નહોતા રહી શક્યા પણ તેમની *યોગ વશિષ્ટ* આધારિત મળયાળમ ડિપ્લોમા ફિલ્મ *ઉન્મથબુધમ જગથ* (ધ ઈગોટિક વર્લ્ડ, ૨૦૦૦, ૩૨ મિનિટ)ની પ્રિન્ટ એસઆરએફટીઆઇમાંથી આવેલી જેમાં અંગ્રેજી સબટાઇટલ્સ નહોતાં, પણ મારો ક્યુરેટોરિયલ આગ્રહ હતો કે તેનું પ્રદર્શન કરીને રસિકોને ફક્ત ભારતની નહીં, પણ દુનિયાની અગત્યની એવી એક વિદ્યાર્થીએ બનાવેલી ડિપ્લોમા ફિલ્મથી વાકેફ કરવા. વળી મારો એ પણ આગ્રહ હતો કે ફિલ્મકૃતિઓનું પ્રદર્શન તેમના મૂળ ફૉર્મેટ (૩૫એમએમ, ૧૬એમએમ કે વીડિયો)માં જ થાય. નસીબજોગે ચૌદ વર્ષ પહેલાં એનસીપીએના લિટલ થિયેટરમાં બધા પ્રકારનાં પ્રોજેક્શનની સગવડો લભ્ય હતી. વિપિને *ઉન્મથબુધમ જગથ* ૩૫એમએમ સેલ્યૂલોઇડ (એનેલૉગ) પર શૂટ કરી હતી. મેં આ ફિલ્મને જગતની દસ ઉત્કૃષ્ટ ડિપ્લોમા ફિલ્મકૃતિઓમાં સ્થાન આપ્યું છે. (જુઓ https://en.wikipedia.org/wiki/Vipin_Vijay)

વિપિન વિજયની પ્રથમ ફીચર ફિલ્મ *ચિત્રસુત્રમ્* (૨૦૧૦) અગત્યની મળયાળમ 'પ્રયોગ' ફિલ્મકૃતિ છે. સાયબર-માનવના કથનને ચક્રાકારે સિનેમેટોગ્રાફિક-ટેમ્પોરાલિટીમાં ગૂંથતી આ ફિલ્મકૃતિનો *વિષ્ણુધર્મોત્તર પુરાણ*ના ચિત્રસૂત્રનો સીધેસીધો સંબંધ છે જે ફિલ્મસર્જક વ્યક્ત નથી કરતા પણ તેવાં એંધાણ ફિલ્મકૃતિમાં મળે છે. ભાવક તરીકે એ જોડાણ આપણા માટે રસપ્રદ થાય, સાંભળો ખુદ વિપિન વિજયને -

https://www.youtube.com/watch?v=4Qm1S2zcjjA

સિનેમા પ્રયોગ અને મારી નિસબતની નિરંતરતા...

આ ત્રણેય અગત્યના પ્રયોગ ફિલ્મસર્જકો સિવાય કબીર મોહંતી, આર્ય બાસુ અને અમિતાભ ચક્રવર્તીની અગત્યની બંગાળી 'પ્રયોગ' ફિલ્મકૃતિ *કાલ અભીરતિ* વિશે પણ દિલચસ્પ વાતો થઈ શકે. મારી 'સિનેમા પ્રયોગ'ની નિરંતર ચાલતી નિસબતમાં ફ્રાંસના મૂર્ધન્ય ફિલ્મ-વીડિયો ઇન્સ્ટલેશનસર્જક રોબેર કૅહન પણ જોડાયા છે. કાચી માટીનો મારી નિસબતનો લોંદો ચાકડે ચડીને નીંભાડામાં છેલ્લા ચારેક દાયકાથી ઘડાઈ રહ્યો છે, મારા નિજી પુસ્તકની પ્રતીક્ષા કરતો...

❑❑❑



મેટાફર્સ ઑફ સેલ્ફ: ભારતીય સ્ત્રીઓની આત્મકથાઓમાં પ્રતિબિંબિત તેમની નિસબત

☐ ડૉ. રંજના હરીશ

"નિસબત મનુષ્યજીવનને સાર્થક બનાવે છે." - *દલાઈ લામા*

આત્મકથા એટલે 'મેટાફર્સ ઑફ સેલ્ફ' અર્થાત્ આત્મકથાકારે પોતાના માટે સમગ્ર જીવનના પર્યાય રૂપે પ્રયોજેલ રૂપક. જીવન આખાની, પોતાના વજૂદની ઓળખાણ એવી નિસબતની અભિવ્યક્તિ. જેમ કે ગાંધીજીની આત્મકથા એટલે સત્યની ખોજ. બર્ટ્રાન્ડ રસેલની ત્રણ ભાગમાં લખાયેલ આત્મકથા એમણે લખેલ એક પૃષ્ઠની 'પ્રોલોગ' સાથે ઊઘડે છે, જેનું શીર્ષક છે 'હું શેના માટે જીવ્યો?' જવાબ છે - 'મારી ત્રણ નિસબતો માટે - (૧) પ્રેમ, સ્ત્રીનો પ્રેમ (૨) જ્ઞાનપિપાસા (૩) ગરીબો-શોષિતો પ્રત્યેની કરુણા.' રસેલ આ આત્મકથાના અંતિમ એટલે કે ત્રીજા પુસ્તકના છેલ્લા પૃષ્ઠ પર 'એપિલૉગ' રૂપે ફરી પ્રશ્ન પૂછે છે, 'જીવનમાં મેં શું મેળવ્યું?' શું પોતે પોતાની ત્રણ નિસબતો પાર પાડી શક્યા? આ પ્રશ્નનું સચોટ, પ્રામાણિક મૂલ્યાંકન તેઓ આ અંતિમ પૃષ્ઠ પર આપે છે. આમ પ્રેમ, જ્ઞાનપિપાસા અને કરુણા આ ત્રણે રસેલની આત્મકથાના રૂપકો બની રહે છે.

આત્મકથા સાહિત્ય સ્વરૂપને 'મેટાફર્સ ઑફ સેલ્ફ' તરીકે પરિભાષિત કરનાર જેમ્સ ઓલ્નીએ વર્ષ ૧૯૬૦થી ૧૯૮૦ના ગાળામાં આ સાહિત્ય સ્વરૂપની થિયરી પર પાયાનું કામ કર્યું. આત્મકથા સ્વરૂપ પર તેમણે પ્રકાશિત પુસ્તકોમાંથી સૌથી મહત્ત્વપૂર્ણ પુસ્તક એટલે 'મેટાફર્સ ઑફ સેલ્ફ' (૧૯૭૨), જેમાં તેઓ પોતે કરેલ પરિભાષાના સમર્થનમાં મહાત્મા ગાંધીની આત્મકથાને સત્યની શોધના રૂપક તરીકે ચર્ચે છે. આ પુસ્તકમાં થિયરીની સાથોસાથ પશ્ચિમી જગતની ત્રણ વિભૂતિઓની આત્મકથાઓને 'મેટાફર્સ ઑફ સેલ્ફ' તરીકે મૂલવીને તેઓ પ્રૅક્ટિકલ ક્રિટિસિઝમનું ઉદાહરણ પણ પૂરું પાડે છે.

'સ્વ'ની સ્પષ્ટ સમજણ, શિક્ષણ તથા જાહેર જીવનનો અનુભવ ધરાવતા ગાંધી, રસેલ, મંડેલા કે ઓબામા જેવા પુરુષોની

આત્મકથા સત્ય, દેશભક્તિ, પ્રેમની ખોજ, જ્ઞાનપિપાસા, કરુણા કે અચેત ચેતના જેવી મહાન નિસબતોને સમર્પિત હોઈ અમરત્વની અધિકારી બની શકે, કેમ કે આત્મકથાની અન્ય વ્યાખ્યાઓ 'અબોડ ઑફ ઇટરનિટી' (અમરત્વનો આલય) તથા 'એ બ્લૉક ફ્રૉમ નેશનલ હિસ્ટ્રી' (રાષ્ટ્રીય ઇતિહાસના ઇમારતની ઈંટ) પણ છે. પરંતુ આ બધું સ્ત્રીના આત્મકથા-લેખનમાં ભાગ્યે જ જોવા મળે છે. પ્રારંભિક કાળની ભારતીય સ્ત્રીઓનું આત્મલેખન એક આંતરિક જરૂરિયાત છે. આવા લેખનનો આશય અમરત્વ કે સન્માન ન જ હોઈ શકે. પોતાના 'સ્વ'ની વ્યાખ્યા કરવામાંય ખચકાટ અનુભવતી સ્ત્રીએ આત્મકથા-લેખન બંધબારણે પ્રારંભેલું અને તે પણ ઘણા ક્ષોભ તથા સમાજની બીક સાથે. આવા લેખનને પ્રકાશિત કરવાની કલ્પના એમને ક્યાંથી હોય? આ બધી બાબતનો પુરાવો પ્રારંભિક કાળમાં લખાયેલ એમની આત્મકથાઓમાં ઉપલબ્ધ છે. તો વળી એમની ક્રમશઃ પ્રગતિ અને બદલાતા સમય સાથે સધાતા વિકાસનું પ્રતિબિંબ પણ સ્વાતંત્ર્યોત્તર આત્મકથાઓમાં ઝિલાય છે.

અહીં ચર્ચાયેલ મૂળ અંગ્રેજીમાં કે અંગ્રેજી અનુવાદરૂપે લાંબા સમય પટ પર પ્રકાશિત થયેલ આત્મકથાઓમાં અભિવ્યક્ત ભારતીય લેખિકાઓની નિસબત નોંધપાત્ર તેમજ પ્રેરણાદાયી છે.

આધ્યાત્મિક અધિકારની નિસબતઃ

૧૯૫૦ની આસપાસ પશ્ચિમી દેશોમાં આત્મકથા સાહિત્ય સ્વરૂપની પરિભાષા વિશેનો વિચાર પ્રારંભાયો તેના અઢીસો વર્ષ પહેલાં, એટલે કે વર્ષ ૧૭૦૦માં એક ભારતીય સ્ત્રીએ પોતાની આત્મકથા લખેલી. માન્યામાં ન આવે એવી વાત છે. એ પ્રથમ ભારતીય સ્ત્રીનું નામ હતું બહિનાબાઈ. મૂળ મરાઠીમાં લખાયેલ આ આત્મકથા સવાસો વર્ષ સુધી અપ્રકાશિત પડી રહી. વર્ષ ૧૯૧૪માં તેનું પ્રથમ પ્રકાશન થયું. ૧૯૨૬માં બીજી આવૃત્તિ અને ૧૯૨૯માં જસ્ટિન એબોટ નામના એક ખ્રિસ્તી પાદરીએ તેનો અંગ્રેજી અનુવાદ પ્રગટ કર્યો. આ આત્મકથા પદ્યમાં લખાઈ છે. શૈલી તથા સ્વરૂપની દૃષ્ટિએ આજના વાચકને તેમાં કચાશ લાગે તે સંભવ છે. પરંતુ સ્ત્રીદેહને કારણે અનુભવાતી વિમાસણ તથા તેના નિરાકરણની બાબતે આ આત્મકથા દાદ માગી લે તેવી છે.

એક બ્રાહ્મણ કુળમાં જન્મેલી કન્યા બહિના મહારાષ્ટ્રના દેવગામમાં બાળપણના નવ વર્ષ ગાળે છે. તે દરમિયાન માતા-પિતાના ઘરે તેને ભક્તિ, અધ્યાત્મ અને સત્સંગના સંસ્કાર મળે છે. છોકરીઓ માટે એ જમાનામાં અક્ષરજ્ઞાન અશક્ય હતું. પરંતુ ભણતરનું મૂલ્ય જાણનાર મા-બાપ દીકરીને ઘરે અક્ષરજ્ઞાન આપે છે. નવ વર્ષની નાનકડી બહિનાનાં લગ્ન ૩૦ વર્ષના બ્રાહ્મણ વિધુર સાથે થાય છે. બાલિકાવધૂ સાસરે આવીને સાસરાના પરિવારની જવાબદારી ઉપાડતી થાય છે. આ ઘરમાં એક બંધન છે જે તેને નથી

પરવડતું, ઘરની બહાર ન જવાનું બંધન. વળી ભક્તિપૂજા પર પ્રતિબંધ છે. તે મનોમન પ્રશ્ન કરે છે 'આમ કેમ? આ બધું મારા સ્ત્રીદેહને લીધે થતો દંડ છે?' પોતાની વિમાસણ તે બંધબારણે કાગળ પર કવિતા રૂપે ઉતારે છે.

બહિનાબાઈ

સ્ત્રીદેહધારી મારે શું કરવું? શું સ્ત્રીદેહને કારણે મારે હંમેશાં પરાધીન રહેવાનું? મારી ઇચ્છાઓ ત્યજી દેવાની? પ્રભુભજન અને પ્રભુદર્શન જતાં કરવાનાં? અરેરે! વેદ પણ ઊંચા સ્વરે કહે છે કે સ્ત્રીદેહ શુભ ના હોઈ શકે... પુરાણો પણ શાખ પૂરે છે કે સ્ત્રીદેહ પતનનું દ્વાર... પ્રકૃતિએ મને સ્ત્રીનું શરીર આપ્યું તેમાં મારો શું વાક? હું સ્ત્રી છું એટલે મને આત્મકલ્યાણનો હક્ક જ નહિ? હે ઈશ્વર! તેં મને આવો અન્યાય કેમ કર્યો? ('ભારતીય નારીનાં પદચિહ્નો' - ૧૦૧)

સ્ત્રીના આધ્યાત્મિક અધિકારની નિસબત બહિનાબાઈની આત્મકથાનું મુખ્ય કથ્ય છે. પોતાના શરીરને કારણે અને એ સ્ત્રી શરીર માટે સમાજે ઘડેલ નિયમોને કારણે, બહિનાબાઈને નડતી બાધાઓ એને પારિવારિક જીવનથી વિમુખ થવા પ્રેરે છે, પરંતુ તે જમાનામાં સ્ત્રી માટે પતિનું ઘર ત્યજવાની વાત સુધ્ધાં અકલ્પનીય હતી. તેથી પતિપરાયણતા અને ધર્મનિષ્ઠા વચ્ચે ઝોલાં ખાતી બહિનાબાઈ લખે છે :

પતિ છે સૂર્ય અને હું સૂર્યપ્રકાશ
સૂર્ય અને પ્રકાશ બંને રહ્યા અભિન્ન
કહત બહિની કેવળ હરિ જ જાણે
મારા મનની પીડ (પદચિહ્નો - ૧૦૨)

ભલે સમાજ બહિનાને કોઈ હક્ક ન આપે, પરંતુ એ બિચારી-બાપડી નથી. પતિનું દિલ જીતતાં તેને આવડે છે. પ્રેમભરી સેવાથી એ પતિનો વિશ્વાસ જીતી લે છે અને તેને પોતાની આધ્યાત્મિક ખોજ સમજાવવામાં સફળ થાય છે. પત્નીની ધર્મપરાયણ વૃત્તિથી પ્રેરાઈને પતિ પત્નીનો શિષ્ય બને છે. બહિનાનું જીવન-સ્વપ્ન હતું સંત તુકારામ પાસેથી દીક્ષા લેવાનું, જે હવે શક્ય બને છે. બહિના તથા તેનો પતિ જાતે બ્રાહ્મણ છે. તેમ છતાં પંઢરપુર જઈને સમાજના ઘોર વિરોધ વચ્ચે શૂદ્ર એવા સંત તુકારામ પાસે દીક્ષા લે છે.

બહિનાબાઈની આત્મકથા તત્કાલીન સ્ત્રીજીવન તથા સ્ત્રીવિષયક મૂલ્યોનો એક મહત્ત્વપૂર્ણ દસ્તાવેજ છે કે જે સ્ત્રીની આધ્યાત્મિક નિસબતને અભિવ્યક્ત કરે છે.

અક્ષરજ્ઞાન અને ઉચ્ચ શિક્ષણની નિસબત:

૧૯મી સદીના ઉત્તરાર્ધમાં એક વૈભવશાળી પરિવારમાં જન્મેલી લાડકી દીકરી નાનકડી હતી ત્યારથી સ્વપ્ન જોતી કે જાણે પોતે ચૈતન્ય ભાગવત વાંચી રહી છે. એ સફાળી જાગી ઊઠતી અને ગભરાઈ જતી. છોકરી

અને અક્ષરજ્ઞાન! અસંભવ. તેમ છતાં તે માતા-પિતાને અક્ષરજ્ઞાન આપવા માટે વિનવતી. મા જવાબ આપતી 'છોકરી વાંચતાં-લખતાં શીખે તો એનો વર મરી જાય.' એવું તો વળી કેવું? નાનકડી બાળકી વિચારતી. વર્ષો જતાં એને પોતાના સ્વપ્નનો અર્થ સમજાયો. એનું આ સ્વપ્ન તેના માટે ઈશ્વરે મોકલેલો અમૂલ્ય હીરો હતો. આવા હીરાનો તો સ્વીકાર જ હોય. વાંચતાં-લખતાં શીખવા માટે ઈશ્વરે કહ્યું છે તો એનું પાલન તો થવું જ જોઈએ - છોકરી વિચારતી. આવું સ્વપ્ન જોનાર તે છોકરીનું નામ હતું રસસુંદરી.

બાર વર્ષની ઉંમરે રસસુંદરીનાં લગ્ન તેનાથી વીસ વર્ષ મોટા વિધુર સાથે થયા. તે વિધુર ધનવાન હતો, જમીનદાર હતો. લગ્ન બાદ રસસુંદરીના નામ સાથે દેવી ઉમેરવામાં આવ્યું અને એ જમીનદાર પરિવારની હવેલીના પૂજાગૃહમાં નવવધૂ રસસુંદરીદેવીએ પ્રથમ વાર પગે લાગીને પ્રાર્થના કરી :

'હે પ્રભુ મને અક્ષરજ્ઞાન આપજે. મને ખબર છે કે પત્ની અક્ષરજ્ઞાન મેળવે તો પતિ મરી જાય - મારી મા કહેતી, પણ હું લાચાર છું. ગમે તે ભોગે મારે અક્ષરજ્ઞાન જોઈએ છે. હે પ્રભુ! મને માફ કરજે.' ('વર્ડ્ઝ ટુ વિન' - ૧૬૩)

પાંચ વર્ષે રસસુંદરીદેવીની પ્રાર્થના ફળી. પુત્ર જન્મના ચારેક વર્ષ બાદ નાના જમીનદારના ભણતર માટે હવેલીમાં વ્યવસ્થા થઈ. પુત્રને ભણાવવા માટે આવતા ટ્યૂટરને જનાનખાનામાં આવવાની છૂટ હતી. દીકરાની સાથોસાથ માએ પણ અક્ષરજ્ઞાન મેળવ્યું. રસોડાની ભોંય પર ઘૂંટી-ઘૂંટીને તેણે અક્ષરો શીખ્યા તે વાંચતાં-લખતાં શીખી ગઈ. તેની ખુશીનો પાર નહોતો. પોતાના અક્ષરજ્ઞાનને તેણે બપોરના સમયે પોતાના ઓરડામાં વર્ગો ચલાવીને આસપાસની સ્ત્રીઓ સાથે વહેંચવા માંડ્યું અને આમ સમય જતાં એ બધી સ્ત્રીઓ નવરાશના સમયે ભેગી મળીને ચૈતન્ય ભાગવત વાંચતી થઈ. અક્ષરજ્ઞાનની જ્યોત પ્રગટાવવાની તથા તેને અન્ય સુધી પહોંચાડવાની રસસુંદરીદેવીની નિસબત એટલે તત્કાલીન બંગાળી સ્ત્રીઓમાં જન્મેલ અક્ષરજ્ઞાન પ્રત્યેની જાગ્રતતા.

રસસુંદરીદેવી દ્વારા લિખિત આત્મકથા 'અમાર જીબન' (૧૮૬૮) બંગાળી સ્ત્રી દ્વારા લખાયેલ પ્રથમ આત્મકથાનું સન્માન મેળવી ચૂકી છે. જનાનખાનાના બંધબારણે પતિની વણવપરાયેલ જૂની ડાયરીનાં પીળાં પડી ગયેલાં પૃષ્ઠો પર પેન્સિલથી લખાયેલ આ આત્મકથા પ્રકાશિત થવા માટે લખાઈ જ નહોતી. અઠ્ઠાવન વર્ષની ઉંમરે પ્રારંભાતી આ આત્મકથાને લેખિકાએ અઠ્યાસી વર્ષની જૈફ વયે સમાપ્ત કરેલી. ઘણાં વર્ષો સુધી અપ્રકાશિત રહ્યા બાદ ૧૯૯૯માં તનિકા સરકાર નામક બંગાળી પ્રોફેસરે 'વર્ડ્ઝ ટુ વિન' શીર્ષક સાથે આ આત્મકથાનો અનુવાદ પોતાની ટિપ્પણી સાથે પ્રકાશિત કરેલો.

અક્ષરજ્ઞાન તથા ઉચ્ચ શિક્ષણના

રસસુંદરી

કોલને સમર્પિત જસ્ટિસ રાનડેનાં પત્ની રમાબાઈ રાનડેની મરાઠી આત્મકથા 'અમચા આયુષ્યાતિલ કાહી આઠવાણી' (૧૮૮૫, અનુ. ૧૯૧૦) તે જમાનામાં બાલિકાઓના અક્ષરજ્ઞાન પ્રત્યે પ્રવર્તતી અંધશ્રદ્ધાનું પુનરાવર્તન કરે છે. આ આત્મકથાનાં અમુક દૃશ્યો અત્યંત રસપ્રદ તથા રમૂજપૂર્ણ છે. લગ્નની પ્રથમ રાત્રિએ એકત્રીસ વર્ષીય વિધુર પતિ જસ્ટિસ રાઓસાહેબ રાનડે તથા નવવધૂ વચ્ચેની વાતચીત, ત્યાંથી પ્રારંભાતું બાલવધૂનું શિક્ષણ અને તેનો સર્વાંગી વિકાસ, માત્ર માહિતીપૂર્ણ જ નહિ, પરંતુ રસપ્રદ તથા પ્રેરણાદાયી પણ છે.

રસસુંદરીદેવીની પરંપરામાં અક્ષરજ્ઞાનનું સ્વપ્ન જોનાર અને તેના ખાતર સઘળું કરી છૂટનાર સાવિત્રીદેવી નંદા પોતાની આત્મકથા 'ધ સિટી ઑફ ટુ ગેટ વેઝ' (૧૯૫૦)માં લખે છે કે પોતે રોજ રાત્રે અક્ષરજ્ઞાન મેળવવાનું સ્વપ્ન જોતી. તેના સ્વપ્નમાં એકાંત રણની વચ્ચોવચ આરસનું એક મંદિર દેખાય છે. જ્યાં મોટો ઘંટ લટકે છે. જ્યાં રોજ સાંજ-સવારે દૂધ જેવી ધોળી દાઢી અને વાળવાળો એક ઋષિપુરુષ ઘંટ વગાડીને પોકારે છે, 'કોઈ તો સાંભળો, કોઈ તો જાગો, કોઈ તો આવો, મંદિર ખુલ્લું છે.' વારંવાર આવતા આ સ્વપ્નને લેખિકા અક્ષરજ્ઞાન તથા ઉચ્ચ શિક્ષણના કોલ તરીકે મૂલવે છે અને પરંપરાવાદી સામંતશાહી પરિવાર ત્યજીને પરદેશ જઈને ડૉક્ટર બને છે.

સ્ત્રીના સ્વપ્ન પ્રદેશ અને તે સ્વપ્નના જીવન સાથેના જોડાણની વાત થાય છે ત્યારે અમૃતા પ્રીતમની આત્મકથા ચોક્કસ સ્મરે છે. તેમની રસીદી ટિકિટની વિશેષતા એ છે કે તેમાં લેખિકા જીવન સત્યની ઇમારતને સ્વપ્નોના પાયા પર ઊભી કરે છે. 'સત્ય અને સત્ય સિવાય કાંઈ જ નહિ' કહેવા માટે પ્રતિબદ્ધ અમૃતાજીની આત્મકથાના લગભગ બધા જ અગત્યના અનુભવો તેમનાં સ્વપ્નોમાંથી જન્મે છે. પોતાના જીવનના તથા લેખનના આ વિરોધાભાસ વિશે લખતાં તેઓ નોંધે છે :

'હું એ વાતથી પૂરેપૂરી વાકેફ છું કે મારાં લખાણો એક અનૌરસ બાળક જેવાં છે... મારા જીવનની કઠોર વાસ્તવિકતાઓ મારાં સ્વપ્નાઓના પ્રેમમાં પડી અને આ અવૈદ્ય જોડાણમાંથી મારું લેખન જન્મ્યું... આ સ્વપ્નોને સમજાવવાની જરૂર નથી. મારી અંગત જિંદગીની સાથોસાથ મારાં સ્વપ્નોએ માનવ જાતિના વિકાસને પણ નિરૂપિત કર્યું જ હશે.' (પદચિહ્નો - ૮૦). રસીદી ટિકિટ એક અતિસંવેદનશીલ લેખિકાને નિસબતોનાં સ્વપ્નોમાંથી તારવીને જીવનમાં કાર્યાન્વિત કરવાની અભિવ્યક્તિ બની રહે છે.

ભારતીય વિધવાના ઉત્કર્ષની નિસબત:

વર્ષ ૧૯૧૮માં અમેરિકા જનાર ૪૮ વર્ષીય વિધવા પાર્વતીબાઈ આઠવલેની

આત્મકથા 'ઍન ઇન્ડિયન વિડોઝ ઑટોબાયોગ્રાફી' (૧૯૩૦) શિક્ષણ તથા ભારતીય વિધવાઓ પ્રત્યેની તેમની નિસબતનું બેજોડ ઉદાહરણ પ્રસ્તુત કરે છે. તેઓ અંગ્રેજી શીખવા અમેરિકા ગયેલાં. પોતાના ગુરુ આચાર્ય કર્વેની પ્રેરણાથી જુનવાણી વિધવા એવી પાર્વતીબાઈ આધુનિક વિચારો અપનાવે છે. વિધવાનો વેશ ત્યજીને, માથું મૂંડાવવાનું બંધ કરીને, તે સહજ સાધારણ વસ્ત્રોમાં આચાર્ય કર્વેના વિધવા આશ્રમમાં ફાળો ઉઘરાવવાનું કામ સ્વીકારે છે. તેમની પ્રેરણાથી ગામની અન્ય વિધવાઓ પણ માથું મૂંડાવવાની જુનવાણી પ્રથાનો વિરોધ કરે છે. ગામના વાળંદો વિધવાઓનાં માથાં મૂંડવાનો બહિષ્કાર કરીને તેમનો સાથ આપે છે અને આમ એક રૂઢિવાદી પરંપરાનો અંત આવે છે.

પાર્વતીબાઈના ફાળો ઉઘરાવવાના કામમાં નડતરરૂપ અંગ્રેજીના અજ્ઞાનને દૂર કરવા એ બ્રાહ્મણ વિધવા અમેરિકા જઈ અંગ્રેજી શીખવાનો નિર્ધાર કરે છે. ગુરુ કર્વે શરત મૂકે છે - કોઈની આર્થિક મદદ લીધા વિના તમારે જ પોતાની રીતે અમેરિકા જઈને અંગ્રેજી શીખવાનું રહેશે. આ શરતના સ્વીકાર સાથે વિધવા પાર્વતીબાઈ અમેરિકા જાય છે અને ત્યાં પ્રારંભાય છે તેમના સંઘર્ષોની લાંબી હારમાળા. એ બધા જ સંઘર્ષોમાંથી સુખરૂપ પાર ઊતરીને પાર્વતીબાઈ જુલાઈ ૧૯૨૦માં જળમાર્ગે ભારત પાછાં ફરે છે ત્યારે તેમની સ્ટીમરમાં ગુરુદેવ ટાગોર તેમના સહયાત્રી હોય છે, જે તેમના જીવનનું એક સુખદ સંભારણું બની રહે છે. પાછાં ફરીને તેઓ પોતાનું જીવન આચાર્ય કર્વે દ્વારા સ્થાપિત વિધવા આશ્રમને સમર્પિત કરે છે. સંઘર્ષમય જીવનના અંતે સાંપડેલ સફળતાને ગુરુનાં ચરણે ધરતાં તેઓ લખે છે :

શિક્ષણ તથા ભારતીય વિધવાઓના ઉત્થાન અંગેના આચાર્ય કર્વેના દૂરંદેશીભર્યા દૃષ્ટિકોણે મને વિધવાઓ માટે કાર્ય કરીને તે થકી માતૃભૂમિની સેવા કરવા માટે પ્રેરી. હું આજીવન તે માટે મારા ગુરુની ઋણી રહીશ... શિક્ષણે મારા મનને પ્રકાશિત કર્યું તથા વિધવા ઉત્થાનની નિસબતે તેને એક વિશેષ અર્થ આપ્યો. (પદચિહ્ન - ૨૯).

વિધવા જીવનના પોતાના પ્રત્યક્ષ અનુભવને આત્મકથામાં સચોટપણે પ્રસ્તુત કરનાર જ્ઞાનપીઠ વિજેતા ઇંદિરા ગોસ્વામીની આત્મકથા 'ઍન અનફિનિશ્ડ ઑટોબાયોગ્રાફી' (૧૯૯૦) પણ આ સંદર્ભે એક મહત્ત્વપૂર્ણ દસ્તાવેજ બની રહે છે. વૃંદાવનધામમાં હિન્દુ વિધવાઓની અવદશા લેખિકા પ્રત્યક્ષ જુએ અને અનુભવે છે. તેઓનાં શારીરિક તથા આર્થિક શોષણની બાબત પ્રત્યેનો રોષ પતિના મૃત્યુ બાદ નિરાશા તથા આત્મહત્યાના વિચારમાં સરી પડેલ, જીવનભર ભાગેડુ વૃત્તિ ધરાવતી, ઇંદિરાને ઉચ્ચ શિક્ષણ માટે પ્રેરે છે. તેને બરાબર સમજાય છે કે ભાગ્યને દોષ દઈને કે બિચારાં-બાપડાં બનીને જીવ્યા કરતાં સ્ત્રીએ નિરાશા છોડીને

આગળ વધવું જોઈએ અને ઉચ્ચ શિક્ષણ દ્વારા યોગ્ય સ્થાને પ્રસ્થાપિત થઈને પોતાને વિધવા તરીકે અન્યાય કરનાર સમાજને બતાવી આપવું જોઈએ કે સ્ત્રી પોતાનું પ્રારબ્ધ ઘડી શકે છે.

પાર્વતીબાઈ આઠવલે

અંગ્રેજી ભાષાને કારણે જીવન સાફલ્ય પ્રાપ્ત કરનાર અન્ય બે ભારતીય આત્મકથા લેખિકાઓ અહીં સ્મરે છે. ધ ઑટોબાયૉગ્રાફી ઑફ ઍન ઇન્ડિયન પ્રિન્સેસ (૧૯૨૧) શીર્ષક સાથે અંગ્રેજીમાં આત્મકથા લખનાર પ્રથમ ભારતીય સ્ત્રીનું સન્માન મેળવનાર કુચબિહારનાં મહારાણી સુનીતિદેવી સમાજ સુધારક કેશવચંદ્ર સેનનાં પુત્રી હતાં. અંગ્રેજ રાજના વખતમાં રાજના બ્રિટિશ પ્રતિનિધિએ પરદેશ ભણવા જતા કુચબિહારના પાટવી કુંવર માટે અતિસામાન્ય દેખાવ ધરાવતી સુનીતિદેવીને પસંદ કરેલાં, કારણ કે એ કિશોરી અંગ્રેજી જાણતી હતી! તો વળી વર્ષ ૧૯૫૦થી ૧૯૫૭ દરમ્યાન બૉમ્બે યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તથા ત્યારબાદ ૧૯૫૮માં મરાઠાવાડા યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ સુંદર રામરાવ ડોંગરકેરીની ધર્મપત્ની બનનાર કિશોરી કમલાને વરપક્ષે તેની 'પોપટની જેમ અંગ્રેજી બોલવાની આવડતને લીધે પસંદ કરેલી.

આર્થિક પગભરતા, આત્મસન્માન તથા ભાવિ પેઢીની નિસબતઃ

મૂળ પંજાબીમાં લખાયેલ તેમજ અંગ્રેજીમાં અનુવાદિત સાહિત્ય અકાદમી પુરસ્કૃત લેખિકા દલીપ ટિવાણાની આત્મકથા 'એ જર્ની ઑન બેર ફીટ' (૧૯૯૦)નું શીર્ષક આ પુસ્તકના કથ્યનું અનુપમ રૂપક છે. દલીપ ટિવાણાની આત્મકથા ફક્ત પોતાની કે પોતાની માની કથા નથી માંડતી. તે કથા માંડે છે સઘળી સ્ત્રી જાતની. નિરક્ષરતા તથા આર્થિક પરાધીનતાએ સ્ત્રી જાતને કેવો ઊતરતો દરજ્જો આપ્યો કે તેમને જીવનના કાંટાળા માર્ગો ઉપર પગરખાં વગર ચાલવું પડ્યું છે!

આ આત્મકથાનો ઉઘાડ પંજાબના ગામડામાં વસતા એક અત્યંત ધનવાન જમીનદાર પરિવારમાં વસતી ગરીબ વહુની વાતથી થાય છે. આ ધનવાન પરિવારની બધી જ સ્ત્રીઓ અત્યંત સુંદર છે. માત્ર નાની વહુ અસુંદર છે, જે ઘરમાં સોનું ત્રાજવે તોલાય છે તે ઘરમાં આ સ્ત્રીને માચીસની દીવાસળી મેળવવા માટે યાચના કરવી પડે છે. બીકની મારી એ રસોડાના ચૂલાના છાણામાં અગ્નિ સાચવી રાખે છે જેથી દીવાસળી માગવી ન પડે. પંજાબની કકડતી ઠંડીમાં એ એકલી જ એવી છે જેના પગમાં ચંપલ નથી. એના આવા હાલ એની અસુંદરતા, પિયરની ગરીબી અને વારસદાર દીકરો ન આપી શકવાની લાચારી છે. નાનકડી છોકરી દલીપ આ સ્ત્રીના બેહાલ જોયા કરે છે.

દલીપ ટિવાણા

એને ખબર છે કે આ સ્ત્રી નોકર તો નથી જ, પરંતુ એ કોણ છે તેની જાણ આ બાલિકાને નથી. એક દિવસ અચાનક પરિવારના વડીલો પોતાના પરિણીત દીકરાને બીજી વાર પરણાવવાની વાત કરે છે કે જેથી પરિવારનો પોતાનો વારસદાર મળે. આ વાત સાંભળતાં જ પેલી અસુંદર સ્ત્રી છળી મરે છે અને બાલિકા દલીપને અંદરના ઓરડામાં લઈ જઈને પોતે તેની મા છે એમ આંસુભરી આંખે જણાવે છે. બાલિકા માતાના દુઃખને અનુભવે છે અને તેને સમજાઈ જાય છે કે નિરક્ષર હોવું કે ગરીબ હોવું સ્ત્રી માટે કેટલું મોટું દુર્ભાગ્ય હોઈ શકે! તત્ક્ષણ આ બાલિકા પોતે ભણીગણીને મોટા માણસ બનવાનો નિર્ધાર કરે છે. ગામ છોડી શહેરમાં જઈ તે ભણે છે. શિક્ષણ તેને આર્થિક પગભરતા આપે છે. માતાના દુઃખદ લગ્નજીવનની સાક્ષી એવી આ છોકરીને પરણવું નથી, તેમ છતાંય તે પ્રેમમાં પડે છે, છેતરાય છે. આ બાબતનો ઉલ્લેખ અમૃતા પ્રીતમની આત્મકથામાં પણ મળે છે. અંતે દલીપ ટિવાણા એકલ જીવન જીવે છે. યુનિવર્સિટીમાં પ્રોફેસર બને છે. ખ્યાતનામ લેખિકા બને છે અને સાહિત્ય અકાદમીનો પુરસ્કાર પણ મેળવે છે. સફળતાના શિખર પર પહોંચેલ આ સ્ત્રીનો વિદેશથી પાછો ફરેલ વિદ્યાર્થી તેના માટે મખમલની મોજડી ભેટરૂપે લાવે છે. ગુરુનાં ચરણે તે મોજડી મૂકે છે. ગુરુની આંખમાં આંસુ છે. ભેટ આપનાર જણ ભોઠો પડી જાય છે અને પૂછે છે 'મારાથી કોઈ ભૂલ થઈ?' ગુરુ 'એ તો અમથું' કહી તેને પેલી મોજડી કબાટના ખાનામાં મૂકી દેવા કહે છે. આત્મકથાનાં અંતિમ પૃષ્ઠો લેખિકાનું આત્મચિંતન લઈને આવે છે. મખમલની એ મોજડીને તે નિહાળે છે અને વિચારે છે કે સદીઓથી અજ્ઞાન, પરાધીન, દબાયેલી, કચડાયેલી એવી સ્ત્રી જાતે ચંપલ વિના જીવનનું કાંટાળું વન વટાવ્યું. છેવટે ઉચ્ચ શિક્ષણ તથા આર્થિક પગભરતાએ આજે સ્ત્રી જાતને ચરણે મોજડી ધરી છે. એક પુરુષે સ્ત્રી-ગુરુને ભેટમાં આપેલ આ મોજડી સ્ત્રી જાતે કાપેલ એક લાંબી મજલને અપાયેલ અંજલિ છે. આવનાર સ્ત્રીઓની પેઢી માટે એવા આશીર્વાદ કે પ્રત્યેક સ્ત્રીના પગમાં પગરખાં હજો. સર્જક લેખિકાનું ભાષાકર્મ તથા રસાળશૈલી આ પુસ્તકને યાદગાર બનાવી દે છે. સ્ત્રીની સંઘર્ષયાત્રા માટે પ્રયોજાયેલ 'નંગે પૈરોં દા સફર' શીર્ષક એક સાર્થક રૂપક બની રહે છે.

ઉપરોક્ત બધી જ આત્મકથા લેખિકાઓના જીવનની મુખ્ય નિસબત અક્ષરજ્ઞાન તથા ઉચ્ચ જ્ઞાન દ્વારા પોતાના સ્વને ઘડવાની તથા પ્રસ્થાપિત કરવાની છે. બાળવિવાહ, નિરક્ષરતા, વૈધવ્ય જેવા કુરિવાજો અહીં આપમેળે પડકારાય છે. આવી આત્મકથાઓ વૈશ્વિક સાહિત્યમાં ભાગ્યે જ જોવા મળે તેમ છે.

[આવતા અંકે સમાપ્ત]

ડૉ. નરેશ વેદ : એક સંવાદ

☐ આરાધના ભટ્ટ

ડૉ. નરેશ વેદનું નામ આજના ગુજરાતી ભાષી વિદ્વાનોની યાદીમાં આગલી હરોળમાં લેવાય છે. લેખન, અધ્યયન, અધ્યાપન, વક્તવ્યો અને સંસ્થા વહીવટ દ્વારા તેઓ છેલ્લા ચાર દાયકાથી આપણા સમાજના સંસ્કારઘડતરમાં રત છે. ૧૯૪૮માં ગોંડલમાં એમનો જન્મ અને પછી અભ્યાસમાં એમની તેજસ્વી કારકિર્દી દરમ્યાન એમણે પ્રથમ વર્ગમાં ડિગ્રીઓ અને ત્યાર બાદ પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી. એમને ભારત સરકાર દ્વારા નૅશનલ સ્કૉલરશિપ અને યુ.જી.સી. દ્વારા કૅરિયર ઍવૉર્ડ એનાયત થયો હતો. ગુજરાતીના અધ્યાપક તરીકે શિક્ષણ ક્ષેત્રે પ્રવેશ કરી એમની કારકિર્દી દરમ્યાન તેઓ ગુજરાતની ચાર યુનિવર્સિટીઓમાં ઉપકુલપતિ પદ તેમજ સત્તામંડળોમાં નિયુક્ત થયા. આ ઉપરાંત એમણે યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ સહિત અનેક શૈક્ષણિક સંસ્થાઓમાં સલાહકાર તરીકે સેવાઓ આપી. શિક્ષણ ઉપરાંત સંશોધન, લેખન અને સંપાદનમાં પણ ડૉ. વેદનું પ્રદાન નોંધપાત્ર છે. એમના એકસોથી વધુ લેખો અને દસ જેટલાં પુસ્તકો પ્રકાશિત થઈ ચૂક્યાં છે. એમણે Dictionary of Literary Terms અને Dictionary of Linguistics પણ તૈયાર કરી અને એમણે તૈયાર કરેલાં કેટલાંક અધિકરણો શ્રી ધીરુભાઈ ઠાકર સંપાદિત 'ગુજરાતી વિશ્વકોશ'માં સમાવિષ્ટ છે. 'ઉપનિષદ વિમર્શ', 'તત્ત્વબોધ' અને 'ભારત શું છે?' એ એમનાં તાજેતરમાં પ્રકાશિત પુસ્તકો છે. ગુજરાતી ઉપરાંત તેઓ હિંદી ભાષામાં પણ સહજતાથી વ્યક્ત થાય છે. એમની સાથેનો આ વાર્તાલાપ એમની પ્રતિભાનો પરિચય કરાવશે. – આ. ભ.

પ્રશ્ન : ગુજરાતી સંસ્કારજગત આપના અધ્યયનશીલ વ્યક્તિત્વથી સુપરિચિત છે. આપની આ અધ્યયનશીલતા, આપની આ પરિશીલનવૃત્તિનાં મૂળ આપના પરિવારમાં આપને મળેલ વાતાવરણ- ઉછેરમાં હશે એમ માનું છું. એ વિશે જાણવાની ઇચ્છા છે.

હું એક સદ્‌ભાગી સંતાન છું, મને માતા અને પિતા બંને તરફથી અને એ બંનેના પરિવાર તરફથી મળેલો વારસો એ સંસ્કારનો વારસો છે, સાહિત્યનો વારસો છે, અધ્યાત્મનો વારસો છે. અમારું ગામ તે સૌરાષ્ટ્રનું મોરબી અને અમે મોરબી સ્ટેટના ભાયાતો. એટલે રતનપર અને રંગપર બેલા એ અમારાં મહેસૂલી ઊપજનાં બે ગામ. મારા પિતાને ગામના લોકો દરબાર કહીને સંબોધે. મારા વડદાદાએ વઢવાણમાં એ વખતે મિલ કરેલી. મોરબી સ્ટેટના મહારાજા મારા વડદાદાને કાકા કહીને બોલાવતા અને પોતાના દરબારમાં માનભેર પોતાની બાજુમાં બેસાડતા. વઢવાણ એ વખતે બ્રિટિશ સલ્તનતના તાબામાં હતું. એટલે એમણે રાજાને ખુશ કરવા મિલનું નામ 'સર વાઘજી મિલ' આપેલું, પણ મારા વડદાદા બહુ મોટા સાહિત્યકાર હતા અને અમારી મિલના લેટરહેડ ઉપર છંદોનાં બંધારણો એમણે તૈયાર કરેલાં અને અધ્યાત્મશાસ્ત્ર ઉપર બે પુસ્તકો પણ એમણે પ્રગટ કરેલાં. મારા પિતાજી પણ વાંચનના જબરદસ્ત શોખીન હતા. એમને માટે મોરબીની લાઇબ્રેરીમાંથી હું એમને નિયમિત પુસ્તકો લાવી આપતો. એ કનૈયાલાલ મુનશી, રમણલાલ દેસાઈ અને ગુણવંતરાય આચાર્યના બહુ પ્રેમી હતા. તે સમયે 'ધર્મયુગ', 'જન્મભૂમિ પ્રવાસી', 'ઇલસ્ટ્રેટેડ વીકલી' એ બધું અમારે ઘેર આવે. એ હું નિયમિત વાંચતો. એટલે હું મૅટ્રિક પાસ થયો ત્યાં સુધીમાં મેં આપણા લગભગ બધા જ ખ્યાતનામ સર્જકોને વાંચી નાખેલા. પ્રેમચંદજી, મુનશીજી, ટાગોર, શરદબાબુ, વિભૂતિભૂષણ બંદોપાધ્યાય એ બધા ઉપરાંત વિદેશના અન્ય લેખકો જે અનુવાદમાં ઉપલબ્ધ હતા એ પણ મેં વાંચ્યા હતા. મારાં માતુશ્રી બહુ જાજરમાન હતાં અને એ બહુ ધર્મિષ્ઠ પણ હતાં. એમની લાઇબ્રેરી વૈષ્ણવ સંપ્રદાયની હતી. એમણે કેટલીક હસ્તપ્રતો પણ વસાવેલી અને અમને કેટલાક નિત્યપાઠ શીખવ્યા હતા. મારા મોટા ભાઈ નવીનભાઈ વેદ ઍડ્‌વોકેટ હતા અને એ ક્રિયાયોગી હતા. એમણે ૧૯૬૭માં વાય.એસ.એસ.આર.નાં આંતરરાષ્ટ્રીય પ્રમુખ દયામાતા પાસે દીક્ષા લઈ લીધેલી. એટલે એ થઈ-થાવી બધું જાણતા હતા. એ બહુ જ સારા જ્યોતિષ હતા. એમને કોઈ કુંડળીની, કોઈ હસ્તરેખાની, કોઈ સામુદ્રિકશાસ્ત્રની જરૂર નહોતી પડતી. એમની પણ અધ્યાત્મની લાઇબ્રેરી ખૂબ સમૃદ્ધ હતી. મારા મોસાળમાં મારા નાના

દૈવી આત્મા હતા અને એમને માટે તો કહેવાય છે કે એ સાક્ષાત્ દર્શન પણ પામેલા. મારા મામા ગોંડલમાં બહુ મોટા બિઝનેસમૅન હતા, પણ કાનજી સ્વામીના બહુ ચાહક હતા. મામાએ જિંદગીભર લખેલી ડાયરીઓ મને અને મારા મોટા ભાઈને વારસામાં આપતા ગયા. એટલે આ બધો વારસો મને મળ્યો. પિતાએ મુંબઈમાં કામ કરેલું, અમદાવાદમાં કામ કરેલું. અમારી ધીરધારની પેઢી ચાલે અને અમારો શિક્ષિત પરિવાર, કુટુંબ સંસ્કારી અને આર્થિક રીતે સમૃદ્ધિ. એટલે હું ઘણી વાર કહું છું કે હું એવો સદ્‌ભાગી માણસ છું કે આપણી જન્મકુંડળીમાં જે બાર સ્થાનો હોય એ બારેબાર સ્થાનો મારે માટે શુભ સ્થાનો છે.

પ્રશ્ન : અને પછી આપે કારકિર્દી શિક્ષણની અપનાવી. આપ ચાર-ચાર યુનિવર્સિટીના વહીવટી તંત્રમાં હતા, એ પૈકી ત્રણ યુનિવર્સિટીના ઉપકુલપતિ હતા. અધ્યયન-સંશોધનની સાથે વહીવટનો મેળ કેવી રીતે ચાલ્યો?

નાનપણમાં મારા ગુજરાતીના શિક્ષક કરુણાશંકર ભટ્ટ હતા, એમની છાપ મારા પર બહુ સુંદર પડી. ત્યારથી મારો વિચાર એવો બંધાયેલો કે મારે પણ આવા સારા ભાષાના શિક્ષક થવું છે. એ વખતે હું વાર્તાઓ લખતો, કાવ્યો પણ લખતો અને એ છપાતાં પણ હતાં. જેમ-જેમ દુનિયાનું ઉત્તમ સાહિત્ય વાંચતો ગયો તેમ-તેમ મને થયું કે આપણે તો કચરો લખીએ છીએ, એટલે મેં લખવાનું ઓછું કરી દીધું અને વાંચવાનું વધાર્યું. પિતાની ઇચ્છા એવી કે એમની જેમ હું પણ ધંધો કરું, એટલે એમણે મને કૉમર્સમાં દાખલ થવાનું સૂચવ્યું, પણ મારી ઇચ્છા આર્ટ્સમાં જવાની અને કૉલેજમાં અધ્યાપક થવાની હતી. એને માટે મેં મોટા ભાઈની મદદ લીધી, એમણે મને આર્ટ્સમાં ઍડ્મિશન અપાવ્યું અને પછી પિતાએ પણ મંજૂર કર્યું. મારી કૉલેજમાં મને એટલા સારા અધ્યાપકો મળ્યા. જયાનંદભાઈ દવે, જે સંસ્કૃતના પ્રકાંડ પંડિત હતા, એ અમારા પ્રિન્સિપાલ હતા. જે. એન. રાવળસાહેબ જે સાક્ષાત્ ગીતાનો કર્મયોગ જીવતા હતા, બહુ જ પવિત્ર આત્મા. એ મારા સંસ્કૃતના પ્રોફેસર હતા. ગુજરાતીમાં મને પ્રભાશંકર તેરૈયા, ડી. કે. પંડ્યા, પછી ડૉ. ઉપેન્દ્ર પંડ્યા, ઈશ્વરલાલ દવે, ડૉ. રમેશ શુક્લ, નટુભાઈ રાજપરા, જનાર્દનભાઈ વૈદ્ય આવા ઉત્તમમાં ઉત્તમ અધ્યાપકો મળ્યા. એટલે એમની પાસે હું ખૂબ ઘડાયો અને ૨૧ વર્ષની ઉંમરે અધ્યાપક બનવાનું મારું સ્વપ્ન સાકાર થયું. એ પહેલાં પિતાજીએ એમની વગથી મને બૅન્ક ઑફ બરોડામાં નોકરી અપાવેલી, પણ એમાં મારું દિલ નહોતું લાગતું. લેજરનું આખું પાનું હોય એના સરવાળામાં મારી હંમેશાં ભૂલ થાય. પછી ૨૮ વર્ષની ઉંમરે હું અહીં સરદાર

પટેલ યુનિવર્સિટીમાં આવી ગયો અને ત્યારથી મને એક બહુ જ મોટી લાઇબ્રેરી મળી. એટલે જેમ દુષ્કાળપીડિત ભૂખ્યો ડાંસ માણસ ભોજન પર તૂટી પડે એ રીતે હું વાંચન પર તૂટી પડ્યો. અહીંનું વાતાવરણ સરસ, પછી હું રીડર અને પછી પ્રોફેસર થયો. એ દરમ્યાન કેશુભાઈ પટેલ ગુજરાતના મુખ્ય મંત્રી હતા. એમણે મને બોલાવ્યો અને કહ્યું કે ગુજરાતની યુનિવર્સિટીઓમાં ચારે બાજુ બહુ પૉલિટિક્સ વિકસી ગયું છે, એ અમારે કંટ્રોલ કરવું છે. અમારી ઇચ્છા છે કે તમે યુનિવર્સિટીનું વાઇસ-ચાન્સેલરનું પદ સ્વીકારો. મેં એમને ચોખ્ખી ના પાડી, મેં કહ્યું કે હું શિક્ષક છું. મને ભણવું અને ભણાવવું ગમે છે, લખવું-વાંચવું ગમે છે અને મને કોઈ વહીવટી અનુભવ નથી. એમણે મને સમજાવવાનો પ્રયત્ન કર્યો, મેં એમને જરાય મચક ન આપી. બીજી વખત પણ મેં ના પાડી અને ત્રીજી વખત એમણે મને દિલ્હીથી ફોન કરાવ્યો અને દબાણ કર્યું, ત્યારે બાજપાઈ સરકાર હતી. એટલે મેં મારા ભાઈને ફોન કર્યો. ગોંડલમાં એક મોટા યોગી હતા, મકરંદભાઈ દવે અને મારા મોટા ભાઈના એ ગુરુ હતા - નાથાભાઈ જોશી. મોટા ભાઈએ એમને પૂછ્યું, એમણે કહ્યું કે અમારી ઇચ્છાથી જ આ બધું થઈ રહ્યું છે અને એમને કહો કે આ જવાબદારી સ્વીકારી લે. અમે સદા એમની સાથે છીએ, એમના દ્વારા કેટલાંક કામો કુદરત કરાવવા ઇચ્છે છે. એટલે મેં એ કામ સ્વીકાર્યું અને સ્વીકાર્યા પછી મારો એ અનુભવ રહ્યો કે ઈશ્વરી શક્તિ સતત મારી સાથે રહી. એવા-એવા પ્રસંગો અને એવી ઘટનાઓ બનતી હતી કે જેમાં મારી પાકી કસોટી થાય, પણ બધું પાર પડતું રહ્યું. એમાં મારી કોઈ વિશેષ સિદ્ધિ હોવાને બદલે એ ઈશ્વરની ઇચ્છાથી જ બધું થયું હશે એમ માનું છું. બધા દિગ્ગજો એ વખતે સિન્ડિકેટના મેમ્બર હતા. ગુજરાત યુનિવર્સિટીમાં મારા પહેલાં પાંચ ઉપકુલપતિઓને ભગાડી દીધેલા, કોઈકને એક જ દિવસમાં, કોઈકને ૧૩ દિવસમાં. ગુજરાત યુનિવર્સિટીનાં ત્રણે ત્રણ વર્ષ મારી કસોટીનાં વર્ષ હતાં. ૨૦૦૦ની સાલમાં બહુ મોટી અતિવૃષ્ટિ થઈ અને આખા અમદાવાદનું સડેલું અનાજ, કચરો બધું કૅમ્પસમાં આવ્યું. મારે દોઢ મહિનો રસોડું ચલાવવું પડ્યું અને હજારો કિલો દવાઓનો છંટકાવ કરવો પડ્યો. ૨૦૦૧માં ભૂકંપ આવ્યો અને યુનિવર્સિટીનાં ૬૫ મકાનો તૂટી ગયાં. ત્રીજા વર્ષે ભયાનક કોમી રમખાણો થયાં, પરીક્ષા લઈ ન શકાય એવી પરિસ્થિતિ થઈ. એ વખતે ભારે તંગદિલીમાં મેં પરીક્ષાઓ લેવડાવી. એક બાજુ છરાબાજી ચાલે, જાત-જાતની માગણીઓ આવે, ધમકીઓ આવે. આ બધી જ કસોટીઓ આવી, પણ એ તમામ કસોટીઓમાંથી ભગવાને

અણીશુદ્ધ મને પાર ઉતાર્યો.

પ્રશ્ન : આજના શિક્ષણની વાત કરીએ - શિક્ષણનાં કથળતાં ધોરણો, શિક્ષણમાં રાજ્યની ભૂમિકા વિશે સમાજમાં ચર્ચા થાય છે. આજે એવું પણ કહેવાય છે કે વ્યક્તિત્વના ઘડતરમાં શિક્ષણની ભૂમિકા ખાસ રહી નથી, આપણું શિક્ષણ પાઠ્યપુસ્તકોથી આગળ વધતું નથી અને આપણે ગૂગલિયા પેઢીને ઉછેરી રહ્યા છીએ. આ બધા જ મુદ્દા વિશે આપના વિચારો જાણવા છે.

આપણા દેશમાં અત્યારે શિક્ષણની જે હાલત છે તે અત્યંત શોચનીય છે, આપણે ત્યાં શિક્ષણનો જે મૂળ હેતુ છે એ જ વીસરાઈ ગયો છે. શિક્ષણનો હેતુ છે વિદ્યાર્થી માત્રમાં રહેલી અંદરની શક્તિઓને પ્રગટ કરવી અને એને સ્વનિર્ણીત બનાવવો - એ પોતાના નિર્ણયો જાતે લઈ શકે, એ પરાવલંબી ન રહે, પણ સ્વાવલંબી બને, એ એક વિચારવાન, ચારિત્ર્યવાન અને દેશપ્રેમી નાગરિક તરીકે તૈયાર થાય, એની નિષ્ઠા અને નિસ્બત સમાજ તરફની પણ હોય. આ બધી જ વાત સાવ વીસરાઈ ગઈ છે. અત્યારે પરિસ્થિતિ એવી છે કે સ્કૂલો, કૉલેજો અને યુનિવર્સિટીઓ શિક્ષકો વિના, ખંડો વિના, પ્રિન્સિપાલો વિના ચાલે છે. એન.ઓ.સી. અપાતા નથી, નવી જગ્યાઓ ભરાતી નથી અને પ્રાઇવેટાઇઝેશન આવ્યા પછી બધાં જ વિદ્યામંદિરો લક્ષ્મીમંદિરોમાં ફેરવાતાં જાય છે. કૉલેજો અને સ્કૂલો માત્ર નામની રહી છે, પણ ટ્યૂશન ક્લાસો રાફડાની જેમ ફાટી નીકળ્યા છે. અને ત્યાં પુસ્તકિયું જ્ઞાન જ અપાય છે, કારણ કે ત્યાં સૌની નજર ક્લાસ અને ટકાવારી પર છે. એટલે શૈક્ષણિક મૂલ્યો સદંતર ધોવાઈ ગયાં છે. એટલે તમે કહ્યું એમ આપણે ગૂગલ આશ્રિત પ્રજાને ઉછેરી રહ્યા છીએ. સામાજિક નિસ્બત તો બાજુ પર રહી, પણ વ્યક્તિગત અને કૌટુંબિક નિસ્બત પણ રહી નથી. અમારા જેવા, જેમણે શિક્ષણનો સુવર્ણકાળ જોયો છે એમને ખૂબ રંજ, ખૂબ વસવસો થાય છે. સરકારે મને તક આપી. હું ઉપકુલપતિ તરીકે નિવૃત્ત થયો પછી ફરી એકેડેમિક સ્ટાફ કૉલેજ મને પાંચ વર્ષ માટે સોંપી. મેં ભરચક પ્રયત્નો કર્યા અને એ એક જ હેતુથી કર્યા કે શિક્ષક મજબૂત બને. ભલે ચાણક્યે વર્ષો પહેલાં કહ્યું હતું કે 'શિક્ષક કભી સાધારણ નહીં હોતા. પ્રલય ઔર નિર્માણ દોનો ઉનકી ગોદમેં પલતે હૈ.' આ વાત જે શિક્ષકો એક મહિનાની તાલીમ લઈને જાય એને દરેકને હું એક મુદ્રિત કાર્ડ રૂપે આપતો હતો અને એમને પ્રેરક ઉદ્‌બોધન પણ કરતો. સરકારે દેશભરમાં મને જ્યાં-જ્યાં કામસર મોકલ્યો ત્યાં-ત્યાં આ કામ મેં એક મિશનરીની જેમ કર્યું. લેખનમાં પણ મેં આ કર્યું છે. જેમ મેં સાહિત્યના લેખો કર્યા, અધ્યાત્મના લેખો કર્યા એમ મેં શિક્ષણ અને કેળવણીના લેખો પણ

કર્યા છે.

પ્રશ્ન : આપનું પ્રદાન સંસ્કારજીવન ક્ષેત્રે પણ મહત્ત્વનું છે. સંસ્કૃતિ માટેની આપની નિષ્ઠા ખૂબ જાણીતી છે. આજે જ્યારે જગત સીમાડા વિનાનું બનતું જાય છે ત્યારે ભારતીય હોવું એટલે શું?

ભારતીય શબ્દ આવે છે અને કેટલાક લોકોને એની ઍલર્જી થાય છે, કારણ કે એ લોકો એને રાજકારણની રીતે જુએ છે. હકીકતે જે માટીના કણમાંથી આપણે પેદા થયા છીએ, જ્યાંનાં જળ-વાયુ અને આબોદાણાથી આપણો માનસિક અને બૌદ્ધિક કોષ પરિપોષાયો છે તેના પ્રત્યેની આપણી કેટલીક જવાબદારીઓ હોય છે અને એ આપણા સ્વભાવમાં કેટલાક ગુણ-અવગુણોનું આરોપણ પણ કરતું હોય છે. એટલે તમે જોશો કે દુનિયાની દરેક પ્રજાની કોઈ-કોઈ ખાસિયતો હોય છે. એમ ભારતીય પ્રજાની પણ કેટલીક લાક્ષણિકતાઓ છે. આપણી મુખ્ય ખાસિયત છે એ શાંતિપ્રિયતાની છે. આપણે બહુ જ શાંતિપ્રિય છીએ અને આખી દુનિયામાં કદાચ આપણો દેશ એક એવો દેશ છે જેણે બીજા પર આક્રમણ ન કર્યું હોય. એની પર આક્રમણો થયાં છે ત્યારે એણે જડબાતોડ જવાબ આપ્યો છે, આટલી મોટી અંગ્રેજ સલ્તનત પાસેથી એણે લોહી વહેવડાવીને આઝાદી નથી મેળવી. એવી જ રીતે પોર્ટુગીઝ પ્રજાને પણ આપણે સમજાવટથી વિદાય કરી છે, એમના પર દાદાગીરી નથી કરી. આ આપણી સૌથી મોટી લાયકાત છે. બીજું, એ કે ભારતીય પ્રજામાં ધાર્મિકતાનો અથવા અધ્યાત્મનો એક કણ બહુ ઊંડે સુધી પડેલો છે. અંગ્રેજોના સંસર્ગ પછી આપણો પહેરવેશ-ખાનપાન-રીતભાત, રિવાજો અને જીવનશૈલી આ બધું બદલાયું, પણ એક વસ્તુ નથી બદલાઈ તે આપણી આસ્તિકતા અથવા નૈતિકતાનો અંશ. તમે ઓવરકોટ કે રેઇનકોટને ઉતારીને બાજુ પર મૂકી શકો, પણ તમારી ચામડીને ઉતારીને બાજુ પર ન મૂકી શકો. આ આસ્તિકતા અથવા આ નૈતિકતા જે આપણા લોહીમાં છે એ ક્યારેય આપણને હિંસક થવા દે અથવા ક્રૂર થવા દે એવી નથી. આપણામાં એ જન્મજાત છે. ત્રીજી વાત, આપણે બહુ પરંપરાગત છીએ, પરંપરાઓના ચુસ્ત પાલક છીએ. અને ચોથું એ કે આપણે આનંદપ્રિય પ્રજા છીએ. પાશ્ચાત્ય સંસ્કૃતિ કહે છે કે 'મૅન ઇઝ અ સન ઑફ સિન' - માણસ પાપનું સંતાન છે. જ્યારે આપણા વડવાઓએ આપણને ગળથૂથીમાં પાયું છે તે એ કે 'અમૃતસ્ય પુત્રાઃ' - આપણે તો અમૃતનું સંતાન છીએ, આપણે પાપનું સંતાન શા માટે? આપણે આનંદ અવતાર જ છીએ, આપણે આનંદ માટે એટલા તો ઉત્સુક હોઈએ છીએ કે દરેક દિનને આપણે તહેવારમાં ફેરવી નાખ્યો છે. ભારતીય પ્રજાના આ આંતરિક સંસ્કાર છે. ગમે



તેવો નાસ્તિક માણસ હશે, પણ એના મનના ઊંડાણમાં આ ભાવ પડેલો જ હોય છે. આ સંસ્કારને કારણે ભારતમાં જન્મેલો માનવી દુનિયામાં જ્યાં-જ્યાં જઈને જીવે છે એ એક વતનઝંખનામાં જીવે છે. આપણામાં જે વતનરાગ પડ્યો છે એ ક્યાંથી આવે છે? એ પેલી માટીમાંથી આવે છે. આ ભૂમિને દેવભૂમિ કે પુણ્યભૂમિ અમસ્તી કહેવામાં નથી આવી. આપણી સંસ્કૃતિમાં આટલી બધી વિવિધતાઓ છે અને છતાં આટલાં વર્ષોથી આપણે સંપી-જંપીને રહીએ છીએ. અવિશ્વાસની કટોકટી ઊભી થાય, રમખાણો થાય, પણ ફરી પાછાં આપણે એક થઈને જીવીએ છીએ. બીજી બાજુ, સાતત્ય કેટલું બધું છે. દુનિયાની ભલભલી સંસ્કૃતિઓ અસ્ત પામી ગઈ અને એમની મધ્યકાલીન અને અર્વાચીન સંસ્કૃતિઓ વચ્ચે મોટી ખાઈઓ છે, પણ આપણે ત્યાં એવું બન્યું નથી. તો આ બધું આપણને એક વ્યક્તિત્વ આપે છે અને એ આપણાં વાણી-વર્તનમાં અનાયાસ પ્રગટ થાય છે. હું ચોક્કસપણે માનું છું કે રાષ્ટ્રનું ચારિત્ર્ય હંમેશાં પ્રજાના ચારિત્ર્યથી જ નિર્માણ પામે છે અને પ્રજાનું ચારિત્ર્ય ઘડવું હોય તો એને માટેનું એકમાત્ર સાધન શિક્ષણ છે. ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં મને ૪૫ વર્ષ થયાં, હું ૨૧ વર્ષે જોડાયો હતો અને ૬૫ વર્ષે હું નિવૃત્ત થયો. એ દરમ્યાન મારી એક દૃઢ માન્યતા બંધાઈ કે માણસનું ઘડથી માથા સુધી રૂપાંતર કરી શકે એવી કોઈ જાદુઈ લાકડી આપણી પાસે હોય, એવું કોઈ રસાયણ હોય તો એ કેવળ શિક્ષણ છે. એટલે જો તમારે સંગીન રાષ્ટ્ર બનાવવું હોય તો શિક્ષણ ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરવું પડે.

પ્રશ્ન : સંસ્કૃતિના આપણા વિભાવનાનો જિવાતા જીવન સાથે સંબંધ શું?

બહુ સારો પ્રશ્ન છે તમારો. અત્યારે

સ્થિતિ એ છે કે લોકોને સભ્યતા અને સંસ્કૃતિના વિભાવનનો જ ખ્યાલ નથી અને એનું કારણ એ છે કે આપણે અભ્યાસક્રમમાં એને ક્યાંય સ્થાન નથી આપ્યું. દાખલા તરીકે, નીતિ અને ધર્મ વચ્ચનો તફાવત શું? સંપ્રદાય, ધર્મ અને અધ્યાત્મ વચ્ચેનો શું તફાવત? આરાધના, સાધના, ઉપાસના અને ભક્તિ વચ્ચેનો શું તફાવત? આવું આપણે ક્યાંય શીખવતા જ નથી. આપણે આઇ.ક્યુ.ની ઈ.ક્યુ.ની, એસ.ક્યુ.ની વાતો કરીએ છીએ, પણ આપણે સ્પિરિચ્યુઅલ ક્વોશંટની વાતો કરતા નથી. તમે જુઓ કે તમારે વ્યક્તિનો સર્વાંગી વિકાસ કરવો હોય તો ફિઝિકલ આંકથી માંડીને તમારે ઇમોશનલ, આઇડિયોલૉજિકલ અને એની સાથે સોશિયલ અને સ્પિરિચ્યુઅલ એ બધા આંક સમૃદ્ધ કરવા પડે. એટલા માટે આપણી પાસે કેવળ શિક્ષણ શબ્દ નહોતો, આપણી પાસે કેળવણી શબ્દ પણ હતો. ભણતર, ગણતર અને ચણતર એ બધા જ શબ્દો આપણી પાસે હતા એ અર્થપૂર્ણ હતા. શરીરને, મનને અને વિચારને કેળવવા અને સર્વાંગી વિકાસ થાય એ એમાં અભિપ્રેત છે. આજે દેશાભિમાન નથી, રાષ્ટ્ર માટેનો આદર નથી એની પાછળ પણ આ જ કારણ છે. નવી શિક્ષણનીતિ આવી ત્યારે મેં વારે-વારે લખાપટ્ટી કરીને કહ્યું, અનેક સભાઓમાં જઈને મેં આ વાત કરી. આપણે બધા પ્રોફેશનલ કોર્સ દાખલ કર્યા, પણ આપણે માણસો નથી બનાવ્યા, યંત્રો બનાવ્યાં છે. આજે હવે જ્યારે અમેરિકાની સરકારે અને યુ.કે.ની સરકારોએ કહ્યું કે હ્યુમેનિટીઝ તો જોઈશે ત્યારે આપણને સમજાયું કે માનવવિદ્યાઓ તો જોઈશે, એટલે આજે હવે એકાદ પેપર અભ્યાસક્રમમાં દાખલ કરવાના પ્રયત્ન થાય છે. એટલે બહારથી કોઈ આપણને કહે ત્યારે આપણને ભાન પડે છે. જિવાતા જીવન અને સંસ્કૃતિ વચ્ચેની જે ખાઈ આપણને દેખાય છે એનું કારણ આ છે. આપણી પોતાની સંસ્કૃતિ, એનો વૈભવ-વારસો એ બધા વિશે આપણને ખ્યાલ જ નથી. અત્યંત શ્રીમંત અને ધીમંત એવા તેજસ્વી આપણા પૂર્વજોનાં નાલાયક અને નપાવટ સંતાનો આપણે આપણી જાતને સાબિત ન કરવા હોય તો આપણે આ વસ્તુ સમજવી પડશે. આ શબ્દો કોઈને આકરા કે તોછડા લાગે, છતાં હું એ વાપરું છું. આપણા વડવાઓ પાસે ભલે ડિગ્રીઓ નહોતી, પણ સંસ્કારથી એ લોકો બહુ સંપન્ન હતા, એમની પાસે જીવનની સમજ કેટલી બધી હતી? આપણાં શાસ્ત્રોમાં એક-એક જે સુવાક્યો છે એ કેટલાં અર્થસભર છે. એ વારસો ગળથૂથીમાં હશે તો આપણો કોઈ પણ પ્રજાજન દુનિયાના કોઈ પણ છેડે હશે તો એ પાછો નહીં પડે, એનામાં એક પ્રકારની ખુમારી અને ખુદ્દારી હશે, પણ

હવે એક જાગૃતિનો સમય આવી રહ્યો છે, સાંસ્કૃતિક પુનર્જાગૃતિનો સમય હવે શરૂ થઈ રહ્યો છે, લોકોને એક વસ્તુ સમજાતી થઈ છે કે આપણે ક્યાંક કંઈક ચૂકી ગયા છીએ. આઝાદીનાં પચાસ વર્ષની ઉજવણી આપણે કરી રહ્યા હતા ત્યારે કૉંગ્રેસની સરકાર હતી અને પી. કે. સંગમા આપણી સંસદના અધ્યક્ષ હતા, ત્યારે મેં એમને એક પત્ર લખીને કહ્યું હતું કે આપણે આ ઉજવણી તો કરીશું, પણ સરકારની બધી જ નીતિઓનો પુનર્વિચાર કરો. આપણી પાસે એક રોડ-મૅપ હોવો જોઈએ કે આઝાદીનાં પચાસ વર્ષમાં આપણે કેટલી પ્રગતિ કરી અને આપણું ધ્યેય શું છે. પી. કે. સંગમાને મારું એ સૂચન એટલું બધું ગમી ગયું કે એમણે એનો અમલ કર્યો અને દુનિયાભરના લોકોને એમણે નિમંત્ર્યા અને એક સુવેનિયર બહાર પાડવા માટે એમણે લેખો મગાવ્યા. એ સમૃદ્ધ સુવેનિયર ભારતની સંસદે બહાર પાડ્યું અને એમાં એટલો ડેટા છે કે એમાંથી પચીસ-ત્રીસ પીએચ.ડી.ની થીસિસ કરી શકાય. આ સુવેનિયર જ્યારે સંસદમાં રજૂ થયું ત્યારે હું ત્યાં હાજર હતો અને મને કહેતાં શરમ આવે છે કે કેટલાક અપવાદોને બાદ કરતાં મોટા ભાગના સાંસદો પોતાની નકલ ત્યાં મેજ ઉપર જ છોડીને જતા રહ્યા હતા. હવે ફરીથી જ્યારે આપણે આઝાદીનો અમૃત મહોત્સવ ઊજવીએ છીએ ત્યારે આ પાયાની જરૂરિયાત છે. આપણી શિક્ષણનીતિ, આપણી આર્થિકનીતિ, આપણી વિદેશનીતિ, આપણી અન્નનીતિ, આપણી તમામ નીતિઓનો પુનર્વિચાર કરવો જરૂરી છે. સમાજમાં પ્રવર્તતી દરેક પ્રકારની અસમાનતા એ આપણો દોષ છે, આપણી નિષ્ફળતા છે, પણ હવે ધીમે-ધીમે સજાગતા આવી રહી છે. હવે આપણે વિદ્યાર્થીઓને ભગવદ્ગીતા શીખવવાની વાત કરીએ છીએ, પણ જૂનાં રજવાડાંઓ કેટલાં દીર્ઘદ્રષ્ટા હતાં. ગોંડલના મહારાજા જે વિદ્યાર્થી ગીતા મોઢે કરે એને આજીવન શિક્ષણ-ફીમાંથી મુક્તિ આપતા હતા. ગોંડલ સ્ટેટે એ સમયે ઉત્તમ ગણાતી પુનાની યુનિવર્સિટીઓ અને કૉલેજોમાં ડોનેશન આપીને તેજસ્વી વિદ્યાર્થીઓ માટે બેઠકો રાખી હતી અને મને ખુદને એનો લાભ મળેલો, કારણ કે હું ગોંડલમાં જન્મેલો. સયાજીરાવ ગાયકવાડે કેવી સુંદર લાઇબ્રેરી બનારસ હિંદુ યુનિવર્સિટીને બનાવી આપી હતી. તો આપણા રાજવીઓ આવા દીર્ઘદ્રષ્ટાઓ હતા અને પ્રજાવત્સલ થઈને એ લોકો કામો કરતા હતા.

પ્રશ્ન : ભારતના ઇતિહાસની વાત કરીએ છીએ તો આપણા દેશ પર અનેક વિદેશી આક્રમણો થયાં, છતાં આપણી સંસ્કૃતિ અકબંધ રહી છે. આપણા કેટલાક પ્રશ્નો તો છે, છતાં આત્યંતિક

વિચારધારા અથવા જેને ફંડામેન્ટાલિઝમ કહીએ એ આપણે ત્યાં બહુ વિકસ્યું નથી. એનું કારણ આપને શું લાગે છે? આપણું દર્શન? આપણાં શાસ્ત્રો? આજે દુનિયાના કેટલા બધા દેશો છે, જ્યાં સત્તા દ્વારા ધર્મનું સ્થાપન થતું આપણે જોઈ રહ્યાં છીએ.

મેં પહેલાં કહ્યું એમ આ આત્યંતિક વિચાર આપણામાં નથી આવ્યો એનું મુખ્ય કારણ આપણને ગળથૂથીમાંથી મળેલો વારસો છે. જીવનનો અંતિમ ઉદ્દેશ આપણા પૂર્વજોએ જે રીતે નક્કી કરીને આપણને આપ્યો છે એ એટલું બધું પર્ફેક્ટ વિજ્ઞાન હતું. દાખલા તરીકે ચાર વર્ણની વ્યવસ્થા, ચાર પુરુષાર્થની વ્યવસ્થા, ચાર આશ્રમની વ્યવસ્થા. આ બધું શા માટે આપણા પૂર્વજોએ વિચાર્યું હશે? તમે જુઓ કે આખી દુનિયામાં એકમાત્ર ભારતીય પ્રજા એવી છે, જેણે જીવનનું વ્યાકરણ પોતાના વંશ-વારસ માટે તૈયાર કરીને આપ્યું છે. વર્ણવ્યવસ્થાનો ખોટો અર્થ આપણે કરીને બેઠાં, પણ ખરેખર એવો ખ્યાલ હતો જ નહીં. આશ્રમવ્યવસ્થામાં પણ આખો વૈજ્ઞાનિક અભિગમ છે. ભગવદ્ગીતાનો આજે આટલો મહિમા છે એનું કારણ એ છે કે એમાં જીવનનું વિજ્ઞાન છે. ભગવદ્ગીતાનાં હજારો અર્થઘટનો થયાં છે, પણ સાચી વાત એ છે કે એ પુરુષાર્થ પ્રબોધિની છે. જે માણસ નિરુત્સાહી થઈ ગયો છે, ભાંગી પડ્યો છે એને પોતાના જીવનમાં સ્વ-ભાવ ઓળખી, સ્વધર્મ અને સ્વકર્મ વડે કયો પુરુષાર્થ કરવાનો એ ગીતા સમજાવે છે. હવે પુરુષાર્થ એટલે માત્ર પ્રયત્નની વાત નથી, આ એનાથી મોટી વાત છે. તમારા પોતાના જીવનનું અંતિમ ધ્યેય શું છે અને એ ધ્યેય પ્રાપ્ત કરવા માટે તમે શું-શું કરો છો. નર્મદ કહેતો હતો એમ એક ઝનૂન અને એક જુસ્સો તમારી પાસે હોવો જોઈએ. આ આખી વાત આપણી પ્રજાને જાણે કે અજાણે ગળથૂથીમાં મળી છે. આ બધાને કારણે આપણે આક્રમક કે ઉગ્રવાદી નથી બનતા. હિંદુ, જૈન અને બૌદ્ધ એ ત્રણે ધર્મોએ જે ચાર મુખ્ય ભાવનાઓ પ્રબોધી છે તે મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા. યોગદર્શનમાં પણ આ જ વાત આવે છે અને ઉપેક્ષા એટલે કોઈને નિગ્લેક્ટ કરવાની વાત નથી. જીવનમાં ઘણી આડખીલીઓ આવવાની છે, એ વખતે જીવનમાં એના પ્રત્યે ઉપેક્ષાભાવ સેવો, ઉદાસીન થઈ જાઓ, એવો એનો અર્થ છે. યોગની પણ જુદી-જુદી વ્યાખ્યાઓ છે - ચિત્તવૃત્તિ નિરોધ યોગ, કર્મસુ કૌશલમ્ યોગ, અને પાયાની વ્યાખ્યા તે **'समत्वं योग उच्यते'**. આ બધી વાતો આપણા લોહીમાં પડેલી છે. આપણે ત્યાં કુટુંબપ્રથા અને લગ્નપ્રથા ભલે ઘસાતી જાય છે, પણ હજુ ચાલે છે. આ બધાને કારણે આપણે ઉગ્રવાદી પ્રજા નથી બન્યા.

[અનુસંધાન પૃ. ૨૧૩]

રાણી એલિઝાબેથથી રાણી એલિઝાબેથ સુધી : ઇતિહાસની અદ્‌ભુત સફર

☐ યુનુસ ચીતલવાલા

ઇંગ્લેન્ડના ઇતિહાસમાં ઘણા રાજાઓનાં નામ પ્રખ્યાત છે. રિચાર્ડ ધી લાયનહાર્ટથી લઈ જ્યૉર્જ છઠ્ઠા જેવાના રાજ્યઅમલ દરમિયાન વિશ્વમાં અનેક ઊથલપાથલો થયેલી, પણ આપણે બ્રિટનની મહારાણીઓ અને તેમના શાસન હેઠળ વૈશ્વિક સ્તરે થયેલ ઘટનાઓથી થોડા ઓછા માહિતગાર છીએ. ઐતિહાસિક દૃષ્ટિએ જોઈએ તો ભારત સહિત વિશ્વના ઇતિહાસના છેલ્લાં ૪૦૦ વર્ષનો ગાળો અત્યંત મહત્ત્વપૂર્ણ છે. એ સમય દરમિયાન યુરોપમાં લાંબી લડાઈઓનો દોર શરૂ થયેલો. ખ્રિસ્તી ધર્મમાં પડેલા કૅથલિક અને પ્રોટેસ્ટન્ટ ફિરકાઓ વચ્ચે યુદ્ધનાં મંડાણ થયેલાં. એ જ સમયે યુરોપના દેશો વચ્ચે એશિયા, આફ્રિકા અને અમેરિકામાંથી બહુમૂલ્ય કુદરતી પેદાશો મેળવવા સ્પર્ધા જામેલી અને એ સંદર્ભે અન્ય દેશો પર આધિપત્ય મેળવવાના પ્રયત્નોએ સંસ્થાનવાદને વિશ્વ સ્તરે ફેલાવવામાં પ્રમુખ ભૂમિકા ભજવેલી.

ઇંગ્લેન્ડમાં સત્તા મેળવવા લોહિયાળ આંતરયુદ્ધ, કાવાદાવા, રાજાઓ અને

રાણીઓના શિરચ્છેદ થયા, પછી રાણી એલિઝાબેથ પ્રથમે ઇંગ્લૅન્ડની ૧૫૫૮માં બાગડોર સંભાળી. આપણે આગળ જોયું તેમ ઇંગ્લૅન્ડનો ધાર્મિક ઝુકાવ પ્રોટેસ્ટન્ટ ફિરકા પ્રત્યે હતો અને એલિઝાબેથે પણ તે ધર્મ અપનાવેલો. પરિણામે ખ્રિસ્તી ધર્મના વડા ધાર્મિક નેતા પોપ સાથેના સંબંધો અત્યંત તનાવપૂર્ણ રહ્યો. યુરોપના અન્ય રાષ્ટ્રો જોડેના સંબંધો પણ તૂટવાની કગાર પર પહોંચી ગયા. પરિણામે યુરોપમાં ઇંગ્લૅન્ડ એકલું પડી ગયું. વધુમાં તેને સ્પેન જે કૅથલિક રાષ્ટ્ર હતું તેની સામે યુદ્ધમાં ઊતરવું પડ્યું, જે Hundred years war કે સો વર્ષના યુદ્ધને નામે જાણીતું છે. રાણી એલિઝાબેથ એક બાહોશ શાસક હોવા ઉપરાંત સારી લેખક, દૂરંદેશી વિચારક અને કલાઓમાં ઊંડી રુચિ ધરાવતી મહિલા હતી. તે ઘણી ભાષાઓની જાણકારી ધરાવતી. આંતરિક ખટરાગ અને સ્પેન સાથેના યુદ્ધને પરિણામે ઇંગ્લૅન્ડની આર્થિક સ્થિતિ ડામાડોળ થઈ ગઈ. પોર્ટુગલ, ડચ (વાલંદા), ફ્રેન્ચ વગેરે દેશોના વેપારીઓએ દરિયો ખેડી એશિયા અને આફ્રિકા પહોંચી વ્યાપારી સંકુલો સ્થાપિત કરેલા અને મબલક કમાણીના સ્રોત બનેલા, પોર્ટુગીઝ વેપારીઓએ મલય-બાતામ, જાવા, મલાકડામાં મોટે પાયે ઘૂસણખોરી કરેલી. ભારતના પશ્ચિમી તટે કોંકણ માલાબારના સાગરતટ પર તેમણે મજબૂત આધિપત્ય જમાવેલું. આગ્રાસ્થિત મુઘલ દરબારોમાં તેમની હાક વાગતી. તેઓનો ભારત સાથેનો વેપાર મરી-મસાલા, કાપડ, ગળી આધારિત હતો, જેમાંથી મબલક કમાણી થતી. પરિણામે ભારતનો પશ્ચિમી કાંઠો યુરોપિયન વેપારીઓને લોહચુંબકની જેમ આકર્ષતો. તે સમયે હિન્દુસ્તાન અનેક ઉત્પાદનોનું કેન્દ્ર હતું અને વિશ્વના ૨૬ ટકા વેપારનું સંચાલન અહીંથી થતું.

ઉપરોક્ત પરિપ્રેક્ષમાં મુઘલ શાસનનો ગાળો અત્યંત મહત્તાનો છે. એલિઝાબેથના ઇંગ્લૅન્ડના વેપારીઓનું ધ્યાન ભારત તરફ ગયું. સમ્રાટ અકબરના દરબારમાં રાલ્ફ ફીચ ઈ.સ. ૧૫૮૩માં પ્રથમ અંગ્રેજ વેપારી આવ્યો હોવાનું મનાય છે. અકબરની જાહોજલાલીની ખબર લંડન સુધી પહોંચી હતી. ફળસ્વરૂપે રાણી એલિઝાબેથે રાલ્ફ ફીચ જોડેના અન્ય વેપારી અને પ્રવાસી જોહન ન્યુબેરીને એક વિસ્તૃત પત્ર લખી સમ્રાટ અકબરને પહોંચાડવાનો આદેશ આપ્યો. પત્રમાંનું લખાણ અત્યંત રોચક અને માહિતીપૂર્ણ છે. મજાની વાત એ છે કે સમ્રાટ અકબરને હિન્દુસ્તાનના બાદશાહ રૂપે સંબોધવાના સ્થાને King of cambaya અથવા ખંભાતના હાકેમ કહ્યા છે. એક સમયે યુરોપમાં ખંભાતના મહત્ત્વના વેપારી કેન્દ્ર અને બંદર હોવાની ખ્યાતિ પ્રવર્તમાન હતી.

પત્ર અત્યંત સન્માનભરી મૃદુ ભાષામાં લખેલો છે, જેમાં અંગ્રેજી વેપારીઓને વેપાર કરવાની મંજૂરી આપવા અને તેમની અને તેમના માલસામાનની સુરક્ષા જળવાય તેવી વિનંતી કરાઈ છે. બંને દેશો

વચ્ચેનો વેપાર ફૂલેફાલે તેવો પ્રબંધ થાય તે અપેક્ષા સાથે પત્રનું સમાપન કરાયું છે. એ પત્ર પ્રત્યે અકબરે દુર્લક્ષ સેવ્યું હતું. આ અંગેનું મોટું કારણ પોર્ટુગીઝોની દરબારમાં સતત હાજરી અને જેસુવિસ્ટ પાદરીઓ સાથેના અકબરના સંબંધો ગણી શકાય. તે પછી ઈ.સ. ૧૫૯૫માં લંડનમાં થોડા વેપારીઓએ ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું ગઠન કર્યું. કંપનીમાં નિવેશ કરનારા લોકોની રોકાણની રકમ પ્રમાણે થયેલી આવકની વહેંચણી કરાય તેવી સમજૂતી સાથેના ઍગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કરાયા. એ અરજી રાણી એલિઝાબેથની કચેરીમાં રજૂ કરાઈ. ઈ.સ. ૧૬૦૦માં પૂર્વ એશિયાના દેશો જેમાં ભારત પણ સમાવિષ્ટ હતો, સાથે વેપાર કરવાનો હુકમ કે ચાર્ટર માન્ય રાખ્યો - જે Royal charter to trade with East Indiesના નામે ઇતિહાસમાં પ્રખ્યાત છે. એલિઝાબેથનું અવસાન ૧૬૦૩માં થયું અને અકબર ૧૬૦૫માં ફાની દુનિયા છોડી ગયા. તે પછી વેપાર અંગેની વાત પર પડદો પડી ગયો. છેક ૧૬૧૧માં હેન્રી મિડલટન નામના અંગ્રેજ નાવિકે સુરતની ધરતી પર પગ મૂક્યો, પણ મોટા પ્રમાણમાં વેપાર થાય તેવા સંજોગો ન હોવાથી તે ઇન્ડોનેશિયા તરફ જતો રહ્યો. તે પહેલાં ૧૬૦૮માં કૅપ્ટન વિલિયમ હોકિન્સ સુરત પહોંચ્યો હતો અને જહાંગીરના દરબારમાં હાજર થયો. વેપાર અને થાણા સ્થાપિત કરવા અંગે તેણે જહાંગીર સમક્ષ દરખાસ્ત કરી તે શિક્ષિત કે સંસ્કારી વ્યક્તિ ન હોવાથી અને તેની અણઘડ રજૂઆતથી જહાંગીરે કંટાળીને તેના સાથેનો સંપર્ક તોડી નાખ્યો. આપણે આગળ જોયું તેમ જહાંગીરના દરબારમાં પોર્ટુગીઝોની મોટી પકડ હતી. અન્ય કોઈ દેશના વેપારીઓને ભારતમાં કોઈ સગવડ મળે તેના વિરુદ્ધ તેઓ ખટપટ કરવામાં વ્યસ્ત રહેતા. મુઘલ શહેનશાહ માટે પોર્ટુગલથી લાવેલી નાનીમોટી ભેટસોગાતોને સહારે મુઘલ શહેનશાહના દરબારમાં તેમનું સ્થાન ટકાવી રાખતા. ખરેખર પોર્ટુગીઝ વેપારીઓની શાખ બહુ હરખાવા જેવી નહોતી. કામ કઢાવવા તેઓ સામ, દામ, દંડ અને ભેદ બધી યુક્તિઓ વાપરતા. એક પ્રસંગે તેઓ મોરિશિયસમાં થતા 'ડોડો' નામના પક્ષીઓની જોડી અને આફ્રિકાના 'ઝેબ્રા'ની ભેટ લઈ આવેલા. એ પ્રાણીઓ ભારતીયો માટે કોઈ અજાયબીથી ઓછાં ન હતાં, પણ જહાંગીરના અધિકારીઓ Zebra (ઝેબ્રા) બાબત શંકા સેવતા.

પોર્ટુગીઝ ઠગભગતો દ્વારા સામાન્ય ટટ્ટુ કે ઘોડાના શરીર પર આડાઅવડા લાંબા લીટા કરીને નવું પ્રાણી તો નથી બનાવ્યું એ જાણવા તેમણે ઝેબ્રાને ગરમ પાણીથી ધોઈ બરછટ કાપડને ઝેબ્રાના શરીર પર ઘસી જોયું અને એ પ્રાણી બનાવટી નથી જણાતાં જહાંગીર સમક્ષ રજૂ કર્યું. 'ડોડો' અને ઝેબ્રાને જોઈ જહાંગીરે એ પ્રાણીઓનાં ચિત્રો બનાવવાનો આદેશ આપ્યો, જે આજે પણ જોઈ શકાય છે.

જહાંગીરના દરબારમાં કોઈ સામાન્ય બ્રિટિશ અધિકારીથી વેપાર સંબંધી છૂટછાટ નહીં મળે જણાતાં ઈ.સ. ૧૬૧૫માં ઇંગ્લૅન્ડના રાજા જેમ્સ પ્રથમ સરથોમસ રૉ નામની બાહોશ વ્યક્તિને એલચી બનાવી હિન્દુસ્તાન મોકલ્યા. સર થોમસ રૉ જેમ્સના બારમા અગ્રિમ હારોળના ઉમરાવ હોવા ઉપરાંત મેમ્બર ઑફ પાર્લામેન્ટ પણ હતા. તેમણે દક્ષિણ અમેરિકાની એમેઝોન નદીના અજાણ્યાં જંગલોમાં ૪૦૦ કિલોમીટરનો પ્રવાસ ખેડેલો. બાહોશ મુત્સદી હોવાને નાતે તેમણે જહાંગીર સાથે સલૂકાઈ ભર્યા સંબંધો બાંધ્યા, પણ સમ્રાટ કંઈ ઓછા મુત્સદી ન હતા. સર થોમસ રૉની ભારતમાં સુરત અને આગ્રામાં ફૅક્ટરી સ્થાપિત કરવાની દરખાસ્તો તરફ બહુ ધ્યાન ન આપ્યું. જ્યારે પણ રૉ ફૅક્ટરી અંગેની વાત કાઢતાં તરત જ જહાંગીર વિષય બદલી નાખતા. ત્રણ વર્ષ પસાર થયાં પછી ૧૬૧૮માં સર થોમસ રૉના વતન ફરવાના સમયે જહાંગીરે સુરતમાં નાની ફૅક્ટરી સ્થાપવાની પરવાનગી આપી. ઇંગ્લિશ બાંધકામ ફરતે કોઈ કિલ્લેબંધી ન કરવાની કડક શરત સામેલ હતી.

હિન્દુસ્તાનમાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું શાસન સ્થપાયું તે બાબત હેરતઅંગેજ છે. આખરે એક વેપારી સંકુલ ભારત જેવા વિશાળ દેશ પર આધિપત્ય મેળવી લે તે વિશ્વના ઇતિહાસમાં અસામાન્ય ઘટના ગણાય, પણ આપણે જો કંપનીનો પ્રારંભિક ભૂતકાળ તપાસીએ તો જણાશે કે ઈ.સ. ૧૫૯૯માં લંડનસ્થિત થોડા વેપારીઓએ ૩૦,૦૦૦ પાઉન્ડનું નિવેશ કરી ઈસ્ટ ઇન્ડિયા કંપનીનો પાયો નાખેલો. ઇતિહાસમાં તે પ્રથમ જૉઇન્ટ સ્ટૉક કંપની ગણી શકાય. વધુમાં ઈ.સ. ૧૬૦૦માં રાણી એલિઝાબેથે જે ચાર્ટર કે પરવાનગી આપેલી તેમાં કંપનીને અન્ય દેશો સાથે વેપાર કરવા કિલ્લેબંધી કરવા, કાયદાઓ બનાવવા, જરૂર જણાય તો યુદ્ધ કરવા અને સ્વતંત્ર વિદેશનીતિ અપનાવવા અંગેની છૂટ આપેલી. ઈસ્ટ ઇન્ડિયા કંપની જે 'જોહન કંપની' પણ કહેવાતી તે અસલમાં બ્રિટનની આર્થિક અને રાજકીય વગ વધારવાનું માધ્યમ બની ગયેલી. ૧૯મી સદી આવતાં, વેપારને કેન્દ્રમાં રાખી બ્રિટિશ ઉપનિવેશવાદ (colonialism)ને ફેલાવવામાં તેણે પ્રમુખ ભાગ ભજવેલો. પરિણામે એક ગરીબ ખેતીપ્રધાન દેશ બ્રિટિશ સામ્રાજ્યમાં પરિવર્તિત થઈ ગયો. પ્રખ્યાત લેખક-વિચારકે લખેલું : 'A state in the guise of a merchant.' ભારતમાં વિસ્તૃત પ્રદેશો પર ઠોકી બેસાડેલા કબજાને કારણે તે 'કંપની બહાદુર' કહેવાતી. ઈ.સ. ૧૮૨૦માં લૉર્ડ લેકે દિલ્હી અને તેના આજુબાજુના વિસ્તારનો કબજો મેળવી લીધો. પરિણામે મુઘલ બાદશાહ નામના જ શાસક રહ્યા. એવું કહેવાતું કે 'નિઝામે શાહઆલમ, લાલ કિલ્લા દા પાલમ' બ્રિટિશ શાસકો દ્વારા અપાતા

હુકમો પ્રત્યે ભારતીય લોકોને અણગમો હતો. મુઘલ અધિકારીઓ તો કહેતા 'શું જમાનો આવ્યો છે? આ ગોરાઓ જે સંડાસમાં જઈ સાફસૂફી કર્યા વિના ખુરશી પર બેસી આપણને હુકમો આપે છે અને આપણે એ માન્ય રાખવા પડે છે. કેવી વિટમણા?'

ઇંગ્લૅન્ડમાં ૧૭મી સદીમાં ઔદ્યોગિક ક્રાંતિનાં મંડાણ થયેલાં. આર્થિક દૃષ્ટિએ હિન્દુસ્તાનની સરખામણીએ તેની ગણના એક ગરીબ દેશમાં થતી. સન ૧૭૯૯માં લખનઉ નવાબના દરબારના એક ઉમરાવ અને મુત્સદીએ ઇંગ્લૅન્ડનો પ્રવાસ ખેડેલો. મિર્ઝા અબુ તાલેબ ખાને ભારતની સરખામણી 'વિલાયત' સાથે કરતાં તેમના પ્રવાસવર્ણનમાં જણાવ્યું છે કે ગામડામાં તો એવી પરિસ્થિતિ હતી કે લોકોને પહેરવા પગરખાં પણ ન હતાં. ગૂણિયા જેવા બરછટ કાપડનાં કપડાં પહેરતા. યુવાનો ઘોડાગાડી (સ્ટેજકોચ) પાછળ પેસેન્જર દ્વારા ફેંકેલા બ્રેડના ટુકડા લેવા દોડતા અને પડાપડી કરતા, પણ ૧૯મી સદી આવતાં એશિયા અને આફ્રિકાના દેશો પર યુનિયન જેક લહેરાવા લાગ્યો. ભારતના લગભગ તમામ હિસ્સાઓ બ્રિટિશ આણ નીચે આવી ગયા. ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ ૧૭૫૭ના યુદ્ધમાં બંગાળના નવાબ સિરાજુદદૌલાને હરાવી બંગાળ ઉપરાંત ઓડિસા અને બિહાર પર કબજો કર્યો. કંપનીના વધતા પ્રભાવમાં ખુદ હિન્દુસ્તાનીઓએ મદદ કરેલી. કંપનીના લશ્કરનો મોટો હિસ્સો ભારતીય સૈનિકોનો બનેલો હતો. વધુમાં બંગાળના જગત શેઠોએ કંપનીમાં મબલક આર્થિક રોકાણ કરેલું. જેની સહાયથી બેંગાલ આર્મી કે ત્રણ લાખ સૈનિકોનું કંપનીનું લશ્કર અસ્તિત્વમાં આવ્યું.

બ્રિટનના ઇતિહાસમાં ૧૯મી સદીનું અકદેરું મહત્ત્વ છે. અંગ્રેજીમાં તેને વિક્ટોરિયન ઈરા કે રાણી વિક્ટોરિયાની સદી કહી છે. ૧૮૧૯માં જન્મેલી વિક્ટોરિયા ૧૮૩૭માં તખ્તનશીન થઈ, ૧૯૦૧ લગી રાજ કર્યું. આ સમય દરમિયાન દરેક ક્ષેત્રે બ્રિટને મનનીય પ્રગતિ સાધી. સાયન્સ, આર્ટ્સ, સાહિત્ય, પ્રવાસ અને તબીબી વિષયોમાં મેળવેલી સફળતા એ આખા વિશ્વને પ્રભાવિત કર્યા. એ ફેરફારો ક્રાંતિકારી હતા. તદુપરાંત ફોટોગ્રાફી, રેલવે, સ્ટીમશિપ, સિનેમા, કાર વગેરેના આગમનથી માનવ સભ્યતાએ અદ્વિતીય પ્રગતિ સાધી. બ્રિટિશ ઉપનિવેશ હેઠળ આફ્રિકાના ઝુલુ જેવા દૂરગામી પ્રદેશો, પૂર્વ આફ્રિકા, સુડાન વગેરે બ્રિટિશ હકૂમત નીચે આવ્યા. એવું કહેવાતું કે બ્રિટિશ પ્રદેશો વિશ્વમાં બધે જ સ્થિત છે અને તેના પર સૂર્યાસ્ત કદી થતો નથી.

પણ વીસમી સદી આવતાં પરિસ્થિતિમાં મોટી તબદીલી આવી. પ્રથમ વિશ્વયુદ્ધના અંતે (૧૯૧૪-૧૯૧૮) ઓટોમન સામ્રાજ્યનું પતન થયું. રશિયામાં

૧૯૧૭ની ક્રાંતિએ ઝારશાહીનો અંત આણ્યો અને રશિયન સામ્રાજ્યની જગ્યાએ કૉમ્યુનિસ્ટ સોવિયેત યુનિયન રાજકીય અને સામાજિક દૃષ્ટિએ આમૂલ પરિવર્તનને સાકાર કર્યા. આ સમય દરમિયાન અમેરિકાની આર્થિક શક્તિના પરિણામે વિશ્વસ્તરે તેની બોલબાલા વધી. સને ૧૯૦૩માં વૈશ્વિક મંદીએ પશ્ચિમી દેશોની આર્થિક વ્યવસ્થાને હચમચાવી નાખી. ફલસ્વરૂપે જર્મની અને ઇટલીમાં ફાસિસ્ટ સરકારોનો ઉદય થયો. આ જ સમયે ૧૯૨૬માં બ્રિટનનાં ભાવી રાણી એલિઝાબેથનો જન્મ થયો. ભારતમાં મહાત્મા ગાંધીની અગવાઈ હેઠળ સ્વતંત્રસંગ્રામે જોર પકડ્યું હતું. બ્રિટનને તેમની નીચેથી જમીન ખસકતી જણાઈ. બીજા વિશ્વયુદ્ધ પછી (૧૯૩૯-૧૯૪૫) બ્રિટિશ સંસ્થાનવાદ સામે અનેક પડકારો ઉપસ્થિત થયા. ભારતમાં જોર પકડેલા આંદોલનને કારણે આખરે બ્રિટિશ સરકારે આઝાદ દેશની વાત સ્વીકારી અને ભારત એક સ્વતંત્ર અને સાર્વભૌમ રાષ્ટ્ર બન્યું. ભારતને આઝાદી મળતાં જ એશિયા-આફ્રિકાના અનેક દેશોમાં સ્વાતંત્રીય સંગ્રામના બ્યૂગલ ફૂંક્યાં. રાજકુમારી એલિઝાબેથનાં લગ્ન પ્રિન્સ ફિલિપ જોડે ૧૯૪૬માં થયાં. તેને મળેલી અમૂલ્ય ભેટોમાં ગાંધીજીએ સ્વહસ્તે કાંતેલ ખાદીનો રૂમાલ આજે પણ બંકિંગહામ પૅલેસમાં સચવાયો છે. ક્વીન વિક્ટોરિયા ભારતની મુલાકાત લેવા આતુર હતાં, પણ કમનસીબે તેવું થઈ ન શક્યું, પણ ૧૯૫૨માં રાણી ઘોષિત થયેલાં એલિઝાબેથે ત્રણ વખત ભારતની મુલાકાતે આવેલાં. પ્રથમ મુલાકાત ૧૯૬૧, બીજી ૧૯૮૩ અને છેલ્લે ૧૯૯૭માં તેઓ ભારત આવેલાં. પ્રથમ મુલાકાત દરમિયાન દિલ્હી, કલકત્તા, જયપુર, મુંબઈ, વારાણસીમાં તેમણે રોકાણ કરેલું. જયપુર મહારાજે રાણીના માનમાં દરબાર ભરવાનું આયોજન કરેલું, પણ વડા પ્રધાન નહેરુએ તેમ ન કરવા મહારાજાને પત્ર લખેલો. કલકત્તામાં વિક્ટોરિયા મેમોરિયલ જોઈ એલિઝાબેથને બ્રિટનનો સૂર્યાસ્ત સ્પષ્ટ રૂપે દેખાયો હશે. છેલ્લી ૧૯૯૭ની મુલાકાત દરમિયાન તેમણે જલિયાંવાલા બાગની મુલાકાત લઈ અંજલિ આપેલી. તેમણે સ્વીકારેલું કે બ્રિટિશ રાજ દરમિયાન કેટલાક અઘટિત બનાવો બનેલા જેનું તેમને દુઃખ હતું.

એલિઝાબેથ પ્રથમથી શરૂ થયેલી આપણી ગાથાનો અહીં અંત આવે છે. બ્રિટિશ સંસ્થાનવાદના ઉદયનો દ્યોતક બનેલી એલિઝાબેથ-૧ અને એ સામ્રાજ્યની અસ્ત થઈ રહેલી જાહોજલાલીની પ્રેક્ષક બનેલી એલિઝાબેથ-૨ વચ્ચેના સમયગાળાનો ઇતિહાસ કંઈક જુદી જ ભાત પાડે છે. આઠ સપ્ટેમ્બર 2022ના રાણીના નિધન બાદ લંડનના વાદળ આચ્છાદિત આકાશમાં ઊગેલો મેઘધનુષ જાણે એક યુગના અંતની ઘોષણા કરી રહ્યું હતું.

❑❑❑

હા સ્ય મે ળો

અભિનવ ચિત્રકાર

☐ જ્યોતીન્દ્ર દવે

એક દિવસ કવિવર રવીન્દ્રનાથનાં ચિત્રોની એક સમર્થ કલાકોવિદે કરેલી પ્રશંસા વાંચી.

એ પ્રશંસા વાંચ્યા અગાઉ, મેં જ્યારે રવીન્દ્રનાથનાં ચિત્રો 'મૉડર્ન રિવ્યૂ'માં જોયાં હતાં, ત્યારે જ મને થયું હતું કે, 'ઠી...ક! આ રવીન્દ્રનાથ પણ ઠીક ચીતરે છે.' જેમ જેમ એ ચિત્રોનું મેં બારીક નિરીક્ષણ કરવા માંડ્યું તેમ તેમ ચિત્રકલામાં રવીન્દ્રનાથે દાખલ કરેલી નવીનતાનું મને ભાન થવા માંડ્યું. આખરે વણમાગ્યું સર્ટિફેક્ટ મારે એમને લખી મોકલવું એમ મને લાગ્યું. અને જ્યારે એમની કળાશૈલીની પ્રશંસા 'કુમાર' જેવા માસિકમાં વાંચી ત્યારે તો એ સર્ટિફિકેટ મોકલવાનો મારો નિશ્ચય દૃઢ થયો.

વાંધો માત્ર એટલો જ છે કે રવીન્દ્રનાથનું સરનામું હું જાણતો નથી. 'અચલાયતન'ના એ લેખક કોઈ સ્થળે સ્થિર થઈને રહેતા નથી. તેમ જ હું સર્ટિફિકેટ મોકલાવું તે એ છપાવે કે ન પણ છપાવે, આથી જાહેરમાં આ લેખ દ્વારા એ સર્ટિફિકેટ આપવું વધારે સારું એમ ધારી હું તેમ કરવા પ્રેરાઉં છું.

કાવ્યસંગીતચિત્રાદિકલાનિપુણ

શ્રીજુક્ત રોબીન્દ્રનાથ ઠાકુર,

આપનાં ચિત્રો જોઈ જોઈ હું અત્યંત પ્રસન્ન થયો છું. અને વણમાગ્યે આ સર્ટિફિકેટ મોકલી આપવા પ્રેરાઉં છું.

આ ચિત્ર શેનું છે એ દ્રષ્ટા પોતાની મેળે નકકી કરી લે, ચિત્રકારે એ વિશે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવાની જરૂર નથી, એવો મારો ઘણા વખતથી, હું શાળામાં ચિત્ર આલેખવાનો પ્રયાસ કરતો ત્યારનો અભિપ્રાય છે. એ અભિપ્રાય મુજબનાં આપનાં ચિત્રો જોઈ મારો અંતરાત્મા સંતુષ્ટ થયો છે. આપનાં ચિત્રો જોઈ મને ખાસ આનંદ એટલા માટે થાય છે કે એક વખત હું પણ આવાં જ ચિત્રો ચીતરતો. જેમ સાહિત્યમાં તેમ ચિત્રકલામાં પણ વ્યંજના એ મુખ્ય વસ્તુ છે. અમુક કલાકૃતિમાંથી જ અર્થ કાઢવો હોય તે કાઢી શકવાની સ્વતંત્રતા ભોક્તા ભોગવી શકે એવા પ્રયાસો મેં પણ કરેલા. પણ મારા એ પ્રયાસો નિષ્ફળ નીવડ્યા;

આપના સફળ થયા છે તે માટે મારાં હાર્દિક અભિનંદન સ્વીકારશોજી.

વ્યંજનાથી ભરેલી ને ગૂઢ રહસ્યવાળી શૈલી ચિત્રકલામાં પણ દાખલ કરવાનું માન યોગ્ય રીતે આપને આપી શકાય. એ માન મને કદાચ મળ્યું હોત - પણ આપણને નહીં તો આપણા પાડોશીને હજો એ ન્યાયે, મને મળી શક્યું હોત એવું માન આપને મળતું જોઈ મને સગર્વ આનંદ જ થાય છે.

આપની ચિત્રકાર તરીકેની ભાવિ કારકિર્દીમાં ફાયદો થાય એ રીતે આ સર્ટિફિકેટનો કોઈ પણ પ્રકારનો ઉપયોગ કરવાની આપને સંપૂર્ણ છૂટ છે.

લિ. આપનાં ચિત્રોનો પ્રશંસક

હું

મેં ચિત્રકલા સાધ્ય કરવાનો પ્રયાસ કર્યો હતો, એ કદાચ ઘણાને ખબર નહીં હોય. પરંતુ નાનપણથી જ હું કલાનો પક્ષપાતી છું. લોકો જેને વાસ્તવિક કહે છે તેવી કલા નહીં, પણ આદર્શ, વ્યંજનાગર્ભ કલાનો હું આશક - ઉપાસાક છું. મારા અભ્યાસકાલ દરમિયાન ચિત્રકલાના શિક્ષકના નિકૃષ્ટ માનસમાં આ જ્ઞાન ઊતરી શક્યું નહીં, અને એમણે મારાં ચિત્રોમાં વાંધા કાઢ્યા જ કર્યા. 'આ તેં ફૂલ કાઢ્યું છે કે લિસોટા પાડ્યા છે? તને છત્રી પાડી લાવવાનું કહ્યું હતું ને? તેને બદલે તૂરિયા જેવું આ શું કાઢી લાવ્યો? આ તેં માણસનું મોઢું ચીતર્યું છે કે બોળિયા કેરી? આમ કહીને - મારું અપમાન કરીને - એ અટકતા નહોતા. ઘણી વાર તો મતભેદને પ્રસંગે સારા માણસને ન છાજે એમ એ હિંસાપરાયણ પણ થઈ જતા. મને - નિઃશસ્ત્ર, નિર્દોષ ને નિઃસહાય વિદ્યાર્થીને - એ એકથી વધારે તમાચા પણ લગાવી પાડતા! આવા સ્થૂળ ને એકપક્ષી મારામારીના વાતાવરણમાં મારામાં બીજરૂપે રહેલી આદર્શ ચિત્રકલા, અકસ્માત્ દુષ્ટ મનુષ્યના સાંનિધ્યમાં આવેલી કુલવધૂની માકક શરમાઈ, સંકોચાઈ ગઈ.

આમ છતાં મેં ચીતરવાના પ્રયાસો ચાલુ રાખ્યા. પણ મને કહેતાં ઘણી જ ગ્લાનિ ઊપજે છે કે અદેખા ચિત્રકારોએ જ નહીં પણ મારા ઘરના માણસોએ સુધ્ધાં મારાં ચિત્રો સામે જોઈ મોઢું ફેરવી નાખ્યું. કલાની કદર કરવી એ કંઈ સહેલું કાર્ય છે? મારા સિવાય મારાં ચિત્રો કોઈથી સમજાયાં નહીં. અને ઉત્તેજનના અભાવે મારી કલાની અર્ધવિકસિત કલિકા કરમાઈ ગઈ.

* * *

પછી વર્ષો વહી ગયાં ને એક સુરમ્ય બપોરે 'મૉડર્ન રિવ્યૂ'માં મેં મારી જ શૈલીએ આલેખાયેલાં રવીન્દ્રનાથનાં ચિત્રો જોયાં; એ ચિત્રો ને એ ચિત્રશૈલીનાં વખાણ પણ વાંચ્યાં. મને અવર્ણનીય આનંદ થયો.

મેં એ ચિત્રો એક શાળાના ચિત્રકલા શિક્ષકને બતાવ્યાં. થોડી વાર એ ચિત્ર

સામું ઘૂરક્યા, પછી મારી સામે ઘૂરક્યા અને કહ્યું, 'આને તમે ચિત્ર કહો છો?'

'હા, આને અમે ચિત્ર કહીએ છીએ.' મેં જવાબ દીધો.

એક ચિત્ર મને બતાવી એમણે પૂછ્યું, 'આ ચિત્ર છે? શેનું ચિત્ર છે?'

'એ ચિત્ર છે. શેનું છે તે - તે - એમ કે - આપણે - એ ચિત્ર શેનું છે એ જુદો જ સવાલ છે.' મેં જવાબ વાળ્યો.

'આ પહાડ છે? નદી છે? માણસ છે? મકાન છે? જાનવર છે? ફૂલ છે? વાડી છે? ઝાડી છે? ખુરશી છે? ટેબલ છે? મહેલ છે? ઝૂંપડી છે? એ છે શું?' કોપાવિષ્ટ થઈને એમણે પ્રશ્નોની પરંપરા છોડી.

'એ પહાડ, નદી, માણસ, ઇત્યાદિમાંનું કંઈ પણ નથી. અથવા કંઈ પણ છે એ જોનારે નક્કી કરવાનું છે.'

'તમે જોનાર છા કે ની? ત્યારે નક્કી કરીને મને કહો કે એ શું છે?'

થોડી વાર સુધી મેં ચિત્ર સામે જોયા કર્યું. પછી એમને કહ્યું, 'આ પહાડ, નદી, માણસ, મકાન, જનાવર કંઈ પણ નથી. એ ખાલી કલાકૃતિ છે.'

'એ કંઈ નથી તો એનો અર્થ શો?'

'અર્થ? ચિત્રનો તે અર્થ હોય? ફૂલની સુગંધનો શો અર્થ? ચંદ્રની શીતળતાનો શો અર્થ? સૂર્યની ઉગ્રતાનો શો અર્થ? ગધેડાના ભૂંકવાનો શો અર્થ?'

હું ગાંડો હોઉં તેમ એ મારી સામે થોડી વાર જોઈ રહ્યા ને હાથમાંનું 'મૉડર્ન રિવ્યૂ' લઈ, ચિત્ર સામે ભયંકર દૃષ્ટિપાત કરી જમીન પર તેને જોરથી પટકી ચાલતા થયા.

['રંગતરંગ' - ઉ] ■

સાથિયો ભૂંસાઈ ગયો

☐ બકુલ ત્રિપાઠી

બેસતા વર્ષની વહેલી સવાર હતી. વાતાવરણ મંગલ-મંગલ હતું. હું નવા વર્ષે નવાં પરાક્રમો કરવાનાં મધુર સ્વપ્નાં રચી રહ્યો હતો ત્યાં... અચાનક... એકદમ... અણધાર્યું...

ઓહોહોહો... કેમ છો બ...કુ...લ...ભાઈ...ઈ! સાલ મુબારક! સાલ મુબારક!

મારા મિત્ર ઘનશ્યામભાઈ વહેલી સવારે ધસી આવ્યા.

'અરે... અરે... ઘનશ્યામભાઈ... જરા...'

'સાલ મુબારક! સાલ મુબારક! ભાભી, સાલ મુબારક...'

'સાલ મુબારક! પણ... પ્લીઝ... પેલી બાજુથી આવશો? પ્લીઝ...'

'બાપુ! જમાવી જ દો આ વર્ષે તો! લખવા માંડો. દે ધીનાધીન! ભાભી, સાલ મુબારક...'

'પણ ઘ...ઘ... ઘનશ્યામભાઈ... પ્લીઝ... સાથિયો! ઓહ!'

'શું થયું? શું થયું? કંઈ તબિયત...?'

'ના! સાથિયો!'

'ઓહ! સાથિયો છે? મેં તો જોયો જ નહિ! ઓહ! પણ બાજુએથી ભૂંસાયો છે! કોણે ભૂંસ્યો?'

'તમે, ઘનશ્યામભાઈ!'

'મેં?'

'તમે રાજધાની એક્સપ્રેસની ઝડપે ઘૂસી આવ્યા. આઇ મીન ધસી આવ્યા... એટલે કે ધસી જ આવ્યા...!'

'અહં! તે સાથિયો વચ્ચે આવ્યો...'

'મેં તમને ચેતવ્યા... પણ તમે સાલ મુબારકના ઉત્સાહમાં...'

'ચાલો, વાંધો નહીં, જરાક બાજુએથી જ ભૂંસાયો છે ને?'

'હા, પણ... રાત્રે અમે બધાંએ મળીને...'

'એમ? બાકી આજકાલ કોઈ સાથિયા જાતે કરતું નથી. ના રહેવાતું હોય તો પ્લાસ્ટિકના લાવી દેવા, મારા ભાઈ! ફક્ત ચીટકાડી જ દેવાના ફટાફટ! હીહીહીહી, પછી પંચાત નહીં! ચાલો સાલ મુબારક ફરીથી... ઘણા જ ઘણા સાલ મુબારક... અને ભાભીને લઈને પછી આવો સાંજે... આજે... કાલે... આવજો ખરા...'

'સાકર...'

'હો હો! એ તો આજે લેવી જ પડે! નાસ્તા માટે પછી આવીશ હોં! ચાલો આવજો. હજી છેક ભૂયંગદેવ જવાનું છે... આવજો... સાલ મુબારક! ભાભી... આ સાલ મુબારક તમને હોં... આણે તો મારે ઘેર જાતે આવીને સાલ મુબારક કરી જવું પડશે! હીહીહી....'

અને ઘનશ્યામભાઈ પાછા ફર્યા, દોડ્યા, ધસ્યા... સાથિયાનો બીજો છેડો જે ભૂંસાયો નહોતો તે ભૂંસતા ગયા!

હું પ્રશંસાભેર જોઈ રહ્યો! કેવો ઉત્સાહ છે, આ માણસનો સાલ મુબારક કરવાનો! આવો ઉત્સાહ જો આખા રાષ્ટ્રમાં હોય તો...

'એ મારો સાથિયો ભૂંસી ગયો!' 'ભાભી' બબડતાં હતાં!

'એ તો જરા વધારે પડતા ઉત્સાહથી ધસી આવ્યા ને...' મેં આશ્વાસન આપવા

પ્રયત્ન કર્યો.

'બે વાર ભૂંસ્યો!'

'એ તો એક વાર આવવાનું, એક વાર જવાનું એટલે બે વાર જ ભૂંસી શકે ને? જો સાંજે ફરીથી એમનાં વાઇફ સાથે આવશે... તો તે વખતે...'

'ઓહ! નો! પ્લીઝ... ભગવાન બચાવે.'

'તું પથ્થરહૃદયી છે!' હું પવિત્ર રીતે જરા...ક ચિઢાયો. 'શું મનુષ્ય કરતાં સાથિયો વધારે છે? સાથિયાઓ તો આવે ને જાય...'

'મનુષ્યો, પણ આવે ને જાય! હું ના નથી કહેતી! પણ મનુષ્યોએ આવતાં અને જતાં સાથિયા ભૂંસવા જ પડે એવું કોણે કહ્યું?

'ઘનશ્યામભાઈએ કહ્યું તે સાંભળ્યું?'

'શું?'

'કે હવે સાથિયાની ફૅશન નથી રહી! હવે લોકો સાથિયા કરવામાં વખત બગાડતા નથી.'

'હું તો સાથિયો કરવાની જ.'

'ઘનશ્યામભાઈએ ઉત્તમ માર્ગ સૂચવ્યો છે કે બજારમાંથી પ્લાસ્ટિકના સાથિયા લાવી દેવાના અને ફટાફટ ચીટકાડી દેવાના.'

'સાથિયો કરવો, ચીતરવો, રંગ પૂરવા એ એક કળા છે...'

'તો સાથિયો ભૂંસવો એ પણ એક કળા છે!' મેં સમજાવ્યું, 'આજે ઘનશ્યામભાઈ સિવાય કેટલા માણસો રહ્યા આપણે ત્યાં કે જે સાથિયા ભૂંસી શકે છે! આટલી વહેલી સવારે આવી પડવું, પગ પાસેનો સાથિયો ન જોવો અને બારણામાંથી ઘરમાં સીધા જ મુબારક કરવા ધસી જવું, આ ક્રિયાઓ વિશિષ્ટ શક્તિ માગી લે છે...'

'મારે નથી જોઈતી એવી શક્તિ!'

'તને મળે એમ પણ નથી! આને માટે તો સાધના કરવી પડે! તું જાણે છે? ઘનશ્યામભાઈ આજે વર્ષોથી સાથિયા ભૂંસતા આવ્યા છે...'

'માણસ વહેલી સવારે આવીને સાલ મુબારક, સાલ મુબારક કરતું જોયા વિના ઉમંગભેર એ ભૂંસી જાય...'

'ઓહ!' (નિસાસો)

'સૃષ્ટિનો આ જ ક્રમ છે! દેવી! જીવન બધું ચક્રાકારે ચાલે છે! સર્જન અને વિસર્જન! વિસર્જન વિના સર્જન જોયું છે? અને એ પણ ન ભૂલીએ કે દરેક વિસર્જનની પાછળ નવસર્જન આવતું જ હોય છે...' મેં કહ્યું.

*

પણ... આવી સારી વાત પણ કોણ સાંભળે છે આપણી? શ્રોતા ગાયબ!

મારું ચિંતન ચાલ્યા કર્યું!

શું કરીએ? બહાર પાટિયું મારીએ? કે... 'બેસતા વર્ષની વહેલી સવારે સાથિયો ભૂંસવાની મનાઈ છે?' કે કૂતરો પાળીએ?

નોટિસ મૂકી શકાય કે 'ચેતવણી : સાથિયો ભૂંસનાર પર કાયદેસર કામ ચલાવવામાં આવશે!'

પણ એ નોટિસ પર પાછું લાઇટ રાખવું પડે જોરદાર! નહીં તો બેસતા વર્ષે વહેલી સવારે દેખાય નહીં!

સાથિયાના રક્ષણ માટે કૂતરો પણ પાળી શકાય?

પણ કૂતરો જ આમતેમ દોડતાં સાથિયો ભૂંસી નાખે તો? કૂતરાનું જોખમ એ પણ ખરું કે એ કોઈને કરડી પણ બેસે?

તો કૂતરો તો ન પળાય.

એક વિચાર છે, આવતે વર્ષે હું સવારે પાંચ વાગ્યે ઘરના દરવાજા બહાર ખુરશી નાખીને બેસીશ અને ઘનશ્યામભાઈ આવશે ત્યારે પ્રેમના 'ડિફેન્સ'ને બદલે પ્રેમના 'ઍટેક'ની નીતિ રાખીને એમને જોતાં જ સાલ મુબારક કરીને ભેટી પડીશ. એ રીતે એમને 'સાલ મુબારક ભાભીઈઈઈઈ' કરતા ધસી આવતા અટકાવી શકાશે. પછી એમને સંભાળીને દોરીને બાજુએ થઈને ઘરમાં લાવી દઈ શકાશે.

બસ, આવતા વર્ષે સાડા ચારે ઊઠી જવાનો આજથી જ સંકલ્પ.

પણ ઓહ! પાછા ફરતાં એમનાથી સાથિયો ભૂંસાઈ જશે ભૂલમાં... તો ઓ ઓ ઓ?

મિત્રો, સંસાર છે, સાથિયા છે, બેસતા વર્ષના સાલ મુબારકો છે, ઘનશ્યામભાઈઓ છે અને ઉત્સાહ છે....અને 'ભાભી'ઓ પણ છે...

ખાસ કશાનો કોઈ ઉપાય નથી, ઉકેલ નથી.

હસતા રહેવું.

અને ઉમંગ-ઉસ્તાહથી આગળ વધવું....

આવતે વર્ષે જોજો... 'ભાભી'ઓ ઉત્સાહથી સાથિયા ફરીથી કરશે જ. એક 'ભાભી' તો કરશે જ! મારી અચલ અને ઊંડી શ્રદ્ધા છે!

અને આવતે વર્ષે ઘનશ્યામભાઈઓ વહેલી સવારે 'સાલ મુબારક, સાલ મુબારક' કરતા ધસી આવશે જ, એક ઘનશ્યામભાઈ તો આવશે જ! જીવનઉત્સવ અદ્‌ભુત છે, અનંત છે, એની રચાતી રંગોળીઓ સાથે, એની ભૂંસાતી રંગોળીઓ સાથે.

[અષાઢની સાંજે પ્રિય સખી અને ભજિયાં]

■

અમદાવાદનું હૃદય : ખાડિયા-રાયપુર

☐ વિનોદ ભટ્ટ

રાયપુર-ખાડિયા વિસ્તાર અમદાવાદનું હૃદય છે જે સદાય ધબક્યાં કરે છે. આ વિસ્તારને કારણે જ અમદાવાદ અમદાવાદ છે. જાણકારો કહે છે કે અહમદશા બાદશાહના કૂત્તા-સસલાવાળો કિસ્સો અહીં, આ વિસ્તારમાં જ બની ગયેલો. પોતાના સસરાના બગીચા પર બાદશાહ પોતાના 'પપી ડૉગ' સાથે શિકાર કરવા નીકળેલો. સામેથી એક સસલો આવ્યો. બાદશાહના કૂતરા અને આ સસલા વચ્ચે ગેરસમજ થઈ. કૂતરો સસલાને અલ્સેશિયન ડૉગ સમજ્યો ને સસલો પેલાને સામાન્ય સસલું ધારી તેની સામે ધસી આવ્યો. આ દશ્ય જોઈને બાદશાહને ભારે રમૂજ થઈ. તેને થયું કે આ જગ્યાએ જો શહેર વસાવવામાં આવે તો ભારે ગમ્મત થાય. આ શહેરમાં બધું અવનવું ને વિચિત્ર બન્યા કરશે. આમ કહે છે કે આ વિસ્તારના એક સસલાના પરાક્રમે અમદાવાદ શહેર બન્યું.

એ દિવસથી માંડીને તે આ ક્ષણ સુધી રાયપુર-ખાડિયા બધી નવી-અવનવી બાબતોમાં આગળ છે. આ ખાડિયા નામ તો બી.બી.સી. પર પણ ચમકી ગયું છે. અહીંથી કોઈ પરદેશ જાય ત્યારે હજુય કોઈ વિદેશી કુતૂહલવશ પૃચ્છા કરે છે : વ્હોટ ઇઝ ખારિયા?' આ ખાડિયા ને રાયપુર વિસ્તાર આમ તો અલગ-અલગ છે, પરંતુ એ બે વિસ્તારો એકબીજામાં એવા તો વણાઈ ગયા છે, ઓતપ્રોત થઈ ગયા છે કે ક્યાંથી ખાડિયાની હદ શરૂ થાય છે ને રાયપુરની હદ પૂરી થાય છે એ નક્કી અઘરું પડે.

ખાડિયાનું એક નામ અકબરપુર છે. મોગલકાળમાં આ વિસ્તારમાં ક્ષત્રિયોની વસતિ હતી એવું મગનલાલ વખતચંદે પોતાના અમદાવાદના ઇતિહાસમાં નોંધ્યું છે. આ વિસ્તારમાં તોફાન ચાલતાં હોય ત્યારે તો એમ જ લાગે છે કે આજેય ખાડિયામાં (ખાડિયા લખું એટલે રાયપુર તેમાં આવી ગયું) ક્ષત્રિયોની જ વસતિ છે. ખાડિયા બહાદુરીનું નામ છે. ગીતા જો આ યુગમાં લખાઈ હોત તો ભગવાન શ્રીકૃષ્ણે અર્જુન માટે કૌંતેય, મહાબાહુ, સવ્યસાચિ, કુરુશ્રેષ્ઠ વગેરે વિશેષણો વાપર્યાં છે તેમાં એક વધુ વિશેષણ 'હે ખાડિયેય' પણ ઉમેર્યું હોત! અમદાવાદના રેડિયો યા ટી.વી. પર જ્યારે સમાચાર આવે કે એક-બે વિસ્તારોને બાદ કરતાં શહેરમાં શાંતિ છે ત્યારે સુજ્ઞ લોકો વગર કહ્યે સમજી જવાના કે એક તો જાણે ખાડિયા,

પણ આ બીજો વિસ્તાર કયો હશે? એને માટે તર્ક-વિતર્ક કરવામાં આવે.

જહાંગીરે આ શહેરને ગર્દાબાદ તો કહ્યું જ છે, પણ જો તોફાન વખતે એકાદ વખત પણ ખાડિયામાં ઊભા રહીને તેણે પથ્થરોનો વરસાદ જોયો હોત તો આ શહેરને તે પથરાબાદ કહેવાનું ન ચૂકત. બી.એસ.એફ.વાળા લશ્કરી જવાનો ખાડિયા-રાયપુરમાં રહેવા કરતાં મોરચા પર લડવાનું વધુ પસંદ કરે છે. મોરચા પર સામેથી જ ગોળીઓ આવતી હોય છે, જ્યારે રાયપુર-ખાડિયામાં કઈ દિશામાંથી પથ્થર આવશે એની અટકળ કરી શકાય નહિ. કોઈ મૅચમાં ભારત જીતે કે ચૂંટણીમાં વિરોધ પક્ષના ખાડિયા વિસ્તારના નેતાનો વિજય થયો હોય તો સૌથી પહેલા ફટાકડા અહીં ફૂટવાના.

આ વિસ્તારમાં જન્મનાર બાળકને ગળથૂથીમાં પથરા મળે છે. તે બધું જ ખાય છે. પચાવે છે. પછી તે અંબિકાની ફૂલવડી હોય, વાડીલાલનો આઇસક્રીમ હોય, બરફનો ગોળો હોય કે થ્રી નોટ થ્રીની ગોળી હોય - બધું જ પચી જવાનું. કોઈ જુદી જ તાસીર છે અહીંના છોકરાની. મોતનેય ડરાવનાર તેજ તેની આંખમાં છે. આ વિસ્તારમાં ગોળીબાર કરતી પોલીસને હંમેશાં એ જ ડર રહે છે કે ગોળીઓ ખૂટી તો નહિ જાય ને! ખાડિયામાં આડેધડે ગોળીબાર થતો હોય ત્યારે રાયપુર ચકલાના ટિળક કે ગોખલે પાન હાઉસ પાસે એકસો વીસનો મસાલો ચગળતો યુવાન આરામથી ઊભો રહેશે. ખાડિયામાંથી તોફાન ખસીને રાયપુર ચકલાના બસ-સ્ટૉપ સુધી પહોંચે ત્યારે એ યુવાન જરાય ઉતાવળ કર્યા વગર શાંતિથી ચાર ડગલાં ભરીને બાજુની ગલીમાં વળી જાય છે. તેના હૃદયની ગતિ સહેજ પણ તેજ થતી નથી.

પણ ખાડિયા માત્ર તોફાન જ કરે છે એવી ગેરસમજ કરવા જેવી નથી. તે શાંત પણ એટલું જ રહી શકે છે. ખાડિયા પાસે એક આગવી શિસ્ત છે. ક્યારેક તમે જાણે યુદ્ધના મેદાનમાં ઊભા હો એવું લાગે તો અડધા-પોણા કલાક બાદ આ વિસ્તારમાં જાણે કશું જ બન્યું ન હોય તેમ રાબેતા મુજબનો વ્યવહાર લાગે. આ લતામાં સાચા સેવકો છાતી કાઢીને ફરી શકે છે. ઇન્દુચાચા ફરતા, રવિશંકર મહારાજ ફરતા ને કૃષ્ણવદન જોષી પણ ફરતા. પણ કોઈ દંભી પૉલિટિશિયન બંધ મોટરમાંય આ વિસ્તારમાં પસાર થઈ શકતો નથી. ખાડિયાને દંભની બહુ ચીડ છે. સાચા સેવકોની ખાડિયાને કદર છે. દર વર્ષે ખાડિયા-રાયપુરની જે વ્યક્તિઓએ સમાજમાં નોંધપાત્ર યોગદાન આપ્યું હોય તેની કદર રૂપે તેને સન્માને છે. તેના યોગદાનની યોગ્ય પ્રશંસા કરે છે.

રાયપુરના એક કૉર્પોરેટર મિત્રને મેં પૂછ્યું :

'તમે આ જે સન્માનો કરો છો એની પાછળનો આશય શો છે?'

'લોકોની સાહસવૃત્તિ વધે એ જ... અમે સાહસોને બિરદાવીએ છીએ...' તેમણે સમજૂતી આપી.

'તો તમારે મારુંય સન્માન કરવું જોઈએ...' મેં પ્રસ્તાવ મૂક્યો.

'પણ તમે ક્યાં રાયપુર-ખાડિયાના છો?'

'રાયપુર-ખાડિયાનો ભલે હું ન હોઉં, પણ તમારા વિસ્તારની છોકરી સાથે હું પરણ્યો છું ને! એ કંઈ જેવુંતેવું સાહસ કહેવાય? કમ-સે-કમ મારી આ સાહસવૃત્તિની કદર કરીને જાહેરમાં મને સન્માનવો જોઈએ, આથી રાયપુર-ખાડિયાના ભાવિ જમાઈ થવાની યુવાનોને પ્રેરણા થશે...'

'જોઈએ.' કહીને એ મિત્ર સરકી ગયો. આ પરથી લાગે છે કે સાહસ બાબત રાયપુર-ખાડિયા પાસે આગવા ખ્યાલો છે.

આ રાયપુર-ખાડિયાની એક લોકસભા રાયપુર ચકલામાં રોજ બેસે છે. સ્થળ રિક્ષા-સ્ટૅન્ડની સામે કોઈ બંધ દુકાનના ઓટલે! કોઈ કૉર્પોરેશન, ખોટું કામ કરે તો કૉર્પોરેશનમાં તેની ટીકા થાય છે. કૉર્પોરેશન ખોટું કરે તો તેની આકરી ટીકા ક્યારેક વિધાનસભામાં થાય છે. વિધાનસભા અયોગ્ય પગલું ભરે તો લોકસભા તેની ઝાટકણી કાઢે છે ને દેશ ખોટું કાર્ય કરે તો 'યુનો' તેની ખબર લઈ નાખે છે. પણ જો 'યુનો' કશુંક ખોટું કરે તો આ રાયપુર-ખાડિયાની લોકસભા તેના પર માછલાં ધૂએ છે. આ લોકસભા ઘણી જાગ્રત છે.

આખા શહેરના સમાચારો જાણવા માટે પત્રકારોને બધે રખડવાની જરૂર નથી પડતી. રાયપુર-ખાડિયામાં ચક્કર મારે એટલે તેને છાપવા માટે જોઈતો મસાલો મળી જ રહે છે. ખાડિયાને અન્ય લોકો ઇઝરાયલના મિનીએચર તરીકે ઓળખાવે છે.

હવે જો નવો કક્કો લખાશે તો તેમાં 'ખ' ખડિયાનો નહીં, પણ 'ખાડિયા'નો લખાશે!

['મારું વહાલું અમદાવાદ'] ■

પાર્કિંગ પ્રૉબ્લેમ!

☐ રતિલાલ બોરીસાગર

અમદાવાદમાં વસવા માટે વાહન વસાવવાનું અનિવાર્ય ગણાય છે, પણ બધા વાહનચાલકો પોતાનાં વાહનો સરળતાથી પાર્ક કરી શકે એવી પાર્કિંગ-વ્યવસ્થા અત્ર-તત્ર-સર્વત્ર હોવી જોઈએ એવું સ્વીકારાયું નથી. એટલે પછી વાહનચાલકો અત્ર-તત્ર-સર્વત્ર આડેધડ પોતાનાં વાહનો પાર્ક કરી દે છે. 'અમદાવાદમાં પાર્કિંગ પ્રૉબ્લેમ : એક વિવેચનાત્મક અભ્યાસ' પીએચ.ડી.ની ડિગ્રી માટે અભ્યાસ થઈ

શકે એટલી ગુંજાશ છે આ વિષયમાં. 'દરવાજા સામે વાહનો પાર્ક કરવાં નહિ' એવી નોટિસો ખાનગી મકાનોના કેટલાક માલિકો મૂકે છે. એ દરવાજા સામે બે-ચાર વાહનો પડ્યાં જ હોય છે! કેટલાકને તો, દાખલા તરીકે મને, આવી નોટિસ વાંચીને જ ત્યાં વાહન પાર્ક કરવાની પ્રેરણા મળે છે (એકવાર તો મેં ટ્રાફિક નિયમનખાતા તરકથી મુકાયેલા 'નો પાર્કિંગ'ના લખાણવાળા થાંભલાને અડકાડીને જ મારું સ્કૂટર પાર્ક કર્યું હતું અને કડદો કરવામાં નિષ્ફળ જવાને કારણે દંડ પણ ભર્યો હતો). કેટલીક વાર સ્કૂટર પાર્ક કર્યા પછી આજુબાજુ એટલાં બધાં સ્કૂટર પાર્ક થઈ ગયાં હોય છે કે એ ચક્રાવામાંથી સ્કૂટર બહાર કાઢવાની અભિમન્યુવિદ્યા જેને આવડતી હોય એ જ સ્કૂટર બહાર કાઢી શકે. આવી કોઠાવિદ્યાની જાણકારીના અભાવે એકવાર આવા ચક્રાવામાંથી સ્કૂટર બહાર કાઢવા જતાં એક મોટરસાઇકલ આખી અને એક સ્કૂટર અર્ધું - મારા પર એવી રીતે ગોઠવાઈ ગયાં કે સ્કૂટર બહાર કાઢવાની વાત તો બાજુ પર રહી પણ હું પોતે ચાર-પાંચ પરોપકારી સજ્જનોની સઘન મદદ પછી માંડ બહાર નીકળી શક્યો હતો.

રસ્તા પર વાહનો પાર્ક કરવાં એ ગુનો ગણાય છે, પણ અમદાવાદમાં ગાય પોતે ઇચ્છે ત્યાં પાર્ક થઈને ઊભી રહે છે એ ગુનો બનતો નથી. મરજીમાં આવે ત્યાં પાર્ક થઈને ઊભી રહેતી ગાયને ઉપાડીને કોઈ ટ્રકમાં ચડાવી દેતું નથી (એ રીતે સરકાર અને એનું ટ્રાફિક નિયમનખાતું પોતાનો સંસ્કૃતિપ્રેમ બતાવી રહ્યાં છે), પણ ટ્રાફિક નિયમનખાતાની ગાડી નીકળે છે અને સ્કૂટરોનાં અપહરણ થવા માંડે છે. પૃથ્વીરાજ ચૌહાણ જેવા વીર પુરુષો સ્વયંવર મંડપમાંથી બધાંના દેખતાં જ પોતાને મનથી વરી ચૂકેલી કન્યાને ઉઠાવી જતા. આ વીર ટ્રાફિકવાળાઓ પણ એ જ રીતે ધોળે દિવસે બધાંના દેખતાં જ સ્કૂટરો ઉપાડી જાય છે. વાહનચાલકની મંજૂરી વગર આ રીતે એનું વાહન ઉઠાવી જવું એ ગુનો ગણાય, પણ સરકારી ખાતું આમ કરે ત્યારે કાયદેસરની કાર્યવાહી ગણાય છે. એટલે હું સ્કૂટર ચલાવી રહ્યો હોઉં ને અપહરણકર્તાઓની ગાડી નજરે પડે તો હું એટલો બધો ભયભીત થઈ જાઉં છું કે સ્કૂટરનું બૅલેન્સ જાળવવાનું ખૂબ અઘરું થઈ પડે છે. આવા અપહરણમાંથી મારા સ્કૂટરને ઉગારવા જતાં જે આપત્તિ થઈ એની કથા જાણવા-માણવા જેવી છે એટલે લખ્યા વગર રહી શકતો નથી.

અમદાવાદમાં 'મીઠાખળી છ રસ્તા' નામનો વિસ્તાર છે. આ છ રસ્તામાંના એક રસ્તા પર કૉર્પોરેટ ક્ષેત્રની એક બૅન્ક આવેલી છે. આ બૅન્કમાં મારે ઓછામાં ઓછું મહિને એક વાર જવાનું થતું હતું -- ડિપૉઝિટ મૂકવા માટે નહિ, બૅન્કમાંથી લીધેલી લોનનો હપતો ભરવા માટે. એક દિવસ લોનનો હપતો ભરવા જઈ રહ્યો હતો. તમે બાળકોને નિશાળે જતાં ને નિશાળેથી છૂટતાં જોયાં છે? નિશાળના દરવાજામાં પ્રવેશે

ત્યારે પડી ગયેલાં મોઢે ને ઘસડાતા પગે પ્રવેશે પણ છૂટતી વખતે દરવાજામાંથી નીકળે ત્યારે હર્ષોલ્લાસથી કિકિયારીઓ કરતાં નીકળે. એ જ રીતે મારે જ્યારે લોનનો ચેક લેવા બૅન્કમાં જવાનું હોય છે ત્યારે મારું હૃદય ભારે ઉત્સાહમાં હોય છે, સ્કૂટરની સ્પીડ અમથી-અમથી વધી જાય છે, પરંતુ લોનનો હપતો ભરવા બૅન્કમાં જવાનું થાય છે ત્યારે મારો ઉત્સાહ એકદમ મંદ પડી જાય છે. હૃદય વિષાદનો અનુભવ કરે છે. સ્કૂટર અમથું-અમથું ધીમું પડી જાય છે. હું જાણું છું કે બૅન્કોની લોનના હપતા ન ભરીએ તો ચાલે, ઓછામાં ઓછું નિયમિત ન ભરીએ એટલું તો ચાલે જ એવું માનનારો મોટો વર્ગ આપણે ત્યાં છે. મને પણ આ પ્રમાણે માનવાનું અને એ માન્યતા પ્રમાણે આચરણ કરવાનું ગમે. પરંતુ આ માટે જે હિંમત જોઈએ એ 'હિંમત' નામધારી વ્યક્તિનો ભાઈ હોવા છતાં મારામાં નથી એટલે લોનના હપતા ભલે કચવાતા જીવે પણ હું નિયમિત ભરું છું. તે દિવસે આ રીતે ખિન્ન હૃદયે લોનનો હપતો ભરવા જઈ રહ્યો હતો, ત્યાં દૂરથી મેં સ્કૂટર અપહરણકર્તાઓની ગાડી જોઈ. બહુ ઉત્સાહથી સ્કૂટરોને અપહરણ-ગાડીમાં નખાતાં જોયાં. એક ભાઈ પોતાનું સ્કૂટર પાછું મેળવવા કાલાવાલા કરી રહ્યા હતા. મારી નબળી આંખે પણ મને આ બધું સ્પષ્ટ દેખાયું.

બૅન્ક પાસે સ્કૂટર ઊભું રાખવાને બદલે હું આગળ છ રસ્તા પર લઈ ગયો. હું એટલો બધો ગભરાઈ ગયો હતો કે મને થયું કે સ્કૂટર ધીમું પણ પાડીશ તો આ લોકો મને પણ સ્કૂટર સહિત અપહરણ-ગાડીમાં ચડાવી દેશે! છ રસ્તા સુધી તો પહોંચી ગયો, પણ ત્યાં ટ્રાફિક એટલો બધો હતો કે આમ જાઉં કે તેમ જાઉં - એવું વિચારવાનો વખત નહોતો. એક ફિલ્મી ગીતમાં નાયક ગાય છે કે 'જિસ ગલી મેં તેરા ઘર ન હો બાલમા, ઈસ ગલી મેં હમે પાંવ રખના નહિ' મારી મનઃસ્થિતિ એથી ઊલટી હતી : 'જિસ ગલી મેં તેરી ગાડી ખડી હો મહેરબાં, ઉસ ગલી મેં હમેં સ્કૂટર રખના નહિ.' છમાંની એક ગલીમાં સ્કૂટર વાળીને દૂર-દૂર લઈ ગયો, ત્યાં એક ખાંચો જોયો. એ ખાંચામાં કેટલાંક સ્કૂટરો પડેલાં મેં જોયાં. મેં ત્યાં સ્કૂટર પાર્ક કરી દીધું. તાપ એટલો બધો હતો કે ઘડીક તો અહીં હું શા માટે આવ્યો છું ને મારે ક્યાં જવાનું છે તેવા સામાન્ય રીતે તત્ત્વજ્ઞાનીઓને થાય તેવા, પ્રશ્નો મને થવા માંડ્યા.

મેં તાપથી રક્ષણ મેળવવા માથા પર ટોપી ધારણ કરી હતી. આ કારણે તાપ ઓછો આવતો હતો, પણ વિચારો બિલકુલ આવતા નહોતા. સ્કૂટર પાસે જ સ્થિર થઈને હું થોડી વાર ઊભો રહ્યો. આખરે મને યાદ આવ્યું કે હું બૅન્કની લોનનો હપતો ભરવા નીકળ્યો છું. હું ખાંચાના છેડા પર આવ્યો. ત્યાં એક ખાલી રિક્ષા જોઈ, તાપથી હું એટલો બધો અકળાઈ ગયો હતો કે બૅન્ક બહુ દૂર નહોતી તોય મેં રિક્ષા ઊભી રખાવી અને એમાં હું બેસી ગયો અને એ રીતે બૅન્કમાં પહોંચ્યો.

લોનના હપતાનો ચેક ભરવા મેં સ્લિપ મેળવી. સ્લિપમાં ડિપૉઝિટરનો રસીદ નંબર ભરવાનો આવ્યો. રસીદનંબરવાળી પાવતી તો સ્કૂટરની ડીકીમાં રહી ગઈ હતી! હવે? હું દર મહિને લોનનો હપતો ભરવા આવતો હતો એટલે કાઉન્ટર પરના અધિકારી મને એક પ્રામાણિક દેણદાર તરીકે દીઠે ઓળખતા હતા. મેં એમને રસીદનંબર જોઈ આપવા વિનંતી કરી. એમણે મારું નામ પૂછ્યું - મેં 'રતિલાલ બોરીસાગર' કહ્યું. એમણે કમ્પ્યૂટરની કળો દબાવી, બે-ત્રણ વાર દબાવી -- પછી કહે, 'નામ ખોટું લાગે છે.' જે નામ મને જન્મ પછી તરત મળ્યું હતું, જે નામથી મેં મારું ભણતર પૂરું કર્યું હતું, લગ્નની કંકોતરીમાં જે નામ છપાવીને મેં લગ્ન કર્યાં હતાં, જે નામથી એકતાળીસ વરસ નોકરી કરી હતી - એ નામ ખોટું છે, એવું જિંદગીના ઉત્તરાર્ધમાં સાંભળીને ઘડીભર તો હું ડઘાઈ ગયો. મેં નમ્રતાથી કહ્યું, 'હું બહુ બધું ભૂલી જાઉં છું તે સાચું છે, પણ મારું પોતાનું નામ ભૂલી જાઉં એટલો સ્મૃતિભ્રંશ હજુ નથી થયો.'

'એમ નહિ. આને બદલે બીજા કોઈ નામે ડિપૉઝિટ હશે.' અધિકારીએ કહ્યું.

'મારે નામે પણ આટલી ડિપૉઝિટ માંડ મૂકી શક્યો છું. બીજાને નામે ડિપૉઝિટ મૂકી શકું એવો સમૃદ્ધ હું ક્યારેય હતો નહિ ને લાગે છે કે હઈશ પણ નહિ.'

'તમે રતિલાલ પછી શું કહ્યું હતું?'

'બોરીસાગર.'

'બોરીસાગર શું છે?'

'અટક છે.' - મારા આ જવાબ પછી અધિકારીએ ફરી કમ્પ્યૂટરની કળો દબાવી. રસીદનંબર મળ્યો. આ રસીદનંબર મળતાં અધિકારીએ કહ્યું, 'તમારે અટક પહેલાં બોલવી જોઈતી હતી.'

'હવે લોનનો હપતો ભરવા આવીશ ત્યારે એમ કરીશ.' મેં કહ્યું.

'ના, હવે આવો ત્યારે નંબર ઘેરથી લખીને જ લાવજો.'

'ઓ.કે.' મેં કહ્યું.

'બૅન્કમાંથી નીકળી હું ચાલતો-ચાલતો ફરી મીઠાખળી છ રસ્તા પર આવ્યો, પણ હવે જ ખરી સમસ્યા ઊભી થઈ. આ બૅન્કના રસ્તા સિવાય બીજા પાંચ રસ્તા હતા. આ પાંચમાંથી કયા રસ્તે જઈને મેં કોઈ ખાંચામાં સ્કૂટર પાર્ક કર્યું હતું, તે યાદ કરવાનો મેં પ્રયત્ન કર્યો, પણ કશું યાદ આવ્યું નહિ. હું સ્કૂટર લાવ્યો હતો કે નહિ, એ જ યાદ કરતાં ઘણી મુશ્કેલી પડી. 'ટૅક્સી-ડ્રાઇવર' નામની જૂની ફિલ્મમાં ફિલ્મનો હીરો દેવ આનંદ એક ગીત ગાય છે. તલત મહમૂદના મખમલી કંઠથી એ ગીત ગવાયું છે. 'જાયેં તો જાયેં કહાં?' મને પણ આવો જ પ્રશ્ન થવા માંડ્યો. ક્યાં જાઉં? કયા રસ્તે જાઉં? અત્યારે મારા હૃદયમાં જે દર્દ છે તે પાર્કિંગના આયોજનની

જેની પાસે સત્તા છે કે સ્કૂટરનું અપહરણ કરી જવાની જેમની સત્તા છે તે સમજશે? કોણ સમજે? શા માટે સમજે?

છ રસ્તા પર આમ હું મનોમંથન કરતો ઊભો હતો, ત્યાં એક રિક્ષા મારી પાસે ઊભી રહી. રિક્ષાવાળા ભાઈએ પૂછ્યું, 'અરે સાહેબ, હજુ અહીં છો? સ્કૂટર નથી લઈ આવ્યા?' મેં જોયું કે સ્કૂટર મૂકીને હું જે ખાંચા પાસેથી રિક્ષામાં બેસીને બૅન્ક પાસે આવ્યો હતો એ જ આ રિક્ષા હતી! ચમત્કારો આજેય બને છે! સાક્ષાત્ પ્રભુ ગરુડ પર બેસીને મારી સમસ્યા હલ કરવા આવ્યા હોય એવો આનંદ મને થયો. મેં પૂછ્યું, 'જે ખાંચા પાસેથી હું તમારી રિક્ષામાં બેઠો હતો તે ખાંચા સુધી તમે મને લઈ જઈ શકો? એ ખાંચો અહીંથી તમને જડે?'

'હા-હા કેમ નહિ? હું આંખો મીંચીને રિક્ષા ચલાવું તોય ખાંચો જડી જાય.' રિક્ષાવાળા ભાઈએ કહ્યું. આંખો મીંચીને રિક્ષા ચલાવવાની એમની વાતથી હું થોડો ગભરાયો. પણ પછી સમજ્યો કે એ સાહિત્યની ભાષામાં બોલ્યા હતા. હું રિક્ષામાં બેઠો. થોડી જ વારમાં રિક્ષાવાળા ભાઈ મને પેલા ખાંચા પર લઈ આવ્યા, એટલું જ નહિ, રિક્ષા ખાંચામાં વાળીને બરાબર મારા સ્કૂટર પાસે જ ઊભી રાખી!

['અમથું અમથું કેમ ન હસિયે!'] ■

કંકોતરીઓ વહેંચવાની સેવા

☐ નિરંજન ત્રિવેદી

લાલ રંગ ભયસૂચક ગણવામાં આવે છે. છતાં કંકોતરીઓ લાલ રંગમાં છપાય છે. (કે... પછી એટલા માટે જ કંકોતરીઓ લાલ રંગમાં છપાય છે!) ચેતવણીસૂચક લાલ રંગમાં છપાતી કંકોતરીની ચેતવણી તરફ મનુષ્યો લક્ષ્ય નથી આપતા, પછી ઈશ્વર શું કરે?

કૉલેજકાળ દરમિયાન મને લગ્નપ્રસંગોએ કંકોતરી વહેંચવાનું કામ સોંપાતું, ફિક્સ! જેમ ન્યાતની મિટિંગોમાં પ્રમુખ ફિક્સ હોય છે તેમ અમારા કુટુંબ, સગાંવહાલાં, મિત્રમંડળના લગ્નપ્રસંગોમાં કંકોતરી વહેંચનાર તરીકે હું રહેતો. એટલે હું દાવા સાથે કહી શકું છું કે અમદાવાદની ભૂગોળનું મને જેટલું જ્ઞાન છે એટલું અમદાવાદના મેયરને નહીં હોય. અમદાવાદની સોસાયટીઓમાં, પોળોમાં, ગલીઓમાં હું જેટલું ઘૂમ્યો છું, શાયદ કોઈ પોસ્ટમૅન ઘૂમ્યો હશે!

લગ્ન કરનાર પાત્રો બદલાતાં, કંકોતરીઓ બદલાતી, કંકોતરીઓનાં કદ, ડિઝાઇનો બદલાતી... ન બદલાવામાં કંકોતરીના છાપકામનો લાલ રંગ અને કંકોતરી વહેંચનાર હું.

મને એ દિવસ યાદ આવે છે... મારા હાથમાં મુકાયેલા પ્રથમ થોકડાની પ્રથમ કંકોતરી ઉપર મારી નજર પડી. નામ હતું પુરીબહેન. ફક્ત પુરીબહેન, બીજું કશું નહીં અને સરનામું હતું - આઝાદ સોસાયટી.

એ વખતમાં વડીલોની ધાક વધારે હતી. વળી સ્વભાવે હું મહાભારતના પાત્ર જેવો. 'જી પિતાજી, જી પિતામહ... જૈસી આપકી આજ્ઞા...!' એવું બધું આપણા લોહીમાં, એટલે બીતાં-બીતાં વડીલને પૂછ્યું :

'કાકાશ્રી, આમાં ફક્ત પુરીબહેન જ લખ્યું છે...' કાકાશ્રીને એમ લાગ્યું કે હું ઑડિટ કરી રહ્યો છું એટલે ભ્રકુટી તાણી બોલ્યા.

'એટલું તો લખ્યું છે ને!'

'પણ... પણ... એટલાથી કઈ રીતે ખબર પડે?'

'બાકીનું પૂછી લેવાનું... પૂછતો પંડિત થાય.' એમણે સમાપન કરતાં કહી દીધું.

મને પંડિત બનાવવા માટે મારા કાકાનો દીકરો લગ્ન કરવાનું જોખમ લઈ રહ્યો હતો. એથી મારી હિંમત વધી ગઈ અને પુરીબહેન... આઝાદ સોસાયટી... એટલા અક્ષરો સાથે કંકોતરી પહોંચાડવાનું બીડું ઝડપી લીધું.

પહેલાંના વખતમાં ચિત્રકારો રાણીના નખ ઉપરથી આખું રાણીનું ચિત્રાંકન કરી આપતા હતા. એ કથાને પ્રેરણાસ્થાને રાખી હું કંકોતરી વહેંચવા નીકળી પડ્યો. અમદાવાદની આઝાદ હોટેલનાં પૂરીશાક જાણીતાં, પણ આઝાદ સોસાયટીનાં પુરીબહેન એટલાં જાણીતાં ન હતાં. હું પૂરી આઝાદ સોસાયટી ખૂંદી વળ્યો, પણ પુરીબહેનનું ઘર ન મળ્યું.

વૈશાખની અમદાવાદની એ બપોર, પરસેવે રેબઝેબ હું... શર્ટ ભીનું અને ગળું સૂકું... એક બંગલાના કમ્પાઉન્ડમાં ઘરઘાટી કપડાં ધોતો હતો. એને મેં પુરીબહેન વિશે પૂછ્યું. એને પુરીબહેનની તો ખબર ન હતી, પણ આ આઝાદ સોસાયટી છે એ મેં એને કહ્યું ત્યારે એને ખબર પડી.

અમારા સંવાદો સાંભળી મકાનમાલિક બહાર આવ્યા.

'રામા સાથે શું માથાઝીંક કરો છો?' એણે પૂછવા માંડ્યું.

'તમારા રામાને એ પણ ખબર નથી કે આ વિસ્તાર આઝાદ સોસાયટી છે?'

'અમારે એનું ભૂગોળનું ટ્યૂશન નથી રાખવાનું, ચાલવા માંડો...'

'મેં ચાલવા માંડ્યું... સાઇકલ લઈને.

આગળ એક બંગલામાં લીમડાના ઝાડ નીચે એક ભાઈ ખુરશી નાખી પુસ્તક વાંચતા બેઠા હતા. મને લાગ્યું આ કોઈ સારો માણસ લાગે છે. મને પુસ્તક વાંચતો માણસ સારો જ લાગે છે. ભલે ખરીદીને ન વાંચતો હોય... માગીને લાવેલું પુસ્તક વાંચતો હોય... પાછું ન આપવાની દાનતથી લાવીને પુસ્તક વાંચતો હોય તો પણ મને પુસ્તક વાંચતો માણસ ગમે જ છે. મેં એને પૂછ્યું.

'પુરીબહેન... ક્યાં રહે છે તે બતાવી શકશો?'

મને પુસ્તક વાંચતા માણસ ગમે છે, પણ એ માણસને પુસ્તક વાંચવામાં ખલેલ પાડતા માણસો નહીં ગમતા હોય એમ એના ચહેરાના ભાવ જોતાં લાગ્યું. કંટાળાભર્યા અવાજે તેણે પૂછ્યું,

'પુરીબહેન એટલે? બાપનું નામ નથી?'

'બાપા તો મરી ગયા છે...' મેં ગબડાવ્યું.

'આવું જુનવાણી નામ રાખનાર બાપ તો ગુજરી જ ગયા હોય ને! પણ નામ તો મૂકી ગયા હશે ને!'

મેં પુરીબહેનના પિતાના નામ વિશેનું અજ્ઞાન જાહેર કર્યું.

'અચ્છા બંગલા નંબર શું છે?'

'બંગલા નંબર તો ખબર નથી...'

'તમારું પોતાનું ઘર ક્યાં છે એ ખબર છે?'

'સવારે હું નીકળ્યો ત્યારે રાયપુરમાં હતું...!'

'તો ત્યાં સીધા પોંચી જાવ... આમ કંકોતરી વહેંચવા ન નીકળાય...'

પુરીબહેન તો ન મળ્યાં... પણ ટાંટિયાની 'કઢી' થઈ. આખો દિવસ રખડ્યો.

કંકોતરીની બીજી એક ખેપમાં પોળની કંકોતરી હતી. પૂંજાભાઈના નામે. પત્તો ભાઉની પોળ.

દરેક પોળવાળાને પોતાની પોળ વિશે ભારે ગૌરવ-અભિમાન હોય છે. એક 'ભાઉની પોળીયન'ને મેં પૂંજાભાઈ વિશે પૂછ્યું.

'ભાઉની પોળ ખરી પણ ખાંચો કયો?' એણે સામે પૂછ્યું.

'એ તો ખબર નથી...'

'મિસ્ટર આ ભાઉની પોળ છે... કોકડિયાની પોળ નથી, અહીંયાં ખાંચાનું નામ આપવું પડે...' 'ભાઉની પોળ' શબ્દ ઉપર એકદમ ભાર આપી... અને કોકડિયાની પોળ શબ્દ ઉપહાસ કરતો હોય તે રીતે એ ભાઉનો પોળીયન બોલ્યો.

સવારે એણે મને કદાચ કોકડિયાની પોળમાં કંકોતરી વહેંચતા જોયો હશે.

'મિસ્ટર... આ ભાઉની પોળ કોઈ નાનીઅમથી નથી, સમજ્યા?'

'મને કહેવામાં આવેલું કે નાનું છોકરું પણ પૂંજાભાઈનું ઘર પૂછશો તો બતાવશે.'

પેલાએ તરત બરફનો ગોળો ચૂસતા એક-બે વર્ષના છોકરાને પૂછ્યું 'અલ્યા ભકલા, પૂંજાભાઈનું ઘર ક્યાં આવ્યું?'

ભકલાએ તરત ભેંકડો તાણ્યો. એને થયું હશે કે બરફનો ગોળો લઈ લેવાની વાત થતી લાગે છે.

'બોલો બીજા કોઈ નાના છોકરાને પૂછવું છે?'

મારો કરુણ રકાસ થયો. અમદાવાદની પોળોની એ ગલીકૂંચીઓમાં કંકોતરીઓની ખેપમાં હું ઘણું ઘૂમ્યો છું.

એકવાર તો કંકોતરી વહેંચતાં થેલીના કારણે કમઠાણ થઈ ગયું.

થેલી વિશે તો તમે જાણતા જ હશો. થેલીઓ વેચનાર દુકાન બહાર ચોક્કસ પ્રકારના પટ્ટાવાળી થેલીઓ વેચતા જ હોય છે. જે લગભગ દરેક દુકાનમાં વેચાતી હોય છે. એટલે એક સરખી થેલીઓ તમને ઘણાં ઘરોમાં જોવા મળશે.

હું એવી એક પટ્ટાવાળી થેલીમાં કંકોતરીઓ લઈ વહેંચવા નીકળ્યો.

ઘણી જગ્યાએ ચા-પાણીનો આગ્રહ થાય. એક પ્રોફેસરને ત્યાં કંકોતરી આપવા ગયો. એમણે ચા માટે પૂછ્યું 'રશ્મ ભી... ઔર મૌકા' બંને હતા. ચાનો સમય પણ હતો, પૂરતો આગ્રહ પણ હતો. એટલે બે વાર ના કહીને હા પાડી દીધી. સોફામાં ચા પીવા ગોઠવાયો. ચા પીધા પછી બાજુમાં પડેલી થેલી ઉપાડી ચાલવા માંડ્યું, બાકીની કંકોતરી કાલે વહેંચીશ એમ નક્કી કરી ઘેર ગયો. ત્યારે ખબર પડી કે પ્રોફેસરના ઘરમાં મેં 'પ્રોફેસરકૃત્ય' કર્યું હતું. એમના ઘરમાં પણ પ્રચલિત એવી પટ્ટાવાળી થેલી પડી હતી જે મેં ઉઠાવી લીધી હતી અને કંકોતરીની થેલી ત્યાં મૂકી આવ્યો હતો. ઘેર પહોંચીને મેં જોયું તો થેલીમાં કંકોતરીને બદલે રીંગણાં હતાં. સત્યનારાયણની કથામાં સાધુ વાણિયાની ધન-દોલતની જગ્યાએ ઘાસ-પાંદડાં થઈ ગયાં હતાં. એવો બનાવ મને લાગ્યો. પછી ખ્યાલ આવ્યો કે પ્રોફેસરના ઘરનાં રીંગણાં આપણે ત્યાં પહોંચી ગયાં છે. ઇત્તેફાકથી કંકોતરી અને રીંગણાંનું વજન સરખું હશે એટલે ઉપાડતી વખતે મને ખ્યાલ નહીં આવ્યો હોય. બીજે દિવસે પ્રોફેસરે કંકોતરીઓ પાછી મોકલી આપી અને કહેવડાવ્યું રીંગણાં પાછાં ન મોકલતાં. શાક કરી નાખજો.

અમે રીંગણાંનું શાક કરી નાખ્યું. પ્રોફેસર કંકોતરીનું શાક કરી શકે તેમ ન હતા એટલે એ પાછી આવી... આ બનાવ મારા કટુંબમાં, વર્તુળમાં બધે અતિપ્રસિદ્ધ છે. દરેક વખતે મીઠું-મરચું ભભરાવી મારા સ્નેહીજનો તેનું બયાન કરતા રહે છે.

['સરવાળે ભાગાકાર'માંથી]

(તા. ૨૪ ફેબ્રુઆરીના રોજ શ્રી નિરંજન ત્રિવેદીનું અવસાન થયું) ■

કા વ્ય ધા રા

મન તું

☐ રઘુવીર ચૌધરી

મન તું ઉફરું ચાલે કેમ?
સમય નદી છે સૂકી, તરતું હવા તરે છે તેમ.

સરવર જલની લહર બને તું
તરુવર તલ લઈ જાય મને તું.
નાગદેવના ગુપ્ત નિવાસે વસે કેમ ચરુ જેમ?

ગગન-વક્ષ પર જ્યોત નિરાલી,
શિવ-શરણે ગિરિરાજ કુમારી,
ત્રીજા નેત્રની માગ પ્રસાદી દઈને નિર્મલ પ્રેમ.

વૃંદાવનની રમણરેતમાં
ગોપ-ગાયના સહજ હેતમાં
તરણાં ને તારકની નજરે જો જગ લાગે હેમ!

કાવ્યધારા ચિત્રો : સવજી છાયા

ખંડેર સરખા ખોળિયે ક્યાં સુધી રહેશો, સૂબાજી!

☐ ચંદ્રકાન્ત શેઠ

ખંડેર સરખા ખોળિયે
ક્યાં સુધી રહેશો સૂબાજી, ક્યાં સુધી?
ઝાંખરાવાળી સૂકી બંજર જમીન,
સરહદો જેની ઘણી બિસ્માર ને બીમાર,
ત્યાં રહીને, ત્યાં કરીને રાજ,
શું તમારે સાધવાનું-પામવાનું છે હજુ બાકી?

પરિવારની - સંસારની જંજાળમાં
ક્યાં સુધી રહેશો તમે અટવાયલા?
કેવો તમારી બ્હાર ને અંદર
ગાઢ છે ઘેરાવ વાયુનો પ્રદૂષિત!

શ્વાસને નડતા સતત નિઃશ્વાસ;
પ્રાસમાંયે ના પમાતું 'હાશ'!
બંધિયાર કરતો ભાર ફંગોળી, સૂબાજી,
નીકળી આવો હવે તો બ્હાર.
ક્યારનુંયે રાહ જોતું બારણે આવી ખડું આકાશ!

સ્વચ્છ જો ના છે હવા તો
સ્વચ્છ ક્યાં છે મન અને માટી?
આંખના જળમાંય ક્યાં છે તાજગીનું તેજ?
થાક જર્જરતાનો પજવે પંડને.

ખોળિયાના ખોરડે જે જીવતી ભઠ્ઠી,
તે એ રીતે ઠરતી રહી છે કે
હૂંફ પણ પૂરતી હવે નહીં દઈ શકે.
અકળ કો આઘાત-પ્રત્યાઘાતથી
પાયમાંથી શો પ્રકંપિત થાય કોઠો પંડનો કે
મૂળિયાં અસ્તિત્વનાં સૌ હચમચે!

ઝંખવાતી દીવડાની આંખ :
પિંજરામાં પંખીની પછડાય પામર પાંખ.

ના સમય આ ટહુકવાનો,
આ સમય તો ઊપડવાનો.

હે સૂબાજી,
સમજી સમયનો મર્મ,
દો તજી, જે કૈં અનુભવથી જણાયું વર્જ્ય.

આંખમાં નહીં આંખ જાણે!
ના રહી દૃષ્ટિ, નહીં દર્શન.
કાનમાં નહીં કાન જાણે!
સૂર ના કે શબ્દ ના,
મૌનનું કેવળ શ્રવણ.
તાપથી-સંતાપથી તરડાયેલી જાણે ત્વચા!
ના હવે મારે શિખર ટકશે ધજા.
હાથમાં નહીં હાથ જાણે
પગ મહીં નહીં પગ,
જીભમાં નહીં જીભ જાણે!
સ્વાદ ના કે સાદ ના
શૂન્યના તાળે બધું શું બંધ?

નીર કૂવામાં નહીં,
તોય અહીંયાં ક્યાં સુધી છે ચાલવાનો રેંટ?

થાય પડદા પ્રાણના ફડફડ :
થાય પંડનાં બારીબારણાં થડથડ.
ક્યાં કૈં જોડાય એવા ના બચ્યા સંજોગ,
ખખડતાં ખૂટી-ખરીને તૂટવાના યોગ!
હે સૂબાજી,
સાબધા ને સજ્જ રહેજો;
કો ગમે ત્યારે તમોને તેડવા આવી શકે!

હે પુનિત પ્રેમ...

☐ વિનોદ જોશી

હે પુનિત પ્રેમ પરબ્રહ્મ યોગી રસરાજ,
તવ વિમલ સ્પર્શ થકી મુદિત ચિત્ત મમ આજ...

ધર મુકુલમાલ કર બિંદુ ભાલ રગ રગ ગુલાલ હે નાથ,
ભવરણ અજાણ મહીં કરું પ્રયાણ લઈ તવ સુચારુ સંગાથ;

આ સકલ સ્પંદ અવ અધીર અર્ચના કાજ...

અવસર પ્રફુલ્લ પુલકિત નિકુંજ ઝળહળત પુંજ ચોપાસ,
અવિરત લસંત ભરપૂર વસંત અંતર રમંત મૃદુ હાસ;

તું અકળ સૂર અવકાશ એ જ તવ સાજ...

કવિતા

☐ દલપત પઢિયાર

કવિતા છે કવિતા, કંકોતરી, એમ કંઈ લખાતી નથી!
ઋતુઓની રમણા, આપણી રૂખમાં, એમ કંઈ રોકી રખાતી નથી;

હોય કૂવો તો ગોડીએ, વીરડા હોય તો ગાળીએ;
જળની કોતરણીમાં ના'તી વાવને, કહો કેમ કંડારીએ?
નદી છે નદી, નીજ વટની નવા પટની :
નાહક, એમ કંઈ, નવેરે નખાતી નથી...!

શબ્દસ્વયંવર હેલી, હંસો કમળ વિષે કેલી કરે;
સમદર વિષે સ્વાંત્યુ ઠરે, ગગને નવલખ તારા સોમ ઝરે,
અનરાધાર વર્ષણ, શું વખાણું સાયબા?
વરસાદ નૈ વાછંટ પણ એૅં, એમ કંઈ, વખાતી નથી!
છાંદસ શું અછાંદસ શું? શું ગઝલ શું ગીત?
કવિતા એ જ એક જયવારો બસ, ઓર સબ જૂઠી બૂંઠી રીત!
મંડપ બાવન બહારનો, વીરા!
ટૂંકે પને ટોચની વસ્તુ, એમ કંઈ, ચખાતી નથી...!

ગઝલ : તૈયારી રાખી તો છે ને?

☐ ડૉ. ભરત ગોહેલ

દી ઢળશે થાશે અંધારું, તૈયારી રાખી તો છે ને?
આવી પ્હોંચે જો પરબારું, તૈયારી રાખી તો છે ને?

જીવનભર ખાંડાં ખખડાવ્યાં, શત્રુ મળ્યા બંધૂકધારી,
કામ ન આવે ત્યાં તલવારું, તૈયારી રાખી તો છે ને?

રાય હશો કે રંક તમે, એ જાત ઉપર તો જાવાનું છે;
ભાગ્ય કદી થાશે ભમરાળું, તૈયારી રાખી તો છે ને?

કાંધે બેસી જાવાનું તો સહેલું છે, ને સૌ જાયે છે,
જાવાનું થાયે પગપાળું, તૈયારી રાખી તો છે ને?

વ્યાસાસન પર બેસી તો ગ્યા, પણ આ દેશ ઘુવડનો છે હોં,
માંગી બેસે જો અજવાળું, તૈયારી રાખી તો છે ને?

બોલાવો તો એ તો આવે; આવે ત્યારે ચૂપ રહેવાશે?
શબ્દ સ્વભાવે છે શરમાળું, તૈયારી રાખી તો છે ને?

અરજીના ઉત્તરમાં કો' દી, બોલાવે મળવા ક્યાં જાશો?
એનું થાણું બાવનબારું, તૈયારી રાખી તો છે ને?

ઘોર તપસ્યામાં રસ બાળી, શોધે છે એ ચીંધી તો દઉં,
કિન્તુ રૂપ હશે નખરાળું, તૈયારી રાખી તો છે ને?

એની સાથે રહેવા કાયમ ઉત્સુક છે, તો વાત કરી દઉં -
ભ્રમણ કરે છે એક જ ધારું, તૈયારી રાખી તો છે ને?

ઉચ્ચક વાત મભમમાં કીધી, અર્થ ઊઘડશે હળવે હળવે,
ઇજન આપ્યું છે મર્માળું, તૈયારી રાખી તો છે ને?



ગીત

☐ **હરીશ મીનાશ્રુ**

એક એક ટીપાને પ્રીતિમાં પોરવીને
સહિયારો ગૂંથ્યો વરસાદ રે
વીજળીને ઝબકારે મોતી પરોવ્યાનું
રૂપક ઘડાયું એની બાદ રે

નકરો અષાઢ બની ગોરંભે માઢ અને મેડી તે શ્રાવણની શેહમાં
મેઘ અને માટીનાં કામણ વરતાય હવે ભીને તે વાન બે ય દેહમાં

બન્નેની આંખોમાં પડઘા પડે જ્યાં
જળ વિરહીની જેમ પાડે સાદ રે
ખાંગા થઈને બેઉ તરસે- વરસે તો હવે
કોણ કરે કોની ફરિયાદ રે

માટીમાં મજ્જામાં ઝળાંહળાં જળ રમે સગપણ સુગંધ બની સેજમાં
અડકો ત્યાં મેઘધનુ ચીતરાઈ જાય હવે આંગળીના અણસારે સ્હેજમાં

વહી ચાલ્યો થૈ થૈ થઈ રેલો મલ્હારનો
ઓરડાનો અનહદ ઉન્માદ રે
રહી રહીને જાગે છે મોરલાની ગ્હેક જેમ
પડખે પોઢેલાની યાદ રે

ગઝલ

☐ કુલદીપ કારિયા

ભેદ સારાસારનો બસ કો'કને પરખાય છે,
માખી વધતી જાય છે, મધમાખી ઘટતી જાય છે.

તૂટે અત્તરની શીશી પણ મહેક ના તૂટે કદી,
કોઈ જ્યારે તૂટે છે ત્યારે વધુ સંધાય છે.

હું છું એ મહેફિલ, વધાવે દાદ આપીને તરત,
મંચથી કોઈ વિરોધી સૂર જો રેલાય છે.

બૉસ આ ઘટનાને લેશે કઈ રીતે? કોને ખબર?
કામ બાજુ પર મૂકીને પુસ્તકો વંચાય છે.

કાયમ એ કહેતા, 'મૂંઝાતો નહીં કદી, બેઠો છું હું.'
એની પાસે જઈને બેસું તો ઊભા થઈ જાય છે.

મંદિરે પણ એવા લહેકામાં એ બોલે પ્રાર્થના,
જેને લાગે છે બધી જગ્યાએ વહીવટ થાય છે.

ગોદડું, સ્વેટર, હરિનું નામ કે આઘાત દે,
ઓઢવા જલ્દી કંઈક આપી દે, ઠંડી વાય છે.

અરીસો

☐ રમણીક સોમેશ્વર

એકવાર
અરીસામાં
પેસી ગયા પછી
બહુ અઘરું હોય છે
બહાર નીકળવું

અટવાઈ જવાય છે
પકડદાવ રમતા
પડછાયાઓ વચ્ચે
ભુલભુલામણીમાં
ભટક્યા કરીએ આપણે
સાવ અજાણ્યા થઈને
અરીસામાં

અને બરાબર એ જ વખતે
ઓરડાની કોઈ ભીંતે ઊભો
અરીસો
ભળી જાય
આપણી અંદર

પછી આપણે
તોડી શકીએ નહીં
પડછાયાને કે
ફોડી શકીએ નહીં
અરીસાને
બહુબહુ તો
શાહીનું ટીપું
ઘાટું કરીને
ઢાંકી રાખીએ
અરીસાનું
પારદર્શક થવું.

ક્યાં ગયો?

☐ ધીરેન્દ્ર મહેતા

ખૂણે પડેલો ડાંડિયો, જાઓ, ઉપાડો, ક્યાં ગયો?
એક સાદ ફરતો મોકલો, એને જગાડો, ક્યાં ગયો?

સળગી હતી જે આગ ઝાઝું ના ટકી વંટોળમાં,
જે શ્વાસમાં રાખ્યો ભરીને એ ધુમાડો ક્યાં ગયો?

ચાલ્યો ગયો ક્યારે વળી કોઈ વળાંકે કાફલો,
શોધ્યા કરે ડમરી અવાચક રાતદા'ડો ક્યાં ગયો?

તો એકદમ આખી હવાની રુખ કેમ બદલાઈ ગઈ,
જો એ નથી તો કો'ક તો બોલો - બતાડો ક્યાં ગયો?

જો, ધોધ જેવો ધોધ દોડી ઝંપલાવે ખીણમાં,
ઊભા રહી એમ જ વિમાસે સ્તબ્ધ પહાડો, ક્યાં ગયો?

લીધા હતા જે શ્વાસ તે પૂરા ગણી પાછા દીધા,
એકાદ ખૂટે કેમ છે, હિસાબ માંડો, ક્યાં ગયો?

ગાંઠ

☐ જવાહર બક્ષી

આપણે
જે દોરીથી બંધાયેલા છીએ
તે
દેખાતી જ નથી
જે દેખાય છે
તે
ગાંઠ
ક્યારે, ક્યાં, કેમ પડી
અકળ.
બંધન
અપરિભાષિત.
સંબંધ
અસીમિત.
ભ્રમ
અગણિત.
વ્યક્ત મધ્ય
ખૂલે
તો
અદૃશ્ય!
આનંદ
અપરંપાર
બંધાવાનો
અને
છૂટવાનો
ગાંઠથી કે શબ્દથી



ગઝલ

☐ **જિગર જોષી 'પ્રેમ'**

બધું ઉછાળીને એ ઝાડ નીચે બેઠો છે
પલાંઠો વાળીને એ ઝાડ નીચે બેઠો છે

દિવસ ને રાત તો સર્જાય ત્યારે ત્યારની વાત
ઉજાસ ચાળીને એ ઝાડ નીચે બેઠો છે

સમયના શ્વેત કિનારેથી એક નદી લાવ્યો
ક્ષણો પખાળીને એ ઝાડ નીચે બેઠો છે

વિખેરી માળા પરોવ્યાં સિતારા નક્ષત્રો
જુદું જ ભાળીને એ ઝાડ નીચે બેઠો છે

પ્રથમ તો સામટા પેટાવ્યા સૂર્ય ચારેતરફ
ઉજાસ ખાળીને એ ઝાડ નીચે બેઠો છે

સમય થયો તો બધું રાખ પણ કરી દીધું,
ને ભસ્મ ટાળીને એ ઝાડ નીચે બેઠો છે

ફ્લાયઓવર...

☐ **ભાગ્યેશ જહા**

ફ્લાયઓવર હોય, એને પાળી એક હોય,
એની ઉપર જો હોય રે પતંગિયું,
સખીરી મારું હોવાનું આસપાસ ધારવાનું,
'મારું હોવાનો' અર્થ સખી.... આંખો

ફ્લાયઓવર લોખંડી, લોક બધા પાખંડી,
શહેર મારું રૂપમતી રાણી...
ઠાઠમાઠ ઠસ્સો ને ગર્વીલો ગુસ્સો,
કો'ક ચોરી 'ગ્યું રાણીની વાણી...
સખીરી મને ઊગી છે પડવાની પાંખો,
'મારું હોવાનો' અર્થ સખી.... આંખો....

ચાંચ થકી ઊડવાનું, પાંખ થકી પડવાનું,
કાન થકી ગાવાનું, આંખ થકી અડવાનું,
માળાને માળ હોય, ભાષામાં ગાળ હોય,
મને આવો અવતાર લાગે ઝાંખો,
મારું હોવાનો અર્થ સખી આંખો...

રાણીના હસવામાં લોખંડી કોમળતા,
અક્ષરમાં સાપ જાણે સ્વર્ગેથી સળવળતા,
શાપ દેવા આવેલા મુનિ મૂંઝાય,
રાણીની આંખોમાં દરિયા ઊભરાય,
હવે ફ્લાયઓવર માંગે છે પાંખો,
મારું હોવાનો અર્થ સખી આંખો...



શબ્દની સાખે

☐ નયના જાની

શબ્દની સાખે સહજ મોસમ, સુહાની આ સફર
તું અને હું, શું ખુશી, શું ગમ, સુહાની આ સફર.

કૈંક ઝંઝાવાતમાં અણનમ, સુહાની આ સફર
આફતો ક્યાં હોય છે કાયમ, સુહાની આ સફર.

ના કશી ભ્રમણા, ન કોઈ ભ્રમ, સુહાની આ સફર
દિવ્યની સાથે સતત સંગમ, સુહાની આ સફર.

આમ તો પડકારને પડકારવાની જીદ અને
ક્ષણક્ષણે કેવાં સરસ જોખમ, સુહાની આ સફર.

જોઈ લેને, ઝાંક, શી જાહોજલાલી ઝળહળે
ના જુએ, સાજન, તો મારા સમ, સુહાની આ સફર.

છે સફર આ જન્મ કે જન્માન્તરોની જાતરા?
એક સરિતા બસ વહે રમઝમ, સુહાની આ સફર.

હવે

☐ રાજેન્દ્ર શુક્લ

હવે શબ્દ સાથેનું અંતર
ઘટતું જાય છે.
હવે જ શબ્દ સાથેનો આત્મભાવ
વધતો જાય છે.
શબ્દની સહાયથી જ
મારા કોઈક અર્થને
યથાસંભવ પ્રગટાવવો હતો,
હવે પ્રત્યેક શબ્દ પોતે જ
પોતાને પ્રગટ કરે છે.

શબ્દમાત્રનો મૂળ અર્થ
એક જ હોય છે,
મારો પણ મૂળ અર્થ
એક જ હોય છે.

બેયનાં યુગપદ્ પ્રાગટ્યની ક્ષણ,
એનું અને મારું ગંતવ્ય
એક જ હોય છે-
પરમ મૌન!

ગઝલ

☐ અનિલ ચાવડા

રહે તું આટલો નારાજ કાં ભગવાન મારાથી?
હલાવાયું છે તારી મરજી વિના પાન મારાથી?

થયો છું એમ વારંવાર હું હડધૂત જ્યાં-ત્યાંથી,
હવે લાગે છે ખુદ અપમાનને અપમાન મારાથી.

પડ્યો છું મૂળ સાચવવામાં ઓ ડાળી ક્ષમા કરજે,
નથી ફૂલો ઉપર આપી શકાતું ધ્યાન મારાથી!

કર્યું છે શ્વાસમાં દેવાળું, ધંધો ચાલુ છે તો પણ,
ખબર છે, બંધ થાય એવી નથી દુકાન મારાથી

તમે પાવન નદી છો એક, ને હું તો... જવા દો વાત,
નસીબ એવાં નથી કે થાય ગંગાસ્નાન મારાથી.

અરે મારા સુગંધિત મિત્ર આઘો કેમ ભાગે છે?
થવાયું છે તને ભ્હેકાવતાં વેરાન મારાથી!

સ્મરણ ઠલવાય છે દિનરાત હૈયાનાં ખળામાં ખૂબ
નથી સ્હેજેય ઊપણાતું હવે આ ધાન મારાથી.

કાવ્યો

☐ વિપાશા

જીવન મરું મરું કરે
હું જીવું જીવું કરું
જોઈએ, કોનું ધાર્યું પૂરું થાય છે?
***
મરણને મઝા આવી ગઈ
મારી જોડે રમઝટ કરવાની,
રમ્યા જ કરે છે,
મારી જોડે,
પોતાને ભૂલી.
***
જીવન હારી બેઠું
ચલ એને મનાવીએ.

જીવવા માટે

☐ દિલીપ ઝવેરી

જીવવા માટે હિંમત રાખવાની
અને સાવધ રહેવાનું

કાસમભાઈની વીજળી મધદરિયે હોય
અને મોજાં ઘાંઘાં થાય અને લંગર ફંગોળાતાં હોય
અને કૂવાથંભના કટકા અને બાંડું તૂટ્યું સુકાન
અને તમને પાણી ઠલવાતાં અને ઊભરાતાં રીતસર દેખાય
ત્યારે બધુંય ડૂબે એ ટાણે હિંમત રાખી અડીખમ સાવધ રહેવાનું

ખડતલ ખેડૂતની જેમ છાતી તાણીને
બળતા ખળાની મોઢે ઊભીને એક પણ હરફ બોલ્યા વિના

ક્યારેક ધરતીકંપ થાય
ત્યારે મકાનો-દુકાનો-કારખાનાં-ચોકરસ્તા અને ઝાડ સુધ્ધાં
ઓઝલ થઈ જાય
ફળિયે રમતાં છોકરાં ઑફિસમાં બેઠેલા માણસ ઝોળી સંભાળતા ડોસા
ઇસ્પિતાલમાં સુવાવડીઓ
છેકાઈ જાય
ધૂળપાણીધુમાડા એકભેળાં થાય
પણ
હોશ વશમાં રાખી ઠેઠ પાતાળે પોગી જવાનું
કોઈ નામઠેકાણું પૂછવાનું નથી
પૂછનારું કોઈ બચવાનું નથી
થાણામાં દંડો ઝાલી ફાંદિયા પાડા જેવું ભાંભરતા જાડા ભમરાળા
મોતની સામે મૂંગા રહેવાનું
સાવધાની અને હિંમત જોખીને

આખરે જાળવી રાખેલી મરણની ચિઠ્ઠી જ છે જીવ્યાની સાબિતી

ઓ, શબ્દ!

☐ પ્રવીણ દરજી

શબ્દ, જરા થોભ,
તું હુક્કાબારના હુક્કાનો ધુમાડો નથી
નથી તું વિદૂષકના મુખનું રસીલું પાન
સાવધ થવા જેવું છે
સમય કૂટ છે, અફીણી છે
કૂદંકૂદા કરવા જેવું નથી
ધૂંધળું ક્યારેક ધૂંધળું નયે હોય
સાફ ક્યારેક સાફ ન પણ હોય
સાચ તૂટે, કાચ જીતે એવું પણ બને
વિનિશ્ચય કર
ઉતાવળ નહીં, ભોળપણ નહીં
તું જલસાનું પાત્ર નથી, વાજિંત્ર પણ નહીં
બત્રીશ પૂતળીઓના ખેલની
શણગારાયેલી પૂતળી પણ નહીં
તારું જન્મવાનું, શ્વસવાનું
દીવાલોની બહાર રહ્યું છે
એ જ તારી બહાર...
શબ્દ!
વાત બદલાતી જાય છે
તને ચાકર રાખવાની હોડ બકાય છે
રમૂજનું પાત્ર બનાવી મૂકવાનો ખેલ થઈ રહ્યો છે
તરવાનું તારા તૂંબડે ને રેઢો પણ તને જ રાખવાનો!
તું હોય પણ નિષ્કાસિત!
પંચેન્દ્રિયોને ટપારવાની ક્ષણ છે, તેના લાલનની નહીં
દીવાલો ને તાળીઓની ગુંજને
ઠેકી જવાની વાત છે
ઓ, શબ્દ!

‘તાઓ’ના મરમી

☐ માધવ રામાનુજ

પ્રાચીનકાળમાં જ્ઞાતા તાઓના હતા-
અચરજ થાય એવી તેઓની સૂક્ષ્મતા.
રહસ્યમયી ભેદક દૃષ્ટિવાળા અને
એવા તે ઊંડા કે સમજી ના શકો!
આવા તાઓના અનુયાયી જે હતા
એનું થોડું વર્ણન અહીંયાં આપીએ :
સૂક્ષ્મ અતિસંવેદનશીલ અંતરદૃષ્ટિથી
એનાં બધાં રહસ્યો એ પામી શક્યા.
સમજણની સીમાની પેલી પારના
ગહન હતા એવા કે સમજી ના શકો.
તેથી થોડુંઘણું શક્ય જે લાગતું
કેવા દેખાતા એનું વર્ણન કરું :
જીવન પ્રત્યેની દૃષ્ટિ કેવી અને
કેવા એ ને વર્તન કેવું એમનું?
દ્રવશીલ, સાવધ, જાગ્રત ને સંકોચશીલ
અચરજ થાય એવી તેઓની સૂક્ષ્મતા
વ્યવહારુ માણસ કરતાં ઊલટા છતાં
કૃત્રિમતા જેવું કંઈ જોવા ન મળે!
આમ જુઓ તો સાવ સમજવા શક્ય નહીં
તો પણ થોડું વર્ણન આવું થઈ શકે :
ભરશિયાળે નદી પાર કરનાર હો-
એવા સાવધ લાગે જાણતલ માર્ગના!
સદા અનિર્ણીત, જાગ્રત, ભડકેલા અને
પડોશીઓથી પણ જાણે ભયભીત હો!
જીવનમાં જાણે કે હોય અતિથિ એ-
હોય અતિથિ એવા એ સંકોચશીલ.
સતત વિસર્જિત થતી રહેતી અસ્મિતા
દ્રવશીલ તો એવા કે ઓગળતો બરફ!
સંગીન જાણે વણછોલેલું લાકડું-
એવા વિશાળ જાણે ઊંડી ખીણ હો!
આવી સર્વગ્રાહિતા હોવાને લીધે
ડહોળાએલા મનના લાગતા હોય એ.
કાદવવાળું પાણી જે રીતે ઠરે-
સ્થિર રહી એ અશુદ્ધિઓ વહેડાવી દે.

ડહોળાએલું પાણી જે રીતે ઠરે-
નિવૃત્તિથી થાય પ્રસન્ન ધીરે ધીરે.
એની બધી ક્રિયાઓ ને પ્રવૃત્તિઓ
અંતે નિવૃત્તિ - શાંતિમાં પરિણમે!
તાઓને અનુસરનારા જે હોય છે
પરિપૂર્ણતાની સ્થિતિને ઇચ્છે નહીં,
ભરતી-ઓટના નિયમોને માને અને
પ્રવર્તવા દે પોતાનામાં છૂટથી!
તાઓને અનુસરનારા જે હોય એ
પૂર્ણ થવાની ઇચ્છા કંઈ રાખે નહિ,
સાંધ્યું કે સીવ્યું મનમાં લાવે નહિ-
વસ્ત્રની જેમ ઘસાઈ લોપ પામે ભલે!
તાઓને અનુસરનારા જે હોય છે
દૂર રહે છે કાયમ એ પૂર્ણત્વથી!
એમ પૂર્ણતાથી છેટા રહેવા થકી-
પુનર્જીવનની પાર જાય છે એ પછી!

[લાઓ ત્ઝુના ‘તાઓ-તે-ચિંગ’ અધ્યાય ૧૫ને આધારે]



કરાર...

☐ રાજેન્દ્ર પટેલ

આમ તો કોઈ જ
કરાર વગરનો
ભાડુઆત છું,
-અને એટલે જ માલિક બની બેઠો છું.

પહેલા તો
ભાષા જોડેથી નામ લીધેલું
પૃથ્વી કનેથી સરનામું!
વિશ્વાસથી કોઈએ પણ ના કર્યો
કરાર.

પવન પાસેથી શ્વાસ લીધો
વાદળ પાસેથી જળ.
ને અવકાશમાંથી જે શબ્દો લીધેલા
તે તો ભૂલી જ ગયેલો
કે એ મારા નથી!
પૂર્વજોના છે!

સૂરજ જોડેથી લીધેલું અજવાળું
ક્યાં કંઈ આપવાનું હોય એનું ભાડું?
એને તો કરોડો ભાડુઆત!

આ કરાર વગર ફાવી ગયું છે આપણને તો
કોઈને કંઈ પાછું આપવાનું જ નહીં.

એમ તો આ શરીર પણ મેં
ક્યાં સર્જ્યું છે!
લોહી, માંસ,
ધમની, શિરા
કોષેકોષને હવે ડિંગો.

માટીથી મકાન સુધી
જળથી જીવ લગી
શબ્દથી શરીર પર્યંત
કોઈને કશું પાછું આપવાનું જ નહીં!
(એ વાત પણ હવે કોઠે પડી ગઈ છે!)

પ્રિય બાબુ સુથાર,

☐ ભરત નાયક

નામ જ્યાં જ્યાં જેટલાં :
જેમ કે જગત ઉજાસ ઘુવડ
પાણી કે બરણી-
સૌ નામો વસ્તુની અંદર છે.

જ્યાં જ્યાં જેટલી,ચેતન વા જડ, વસ્તુ
જેમ કે માટી દેહ લોઢું કે ચેહ
તે તે દરેક વસ્તુ ભાષાની અંદર છે.

ભાષા આંખની સ્વાદ સ્પર્શ કે મૌનની
સઘળી શબ્દની અંદર છે.

શબ્દો સઘળા, અર્થ વા સંકેતસોત
જેમાં માનવ કર્તા
જીવ માત્ર કર્મ
વળી જીવતર-મરણથી ફરી ફેરો
ઇત્યાદિ ક્રિયા-
સર્વે વાક્યની અંદર છે.

શેષમાં : કાળ-વચન-પ્રશ્ન-ઉદ્‌ગાર કે ચૈતન્ય
આદિ સકળ વ્યાકરણની બહાર છે.



કવિતા

☐ બાબુ સુથાર

હું શબ્દોને વાક્યોમાં નથી ગોઠવતો
હું વસ્તુઓને વાક્યોમાં ગોઠવતો હોઉં છું
જ્યારે હું લખું કે 'દૂર દૂરના એક તારાનો પડછાયો
મારા લોહીમાં તરી રહ્યો છે' ત્યારે
હું એમ કહેવા નથી માગતો કે
એક તારો છે
એ મારાથી ખૂબ દૂર છે
અને એ તારાનો પડછાયો
મારા લોહીમાં તરી રહ્યો છે.
હું હકીકતમાં તો
દૂરના તારાને
અને મારા લોહીમાં તરી રહેલા એના પડછાયાને
મોંઢામોઢ કરવાનો પ્રયાસ કરતો હોઉં છું.
હું નથી ઇચ્છતો કે કોઈનો ય પડછાયો આ રીતે
એનાથી છૂટો પડી જાય.
પણ, વિવેચકો આને કવિતા નહીં કહે
કેમ કે વિવેચકો કવિતામાં વાક્યો
અને વાક્યોમાં શબ્દો
અને શબ્દોમાં પદાવલિ
ને એવું બધું જોતા હોય છે.
એમની એક જ મુશ્કેલી હોય છે :
એ લોકો વાક્યોમાં વસ્તુઓ નથી જોતા.
હું મારી કવિતામાં વાક્યો લખતો હોંઉં છું એ વાત સાચી
પણ એ વાક્યો શબ્દોનાં નહીં
વસ્તુઓનાં બનેલાં હોય છે.
અને એ વસ્તુઓ પોતાના સિવાય બીજા કશાની બનેલી નથી હોતી,
જેમ હું એમ એ પણ.

વન ટ્રી હિલ*

☐ કમલ વોરા

એક
એક ઝાડ
એક ઝાડ માત્ર
એક ઝાડ માત્ર એક
એક ઝાડ માત્ર એક ઝાડ
એક ઝાડ માત્ર એક ઝાડ એક
એક ઝાડ માત્ર એક ઝાડ એક ટેકરીની
એક ઝાડ માત્ર એક ઝાડ એક ટેકરીની ટોચે
ઊભું
એકમાત્ર ઝાડ એક ટેકરીએ
વેંત છેટે પથરાયેલી લીલોતરીમાં
કે હાથ આઘેના આકાશની ભૂરાશમાં
ઘેરી લીલી ગંધ વેરી
સૂર પુરાવતું સરગમ રેલાવતું
ઝૂલી ઝૂલીને સાંભળ્યા કરતું
અડી અડીને વહી જતાં
વેગીલાં વાદળોમાં ઝબકોળાવા
ઊંચુંનીચું થયા કરતું
સૂરજ-ચન્દ્ર-તારાઓ
ચકરાવા લેતાં પંખીઓ તરફ
હળવેથી ડાળ લંબાવતું
તળેટી લગીના ઘેરાવને વળગી પડવા
લાંબા-ટૂંકા પડછાયાઓમાં
હેઠે ઊતરતું એક ઝાડ
એક ઝાડ એક ટેકરીએ
એક ટેકરી મૂળિયાં પકડી-જકડી ચુપચાપ
ઝાડ બોલકું
બોલતું
બોલતું પાંદડાંના ફફડાટમાં
એક ઝાડ એક ટેકરીની ટોચે ઊભું
એક ઝાડ એક ટેકરી
એક ઝાડ એક
એક ઝાડ
એકલું

** માથેરાનનું એક પૉઇન્ટ - એક ટેકરી પર માત્ર એક જ ઝાડ હોવાને કારણે 'વન ટ્રી હિલ' તરીકે જાણીતું છે.*

અસ્તિત્વ

☐ દર્શિની દાદાવાલા

પાણીની હરકતો
બરફમાં
થીજી જાય
એમ
જીવન થીજી ગયું -
એક ઘટનાથી.
એના એક શ્રાપથી.

પથ્થર બની ગઈ.
અને
પડી રહી પથ્થર બનીને
સદીઓથી.

મને તાકવાનું આંખો પાસે કારણ રહ્યું નથી.
અસલામતીના ચક્રવ્યૂહોમાં ફસાવાનું નહીં બને.
શસ્ત્રોની જરૂર નથી.
છઠ્ઠી ઇંદ્રિય વિરામ લેશે.
ભલે, બુઠ્ઠી થઈ જાય.
કશું સૂંઘવાની જરૂરત નથી.

ઓગળી ગયાં છે -
ગર્ભાશય અને સ્તન.
કશું મારામાંથી જન્મ લેશે નહીં.
મારે હવે ચુસાવાનું નથી.

સ્વમાં
વિહરતી
બંધનોમુક્ત
જીવનયુક્ત
સ્વસ્થ
આત્મસ્થ!
સદીઓથી રાહ જોતી...
સ્ત્રી
બની
કાળમુક્ત
ચેતના.

ગમતી ગલીયું રાખો

☐ મધુમતી મહેતા

ગજવે ગમતી ગલીયું રાખો,
સરનામું ગોકુળિયું રાખો.

ઘરમાં ઘર ઘર રમવા માટે,
એક શિશુ કલબલિયું રાખો.

આંખે અંધારાં ઊજવાશે,
હાથવગું ઝળઝળિયું રાખો.

હીબકાંઓ પણ હળવાં થાશે,
આંગળીએ ગલગલિયું રાખો.

નામ ઘૂંટો તો ઘૂંટો એનું,
બાકી સૌ ગડબડિયું રાખો.

સ્મરણો ખરબચડાં હોવાનાં
અંગરખું મખમલિયું રાખો.

લાભ શુભથી ઉપર છે જે,
મનમાં એ ચોઘડિયું રાખો.

મૃત્યુ પછીની સવાર

☐ મનીષા જોષી

અહીં એક વાર વહેલી સવારે
જ્યારે રાતનો અંધકાર હજી પણ
સવારના ઉજાસમાં ભળી ભળીને
ડોકિયાં કરી રહ્યો હતો ત્યારે
કૅલિફોર્નિયાના દરિયાકિનારે ચાલતી વખતે
મારો પગ એક મૃત કરચલાને અડી ગયો
અને હું થોડી વાર અસ્વસ્થ
ત્યાં જ ઊભી રહી ગઈ હતી.



કચ્છના ગામમાં નાનપણમાં રમતી વેળા
કાળી ચૌદશની સમી સાંજે ક્યારેક
વથાણ ચોકના ત્રિભેટા પર મુકાયેલાં
છમ વડાં પર મારો પગ પડી જતો ત્યારે પણ
હું કંઈક આમ જ હેબતાઈને
ત્યાં જ ઊભી રહી જતી હતી.

સૂરજનાં કિરણો હવે ધીમે ધીમે
હૂંફાળાં બનાવશે દરિયાનાં પાણીને
પણ સમુદ્રમાંથી બહાર ફેંકાઈ ગયેલા
એક જળચરનું જીવન
બસ આમ જ ઠંડુંગાર પડી રહેશે
આગ ઝરતા સૂરજ નીચે.

બિલકુલ એમ જ, જેમ કાળી ચૌદશ પછીની સવારે
કેટલાંક કકળાટ કાઢવાનાં છમ વડાં
કંઈ કેટલીય ગાડીઓ પસાર થઈ જવા છતાંયે
છૂંદાયા વિના બચી જતાં ને રસ્તા પર ધૂળમાં રગદોળાયેલાં
ઠેરઠેર આમતેમ રઝળતાં પડી રહેતાં હતાં.

મને લાગે છે કે મૃત કરચલાના ઠંડા, લીસા સ્પર્શ
અને છમ વડાંના ટાઢા, ધૂળિયા સ્પર્શ વચ્ચે અટવાતી
એકાંતરે ઠેસ ખાઈને પડી જતી
હું જીવી રહી છું હવે, મારા મૃત્યુ પછીનું
એક શીતલ, મરણોત્તર જીવન.

*વથાણ - ગામમાં ગાયોને ભેગી કરવાના ચોક જેવી જગ્યા માટેનો કચ્છી શબ્દ.



ગીત

☐ **અનિલ રમાનાથ**

આંખ્ય ઉપર હથેલીની છાજલી કરીને રાહ જોયા કરે છે કોઈ કોઈ બારીએ.

આવતલની એંધાણી ક્યાંય નથી દેખાતી
ખાલી દેખાતા જોણ બધે વાંઝિયા
મોસમનો હવાફેર એટલો બદલાયો કે
અમે બરફના ટુકડાથી દાઝિયા

સૂરજની શીતળતા કોઠે પડી ગઈ હવે વગડાઉ બોરડી શણગારીએ

હવાને પગ વિના દોડતી મેં જોઈ છે
હું કાખઘોડી લઈને ક્યાં દોડું
ખેતરવાડીને સાવ બેઠાડુ મેં જોયાં
તો ય ચાલતું રહે છે આ રસોડું

મારા બે પગનું નથી પરમાણુ મળતું તો હવે પગરખાંની જોડને
નકારીએ.

આંખ્ય ઉપર હથેલીની છાજલી કરીને રાહ જોયા કરે છે કોઈ કોઈ બારીએ.

શબ્દ અને વજન

☐ અજય સરવૈયા

હવે પહેલાં જેવું નથી રહ્યું શબ્દનું વજન.
શાસ્ત્રોમાં શબ્દના સ્વરૂપની કે અર્થની કે
ઉત્પત્તિની ચર્ચાઓ મળે, પણ વજનની નહિ.
ઘણીવાર વ્યવહારમાં જે જીવતું હોય
તે શાસ્ત્રોમાં નથી મળતું.
'કહેવા' અને 'કરવા' વચ્ચેના સંબંધને વજન કહીશું.
કહેવા અને કરવા વચ્ચેનું અંતર જેટલું ઓછું,
વજન એટલું વધારે.
કહેવા અને કરવા વચ્ચેનું અંતર જેટલું વધારે,
વજન એટલું ઓછું.
હવેના સમયમાં લોકો કહે કંઈ, ને કરે કંઈ.
કહે વધારે, ને કરે ઓછું.
કહે, પણ કરે નહિ.
કહે પણ નહિ, ને કરે પણ નહિ.

આમ તો કહેવું એ એક પ્રકારનું કરવું જ છે.
એટલે કરવું એ બીજા પ્રકારનું કરવું જ.
એ પણ ખોટું નથી કે કરવું એ
એક પ્રકારનું કહેવું જ છે.

ગઈ સદીમાં, કહેવા અને કરવા વચ્ચે કોઈ સંબંધ
નથી, એવી માન્યતા ઘણી પ્રચલિત થયેલી.
એટલે જ કદાચ આપણે શબ્દના વજન સુધી
પહોંચી શક્યા નહિ.
એટલે જ આપણે જવાબદારીના પૉલિટિક્સ સુધી
પહોંચી શક્યા નથી.
એટલે જ આપણે સમતાના એથિક્સ સુધી
પહોંચી શકવાના નથી.
એટલે જ આપણે ક્યાંક પહોંચી ને ક્યાંય
પહોંચ્યા નથી.
શબ્દનું વજન જાય તો કવિતાનું શું થાય?
હું ઓછું કહું છું,
તમે વધારે સમજીને વાંચજો.

વિશ્વાસ હોવાની ગઝલ!

☐ સુધીર પટેલ

આવ, વિશ્વાસ હોય જો મારો;
સાવ વિશ્વાસ હોય જો મારો!

આવશે સાંભળીને એ પંખી,
ગાવ, વિશ્વાસ હોય જો મારો!

પ્રેમનો પ્રેમથી જ રુઝાશે,
ઘાવ, વિશ્વાસ હોય જો મારો!

દ્વાર ખુલ્લાં છે, જઈ તમે જુઓ
જાવ, વિશ્વાસ હોય જો મારો!

થૈ જશે પાર મધ-દરિયેથી
નાવ, વિશ્વાસ હોય જો મારો!

લાગણી જીવ જેમ જાળવશું,
લાવ, વિશ્વાસ હોય જો મારો!

છો રમે, ઊતરી જશે 'સુધીર'
દાવ, વિશ્વાસ હોય જો મારો!

કાવ્ય

☐ જયેન્દ્ર શેખડીવાળા

ઘાસના અંકુરોના ઊગવા વિશે
કશું જ જ્ઞાન નથી મને.

મારે માટે ઊગવાનું એક પણ ગીત બચ્યું નથી પૃથ્વી ઉપર

જળ અને અગ્નિ વચ્ચે ઊભેલી પૃથ્વી
અને
પૃથ્વીનાં ધરાતલો પર ઊગતા અંકુર
અને
અંકુરોમાં પ્રવાહિત જીવન
મને
મારી ઓળખ આપે, તેની જોઉં છું, રાહ.

સૂર્યો અને ચન્દ્રો
મારી હથેળીમાં ઊગી જતાં
સ્વપ્નોથી વિશેષ કશું જ નથી.
- એવું જાણ્યા પછી
આંખમાં લીલાશો આંજેલાં
શિશુઓ, અંકુરો, તાજી હવાઓ
અને સમુદ્રોનાં નવજન્મા મોજાં
મારા કાનમાં કશાંક ગીતો રેડી રહ્યાં છે,
જેના અર્થ અને ભાવ
મારામાં દટાયેલાં ઝરણાંને ગતિ આપે છે,
ધરબાયેલા અગ્નિને શાતા આપે છે,
છુપાયેલાં વાવાઝોડાંને શાન્ત કરે છે,
આ બધાં દ્રાવણ એક થઈ
ઘટ્ટ થયેલી પૃથ્વીને ઓગાળે છે.
અને
ઓગળેલી પૃથ્વીનો રેલો મારામાંના
અવકાશોને પ્રસરાવે છે અનંતના માર્ગે...

યાદ કરતો રહું

☐ હર્ષદ ત્રિવેદી

કોઈ ઘટના વગર યાદ કરતો રહું,
કોઈ સપના વગર યાદ કરતો રહું...

માત્ર આંખો જ જોયા કરું ક્યારનો,
કોઈ રટના વગર યાદ કરતો રહું...

કોણ જાણે કશી આ સુગંધી જુદી,
કોઈ છલના વગર યાદ કરતો રહું...

શબ્દના અર્થ આજે નવા ઊઘડે,
કોઈ રચના વગર યાદ કરતો રહું...

જીવમાં કોઈ ઇચ્છા ઊછળતી નથી,
કોઈ ધખના વગર યાદ કરતો રહું...

હું તને સાંભળું, જોઉં, ઝંખ્યા કરું,
કોઈ રસના વગર યાદ કરતો રહું...

બે દૃશ્યો

☐ પીયૂષ ઠક્કર

૧.
આધેડ વયનો
એક હટ્ટોકટ્ટો માણસ
રસ્તા વચ્ચે
બેવળ વળી
બેભાન પડ્યો છે
શરદ ઋતુની સવારના તડકાથી કે
પસાર થતાં વાહનોથી સાવ બેખબર

નથી તો એ ઘરડોખખ્ખ કે
ઝીંથરિયાળ ગાંડો
પિત્તળ પર છારી બાઝી હોય એવા
મંદ અજવાશે ધીમો ધીમો તબકે છે, એનો દેહ

મોટરબાઇક પર પસાર થતાં
પૂતળામાં ફેરવાતા આ એક માણસને જોઈ
સહેજ અચરજ પામતો
હળવેકથી આગળ વધી જાઉં છું.

૨.
સ્ટ્રીટલાઇટના ઝાંખા અજવાશમાં
ગલીને નાકે ઝળહળે છે
કિરમજી ઝાંયે ઝળકતો એક ટેમ્પો
સાવ નિર્જન

ટેમ્પામાં છે ડુંગરીનો ખડકલો
પાસે ઊભો છે એક જણ જાણે તાંબાનું પૂતળું
ને ઝીંકાયે રાખે છે
સૂનકારના પતીકાં પાડતો
તીણો રેકૉર્ડેડ અવાજ
ડુંગળી, સાઇઠમાં ત્રણ...

ઊતરી આવેલા મબલક અંધારે
દૂર ત્યાં ભડભડતી ચેહોનો સૂનકાર
ગજવ્યે રાખે છે વગડો.

તાટસ્થ્ય

☐ પંચમ શુક્લ

નિંદવું, પ્રશંસવું સરળ નથી તટસ્થ રહી!
અન્યને પ્રમાણવું સરળ નથી તટસ્થ રહી!
બે બિલાડી, વાંદરાની વાતનો છે બોધ નવો,
ત્રાજવાથી તોળવું સરળ નથી તટસ્થ રહી!
જો ભળે કલાઈ, તાંબું ને જસત તો કાંસું બને,
કિન્તુ એકરસ થવું સરળ નથી તટસ્થ રહી!
કૂદવું પડે છે તુર્ત કાછડી લગાવી મહીં,
ડૂબતાને તારવું સરળ નથી તટસ્થ રહી!
વાયરે ફૂંકાય ચારેકોરથી વિપતની ઝડી,
વૃક્ષ જેમ ડોલવું સરળ નથી તટસ્થ રહી!

મળેલા મળે છે

☐ રાજેશ વ્યાસ 'મિસ્કીન'

ગમા-અણગમા, મિત્રતા-દુશ્મની સૌ,
અહીં જિંદગીભર મળેલા મળે છે.
નથી ઓળખાતા-અજાણ્યાય લાગે,
પરંતુ ખરેખર મળેલા મળે છે.

જતું કોઈ લૂંટી સતત કોઈ દુઃખ દે,
અને દૂરથી કોઈ ખેંચાય હરપળ,
બધાં સગપણો-લાગણી-કર્મરૂપે
બધાને નિરંતર મળેલા મળે છે.

હશે ખૂબ જૂની આ શંકા ને શ્રદ્ધા,
નથી કૈં નવાં પાઠ-પૂજા ય તારાં
નથી યાદ પણ જીવસોતા વહાલા
ધરમ ને આ ઈશ્વર મળેલા મળે છે.

અધૂરા રહેલા હતા જે હિસાબો,
સતત રોજ સરભર થતા કોઈ બ્હાને
થતા ઋણ પૂરું પડી જાય છૂટા
કે મળવાને ખાતર મળેલા મળે છે.

પછી યાદમાં એ જીવનભર રહે છે,
ઉદાસીભરી કૈંક સાંજો વહે છે
ભલે લાગણી નામ આપે ન કોઈ
ઘણા એમ પળભર મળેલા મળે છે.

અહીં બોલશે કોણ શું? સ્ક્રિપ્ટમાં છે,
હશે પાત્ર કોનું કયું એય નિશ્ચિત,
બનીજા તું દ્રષ્ટા અને મુક્ત થઈ જા
જીવનમાં જીવનભર મળેલા મળે છે.

ઘણા ઊજવાયા વગરના રહ્યા છે,
ઘણા તો અધૂરા જ છૂટી ગયા છે,
ઘણાં તોરણો યાદમાં સાવ લીલાં
અહીં સર્વ અવસર મળેલા મળે છે.

અમસ્તી અકારણ નથી લાગણીઓ,
ઘણાં મૂળમાં જન્મ ને જિંદગીઓ,
બધા પ્રેમીઓને અચાનક જે લાગે
ખરેખર એ અંતર મળેલાં મળે છે.

ગઝલ

☐ નીરવ વ્યાસ

બીજા બધા મુકામ દગો દઈ જશે તને,
તારું સ્વયંનું નામ દગો દઈ જશે તને.

દિલ પરની રોકથામ, દગો દઈ જશે તને
આંસુ ઉપર લગામ, દગો દઈ જશે તને.

અક્ષરને સાધ, એ જ અનાદિ, અજર, અમર,
બાકી આ હાડ-ચામ, દગો દઈ જશે તને.

એની ગલીમાં બેસ, વિતાવી દે જિંદગી,
ભમવું આ ગામેગામ દગો દઈ જશે તને.

એવું નથી કે એક કે બે - ત્રણ સુધી સીમિત,
સાથે છે એ તમામ દગો દઈ જશે તને.

મહેંદીમાં જેનું નામ છુપાવીને તું ફરે,
'નીરવ' એ નેકનામ દગો દઈ જશે તને.

તારા શિરે છે શ્રાપ 'નીરવ' પરશુરામનો,
અંતિમ પળે આ હામ, દગો દઈ જશે તને.

કઈ ઘડીએ

☐ પ્રબોધ પરીખ

કઈ ઘડીએ આકાશ પાછું વળી ગયું હશે
અંતરમાં પ્રવેશ્યા વિના,
સમુદ્રએ પીઠ ફેરવી લીધી હશે રોમેરોમને
ભીંજવ્યા વિના?
પૃથ્વીએ ભૂંસી નાખ્યા હશે નામરૂપરસગંધનાં
સંકેતોને
અગ્નિમાંથી ઝરેલા તણખાઓએ પ્રાણને
પ્રજ્વલિત નહિ કર્યા હોય?
વાયુની શીતળતાએ લયના આરોહઅવરોહને
રણકાવ્યા નહિ હોય?
મા, કહે,
કઈ ઘડીએ મેં તને કહ્યું હશે
હું હવે તારો દીકરો રહ્યો નથી?

ગઝલ

☐ **અશરફ ડબાવાલા**

મૃત્યુ તો ક્યાંક સૌનું ફક્ત ઓરડે હતું,
જીવન બધાંનું જુદા જુદા મોરચે હતું.

પીંજરનું દ્વાર ખોલી થયો તો હું મુક્ત પણ,
પીંજરથી ઊડી પક્ષી પછી ખોરડે હતું.

અવસર બિચારો આવીને તરત જ શમી ગયો,
ઘરમાં બધાંનું ધ્યાન સતત તોરણે હતું

મેં શ્વાસ પર લખેલું એ વંચાવું કોને હું?
એણે લખ્યું'તું એ તો બધું ચોપડે હતું.

સપનાંઓ સૌને વહેંચ્યાં છે આપે અલગ અલગ,
પણ વિતરણ કહો ને કયા ધોરણે હતું?

શંખનાદ થાય છે, પ્રિયે!

☐ **લલિત ત્રિવેદી**

ઘરમાં ને ઘરમાં શંખનાદ થાય છે, પ્રિયે
આ પીર નીર ક્ષીર ઉરધ વ્હાય છે, પ્રિયે!

તનકારની સીમાઓ સમેટાય છે, પ્રિયે
ત્યાંથી જ એક તાર શરૂ થાય છે, પ્રિયે!

એવાં તો વાનાં અછ્છો અછો થાય છે, પ્રિયે!
મુખ દેખાદેખ કરતાં અલેખાય છે, પ્રિયે!

ઝીલો કે લેણદેણ કપૂરાય છે, પ્રિયે
કે ખોળિયાંમાં કોડિયાં પુરાય છે, પ્રિયે!

સાથે જીવ્યાના યજ્ઞનું વરદાન છે કે શું?
એ શૃંગના ઉજાસ સમીપાય છે, પ્રિયે!

આ પાણિયારું અભરે ભર્યા ઘરનું તો જુઓ
કઈ જગ્યાની પરબનાં અમી પાય છે, પ્રિયે!

હિંડોળની છે ઠેસ કે છે ઠેક ઠેઠની?
કે બેઠાં બેઠાં ભોમ ઉલ્લંઘાય છે, પ્રિયે!

છંય એકતાર, કોળિયા ભરીએ-ભરાવીએ
કે દાણેદાણો એમ પ્રસાદાય છે, પ્રિયે!

જોગીઓની જમાત ને આ ડમરુઓના નાચ
વસ્તુઓ શું.. વિસાત ભસમ થાય છે, પ્રિયે!

મંડળી

☐ હેમેન શાહ

(છંદ: મનહર)

એક વેળા કવિઓની મંડળી ભેગી થઈને,
ખાસિયત પોતાની કવિતાની બતાવે છે.
એક કહે, કેટલું તો દુઃખ મેં સહન કર્યું,
ત્યારે મારી કવિતામાં આવો રસ આવે છે!

બીજો વદ્યો, વાચા આપી મેં લોકોની વેદનાને,
ત્યારે હું જે કહું છું એ સૌને ગળે ઊતરે!
ત્રીજો કહે, વીસ-વીસ વરસ દોહન કરી,
એ જ લખ્યું છે જે શુદ્ધ એના પછી નીતરે!

ચોથો કહે, છંદ જુદો, આકાર છે ભાતીગળ,
રંગ રૂપ અલગ તો લહેજત જુદી છે!
કહે પાંચમો પહેલાં મારું ઘણું વખણાયું,
માટે મારી કવિતાની કેફિયત જુદી છે!

છઠ્ઠો કહે, મારું આમાં પ્રદાન ક્યાં કોઈ હતું?!
આ તો દિવ્ય સ્ફુરણાના પ્રતાપે લખાઈ છે!
સાતમાનું કહેવું કે આની જરા ખ્યાતિ જુઓ!
કેટલા યે ગાયકોના કંઠે આ ગવાઈ છે!

કોઈ હવે કવિઓના પ્રલાપને ચૂપ કરો!
બધું છોડી ચાલો સીધા કવિતામાં આવીએ,
કવિતા શું સાવ એવી ફિક્કી-મોળી છે તમારી?
તો ઉપર આવું બધું શાને ભભરાવીએ?

પુણ્ય સ્મરણ : ઉમાશંકર જોશી
"કવિ તમે ન બોલો, કવિતાને બોલવા દો!"

વહેલા મરણની વાત

☐ કાનજી પટેલ

છું પહેલાંથી ડુંગરમાં
તારો રોડ
કાલે આ ડુંગરોમાં થઈને નીકળ્યો
મેં કહેલું કે મને જીવવા દે
અને તું ય જીવતો રહે
આજે હું ઢોર ચારવા નીકળ્યો
તું મોટું સરઘસ લઈ
ડુંગરા ફાડવા નીકળ્યો
ઢોર રોડને ઓળંગતાં હતાં એટલે
તારા સરઘસને ડુંગરમાં થોભવું પડ્યું
એટલામાં તેં ડુંગરા ગજવી દીધા
તેં ખટારાથી ઊતરીને ઢોરને દંડાટ્યાં
મેં તને રોક્યો તો તેં મને
દેશનો દુશ્મન ગણી ટીપ્યો

હું કહી રહ્યો
તું ને હું કોણ છીએ
વિચાર કર
જંગલમાં આદિથી હું હતો
તું આવ્યો કાલે
વનને ડુંગરોને
બસ ખાવા મંડ્યો
તું મરે છે
બધાંને મારે છે

વાત એક દિવસની નથી
કોઈ એક જીવની નથી
ઉપરચોટિયા વાત નથી
બધાંનાં બહુ વહેલાં આવતાં
મરણની વાત છે.

હોય તો શું હોય?

☐ **સંજુ વાળા**

પાત્રતાને પરહરેલી પારસાઈ હોય તો શું હોય?
આવવું-જવું ન હોય ત્યાં જુદાઈ હોય તો શું હોય?

અંધ આંખમાંય ઊગતી નવાઈ હોય તો શું હોય?
ભ્રમ ઉછેરવાની જો સખત મનાઈ હોય તો શું હોય?

માની લો કે મૂક સારમાણસાઈ હોય તો શું હોય?
દિન-દહાડે દીઠી, એ નવાઈ હોય તો શું હોય?

મહેક જેણે માણી હો, સ્વભાવથીય હોય સૂક્ષ્મપંથી
માત્ર એ જ બોલશે કે જૂઈ-જાઈ હોય તો શું હોય?

કોઈ પદના ભાવમાં વહો - અનુસરો તો એ પ્રમાણ
મનના ખૂણે મોંઘું મહાલતી મીરાંઈ હોય તો શું હોય?

એ મળું-મળું થયાં કરી મળે નહીં તો એનો અર્થ
પીડની પરમ સીમા સમી તવાઈ હોય તો શું હોય?

આમ તો ન એની કોઈ વાત કે વિગતથી દોરવાઉં
તો કહો સુજાણ! કે એ રાઈજાઈ હોય તો શું હોય?

બહુ નજીકમાં જ છે એ, જેની ઓળખાણ ટોચની છે
ત્યાં વળી અમસ્તી કોઈ ખીણ-ખાઈ હોય તો શું હોય?

ગઝલ

☐ **રઈશ મનીઆર**

માત્ર દર્પણમાં હોય જે આંસુ
બોલ એને કઈ રીતે લૂછું?

ભાવિ કે ભૂત બન્ને અડતાં છૂ!
માત્ર વર્તમાનમાં જ લડજે તું

આત્મા કે શરીર... શું પકડું?
એક હવા છે, ને બીજું છે ખોખું

મારા પડછાયા પર પ્રહાર થયો
હું મૂંઝાયો છું, પાટો ક્યાં બાંધું!

ભીંત તૂટેલી પૂછે પીપળાને
કંઈ ન'તુ રોપ્યું ત્યાં આ શું ઊગ્યું!

સાદ મારો તને પહોંચશે પણ
હું સજા કહું, મજા સમજશે તું

'સંભવામિ' કહી ન આવ્યો ભલે
તારું સરનામું આપજે પાકું

આ કાવ્યમાંનું પુસ્તક કોનું છે?

☐ રાજેશ પંડ્યા

કોઈએ આપેલું પુસ્તક
પરત કરવાનું ભુલાઈ જતું હોય છે ઘણીવાર
પણ આ પુસ્તક કોઈએ આપેલું છે
એ ભૂલી શકાતું નથી ક્યારેય
જ્યારે જ્યારે એ પુસ્તક જોઈએ
ત્યારે અચૂક યાદ આવી જતું હોય છે એનું નામ
એને આંગળીઓનો સ્પર્શ
જે પુસ્તક લેતી વખતે અડી ગઈ હોય છે અજાણતાં
એ વખતે તો સાવ સ્વાભાવિક લાગે છે એ
પણ પછી પુસ્તકનાં દરેક પાન ફેરવતાં
આંગળીઓનાં ટેરવાં ધજા જેમ ફરફરવા માંડે
ત્યારે થાય કે આ તો પુસ્તકનાં પાનાં ફરફરે છે પવનમાં
ક્યારેક તો નવા પાના પરનું વાક્ય શરૂ કરતાં પહેલાં
અને ક્યારેક ચાલુ પાનાનું વાક્ય પૂરું થઈ જાય પછી પણ
પાનાના ખૂણા સાથે રમતી રહે છે આંગળીઓ ક્યાંય સુધી
જોનારને તો એમ લાગે કે આપણે પાનું પલટાવવાનું
ભૂલી ગયા છીએ એટલે આપણને એ યાદ અપાવે
કે તરત પાનું ફેરવી આગળના પાને વાંચવા જઈએ
ત્યારે ભાષા જ ભૂલી ગયા છીએ સાવ એવું થાય.
આમ માંડમાંડ પુસ્તકના છેલ્લા પાને પહોંચીએ
ત્યાં સુધીમાં તો એક પછી એક ઘણું બધું ભૂલી જઈએ
પછી તમે જ કહો કે પુસ્તક પરત કરવાનું
કોઈને યાદ રહે તો કેમ કરી?
ને માનો કે યાદ પણ રહ્યું હોય જરાતરા
કે આ પુસ્તક પરત કરવા જવાનું છે કોઈને
પણ પુસ્તક કોનું છે એ તો ભૂલી જ જવાયું હોય સાવ
ત્યારે આ રીતે પાનેપાને ફરતી આંગળીઓથી
ખરેખર તો નામ યાદ કરવાની જ મથામણ ચાલતી હોય છે રીતસર

કદાચ કોઈ વરસાદી સાંજે
આથમણી બારી પાસે બેઠા હોઈએ એકલા આરામખુરશીમાં
એ પુસ્તકને છાતી પર ઊંધું મૂકી અધપડિયાળી આંખે
ત્યારે હૃદયના ધબકારે સંભળાઈ જાય એ નામ ઊંડેઊંડે
તમારા જ કાનમાં કોઈ બોલતું હોય એમ.

ને તમે વરસાદ રહી જાય તેની રાહ જોઈ બેઠા રહો રાતભર.

[આ કાવ્ય પુસ્તક અને પુસ્તકાલય વિશે બેનમૂન ગુજરાતી કાવ્યો લખનાર કવિ-મિત્ર અજય સરવૈયા માટે]

'અભાગણી'

☐ **પારુલ ખખ્ખર**

તરણાંનો દેહ લઈ જલમી અભાગણી,
પાણકાં વચાળે કાં જલમી?
વીંઝાશે વાયરાઓ જુલમી અભાગણી,
પાણકાં વચાળે કાં જલમી?

કોટો ફૂટે કે પછી મેઘરવો મલકે ત્યાં આફૂડી આંખ તારી તબકે
કીડીનું ઝાંઝરિયું ઝમકે કે ચકલીનું પોટુ રુવે ત્યાં તું ચમકે
લઈને રજવાડું તિલસ્મી અભાગણી,
પાણકાં વચાળે કાં જલમી?

બાવળિયા ફાંટે ફોળાય તારા ગામમાં, ગાંડી વેલ્યુનાં જોર ઝાઝાં
તૂતીને સિંદૂર પીવડાવીને કાગડા વગડાવે ભૂંગળિયાં વાજાં
વેઠવા પીડાયું વહમી અભાગણી,
પાણકાં વચાળે કાં જલમી?

માથું કાઢીને ભલે ઊગી તો ઊગી પણ મોઢું ખોલીને કાં બોલી!
બોલી તો રામનામ બોલવું'તું ભમરાળી પાણકાંની પોલ કેમ ખોલી
ખેંચાશે જીભ તારી કલમી અભાગણી,
પાણકાં વચાળે કાં જલમી?

કૂતરો

☐ **ચંદ્રકાન્ત શાહ**

અમારી લાઇફ નૉર્મલ હતી
પછી અમે કૂતરો લાવ્યા

વિચાર, ચર્ચા, ઉગ્ર ચર્ચા, નનૈયો, છેવટે ભલે હા!
જાણે હજી એક બાળક જન્માવવું કે ન જન્માવવું?

કૂતરો ઘરે આવ્યો
બજેટ, ખર્ચ, વેઇટિંગ, લિસ્ટ, પેપરવર્ક, હાશકારો!
નામ રાખ્યું
બેલા, મેક્સ, ચાર્લી, ઝોઈ, આર્ચી, બેઇલર
આપણા જેવું નામ નહિ

કૂતરો કુતૂહલવશ અમને અમારા ઘરને જોતો રહ્યો
ઘરનાં અમે સૌ કૂતરાને-

અમે કૂતરાને ટ્રેઇન કર્યો
કૂતરાએ અમને-
અમારી લાઇફ ફરી નૉર્મલ થઈ ગઈ કૂતરા સાથે
કૂતરો હવે ચાર્લી નામનો ડૉગી ડૉગ થઈ ગયો

પૈસાથી સુખ ખરીદી શકાય?
લ્યો અમે પૈસાથી કૂતરો ખરીદ્યો
સુખ સાથે પ્રેમ પણ ખરીદ્યો

અવકાશમાં બ્લૅક હૉલ, અન્ય યુનિવર્સનું રહસ્ય
હાથવેંત શોધી શકાયું
કૂતરા અને થાંભલાના વળગણનું રહસ્ય હજી અકબંધ છે.
લક્ઝરી ગાડીઓનાં ટાયરનું પણ-

અમારી જેમ ચાર્લીની લાઇફ પણ નૉર્મલ થઈ ગઈ
એ પણ ખુશખુશાલ
આખું ઘર ખુશખુશાલ

Then there is always an app for it

પડિયામાં દીવો

☐ **યોગેશ જોષી**

હોડી
કે
તરાપો નથી
તેથી શું?
પડિયામાં
દીવો તો છે;
એ
લઈ જશે મને
પાર... પેલે પાર...

ડૉગી ડૉગને ખુશખુશાલ રાખવા
બહારગામથી પણ એને જોવા, વ્હાલ કરવા, ટ્રીટ આપવા Furbo છે
દડાથી જાતે રમવા Roifetch છે
ભાગી જાય તો એને શોધવા whistle છે
ન ભાગી જાય એને માટે Electronic fence છે.

કૂતરો પણ હવે Tech savvy થઈ ગયો છે

માણસે કૂતરાના મોં પરના હાવભાવ, આંખના ઇશારા
અંતરની લાગણીઓ, અક્ષરશઃ સમજી લીધાં છે.
અક્ષરહીન ભાષા પણ -
માણસે માણસને સમજવો હજી બાકી છે.

શું વિચારતો હશે આ કૂતરો?
કહું-
મને આ ડૉગ-લાઇફમાંથી મુક્તિ મળી જાય તો?
આ જનમથી છૂટી બીજા જનમના ૮૪ લાખ પર્યાયો છે
તો-
શેક્સપિયરની જેમ નાટકો લખી શકું
તાજમહાલનો ટૂર ગાઇડ બની શકું
ફૉર્ચ્યુન કૂકી રાઇટર બની શકું
હું પણ મારે ઘેર-
ફ્રેંચ બુલડૉગ, જર્મન શેફર્ડ, ગોલ્ડન રિટ્રિવિર કૂતરો રાખી શકું.

જો આ ડૉગ-લાઇફમાંથી મુક્તિ મળે તો?
૮૪ લાખ જનમના ફેરામાંથી છુટકારો?
મોક્ષ?

માણસ પણ માણસ હોવામાંથી મુક્ત થઈ
મોક્ષ પામવા મથે છે.

માણસો ડૉગ્સ છે?
છે
ફર્ક એટલો જ છે

માણસ કૂતરા પર કવિતા લખે છે
કૂતરો માણસને માત્ર પ્રેમ કરે છે.



ગઝલ

☐ શૈલેશ ટેવાણી

ગહન છે તે બધું સરળ સામે જ છે,
કંઈ રહ્યું નહિ અકળ સર્વ સામે જ છે.

ઘૂમવાનું હતું જાત ઊંચકી અને,
આટલું થ્યું સફળ તું ય સામે જ છે.

ઘાટ પણ એ જ છે, એ જ ચંદન વળી,
સરયૂના આ વમળ સાવ સામે જ છે.

હું કરું તિલકને તું ધરે ભાલ તો,
લાજ રહેશે અચળ તું ય સામે જ છે.

ઐંથી છૂટી અને ક્યાં કશે પણ જવું?
અહીં જ છે આ સકળ સર્વ સામે જ છે.

મા અને કાળ બળધિયો

☐ યજ્ઞેશ દવે

કાળ બળધિયો ખૂટલ
ફસડાઈ પડ્યો છે
મારી નેવું વરસની માના ખાટલે

મા પંપાળી પંપાળીને કહે છે
'ઊભો થા હવે મારા બાપ
દોઢનો ડંકો વગાડ.
તો
ચમચી ચમચી દાળ ટોવાનો
કોળિયો એક ભાત ખાવાનો ટેમ થાય.
ઊભો થા મારા બાપ!'
નીંભર બળધિયો હલ્યોય નંઈ
માએ પૂંછડું આમળ્યું.
કંતાયેલી કાયામાં જોર પણ કેટલું હોય?
બળધિયો ઊભો થ્યો, બે ડગલાં હાલ્યો
ને ફરી ફસડાઈ પડ્યો.

મા કહે
'ઠીક હવે જમી તો લીધું
પણ આ આખી બપોરનો વેરાન વગડો કેમ વટાવું?'
ફરી સળવળ્યો, ઢસડતા પગે હાલ્યો
પાછો બેસી પડ્યો.
મા કહે
'કેવો તેજીલો તોખાર જેવો હતો તું
તારા પર સવાર થઈને તો મેં
કેટકેટલાં ઘાઘરાપોલકાં બઈદલાં, ચૂંદડી પે'રી.
કછોટો વાળી કેટકેટલાં ધાન વાઈઢાં,
કેટકેટલાં ખેતર ખળાં ભઈરાં, ખળાં ખાલી કર્યાં
કેટકેટલાં ખોળા ભઈરા ને ખોળા ખાલી કઈરા
છોકરાંવ ચાંચાળા પાંખાળા કરી ડાળે વળગાઈડા

ઈવડા ઈ મોટા ગામતરે ગ્યા તી'પછી
મને સાથ દેવાના ટાણે જ
હવે છેક છેડે આવીને ડૂકી ગ્યો?'
મારાં બાવડાંમાં એટલું જોર નથ હવે
કે તારું પૂંછડું ય આમળી હકુ.'
નીંભર બળદિયો જોઈ ર'યો મારી માને
મા કહે
'હાલ ઊભો થા મારા બાપ
તું ઊભો થાય
તો રાતનું રણ વટાવું.'
એ નીંભરને કાંઈ અસર નંઈ.
અડધી રાતે મા તાકતી રહે છે અંધારામાં
ગણતાં ગણતાં ભૂલી જાય છે ડંકા ગણવાનું
ને
ખૂટલ બળાધિયો તો પઈડો છે માના ખાટલાની પાંગતે.
મા બબડે છે વારંવાર
'કાંઈ સૂઝતું નથી.
મોંસૂઝણું થ્યું હશે?
કે વાર હશે?
એલા તારા કરતાં તો જમનો પાડો સારો
ઢીંકોટા મારતો
ફોયણાં ફુલાવતો આવે
ને
જટ બેહાડીને લઈ જાય તો ખરો!'



મળી ના

☐ **હર્ષ બ્રહ્મભટ્ટ**

પડ્યા એમ છૂટા, નજર પણ મળી ના,
ઘણાં સ્વપ્નને તો કબર પણ મળી ના.

સહન તો કર્યું ઝાઝું અન્યાયથી પણ-
થયા જો હિસાબો, કસર પણ મળી ના.

હતો હક તો દરિયા ઉપર આપ સૌનો,
ને છૂટી-છવાઈ લહર પણ મળી ના.

ન'તી ચેન, રાહત, કૃપાની અપેક્ષા,
રહ્યા માર્ગ પર ને સફર પણ મળી ના.

લઈ આંસુ જે આ નગરથી ગયો'તો,
પછી 'હર્ષ'ની કૈં ખબર પણ મળી ના.



ગઝલ

☐ આશ્લેષ ત્રિવેદી

શું છે સમયની પાર મને કંઈ ખબર નથી.
કોનો છે કારભાર મને કંઈ ખબર નથી.

રસ્તે મળ્યું બધું તે હૃદયમાં ભરી લીધું,
ફૂલો હતાં કે ખાર મને કંઈ ખબર નથી.

ઝખ્મો રુઝાતા જાય ખણું જેમ જેમ હું,
કોની છે સારવાર મને કંઈ ખબર નથી.

એના વિચારે રાત વીતી જાગતાં સતત,
ક્યારે થયું સવાર મને કંઈ ખબર નથી.

નહીં હો તમે એ સંશયે ખોલ્યાં નહીં મેં દ્વાર,
'ને ખુદ ઊભા છો બ્હાર મને કંઈ ખબર નથી.

ખેંચાતો જાઉં દૂર અજાણી દિશા મહીં,
વાગે છે ક્યાં સિતાર મને કંઈ ખબર નથી.

કોઈ લખાવે એમ લખાતી ગઈ ગઝલ,
કોના હતા વિચાર મને કંઈ ખબર નથી.

ગઝલ

☐ ભાવેશ ભટ્ટ

અંદર અંદર ફળવાયો છે મોટે ભાગે
ભાગ અમારો ગુપચાયો છે મોટે ભાગે

ઠોકર સાથે કોઈ સહારો લગભગ મળશે
અંધ ગબડતાં સચવાયો છે મોટે ભાગે

તરત જ પાછો ટોચે ક્યાંથી પહોંચી જાતો?
ઊંચેથી જે ફેંકાયો છે મોટે ભાગે

કોઠા સાતેસાત ખુમારીના ભેદીને
જાજમ માફક પથરાયો છે મોટે ભાગે

એક પથારી બોલી, 'ભીષણ બીષણ શું છે?
જંગ મુલાયમ ખેલાયો છે મોટે ભાગે'

ખાલી ઘરમાં તેથી તો એ જાય ન રાતે
ભીંતો વચ્ચે ચગદાયો છે મોટે ભાગે

એની આંખોમાં આંખો નાખી ના જોશો
જેનો ચહેરો હરખાયો છે મોટે ભાગે



ભાગવું પડતું નથી

☐ **નીતિન વડગામા**

ક્યાંયથી ક્યારેય કંઈ પણ માગવું પડતું નથી.
હાથ લંબાવી કશુંયે પામવું પડતું નથી.

એક સક્ષમ સારથિ રથમાં સતત સાથે જ છે,
યુદ્ધના મેદાનમાંથી ભાગવું પડતું નથી.

ફેરવી છે એમણે જાદૂઈ સુરમાની સળી,
આંખમાં બીજું કશુંયે આંજવું પડતું નથી.

આછરેલાં વ્હેણ જેવાં વેણ ઉચ્ચારાય તો-
ક્યાંય થૂંકેલું પછીથી ચાટવું પડતું નથી.

મૌનમાંથી સાંપડે સાચી સભરતા આખરે,
આ ભરેલાં વાદળોએ ગાજવું પડતું નથી.

એ જ આપોઆપ થાકી છેવટે થંભી જશે,
દોડતાં મનના હરણને બાંધવું પડતું નથી.

પાછલી એ રાતનો ઝબકાર ઝિલાયા પછી,
સાવ ફોગટ રાત આખી જાગવું પડતું નથી.

વિદ્યાની દેવીને

☐ **પ્રફુલ્લ પંડ્યા**

હે વિદ્યાની દેવી! મારો રોજ હિંડોળો ચાલવા દેજો!
આ અર્ધાપર્ધા હીંચકાઓમાં તવ ઝાંઝરિયું વાગવા દેજો!

કિચૂડ કિચૂડમાં કાન લગાઉં, આંખ લગાઉં દર્શન!
ઝૂલંત આરત દોરી ખેંચે, કરું ભાવથી અર્ચન!

આ હાલકડોલક નૌકા મારી, લંગર એને ખોડવા દેજો!

આ દૂરદૂરથી સંભળાતો કોઈ સૂર મને ખેંચે છે ક્યાં ક્યાં?
અરે કોઈ તો કહો મારે શું જાવાનું છે ત્યાં ત્યાં?

ત્યાં પહોંચીને ડોલવા લાગું તો હિંડોળો ડોલવા દેજો!
મારા હિંચકા પૂરા થાય ત્યાં દ્વાર દિવ્ય એ ખોલવા દેજો!

ગઝલ

☐ **સુરેન્દ્ર કડિયા**

પ્રગટી ગયો એ દીપ બુઝાવાય શી રીતે!
એવું બધું - તું લખ કે લખ્યું જાય શી રીતે!

તારે તો પેંગડામાં પગ મૂક્યો અને પત્યું
મારે છે શીખવાનું - હણહણાય શી રીતે!

વીજળી પડી તો છો પડી પરંતુ સૌ પ્રથમ
સમજાવ કે વીજળી પડી ગણાય શી રીતે!

પાણીના સોબતીને તરાપો શું કામનો?
ઊંડા, અફાટ જળને વલોવાય શી રીતે?

મેં તો લખી દીધી અને વરસી બતાવ્યું તેં
આંસુના પૂરમાં ગઝલ તણાય શી રીતે!

સઘળા વિચાર છોડી હું વિચારમાં પડ્યો
જાણું કે જાણવા સમું જણાય શી રીતે!

વરસાદમાં

☐ **મણિલાલ હ. પટેલ**

કડવી લીંબોળી વરસાદે પાકી ને
થોડી થોડી મીઠી થઈ છે
એની ગંધથી તરુ ઘટાઓ મહેકી ઊઠી
પલળી ગયો સાથે કાગડો...

ખાબોચિયામાં ઝિલાયેલું મેઘધનુષ જોઈને
મૂંઝારે ચઢી ગયો કાચિંડો બેબાકળો
મંકોડા સત્ય શોધવા નીકળ્યા છે
સાપ અને દેડકો : પરસ્પર તાકીને બેઠા છે...

લીલા ઘાસમાં ઊગી નીકળ્યાં છે
સસલાનાં બચ્ચાં જેવાં મશરૂમ
વાદળો વીંટળાય છે પ્હાડોને
ગામને ઘેરી વળી છે ધુમાડાની બંગડી...

ઇન્દ્રગોપ માટીમાં મળી ભળી ગઈ છે
ગોકળગાય પૂંઠે પૃથ્વી બાંધીને પ્રવાસે નીકળી છે
વાડ માથે ચઢી ગયા છે ડોડીના વેલાઓ
નનામાં ઘાસને ફૂલો બેઠાં છે...

ડોશીની ઓસરી ફુગાઈ ગઈ
વસતિઓ ભીંજાઈ ગઈ
ચોર્યાસી લાખ યોનિઓએ જંતુઓ જણ્યાં
પ્હાડો ચઢતી પગદંડીઓને આંબી ગયું ઘાસ...

ક્યાંક હજી યુદ્ધ ચાલે છે... ને અહીં -
વિધવાનું છાપરું ઊડી ગયું છે
આંગણામાં ઊગેલા અભાવનો દાખલો
આ સાલ પણ વરસાદ ઉકેલી શક્યો નથી...

મેં દીવા માન્યા છે :

☐ પ્રણવ પંડ્યા

ઊડે ન ફૂલથી ઝાકળ, મેં દીવા માન્યા છે
ન ઊંડા જાય આંખે તળ, મેં દીવા માન્યા છે

આ તારા નામની આગળ મેં દીવા માન્યા છે
દીસે દૃષ્ટિને તું હરપળ, મેં દીવા માન્યા છે

નથી કંઈ એટલું કેવળ : મેં દીવા માન્યા છે
મૂકીને કોડિયે અંજળ મેં દીવા માન્યા છે

ઉછીના તેલથી પ્રગટાવ્યો જે રામણદીવો
ન ઝાંખી થાય એ ઝળહળ, મેં દીવા માન્યા છે

તને સ્પર્શું છું ત્યારે માનતા પૂરી થઈ છે
ગણીને દેહને દેવળ મેં દીવા માન્યા છે

પૂગે પંગતમાં પિરસણિયો પીરસવા એ પહેલાં
ઉપાડી લે ન એ પાતળ, મેં દીવા માન્યા છે

અગર બળવું જ હો નિયતિ તો આ રીતે બળવું
ઠરે સઘળાંય દાવાનળ મેં દીવા માન્યા છે

અસાખનાં આંસુ બની જાય હરખનાં આંસુ
બધાને પ્રાપ્ત હો એ પળ, મેં દીવા માન્યા છે

બધા દીવાઓ વધેરાઈ ગયા હો ત્યારે
દીવો પહોંચાડજો શામળ, મેં દીવા માન્યા છે.

ફ્રાંઝ કાફકા

☐ ઉદયન ઠક્કર

ફ્રાંઝ કાફકાએ એના મિત્રને લખેલો પત્ર,
ટહેલ નાખું છું, મારી ટહેલ નિભાવજે,
મારા ગયા પછી, મન કઠણ કરીને પણ,
મારી સર્વ હસ્તપ્રતો સળગાવી નાખજે!

હસ્તપ્રતો પર મિત્ર એવો તો ઓવારી ગયો,
સળગાવી નહિ અને ધરાર છપાવી છે,
કાફકાની સૂચનાને અવગણી, પણ એણે
આખરે તો કાફકાની આબરૂ દીપાવી છે.

'મારા ગયા પછી મારી હસ્તપ્રતો છપાવજે,'
એવું કહી એક કવિમિત્ર પાછો થયો છે,
મારા પર એ મૂઆને કેટલી તો શ્રદ્ધા હશે,
શાયરીનું શ્રાદ્ધ કરવાનું કહી ગયો છે.

આબરૂ વધારવાની વાત તો બાજુએ રહી,
સવાલ છે કેવી રીતે આબરૂ બચાવવી?
કદી કદી લાગે છે કે પ્રકટ કરાવવી ને
પછી એમ લાગે છે કે પ્રકટાવી નાખવી.

જાદૂગર

☐ પન્ના ત્રિવેદી

સવારે
નિશાળ પાછળના મેદાનમાં
ખોડાયેલા તંબુમાંથી
રાતનો જાદૂગર બહાર નીકળતો
અને માણસ થઈને
દાતણ - પાણી કરતો
રકાબીમાં રેડાયેલી ચાના સબડકા લેતો
ધરાઈ ધરાઈને ખાતો
ને પછી બીડેલી આંખોમાં બપોર ઠારતો...

અને રાત્રે
આગળના ખુલ્લા મેદાન પરના
રંગમંચના સ્વર્ગ વચ્ચે
માયાવી રૂપ ધરી
કાળું કપડું લહેરાવી
આખેઆખા માણસને
એક મોટા પટારામાં કરી દેતો અદશ્ય
ત્યારે
સ્વરૂપવાન એ જાદૂગર કેટલો બિહામણો લાગતો!
તેની મોહક આંખોથી સંતાતી મારી નજર
આંખોનાં બારણાં ભીડી દેતી ચસોચસ
મારાં બિડાયેલાં પોપચાંના અંધકારમાં
ઊપસી આવતા અંધારાથીય કાળા સવાલો
- ક્યાં ઠલવાઈ ગયો હશે કપડાંનો એ કાળો રંગ
- ક્યાં ઓગળી ગયો હશે સંમોહિત થયેલો એ માણસ?

ત્યારથી
પટારામાં માણસ હોવાની
અને માણસમાં પટારો હોવાની
એક બિહામણી ભીતિ ઘર ગઈ છે મારામાં

હવે
હું કરું છું પ્રતીક્ષા એ જાદૂગરની
જે મને આ આંધળી ભીંતોના શહેરમાંથી
કરી દે અદશ્ય!

છેવટ સુધી

☐ પ્રતિષ્ઠા પંડ્યા

છેવટે આમાંનું કંઈ રહેવાનું નથી
જાણું છું હું.
આ પાંદડાંના રંગો ફિક્કા પડી જવાના
એમનું આ ડાળી સાથેનું આકર્ષણ
ઊડી જશે બધુંય હવામાં સુસવાટતું
પોતપોતાનાં નસીબ તરફ
એમની સાથે જ જતાં રહેશે આ પંખીઓ પણ
તરછોડીને એમના માળા લટકતા આ શાખાઓ પર
એમાંનાં તણખલાંઓમાંથી ઝમ્યા કરશે
સુગંધ પંખીઓનાં ગીતોની
ને ભુલાઈ ગયેલાં ફળોની
વફાદાર ખિસકોલીઓ ઝૂઝૂમશે
ખોરાકની શોધમાં ને છેવટે મરશે.
મારાં મૂળિયાંની આ જમીન પરની પકડ પણ
થશે ઢીલી
ને ઊધઈના રાફડાઓ ફાટશે મારી સુક્કી શિરાઓમાં
કોતરી ખાશે મને અંદરથી.
ઘટતી જશે મારા થડની અડીખમતા
વાવાઝોડાંઓ સામે
ઘટતી જશે મારી જાતમાંની શ્રદ્ધા
મારા પડછાયાઓ વધારે ને વધારે સંકોચાતા જશે
લાગશે પહેલાં કરતાં વધુ બિહામણા.
તું ઝંખી શકે એવું તમામ
મારામાં ઓછું થતું જશે.
ત્યારે પણ શું વળીને આવશે એ વડવાગોળ,
રાત પડે આ તરફ? ઊંધા થઈને લટકાવા
મારી ઘરડી ડાળીઓ પર,
કોણ જાણે!

ગઝલ

☐ સાહિલ

જેમના લોહીમાં ગેરુ નીકળ્યા
એ અગમ કેડીના હેરુ નીકળ્યા

જે વળાંક સુખના અમે માન્યા હતા
વેદનાના એ વછેરુ નીકળ્યા

ખુલ્લી આંખે ક્યાંય ના જોવા મળે
બંધ આંખે સાવ નેરુ નીકળ્યા

શોધમાં જેની વિતાવ્યું આયખું
મન મહીં એનાં પગેરું નીકળ્યાં

ખોટના વેપાર જેવા શબ્દ તો
ભીડમાં ભાંગ્યાના ભેરુ નીકળ્યા

સાવ કાચા તાંતણા જેવા હતા
એ ઇરાદાઓ સુમેરુ નીકળ્યા

જો વિધિએ ચાતર્યો સાહિલ ચીલો
આસ્થામાંથી તો એરું નીકળ્યા

પુલ

☐ હેમંત ધોરડા

એક પુલ છે ફક્ત નામશેષ પુલ, બસ
ઠેરઠેર કટાયેલો, ઠેરઠેરઠેર વધુ કટાયેલો

અને ફરી થોડાક કલાક પડે અજવાળું એની પર
અને ફરી થોડાક કલાક પડે અંધારું એની પર
"દિ" વીતે ને "વ" વીતે ને "સ"યે વીતે
ત્રુટક ને ત્રુટક ને વેર ને વિખેર ખર ખર વીતે

ચારેક મહિના પડે ઠંડી એની પર અને પડ્યા કરે
ચારેક મહિના પડે ગરમીયે એની પર પડ્યા કરે
ચારેક મહિના પડે વળી વરસાદ પણ એની પર પડ્યા કરે
"વ" વીતે ને "ર" વીતે ને "સ"યે વીતે
"દિ" વીતે ને "વ" વીતે ને "સ"યે વીતે એવી રીતે

બીજો તસુ પુલ અને એની પર બીજા તસુ જેટલુંક ચોસલું હવાનું સ્થિર
ત્રીજો તસુ પુલ અને એની પર ત્રીજા તસુ જેટલુંક ચોસલું હવાનું સ્થિર
ચોથો તસુ પુલ અને એની પર ચોથા તસુ જેટલુંક ચોસલું હવાનું સ્થિર
ન આવ કે ન જાવ કે ન આવન ન જાવન ન આવરો ન જાવરો
પેલી બાજુથી આ બાજુ ફોરમ આવતી નથી નથી નથી
આ બાજુથી પેલી બાજુ સૌરભયે જતો નથી નથી નથી

કેટલાક કે કેટલાક અસકા કે દસકા અહેલાં કે પહેલાં
ખળખળતી હતી નદી, બે કાંઠાળી નદી, નીચે
બે કાંઠા સાંકળતા પુલ નીચે નદી અને નદીનો ખળખળતો ઠસ્સો
ઉપર, પુલ પર આવ આવન આવરોનો, જાવ જાવન જાવરોનો ઠસ્સો
ખળખળતી નદી ઠસ્સાદાર અને ધમધમતો પુલ ઠસ્સાબંધ
ખળખળાટમાં ભળતો રહે ધમધમાટ ને ધમધમાટમાં ભળતો રહે ખળખળાટ
દિવસે ને રાતે ને રાતે ને દિવસે ને દિવસે ને રાતે
શિયાળે ને ઉનાળે ને ચોમાસે ઋતુ ઋતુના ભેદ ભૂંસી નાખે ભૂંસ્યા કરે, એમ

રામ જાણે શું થયું કે શુંયે થયું કે થયું એવું કે એવું કે
એક દિવસ, રાતોરાત, રાતરાતોરાત
કોઈ એનાં ચોળાયેલાં લૂગડાં બદલે એમ નદીએ એનું ચોળાયેલું વહેણ બદલ્યું
બદલ્યું તે એવું તે બદલ્યું કે નદી માંડી ખળખળવા
કેટલાક કે કેટલાક ઓજનવા કે જોજનવા દૂર કે દૂરે ખળખળવા માંડી

નીચે કંકર કાંકરી, નીચે કોરી રેતી, નીચે ઝાડી ઝાંખરી જેમની તેમની તેમ
ઉપર પુલ પણ ઠેરનો ઠેર
ઉપર પુલ પણ મૂંગોમંતરનો મૂંગોમંતર
ન તો હવે પુલ નીચે અશો ખળખળાટ ન તો હવે પુલ પર કશો ધમધમાટ
ન તો હવે પુલ આ બાજુવાળો ન તો હવે પુલ પેલી બાજુવાળો
ન તો હવે પુલ આંબાની ડાળે ન તો હવે પુલ સરવરની પાળે
એક નામશેષ પુલ, બસ

ગઝલ

☐ **ગૌરાંગ ઠાકર**

આવ્યું કશું ન હાથમાં અંતિમ ઘડી સુધી.
આવી ઊભા છે શ્વાસ હવે હાંસડી સુધી.

સમજી જવાય જીવતાં, તો મોજથી જિવાય,
આ મોજડી ને પાઘડી છે ઠાઠડી સુધી.

મારી હથેળીને વધુ ભણતરની છે જરૂર;
સ્પર્શે છે હમણાં તો તને બસ ચામડી સુધી.

બાળક નિશાળમાં ગયું, પાટી ને પેન લઈ;
લાગ્યું કે જાણે ફૂલ ગયું છાબડી સુધી.

સંગાથે જેને આપણે હંકારતાં હતાં;
દરરોજ જાઉં છું હજી એ નાવડી સુધી.

એક જ જગાએ કેટલું બેસી શકાય બોલ?
લઈ જા તું આંખડીથી હૃદયદાબડી સુધી.

ગીત

☐ રાધિકા પટેલ

આવ, તને હું એક પરીની કથા કહું;
પાંખ વિનાની એક પરીની વ્યથા કહું.

પરીને એક નદી બહુ ગમતી.
પરી ત્યાં સાંજ સવારે રમતી.
નદી વચમાં કમળ ઊભું'તું.
પરીને એમ કે જળ ઊભું'તું.
ભરી ખેંચાણ પ્રબળ ઊભું'તું.
ધરીને ભેખ ત્યાં છળ ઊભું'તું.
શું થયું'તું - એ પછીની કથા કહું.
આવ, તને હું એક પરીની કથા કહું.

પરીને જંગલના ખેંચાણ.
પરીને વાગ્યાં લીલાં બાણ.
ચીસ પાડી હરણ બોલાવે.
પરીને લીલાં રણ બોલાવે.
હતું જંગલમાં નભનું કાણું.
પરીને કેમેય ના દેખાણું.
શું થયું'તું - એ પછીની કથા કહું.
આવ, તને હું એક પરીની કથા કહું.

પરીને એક અરીસો ગમતો.
પરી સંગ સંતાકૂકડી રમતો.
અરીસે ઊંડી ઊંડી ખાઈ;
પરીને કેમેય ના દેખાઈ.
પરીએ જોઈ પરી સાવ જુદી;
અરીસામાં પરી ગઈ કૂદી.
શું થયું'તું - એ પછીની કથા કહું.
આવ, તને હું એક પરીની કથા કહું.

ગુમ થયેલી જિંદગીની વ્યથા કહું.
આવ, તને હું એક પરીની કથા કહું.

ગઝલ

☐ ચંદ્રેશ મકવાણા

રાત પૂરી થઈ તો સૂરજ પર વાદળ આવ્યાં
એ રીતે પણ લ્યો અંધારાં પાછળ આવ્યાં

'મોકા' ચૂકવી નજર સિફ્તથી થયા છૂમંતર
'પછતાવા' પાડીને ચીસો આગળ આવ્યા

પરસેવાની પ્યાલી ઢોળી દોટ દીધી પણ
અંતે આવ્યાં તો ખોબામાં મૃગજળ આવ્યાં

ઉજાગરાથી લીપી ઝૂપી આંખ સજાવી
તોય ના એમાં રહેવા આંસુ બે પળ આવ્યાં

આવ્યા તો કેવળ આવ્યા બે-ચાર નિસાસા
ના આવ્યા ઈ-મેઇલ ના કોઈ કાગળ આવ્યા

ના થાક્યો એ છેક લગી રસ્તા ગૂંચવતા
છેક લગી ના મારી ધીરજનાં તળ આવ્યાં

વા ત મે ળો

કોઈનું કંઈ ખોવાય છે?

☐ પ્રવીણસિંહ ચાવડા

શરૂઆત એક ફોનથી થઈ. રસળતી વાતોની વચ્ચે એક નામનો ઉલ્લેખ થયો. એક શહેરનું નામ.

સવારના નવેકનો સમય અને બલવંતનો રણકતો સ્વર. સુપ્રભાતમ્! અટકીને ગુડ મૉર્નિંગ ઉમેર્યું.

'શું કરતા'તા, કાકા?'

'આ જરીક છાપા પર નજર ફેરવો'તો.'

'મેલો ને હવે! આપને વળી આ ઉંમરે છાપાં શું ફેંદવાનાં? શાંતિથી ભગવાનનું નામ લો.'

ભગવાનનું નામ છાપાના વિકલ્પે! હસવું આવ્યું. માનમર્યાદા પૂરેપૂરાં, પણ છોકરો ક્યારેક આવી ગમ્મત કરી લેતો.

મેલો ને છાપાં! - વૃદ્ધના કિસ્સામાં આ શબ્દોને વિશિષ્ટ સંદર્ભ હતો. લગભગ આખી જિંદગી છાપાં સાથે જ પનારો પડ્યો હતો, પત્રકાર હતા. નિવૃત્ત થયા તે પછી પણ સવાર-સાંજ બે-ત્રણ કલાક લખવા બેસતા. છાપાં અને સામયિકો માટે વિવિધ વિષયના લેખો લખતા. ઉપરાંત, જાણીતાં અને

લોકપ્રિય અંગ્રેજી પુસ્તકોના અનુવાદનું કામ કરતા. જીવનનિર્વાહ માટે આ જરૂરી હતું.

મજૂરી કહો તો મજૂરી. દિવસને ભરવા માટે આ પ્રવૃત્તિ ખોટી નહોતી.

નાની વયે પત્નીનું અવસાન થયું તે પછી બીજા લગ્નનો વિચાર કર્યો નહોતો. સંતાન નહોતું. નજીકનું કહી શકાય એવું કોઈ સગું નહોતું. એકલતા નહોતી લાગતી એવું નહીં. પુસ્તકો જીવતા માણસોનું સ્થાન લઈ શકતાં નથી. આ બધું છતાં એકંદરે સારી રીતે સ્વમાનપૂર્વક જીવતા હતા. એક વાતનું સુખ હતું : સ્વાસ્થ્યની કોઈ સમસ્યા નહોતી. નાનુંમોટું કામ હોય તો સ્કૂટર લઈને ઊપડતા.

જીવનની ગતિ એકધારી રહેતી નથી, કલ્પ્યું ન હોય તે કોઈ પણ ક્ષણે બની શકે છે. આ જ્ઞાન એની જગ્યાએ હતું, છતાં સામે આવ્યું - નાહીને ઊભા થયા અને પગ લપસ્યો - ત્યારે ભાન થયું કે ના, આ માટે પોતે તૈયાર નહોતા!

પગનું ફ્રેક્ચર.

તાત્કાલિક તો અલબત્ત, પડોશીઓએ હૉસ્પિટલ ભેગા કર્યા. કોઈ-કોઈ સહકાર્યકર્તાઓ અને મિત્રો મળવા આવ્યા, શક્ય તે મદદ કરી, ઑપરેશન પછી ઘેર લાવવામાં આવ્યા ત્યારે સેવા માટે ચોવીસ કલાકનો માણસ રાખ્યો, પરંતુ આટલું પૂરતું હોતું નથી. ખભો ધરે એવું પોતાનું કોઈ હોવું જોઈએ.

ત્રીજા-ચોથા દિવસે અચાનક એક જુવાનિયો ધસી આવ્યો અને અસહાય વૃદ્ધને તતડાવી નાખ્યા, 'આવું ચાલતું હશે, કાકા? અમને સમાચાર ના અપાય? અમે મરી ગયા છીએ?'

જોઈ રહ્યા. તું કોણ છે, ભાઈ? ગુસ્સે થયો છે, ફરિયાદ કરે છે, ઠપકો આપે છે, ખખડાવે છે.

આ વ્યવહાર અને આ ભાષા તો સ્વજનનાં છે.

'મને ના ઓળખ્યો?'

એમના એક સહકાર્યકર્તાનો પુત્ર. નામે બલવંત. હાઈસ્કૂલમાં હશે ત્યારે જોયાનું થોડું સ્મરણ હતું. સ્કૂલેથી સીધો ક્યારેક પિતાની ઑફિસે આવતો. દૂબળો, શરમાળ છોકરો. હવે એ દૂબળો નહોતો રહ્યો, શરમાળ નહોતો રહ્યો.

ક્યાંકથી કોઈના દ્વારા સમાચાર મળ્યા હશે અને હાજર થઈ ગયો હતો.

'પપ્પા ન રહ્યા, પણ એનો અર્થ એ નથી કે...'

હા ભાઈ હા.

લાકડીના ટેકે હરતાફરતા થયા તે પછી પણ એનું આવાગમન ચાલુ રહ્યું. બોલવાનું ઊંચા સ્વરે, ઠરીને બેસે નહીં. ઘરમાં આમથી તેમ આંટા માર્યા કરે. શું ખૂટે છે, શાની જરૂર છે?

'ભાઈ બલવંત, તું ધંધાવાળો માણસ. હજાર કામ હોય અને જો હું સાજો થઈ ગયો છું, પોતાનું કામ કરી લઉં છું.'

'હું આવું એમાં આપને કંઈ પ્રૉબ્લમ

છે?'

પોતાના બચાવમાં બલવંતની દલીલ આ હતી : કાકા, આપનું થિંકિંગ બધું સીધી લાઇનમાં, એટલે અમુક આંટીઘૂંટીની ખબર ન પડે. સાંભળો. હું તો બિઝનેસમૅન છું. સ્વાર્થ સિવાય બીજું કંઈ જોતો નથી. કંઈક મળે છે, ફાયદો છે? તો આપણે તૈયાર! ફોન પર આપની સાથે વાત કરું કે કલાક આવીને બેસું ત્યારે એવો આનંદ આવે છે કે બસ, સાંભળ્યા જ કરીએ. કોઈ પુસ્તકને હાથ અડાડવાની જરૂર નહીં, બધાં પુસ્તકોનો સાર મળે છે અને તે મફતમાં.

બોલો, નફાનો સોદો થયો કે નહીં?

કામમાં છું, ઉતાવળમાં છું, તબિયત સારી છે ને? તો ચાલો, પછી નિરાંતે વાત કરીએ - બલવંતની આ પદ્ધતિ નહોતી. શરૂ કરે પછી ફેલાતો જાય, વિસ્તરતો જાય.

તે સવારે ગામગપાટા પૂરા કર્યા પછી જાણ કરી, 'આજે જરીક વિરમગામ બાજુ આંટો મારવાનો વિચાર છે.'

વિરમગામમાં એની નાની બહેન બાબુ રહેતી હતી. આટલું એ જાણતા હતા. ખરું નામ અલબત્ત, જુદું હશે પણ વ્યવહારમાં એનો ઉપયોગ થતો નહીં.

'દોઢ-બે મહિનાથી જવાયું નથી. કીધું, ઊભે-ઊભે મળતો આવું.'

'બહુ સરસ! ક્યારે નીકળો છો?'

'આ જુઓ, ઘરના ઓટલે ઊભો છું. ગાડીની ચાવી હાથમાં છે. આપ રજા આપો એટલી વાર છે.'

'તો કરો ફત્તેના.'

બલવંતમાં હજાર ગુણ હશે, પણ શિસ્તનો અભાવ હતો. વાતચીત માટે એની પાસે આદિ-અંતનો સુવ્યવસ્થિત ઢાંચો નહોતો. આવજો, ઓકે, પ્રણામ - આવા શબ્દોને સમાપન માની લેવા એ ભૂલ પણ પુરવાર થઈ શકે.

'એક વંડરફુલ જગ્યા શોધી કાઢી છે, કાકા. ખેરાલુથી દાંતા જતાં તારંગાનો ડુંગર આવે એની પહેલાં જમણી બાજુ અંદર એકાદ-બે કિલોમીટર આપને તો ખ્યાલ હશે જ, અસલ તરણ-તારણ માતાનું મંદિર હતું. એનું ટોટલ રિનોવેશન થયું છે. હમણાં વળી આજુબાજુના જંગલમાં બૌદ્ધ ગુફાઓ મળી આવી છે એવું પુરાતત્ત્વવાળાઓનું કહેવું છે, પણ એ તો જાણે સમજ્યા. જગ્યામાં... કશુંક... છે. જઈને ઊભા રહીએ તે ઘડીએ... અહાહા... એ...વી ટાઢકનો અનુભવ થાય છે...'

કહેવાનો સાર આ હતો : આપને એક વાર લઈ જવા છે. ઝટ સાજા થઈ જાઓ.

* * *

તારંગાની તળેટી, જંગલના ઊંડાણમાં મંદિર, પ્રાચીન ગુફાઓ - કોઈને પણ રસ પડે એવો વિષય, પરંતુ વૃદ્ધ પૂરું સાંભળી-સમજી શક્યા નહીં. અગાઉ બોલાયેલા એક શબ્દ પાસે એ રોકાઈ ગયા હતા.

'તું વિરમગામ જાય છે, બલવંત?'

‘એ બાજુનું કંઈ કામ હોય તો ફરમાવો.’

થોડી વાર વિચારતા બેસી રહ્યા. કામ... હતું? જે હતું એને કામ કહી શકાય?

બે-ત્રણ મહિનાથી, છેલ્લા થોડા દિવસોમાં તો અનેક વાર, કોઈ કારણ કે નિમિત્ત વગર, એક માણસ યાદ આવ્યા કરતો હતો. ચહેરો આછો દેખાય અને ભૂંસાઈ જાય. એવું નહોતું કે ક્યાંક કોઈના દ્વારા એના કે એના જેવા ભળતા નામનો ઉલ્લેખ થયો હોય, જૂનું કોઈ પુસ્તક ફેંદતાં વચ્ચેથી એનો જર્જરિત પત્ર મળ્યો હોય.

‘કામ તો એક છે, ભાઈ. તને અનુકૂળ હોય, સમય મળે, જોકે અરજન્ટ નથી, ખાસ મહત્ત્વ નથી, આ તો...’

‘આપની આ ટેવ મને ગમતી નથી, કાકા. સીધું કામનું નામ પાડો ને!’

‘એક... માણસની... તપાસ કરવાની છે.’

બોલ્યા પછી પોતાને જ શબ્દો વિચિત્ર લાગ્યા. વિચિત્ર અને ભેદી. કોઈ માણસની તપાસ કરવી – આના અનેક અર્થ થઈ શકે. ગુમ થઈ ગયેલો માણસ? ભાગેડુ? અજ્ઞાતવાસમાં જતો રહેલો શત્રુ?

બલવંતે પણ એ દિશા પકડી લાગલો ઇન્ડિયન પિનલ કોડ દાખલ કરી દીધો, ‘તપાસ શું, હાથકડી કરીને આસામીને હાજર કરી દઈએ આપના દરબારમાં!’

વૃદ્ધે શબ્દને સાફ કર્યો, ‘જરા ધીરો રહે, ભઈલા. આસામી નહીં, મારો મિત્ર છે. બે મિનિટ શાંત રહે અને હું કહું તે સાંભળ. એવું છે કે પચાસેક વર્ષ પહેલાં...’

‘પચ્ચાસ!’

‘...પાટણ કૉલેજમાં એમ.એ.ના ક્લાસમાં અમે સાથે હતા.’

પાટણમાં નવેનવું અંગ્રેજીનું અનુસ્નાતક કેન્દ્ર શરૂ થયું હતું. શનિ-રવિના વર્ગો. શનિવારે ભાલચંદ્ર વિરમગામ વાયા કટોસણની ટ્રેનમાં મહેસાણા આવે. મહેસાણા સ્ટેશને બે જ્ઞાનપિપાસુઓનો ભેટો થાય, ત્યાંનાં પ્રખ્યાત ભજિયાં ખાઈ પાટણ લોકલ પકડવાની.

ઉપરથી નીચે સુધી તંત્રનું સ્વરૂપ હંગામી. મોટાભાગના અધ્યાપકો અમદાવાદથી અને બે-ત્રણ વિસનગરથી આવે. અધ્યાપકો તેમ વિદ્યાર્થીઓ, બધા પ્રવાસી. બધાની આંખો ઉજાગરે લાલ-લાલ. બે દિવસ માટે વિદ્યાર્થીઓની દશા નિરાશ્રિતો જેવી. નહીં ખાવાનાં ઠેકાણાં, નહીં રહેવા-ઊંઘવાનાં. કોઈએ એક ગેસ્ટહાઉસ શોધી કાઢ્યું હતું, નામે સુખનિવાસ, ધર્મશાળાની જ આવૃત્તિ. એક મોટા ઓરડામાં બે બાજુ હારબંધ દસ-દસ પથારીઓ. અતિથિદીઠ ભાડું રોકડા રૂપિયા બે, જેની વસૂલાત પ્રવેશ વખતે કરવામાં આવતી.

આ થયા બાહ્ય સંજોગો, મૈત્રીની વાત જુદી. એમાં તો મોકળાશ જ મોકળાશ હતી. નિયત સમયે લાઇટ બંધ કરી

દેવામાં આવે તે પછી ગુસપુસ વાતો ચાલતી. એરિસ્ટોટલ, કોલરિજ, હેમિંગ્વે, ફોકનર.

સંબંધ એ બે વર્ષ પૂરતો, ગુજરાત કૉલેજના જ્યૉર્જ ધ ફિફ્થ હૉલમાં બીજા વર્ષનું છેલ્લું પેપર આપીને બહાર નીકળ્યા, રેંકડીની ચા પીધી અને છૂટા પડ્યા તે પડ્યા. પત્રોની આપ-લે થોડો વખત ચાલી, મંદ પડીને ક્યારે બંધ થઈ તેની ખબર ન રહી.

'નામે ભાલચંદ્ર અને ગામે વિરમગામ, આટલી એંધાણી છે. પંડ્યા, જાની, જોશી, પાઠક, ત્રિવેદી? ના, ના, એકે બેસતું નથી. એવડા મોટા શહેરમાં આટલાં વર્ષ પછી, આખી દુનિયા બદલાઈ ગઈ, અમુક એક માણસને માત્ર નામના આધારે ખોળી કાઢવો તે શક્ય નથી, પણ આ તો મને થયું...'

'નામ મને ગમ્યું, કાકા. ભાલચંદ્ર! વાહ!'

'બેટા, નામ ભવ્ય હોય, પણ તેથી...'

'તો હું નીકળું, કાકા?'

'મને જરીક શ્વાસ તો લેવા દે, ભઈ!'

પ્રવૃત્ત થઈ ગયેલું ચિત્તતંત્ર ખૂણામાંથી એક પૂરક વિગત શોધી લાવ્યું હતું.

'અરે હા. એના પિતાજી હાઈસ્કૂલમાં આચાર્ય હતા એવો ઉલ્લેખ એકાદ વાર થયો હતો. જોકે મારી સ્મરણશક્તિનો વિશ્વાસ કરવો...'

'તો તો આપનું કામ થઈ ગયું સમજો.'

'તને થતું હશે, બલવંત, અમદાવાદ અને વિરમગામ, બે વેંતનું છેટું, આટલા વર્ષ આણે કે પેલાએ મળવાની તસ્દી લીધી નથી, પણ એવું છે, ભઈ કે અમુક સંબંધો...'

પોતે શા માટે, શાનો બચાવ કરી રહ્યા હતા?

* * *

બેસી રહ્યા.

આયોજન વગર, અચાનક ચાંપ દબાઈ ગઈ અને એક કાર્યનો આરંભ થઈ ગયો.

હમણાં-હમણાં ભાલચંદ્રનું વારંવાર યાદ આવવું : આ પ્રથમ ચરણ.

પોતે વિરમગામની મુલાકાતે જઈ રહ્યો હતો એવી ઘોષણા બલવંત દ્વારા થવી : આ બીજું ચરણ.

જરીક તપાસ કરજે ને, ભઈ : ખાલી ઘરના એકાંતમાં લંગડાતા માણસથી બોલાઈ જવું.

હવે?

ચોથું ચરણ કયું હશે, કેવું હશે?

હશે કે નહીં હોય?

પગ ઊપડ્યો તો ખરો, પણ તે પડશે નક્કર ભૂમિ પર કે પછી અવકાશમાં, હવામાં, ખીણમાં?

ભગવાનનું નામ લેવું, ન લેવું તે વિશે કાકા-ભત્રીજા વચ્ચે ગમ્મતો થતી, પરંતુ નિત્યક્રમના ભાગ તરીકે હજુ કેટલુંક અચળ હતું. બેડરૂમના ખૂણામાં લાકડાનું નાનું મંદિર હતું. ઘીનો દીવો કર્યો. ઘંટડી ખખડાવી, રોજ કરતાં વધારે ઝડપથી,

ત્યારે હાથ જ નહીં, આખું શરીર ધ્રૂજી ગયું.

નથી માગવું, તારી પાસે કશું નથી માગવું.

સવારે બીજી ચાની ટેવ હતી. રસોડામાં ગયા, તપેલીમાં પાણી મૂક્યું, આ ખાંડ, આદુના ડબ્બા પ્લેટફૉર્મ પર હારબંધ ગોઠવીને તૈયાર રાખ્યા,

ત્યાં ફોન રણક્યો.

મોબાઇલ ફોન, પગના ફ્રેક્ચર પછી સામાન્ય રીતે જેને દોરડીથી બાંધીને ગળામાં લટકાવી રાખતા, તે બદમાશ અત્યારે ખરેખરી જરૂર હતી ત્યારે આગળના ખંડમાં ક્યાંક સંતાઈને ટહુકા કરતો હતો! હા ભાઈ હા, આવ્યો મારા વા'લા આવ્યો - લાકડી જડી નહીં અને પગ ઘસડતાં ભીંત-બારણું-ખુરશી એમ ટેકે-ટેકે ખૂણાના ટેબલ સુધી પહોંચ્યા.

'કાગળપેન છે?'

ફાંફાં મારવા લાગ્યા. કાગળ? પેન?

'લખી લો.'

દસ આંકડા બોલ્યો, પ્રથમ અંગ્રેજીમાં નાઇન નાઇન સેવન ફાઇવ.... ભાષાંતર કર્યું, નવ્વાણું પંચોતેર વગેરે. પછી વિદ્યાર્થી પાસે પુનરાવર્તન કરાવ્યું. બોલી જાઓ, શું લખ્યું?

આંકડા રટી ગયા ત્યારે એમાં સંસ્કૃત શ્લોક જેવો લય દાખલ થયો અને આંખો બળવા લાગી.

સંગીત સામા છેડે પહોંચ્યું હશે. થોડી ક્ષણોના વિરામ પછી બલવંત બોલ્યો ત્યારે એનું ગળું ભારે હતું, 'આટલું સાંભળો, કાકા. સાહેબની... તબિયત.... સારી રહેતી નથી. પથારીવશ છે. કદાચ આપની સાથે વાત ન કરી શકે એવું પણ બને. આ નંબર બે'નનો છે. અગાઉથી કહી રાખ્યું, એટલે શું કે એ વખતે આપને...'

પથારીવશ હોવું - આ સમાચાર એક મોટા સત્યની પાસે ગૌણ બની ગયા. હયાત છે, શ્વાસ લે છે.

હું અહીં છું તો એ ત્યાં છે.

* * *

કળ વળી તે પછી પ્રશ્ન થયો, 'બલવંત, હજુ હમણાં તો તું નીકળ્યો છે, વિરમગામ પહોંચ્યો નહીં હોય...'

'સામે વિરમગામ રેલવે-ક્રૉસિંગ દેખાય છે. એક નાની હોટેલની આગળ બેઠો છું. અહીંની ચા એવી...'

'તો પછી, આટલી વારમાં, અલ્યા તું જાદુગર છે?'

'કાકા, આપણા જાસૂસો ચારે બાજુ ફેલાયેલા છે.'

'માનવું જ પડે.'

'આખું પોલીસ ડિપાર્ટમેન્ટ આપણી અંડરમાં નહીં?'

હવે ગડ બેઠી. બલવંતના બનેવી ખુદ વિરમગામમાં પોલીસ-ઇન્સ્પેક્ટર હતા!

તપાસ જે-તે સ્થળે પહોંચ્યા પછી જ શરૂ કરી શકાય એવું કોણે કહ્યું? કાકા સાથેની વાતચીત પૂરી થઈ ને એ ઘડીએ જ બલવંતે બનેવીસાહેબને ફોન જોડ્યો

હતો. આમની વાત આમ છે અને આટલું આ કરવાનું છે.

પત્યું.

માનનીય સાળાશ્રી પણ જેને પૂજનીય માનતા હોય એવા વડીલ દ્વારા સોંપાયેલું કામ - કાયદો અને વ્યવસ્થાના તંત્ર માટે તે ટૉપ પ્રાયોરિટીમાં આવે.

લાંબી તપાસ કરવી પડી નહીં. આંટીઘૂંટી નહોતી. જટિલતા નહોતી. એક તંતુ સાથે બીજો અને બીજા સાથે ત્રીજો સહજતાથી ગોઠવાઈ ગયો. ઇન્સ્પેક્ટરે જમાદારને બોલાવીને શહેરની સ્કૂલો વિશે પૂછ્યું. જમાદાર સ્થાનિક માણસ હતો અને જોગાનુજોગ ભાલચંદ્રસાહેબ પાસે જ ભણ્યો હતો.

પચાસ વર્ષ : આંકડો ખૂબ વજનદાર હતો. માન જળવાવું જોઈએ. જમાદારને ન મોકલ્યો, ઇન્સ્પેક્ટર પોતે સ્કૂલ પણ ગયા.

હવે, આચાર્ય વ્યોમેશભાઈ તે અન્ય કોઈ નહીં, ભાલચંદ્રસાહેબના પુત્ર. દાદા પછી પિતા અને પિતાની નિવૃત્તિ પછી તેઓ ગાદીને શોભાવી રહ્યા હતા.

ફોન નંબર મળી ગયો. કાકાનું કામ થઈ ગયું. છતાં, બલવંતે પોતાની જાતને મુક્ત ન કરી, અંતમાં કહ્યું, 'પાંચેક વાગ્યા સુધી અહીં છું, કંઈ જરૂર પડે તો કહેજો.'

હાથમાં કાગળની ચબરખી સામે ફોન.

શોધવા નીકળીએ, લગભગ અશક્ય માનીને, એક તરંગ એક તુક્કો, તે આવી સહજતા અને આટલી ત્વરાથી મળે ખરું?

આજે સ્વીકારવું પડે કે હા, મળે.

મને દૂર ક્યાં શોધે છે? થોડી તકલીફ લે, હાથ સહેજ લાંબો કર.

પાછા રસોડામાં ગયા. તપેલીમાં પાણી તો હતું જ, દૂધ રેડ્યું. ગૅસ ચાલુ કર્યો. ધીમે તાપે ખાસ્સી વાર ઊકળવા દીધી. એક હાથમાં લાકડી, બીજામાં ખખડતાં કપ-રકાબી. બાદશાહી આનાથી વધારે શાનદાર હોઈ શકે?

સવારી ટેબલ સુધી પહોંચી. ઊની-ઊની ચા રકાબીમાં થોડી-થોડી કાઢી નાની ઘૂંટડીએ પીધી.

એક પંગુ તળેટીમાં ઊભો છે.

* * *

'ભાલચંદ્રભાઈ સાથે વાત થઈ શકે?'

ફોન જોડ્યો હતો, અર્ધશિક્ષિત માણસની જેમ હોઠ ફફડાવતાં, ગુજરાતી આંકડામાં, નવ્વાણું પંચોતેર...

'જી, આપ કોણ બોલો છો?'

'બે'ન, હું અમદાવાદથી બોલું છું. ભાલચંદ્રભાઈ અને હું પાટણમાં સાથે ભણતા...'

નામ, સાંભળતાંની સાથે સ્ત્રીના સ્વરમાં નીકટતા આવી ગઈ, 'તમારે પરિચય આપવાનો ન હોય. આ તો તમને ઘણી વાર યાદ કરે છે.'

'એમ?'

'હાસ્તો.'

'કયા શબ્દોમાં માફી માગું, બે'ન? આટલાં વર્ષ ગયાં, મળાયું નહીં, વાત થઈ

શકી નહીં અને આજે મિત્રનું સ્વાસ્થ્ય સારું નથી, એમની સ્થિતિ...'

'સ્થિતિ કેવી છે એ તો તમે અત્યારે અહીં હાજર હોત તો જોવા મળત. નામ પડ્યું અને હેં કરતાં બેઠા થઈ ગયા છે. હસે છે, વિચિત્ર ચેનચાળા કરે છે અને હાથ લાંબા કરે છે, ફોન ઝૂંટવી લેવા. લ્યો, વાત કરો.'

'ભાલચંદ્રભાઈ!'

'મારા સાહેબ!'

'મારા માલિક!'

આમ, પુનર્મિલન વખતે અનિવાર્ય એવો ફરિયાદો અને ઠપકાનો વિધિ સંબોધનમાં જ સમેટાઈ ગયો.

'આમ અચાનક કઈ દિશામાંથી ઊતરી પડ્યા?'

'ગુજરી ગયો હતો, પણ ઉપર નવરા બેઠે-બેઠે યાદ આવ્યું કે એક કામ બાકી રહી ગયું છે, એટલે...'

'તો તો આ ફોનનંબર પણ ત્યાંની ઑફિસમાંથી જ મળ્યો હશે.'

આનો અર્થ એ થયો કે આચાર્યશ્રીએ ઇન્સ્પેક્ટરની મુલાકાત વિશે માતાપિતાને જાણ કરી નહોતી. કદાચ પુત્રની રમૂજવૃત્તિ કામ કરતી હોય. ફોનનંબર આપ્યો. આગળ જેને જે કરવું હોય તે કરે. અગાઉથી ચેતવવાની શી જરૂર?

સરપ્રાઇઝ, સરપ્રાઇઝ!

'નંબર ક્યાંથી મેળવ્યો, કેમ કરીને મેળવ્યો તેની કથા રમ્ય છે, પણ એ થશે નિરાંતે. ફર્સ્ટ થિંગ્ઝ ફર્સ્ટ. તમારી તબિયત કેમ છે એ કહો. પથારીવશ છો એવું જાણવા મળ્યું તેથી...'

'એની પણ શી ઉતાવળ છે? શરીર કહેતાં બૉડી, એ ફર્સ્ટ થિંગ્ઝમાં આવે?'

'ભઈ, આ તો વ્યાવહારિક...'

'વ્યવહારને હાલ પૂરતો બાજુમાં રાખો. આગ્રહ હશે તો ડૉક્ટરની આખી ફાઈલ જ અભ્યાસ માટે મોકલી આપીશ. આમ પણ, વાંચનનો શોખ છે ને?'

પ્રાથમિકતાઓ સ્પષ્ટ હોવી જોઈએ. એજન્ડા પર નજર નાખો. પહેલી આઇટેમ કઈ છે?

'બીજો માળ. આપણે બારી પાસે ઊભા છીએ.'

સીધો જ બીજો માળ? તો પહેલો, ક્યાં ગયો?

હસતાં-હસતાં હોંકારો પુરાવ્યો, 'ઊભા છીએ.'

'ક્લાસ શરૂ થવાને થોડી વાર છે અને તમે અચાનક બારી બહાર હાથ લંબાવી મને જગાડો છો – ભાલચંદ્ર, જો! બિચારો ભાલચંદ્ર, અબુધ શિષ્ય, આંખો ફાડીને જુએ છે. ખાસ્સે આઘે, લગભગ સહસ્રલિંગ તળાવ ઉપર અભિષેક થઈ રહ્યો છે સહસ્રધારે. આપણે ઊભા છીએ ત્યાં કોરુંધાકોર...'

'કોરુંધાકોર?'

'એ ઉંમરે વરસાદની નવાઈ હોય? ઘરની મેડીએ બેસી કલાકો સુધી જોયા કરવું શૂન્ય ચિત્તે. અથવા પલળતાં-પલળતાં વગડામાં ભટકવા નીકળી પડવું.

નાનપણમાં શેરી વચ્ચે વરસાદી નગ્ન નૃત્યોય કર્યાં હતાં, પરંતુ એનું દૂરથી આ રીતે અક્ષૌહિણી સેના સાથે ધસી આવવું... જીવનમાં પહેલી વાર જોયું.'

થોડું અટકીને સુધારો કર્યો, 'જોયું નહીં, તમે બતાવ્યું.'

હાંફ ચડી હતી.

'બતાવ્યું નહીં, સામટી અનુભૂતિ કરાવી. આ બોલું છું ત્યારે, આ ક્ષણે, આઇ કેન ફીલ ઈટ, હથેળીમાં... આંખોમાં...'

મૃદુ સ્વર સંભળાયો, 'તમે થાકી જશો. જરીક...'

પત્નીએ તો પરિચારિકાનો ધર્મ પણ બજાવવાનો હતો.

'તું શાંતિથી બેસ.'

'અરે પણ, એકલા મંડી પડ્યા છો. આટલાં વર્ષે ભાઈએ ફોન કર્યો છે, એમને બિચારાને તો બોલવા દો.'

આ રકઝકમાં પતિએ મિત્રની મદદ માગી, 'તમે આને કંઈક કહો.'

'ભાભીનું કહેવું સાચું છે, ભાલચંદ્ર. હવે તમે આરામ કરો. મળ્યા, એકબીજાનો અવાજ સાંભળ્યો, આટલું ઓછું છે? વાતો કરવા માટે આખી જિંદગી પડી છે.'

'એમ? આખી એટલે કેટલી?'

અહીં મિત્ર, ત્યાં પત્ની. ચૂપ થઈ ગયાં.

'કૉલેજની પાછળ ખેતરોમાં શિયાળાના એક બપોરે ટહેલવા નીકળ્યા હતા.'

'કૉલેજમાં ભણવા જતા'તા કે ખેતી કરવા?'

પત્નીના આ ટોણાને ધ્યાનમાં લીધા વગર આગળ ચલાવ્યું, 'રાયડો હતો કે સરસવ? ચારે બાજુ નજર જાય ત્યાં સુધી પીળાં ફૂલની બિછાત. શેઢે ઊભાં-ઊભાં તમે શું બોલ્યા હતા તે યાદ છે?'

પ્રશ્ન સ્વતંત્ર હતો, એને ઉત્તરની અપેક્ષા નહોતી.

'ભાલચંદ્ર, જો! કણેકણ, ક્ષણેક્ષણ ચૈતન્યથી ઊભરાય છે, ફુવારા ઊડે છે, પણ આ સમય તો વહી જશે. પછી શું? વીસ-પચીસ વર્ષ પછી આપણી પાસે આમાંનું શું બચ્યું હશે? નિરાંતે જમીને, પેટ પર હાથ ફેરવતાં-ફેરવતાં, ક્યારેક કોઈને કહીશું : મેં એમ.એ. પાટણથી કર્યું હતું. ચૈતન્ય છે તે સંકોચાઈ, સુકાઈ ટૂંકા વાક્યનો કાંકરો બની જશે. હા, મેં એમ.એ.-'

આ વખતે વારવાની જરૂર પડી નહીં. બોલવાનું જે રીતે શરૂ થયું હતું, પ્રસ્તાવના કાપી નાખીને, તે જ રીતે સમાપનની ઔપચારિકતા વગર ફેફસાંની ધમણમાં સમેટાઈ ગયું.

થોડી વારે ભીનો સ્વર સંભળાયો, 'જોયું? આટલી વારમાં આંખ મળી ગઈ.'

'શ્રમ પડ્યો ને...'

'એ સાચું, પણ શ્રમનાં લક્ષણો નથી દેખાતાં.'

વળી પેલા શબ્દો, 'શું છે તે તમે અહીં હાજર હોત તો જોવા મળત. ઊંઘમાં પણ હોઠ પર ધીમું હાસ્ય ફરકે છે!'

* * *

'શું, કાકા?'

'હં?'

'બો... લો!'

'શાનું શું?'

મૂઢતા આવી ગઈ હતી. પોતે ક્યાં હતા, શું થઈ રહ્યું હતું, આ કોણ કશીક પૃચ્છા કરી રહ્યું હતું?

'આગળ કંઈ પ્રોગ્રેસ?'

'પ્રોગ્રેસ?'

'ફોન કર્યો કે નહીં એ પૂછું છું.'

સૂત્રધાર.

'સાહેબ મળ્યા? વાતચીત થઈ?'

પડદો ઊઘડ્યો ત્યારે ઉપસ્થિત હતો. દોરી આમતેમ ફેરવી, આઘીપાછી ઉપરનીચે કરી, વિખૂટાં પડી ગયેલાં પાત્રોના મેળાપ માટે જરૂરી ગોઠવણ કરી અને ખસી ગયો હતો.

- આગળનું હવે તમે જાણો.

- સંવાદો હું લખી આપતો નથી. બબૂચકની જેમ ઊભા ના રહેતા. જરાક હાથપગ હલાવજો. ભગવાને મોઢામાં જીભ આપી છે, એનો ઉપયોગ કરજો.

સમાપન વખતે પાછો હાજર થઈ ગયો હતો. અહેવાલ માગતો હતો. શું કર્યું? શું થયું?

'કેમ બોલતા નથી?'

'હેં?'

'તમને શું થયું છે, કાકા? ધ્યાન ક્યાં છે?'

'અરે ભઈ, ધ્યાન અહીં જ છે, હું અહીં છું મારા ઘરમાં, પણ પેલો ફોન મૂક્યો અને બીજી ઘડીએ તારો ફોન આવ્યો, એટલે...'

'એવું છે?'

'જરીક કળ વળવા દે. શ્વાસ લેવા દે!'

બલવંત ખુશ થઈ ગયો, 'લઈ લો. નિરાંતે ઊં...ડા શ્વાસ લો.'

કંઈ સૂઝતું નહોતું, પણ ઉઘરાણિયાને જવાબ આપ્યા વગર છૂટકો નહોતો.

'થઈ, વાતચીત થઈ.'

ઉત્તરમાં પ્રામાણિકતા નહોતી. બે જણમાંથી કોઈ વધારે બોલે, કોઈ ઓછું બોલે એ સ્વાભાવિક છે, પરંતુ એક બધી જવાબદારી પોતાના માથે લઈ લે, એકધારું બોલ્યે જાય અને બીજાની પાસે હા-હં એવા માંદલા હોંકારા સિવાય કંઈ ન હોય તેને વાતચીત કહેવાય?

એક પૈડું વિમાનનું અને બીજું ગાડાનું.

મિત્રપત્નીનું ધ્યાન પણ આ વિસંગતિ તરફ ગયું હતું. તેથી તો ટકોર કરી હતી : 'એકલા મંડી પડ્યા છો...'

માનો કે અર્ધાંગિનીનું આ સૂચન પથારીગ્રસ્ત મિત્રે ધ્યાનમાં લીધું હોત, પોતાના આત્મકેન્દ્રીપણા પર હો-હો કરીને હસ્યો હોત અને વાણીપ્રવાહને અટકાવી, અશ્વની લગામ ખેંચીને ઉદારતાથી કહ્યું હોત :

- બોલો, બોલો, તમે પણ કંઈક બોલો! હું એકલો જ ગબડાવ્યા કરું એમાં તો અન્યાય છે. આપણે કંઈ હેમ્લેટ નથી કે એકોક્તિઓ ફટકાર્યા કરીએ : ધેર આર મોર થિંગ્ઝ ઇન હેવન ઍન્ડ અર્થ,

હોરેશિયો... હા, હા, હા!

પ્રશ્ન આ હતો!

તક મળી હોત તો બોલવા માટે પોતાની પાસે હતું શું?

- તું આ બધી શી વાતો કરે છે, ભાલચંદ્ર?

- ના, મને કંઈ યાદ નથી.

- કેવાં ખેતરો, શાનાં ફૂલ?

- અને વરસાદ એવો અલૌકિક હોઈ શકે?

- મારી પાસે કંઈ જ નથી, ભાઈ. મને લાગે છે કે છલોછલ ઘડો ઉપાડીને પાટણથી તું બારોબાર વિરમગામ ભેગો થઈ ગયો હતો.

* * *

'કેવું છે?'

'શાનું?'

'સાહેબની તબિયત કેમ છે?'

આક્રમક કાર્યદક્ષતા થકવતી હતી. અરે ભાઈ, જરા તો દયા રાખ! અહીં બોલવાના હોશ નથી અને તું શિક્ષકની જેમ સોટી પછાડી હિસાબ માગે છે.

શું બતાવું તને - મારો કોરો ચોપડો?

'તું ખોટો પ્રશ્ન પૂછી રહ્યો છે. સાહેબની નહીં, મારી તબિયત કેવી છે એ પૂછ.'

બલવંતના સ્વરમાં વ્યગ્રતા આવી ગઈ, 'હેં?'

'હા.'

'કંઈ થયું? તમે એક્સાઇટ બહુ થઈ જાઓ છો, કાકા. રઘવાટમાં પગ લથડ્યો, ઠોકર વાગી કે...'

પગ નહીં, મસ્તક લથડ્યું હતું, ઠોકર કપાળમાં વાગી હતી, બરોબર આજ્ઞાચક્રની ઉપર, તે આને કેવી રીતે સમજાવવું?

'ખાલી-ખાલી ગમ્મત કરું છું! મને કંઈ થયું નથી. એવો ને એવો છું.'

આ વિધાન સત્યથી વેગળું હતું.

'તો ભલે, કાકા.'

'ભલે.'

કાકાએ રમૂજ કરી. પ્રતિભાવમાં આજ્ઞાંકિત ભત્રીજાએ હસી લીધું. સવારે હાથમાં લીધેલું કામ સફળ રીતે પાર ઊતર્યું સંતોષ.

'નમસ્તે!'

એમણે કહ્યું, 'નમસ્તે.'

આ તો બલવંત. સેવા માટે સદા તત્પર. તેથી, છેલ્લે-છેલ્લે અનિવાર્ય એવી પેલી માગણી આવી, 'કંઈ કામ હોય તો ફરમાવજો, કાકા.'

એમને હસવું આવ્યું. કહેવાનું મન થયું.

- તું કામ માગે છે, બલવંત?

- તો એક કામ સોંપું તને.

- સર્વશક્તિમાન છે ને?

- ચાલ, સહસ્રલિંગ તળાવ પર વરસ્યો હતો તે વરસાદ મને દેખાડ.

- સરસવનાં ખેતરો પાછાં લાવ.

- બધું સુકાઈને કાંકરો બની ગયું છે. જળનું સિંચન કરે એવી કોઈ જડીબુટ્ટી શોધી લાવ.

❑❑❑



વણનોંધાયેલી ઘટના

☐ હિમાંશી શેલત

આકરો બરછટ તાપ. વેઠાય નહીં એવો જાલિમ.

બસ માટેની કતાર લંબાતી જતી હતી. એ હંમેશ મુજબ માથું અને મોં ઢાંકીને ઊભેલી. નજર નીચી, અને સાવ અચાનક એણે એક હાથ જોયો રેલિંગ પર. માત્ર હાથ. જાડાં ડરામણાં આંગળાં અને અંગૂઠાનો નખ તૂટેલો. ટચલી આંગળીનું ટીચકું ઊડી ગયું હોય એવો હાથ. બધા પુરુષોનો હાથ આવો ન હોય. આ એક ખાસ હાથ. એ થથરી ગઈ. શરીરમાં જે કંઈ જરા તરા લોહી હતું તેયે વરાળ થઈ ગયું. પગ ઓગળીને ગાયબ. બસ તો આવતી દેખાઈ, અને કતાર પણ આગળ ખસતી લાગી, છતાં એ તો કતારમાંથી જ ખસી ગઈ. પેલો

હાથ, એટલે કે હાથવાળો આદમી, બસમાં ચડી ગયો. એ બજારનું માંડી વાળી ઉભડક મને, બહાવરી, ઉતાવળી એની ઓરડીએ પાછી આવી. ઘરવાળો ચકિત.

ક્યા હો ગયા? ક્યૂં વાપસ?

સવાલનો જવાબ ન અપાયો. ચક્કર આવવા જેવું લાગ્યું એમ બહાનું બતાવ્યું. આવાં બહાનાં સારાં. આગળ પડપૂછ થાય નહીં અને સાબિતી આપવાની રહે નહીં. શ્વાસ હેઠે બેઠા પછી ઘરનાં કામોમાં એ રોકાઈ તો ખરી પણ પેલો રેલિંગ પર સરકતો હાથ મનમાંથી ખસ્યો નહીં. ફાટેલાં કપડાં લઈને બેઠી. સહેજસાજ સાંધવાથી ચાલી જાય એવાં હતાં. ઘડિયાળ તરફ નજર કરી. હજી જરા વાર હતી માનું પાણી મૂકવાની. હાથ જો દેખાયો તો એ આદમી પણ હોવો જ જોઈએ. તો એ જેલમાંથી છૂટી ક્યારે ગયો? અને કેવી રીતે છૂટી ગયો?

પોપડા વળેલી દીવાલ જ્યારે જૂની હતી ત્યારે એક ફોટો હતો, જાન ગુમાવી બેઠેલા પાંચેપાંચનો. પહેલાં તો એ જોતાંવેંત જીવ તોફાનમાં સપડાતો, હાલકડોલક થઈ જતો. આજકાલ એમ નહોતું થતું. લગભગ બધું જ ઝાંખું પડી ગયેલું. કેવળ યાદ આવી જતી એની અઢી-ત્રણ વરસની દીકરી. એકેય ચીસ પાડ્યા વિના તરફડી મરેલી. બહુ વહાલી હતી ઝીણકી, ગોરી, રૂપકડી.

– ને એની પોતાની સાથે જે થયેલું એયે ચોંટી ગયેલું ચામડીને. કેટકેટલા હાથ અને કેટકેટલા પગ, બેજીવસોતી ઓરતનું શરીર પણ છેવટે તો ઓરતનું. બેહોશ થઈ જવાયું હશે તે ઉપરવાળાની રહેમ. જે થયું તેની ખબર ભાનમાં આવ્યા પછી. ચાદર ઢાંકેલી એ તો પહેલું અહીં જે કોઈ આવ્યું હશે એણે. માગીભીખીને મેળવી હશે ચાદર, ઘરની ચીજવસ્તુઓ તો રાખની ઢગલી. મરી જવાયું હોત તો ઠીક થાત. પહેલામાં પહેલો વિચાર. પેટમાંનું બાળક નસીબ લઈને આવ્યું હશે એટલે બચી જવાયું. બીજો વિચાર. પતિ ભલો છે. સચવાઈ ગઈ. હોનારતનું વળતર ચાલીસ લાખ જેવું. પાસપડોશવાળા કહે છે કે આ તો બહુ સારું. બાકી બળાત્કાર અને હત્યામાં આટલું વળતર દરેકને નથી મળતું. એ જાણે સાચું કે ઘરમાં પાંચ-પાંચ જનાજા ઊંચકાયા અને માતમ વરસો લગી, કહો ને કોરટમાં કેસ ચાલ્યો ત્યાં લગી. દિલસોજી આપવા આવેલા તો એમ પણ બોલે કે મરવાનું તો બધાને છે એક દિવસ. મરવાનું હોય તો ન્યાય માટેની લડત શા માટે? કોરટકચેરીના ધક્કા અને ફરી-ફરીને જહન્નમમાં દાખલ થવું પડે. ગંદાં શરીર અને ગંદા હાથની કનડગત વેઠવી પડે.

કેટલા આદમી હતા? તમારી મા સાથે પહેલાં કે તમારી સાથે? છોકરીને દીવાલ સાથે અફાળી તે આ ઊભા છે એમાંથી કોણ? તમે ત્યારે ભાનમાં હતાં?

તમારું પ્રિય સામયિક

નવનીત સમર્પણ

હવે ડિજિટલ સ્વરૂપે ઉપલબ્ધ

તમારાં કોમ્પ્યુટર, લેપટોપ, નોટબુક, ટેબ્લેટ કે અન્ય ગેજેટ ઉપર વાંચો

* * *

હમણાં જ ક્લિક કરો

www.navneetsamarpan.com

અને **માણો**

ઉત્તમ, આનંદદાયક

અર્થસભર વાચનનો રસથાળ

એક વર્ષનું લવાજમ

ડાઉનલોડ - રૂ. 220

રીડિંગ - રૂ. 120

અનુકૂળતાઓ:

ગમે ત્યાંથી, ગમે ત્યારે, પાનું ફેરવો, એકસાથે પાનાં જુઓ, પાનાનું કદ મોટું કરી વાંચો

સવાલોના ભાલા બેમતલબ ફેંકાતા, વીંધતા, અને એને છેક તરફડતી છોડીને હવામાં ગાયબ થઈ જતા. બધું કહી દીધેલું પણ પેલા આદમીઓએ દીધેલી ગંદી ગાળો વિશે એણે કંઈ કહેલું નહીં. એક-એક ગાળ છાતી પર, સાથળ પર, પેટ પર ધગધગતો ડામ. એનો ચચરાટ ક્યારેય ગયો નહીં. ડામના ડાઘ હજી એવા ને એવા. જબાન આટલું ઝેર ઓકી શકે?

કોઈને કહ્યું નથી હજી પેલા રેલિંગ પર જોયેલા હાથ બાબત. એ લોકો જેલમાંથી બહાર ક્યારે આવ્યા એમ પણ ખબર નથી આવી. એ તો છાપાં વાંચતી નથી, અને ટીવી ખરાબ થઈ ગયા પછી દુરસ્ત થયો નથી, પડ્યું છે ડબલું એક ખૂણામાં. દુનિયા છો જતી જ્યાં જવાની હોય ત્યાં!

સૂના હૈ વો સબ છૂટ ગયે! બોલતે હૈ ક્યા કુછ કમિશન કે રેમિસન કે ઐસા હી કુછ... કાયદે સે છોડ દિયા સબકો!

બધો સંતાપ, મહેનત, અરજીઓ, રજૂઆતો, કેસ અંગે ખાધેલા ધક્કા સાવ નક્કામું ઠર્યું. પેલી ટોળકીને જનમટીપ થઈ ત્યારે મુબારકબાદી મળેલી ચોમેરથી.

તેરા મરદ બહોત અચ્છા હૈ, સમચમુચ!

ચાલો, નાલાયકો જેલમાં રહે તે જ સારું. લાયક નથી બહાર ફરવા માટે...

હ્યુમન રાઇટ્સવાલે બહોત હેલ્પફુલ, વૈસે અકેલે અકેલે કોઈ નહીં લડ પાતા

ઐસી લડાઈ.

લડને કે બાદ ભી ક્યા ફાયદા? ઈત્તોં કો મારા, જલાયા, ગંદા કામ કિયા ઓરત કે સાથ, સબ માફ? અલ્લા ભી પરેસાન હોગા, ન્યાય ઐસા હોતા હૈ?

* * *

ભલા જીવો આવી ગયા સળિયા પાછળથી સૂરજની રોશનીમાં, સીના તાન કે. ઉત્સવ છે આઝાદીનો. ભલે માણે એમનાં દોતરાંપોતરાં સંગાથે. ને ભ'ઈ પત્નીઓ તો આરતી ઉતારવા ઉતાવળી. મીઠાઈ સુધ્ધાં વહેંચી, હારતોરા કર્યા. ફોટા સુધ્ધાં વાયરલ થયા, મોટાં-મોટાં કામોનાં થાય એવી રીતે. થયું તે થયું, આજે હવે શું છે એનું, હેં? સત્તર વરસ થઈ ગયાં એટલે માણસ નવેસરથી જન્મેલો કહેવાય. જુઓ, એ નીકળ્યા એમના પોતરાની આંગળી ઝાલીને ફરવા. આંખને ટાઢક વળે એવું લાગે કે નહીં? પોતરો નવા જમાનાનો ચાલાક છે. દાદાનો હાથ હચમચાવી પૂછે છે, કે તમારે કેમ તાં જેલમાં જવું પઈડું? તાં તો લુચ્ચાલફંગા જ જાય એમ સર કે'તા'તા. તે તમે કેઈ રીતે તાં... ? દાદા જવાબ ટાળે છે, ગળી જાય છે. પોતરાનું ધ્યાન બીજી વાતમાં જાય તો પેટમાં ચૂંથારો ઓછો થાય. ઝાડ પરના કાગડા દેખાડે છે દાદા. જો તો ખરો! કેટલા બધા કાગડા છે ત્યાં પણે ઝાડ પર. ઝાડની લીલપ ઢંકાઈ ગઈ છે કાળાશથી. રસ્તો ખેંચાઈને લંબાતો હોય એમ લાગે છે દાદાને. રિક્ષા મળે તો પોતરાને લઈને સંતાઈ જવું છે રિક્ષાની બેઠકમાં. રસ્તે આવતું-જતું લોક અમથી આંગળી ચીંધે. પોતરો દાદાની આંગળી ખેંચી એકનો એક સવાલ પૂછે છે, તમે શું કરેલું દાદા, તે તમને પૂરી દીધેલા?

* * *

ક્યા હો ગયા? બોલે તો પતા ચલે. વાપસ ક્યૂં આ ગઈ? બોલવા જેવું કશું નથી રહ્યું. આ જગ્યાએ પેલી ટોળકી ભમે છે. અહીં નથી રહેવું. અંદરથી ચીસો પાડી-પાડીને કોઈ કહે છે. ગામ છોડીને જવું ક્યાં તેની ખબર નથી. આદમીની નોકરી છે અહીં અને પરિચિત વાતાવરણ છે. માત્ર પેલામાંનો એક દેખાયો એટલે ગભરાઈને ચાલી જવાનું? પોલીસને કહેવાય કે મને બીક લાગે છે આ માણસોની. એ લોકોએ પાયમાલ કરી છે મને, ખૂની છે, ઝનૂની છે, મને નથી ભરોસો એમનો.

કાયદાકાનૂનથી છૂટેલા છે. કંઈ ભાગીને, જેલ તોડીને નથી આવ્યા. સારી છાપ પાડી છે એમણે જેલમાં. સારા ઘરના હોય એવી. એટલે તો છોડી દીધા. સજા પૂરી કરી છે લાંબી. પછી અમે શું કરી શકીએ? ફરી અરજી કરો કોરટમાં.

ના. કોરટમાં જવાનું મન નથી. એ ચારપાંચ વરસ તો દોજખનાં. ઘરમાં ખાવાનાં ફાંફાં, છોકરાંનું પેટ ભરવાનું અને પોતે બે. ત્યારે તો ચાલો, સજા બી થઈ ને લાગેલું કે મોડો તો મોડો, ન્યાય

તો મળ્યો. આ તો બધું સાવ ઊલટું ને અજબ જેવું. ત્યાં જઈને શું રડવાનું હવે?

આદમી સામે ઊભો-ઊભો એને હચમચાવે છે. બહાર ગયેલી ઓરત સફાળી પાછી કેમ આવી ગઈ ઝટપટ? શું થયું એવું કે આમ જીભ મોમાં સંતાડી થથરે છે! ધાકધમકી, છેડતી, પાછળ પડેલો કોઈ બદમાશ? ઓરત જાત સાથે તો ભલભલું થાય, થયું જ છે થોડાં વરસ પહેલાં. બહાર કેમ આવી એ હોનારતમાંથી સાજીસમી, તે ઉપરવાળો જાણે. એણે જે જોયું છે, વેઠ્યું છે. તે પછી તો માણસની જાત પરથી ભરોસો ઊઠી જાય, અરે, જોઈને ચીસો પાડવાનું દિલ થઈ આવે, પાગલ થઈ જાય કોઈ પણ! આ ઓરત તો જબરી છે. ટોળકી સામે લડી બરાબર. કબૂલાતમાં કોઈ ફેરફાર કર્યો નહીં, ધાકધમકીને જરા પણ ગાંઠી નહીં, ઊભી અડીખમ. પર અબ ક્યા?

ભીંત પર દીકરીના લોહીના છાંટા નથી. દીવાલે રંગરોગાન થઈ ગયા છે, ફર્શ પર પથ્થર જડી દીધા છે. બળ્યુંઝળ્યું બધું ઉશેટાઈ ગયું છે. બારણે મજબૂત જાળી છે લોખંડની, ઓરત એકલી હોય ત્યારે અંદરથી તાળું મારી દે છે. સલામતી લાગે થોડી. જોકે સાચવવા જેવું હવે કશુંયે બચ્યું નથી.

ક્યૂં વાપસ?

ઓરત હિંમતની કરચો એકઠી કરે છે એકાગ્રતાથી. જવાબ નહીં આપે તો સવાલ પીછો નહીં છોડે. અને પછી વળગણ થઈ જશે. એમાં શક ઉમેરાશે, કદાચ ગુસ્સો પણ. બગડેલો સંસાર વધારે બગડશે. કહી જ દેવું છે હવે, બેઝીઝક.

વો લોગ સબ છૂટ ગયે, પતા થા આપકો?

આદમી થોડી ક્ષણો માટે ઓરતને જોયા કરે છે. લાંબા સમય પછી જોતો હોય એ રીતે. એને આ વાતની ખબર છે તેથી આઘાત નથી લાગતો. સહજ રીતે બોલે છે.

તો ક્યા હો ગયા? અબ જેલ સે છૂટે તો દીખેગે કહીં ન કહીં, ઈસ મેં ક્યા!

સમજાવવું અશક્ય છે. એ માટે પાસે સ્ત્રીનું શરીર હોવું જરૂરી છે, અને એ પછી બળાત્કાર જેવી ઘટના અત્યંત આવશ્યક છે, અને વધારામાં એવી મા હોવાનું અનિવાર્ય છે, જેની નજર સામે એની અઢી-ત્રણ વર્ષની બાળકીને પટકીને મારી નાખી હોય. હવે આટલું બધું અસામાન્ય એક આદમી પાસે તો ક્યાંથી હોવાનું? તો એનો પ્રતિભાવ જેવો હોવો જોઈએ એવો ગણાય. ઈસ મેં ક્યા?

ઓરત ચૂપ. નજર દીવાલ પર. જે બન્યું તે ક્રમાનુસાર, અને બિલકુલ વાંધાજનક નહીં. ખુદા આસમાન પે, હમ જમીં પે.

ચાય પીઓગે?

ગળું સાફ કરીને ઓરત પૂછે છે. પાણી ઊકળી રહ્યું છે.

❑❑❑

નોલો કોન્તેન્દેરે

☐ મધુ રાય

વાર્તા એટલે વીજળીનો કરન્ટ, યુ ફોલો? કોર્ટ બેઇલિફને ખબર હતી કે લીલી સાડીવાળી છોકરી સોનાલી બેગમ તે રફીકની મિસિસ હતી, ડૉટર નહીં, પણ તેણે કટાક્ષથી કહ્યું કે તું ને તારી ડૉટર અને તારી ગ્રાન્ડડૉટર બહાર આવો.

સિટી મ્યુનિસિપલ કોર્ટમાં આજે એમડી રફીક નામે કોઈ અપરાધીના કેસની સેકન્ડ ડેઇટ હતી. ઘોષાલ બંગાલી કેસીસ ઇન્ટરપ્રિટ કરવા કોર્ટ બોલાવે ત્યારે આવતો. હવે સરકારી વકીલ રફીક સાથે બહાર વરંડામાં ઊભા-ઊભા વાત કરશે અને પછી જજ સાહેબ સામે હાલ સુધીનો પ્રોગ્રેસ રિપોર્ટ રજૂ કરશે . ઘોષાલે મનોમન ઇન્ટપ્રિટરનો

ટોપો પહેરી એક નજર રફીકની મિસિસ સોનાલી બેગમ તરફ નાખી.

કોર્ટ બેઇલિફે થર્ડ વર્ડ મુસ્લિમ કન્ટ્રીની રિબાતી નારીની પોસ્ટર ગર્લ સોનાલી બેગમને તથા તેની બાળકીને એક બેન્ચ ઉપર બેસાર્યાં, બેઇલિફે એમડી રફીકને સરકારી વકીલ સાહેબની રાહ જોવા કહ્યું. ઘોષાલે રફીકને બંગાળીમાં સમજાવ્યું કે સરકારી વકીલ સાહેબ હવે તમારી સાથે કેસ વિશે વાત કરશે.

રફીકે ઘોષાલનો હાથ પકડી પૂછ્યું, 'દાદા, કેટલા વાગ્યા?'

'દસ ને પાંચ!' ને રફીકે પોતાની પત્ની પાસે જઈ તેની દવાઓ લીધી, પાણીનો ઘૂંટડો ભર્યો, ઘોષાલે રફીકની નાની બેબીને દૂરથી રમાડવાનો ચાળો કર્યો.

અહીં ઇન્ટરપ્રિટર ઘોષાલે ઇન્ટરપ્રિટરની ટોપી ઉતારી વાર્તાલેખકનો ટોપો પહેરી લીધો કેમ કે વાર્તા એટલે વીજળીનો કરન્ટ. તેને મીડિયમ ખપે. પછી મગજની નોટબુકમાં નોંધ કરી કે રફીક સહેજ બાઘો લાગતો હતો. આ બાવીસ-ત્રેવીસની છોકરી તેની બીજીવારની વાઇફ હશે, ને પિસ્તાલીસેક વરસનો બંગલાદેશી માણસ રફીક અમેરિકામાં ગ્રોસરી ક્લાર્ક કે વોલમાર્ટ બોલમાર્ટમાં કારકુન હશે, ને શૉપલિફ્ટિંગ કે એવી કશીક ભૂલ કરી બેઠો હશે તેથી પકડાયો છે. હવે તેને જેલબેલ થશે કે શી ખબર ડિપોર્ટેશન કે ફાઇન કે વોટેવર! મતલબ કે તેની વીસ-બાવીસ વર્ષની કાચી કાકડી જેવી મહેરારુ ઘરમાં એકલી થઈ જશે?

રફીકની પત્નીએ બેન્ચ ઉપર ખાલી જગ્યામાં હાથ ફેરવતાં ઘોષાલને બેસવા જણાવ્યું, ને ઘોષાલે ના પાડી મોં ફેરવી લીધું. જોબ ઉપર કોઈ નમણી ને આકર્ષક નારી પોતાની પાસેની જગ્યા થપથપાવીને ઘોષાલને પોતાની પાસે બેસવા બોલાવે ત્યારે ઘોષાલ મનોમન અકોક્તિ કરતો, આપણો એક નિયમ છે, યુ નોવ! આ તો 'જોબ' કહેવાય, જોબ ઉપર બહુ ડિસિપ્લિન જાળવવી પડે. આમ જોબ સિ-વા-યની કોઈ નમણી નારી પાસેની જગ્યા થપથપાવે તો ઘોષાલ બેસેય ખરો. તેને સોનાલી જેવી કાચી કાકડી જેવી નારીનો ગ્રાસ મળે તો બટકે-બટકે ચાવીયે જાય.

હટ, બુડબક, તારામાં હિંમત જ ક્યાં છે, જોબ-ટોબનાં બહાનાં, ને તારે કોઈ નિયમ નથી, હલકટ! તું તેની પાસે જતાંય ડરે છે, તને રિજેક્શનની બીક છે, ભોંદૂ! યસ, યસ, ઘોષાલ વાર્તાલેખકનો ટોપો ઉતારી મનોવિશ્લેષકનો ટોપો પહેરે છે, ને તરત અગાઉનો વિચાર ખંખેરે છે, બુડબક, આ વાર્તા ઘોષાલની નથી, ને ઘાઘરી જોઈને ઘેલો ના થઈ જા! હેહેહે, પેલો કોર્ટ બેઇલિફ બી લસર્યો હશે કેમ કે તે બી પુરુષ છે, યસ?

ઘોષાલના દસ વરસના ઇન્ટરપ્રિટરના અનુભવમાં બંગાલી કે ઇવન ઇન્ડિયન આરોપીઓ મોટાભાગે ટ્રાફિક

વાયોલેશનમાં પકડાતા કે કશીક સિવિલ બાબતમાં કોર્ટમાં આવતા. ક્રિમિનલ બહુ જૂજ, સિવાય કે શૉપલિફ્ટિંગ કે ડૉમેસ્ટિક વાયોલન્સમાં... ઓહ માય ગૉડ! ઘોષાલને તરત ભાન થયું કે રફીકે પત્નીને માર્યું તો નથી ને? રફીક પોતે એકવડો હાડકાં પાંસળાંવાળો સાડા પાંચેક ફીટનો માણસ હતો પણ બૈરીને ફટકારવાનો તેનો સ્વાભાવિક હક હોય તેમ કદાચ તેણે... ઓહ માય ગૉડ... ઘોષાલે જીભ કચરી. સોનાલીના ગાલને જોતાં-જોતાં તેની નજર લસરી, ગાલ ઉપરથી ડોક, ખભા, તતતત, તતતત ને તેણે કલ્પના કરી કે બીજે ક્યાં-ક્યાં માર્યું હશે? ઘોષાલને તે કલ્પનાઓ લોભામણી લાગી. સોનાલીને મારવાની કલ્પનાઓ, સ્સ્સ્સ્સટોપ!

ઘોષાલે સહેજ ગળું સાફ કરી સોનાલીએ પોતાની પાસે બેન્ચની જગ્યા થપથપથાવેલી તે તરફ નજર કરી અને હિંમત કરીને બેસી ગયો. સોનાલીએ આંખો વડે આભાર માન્યો. જીભ કરતાં આંખો વડે વધુ વાત થઈ શકે, તેમાં સગવડ તે કે સામેની આંખો જે કહે તે ભલે કહે, આપણા દિલને જે માનવું હોય તે માનીએ; નાઇસ તો નાઇસ, કે નાઇ-સર તો નાઇ-સર.

તમે કશોય જોબ કરો છો? ઘોષાલે પૂછવા ખાતર પૂછ્યું. 'જી, હા.' સોનાલીએ વિનયપૂર્વક હા પાડી. ગંજાવર ફ્રેન્ચાઇઝ કૉફી શૉપમાં લગભગ બધી બંગાલણ બાઈઓની જેમ સોનાલી પણ એઇટ ટુ એઇટ નોકરી કરે છે, 'ડોનટ કૉફી શૉપ'માં!

અજગર જેવી જુવાની, ને દારૂડિયો બીજવર પતિ, દિવસના બાર-બાર કલાકનું વૈતરું, આગલી વહુની બેબી, અને અમેરિકા!

'દાદા, તમે ક્યાં રહો છો?' રફીકે પૂછ્યું.

'આપણાથી અંદરોઅંદર વાતો ન કરાય.'

'કેમ?' રફીકે અચંબાથી પૂછ્યું. 'વાતો કેમ ના થાય?' અને તરત ઘોષાલને ખ્યાલ આવ્યો કે પોતે તો સામેથી હમણાં લબલબ કરતો સોનાલી સાથે ગપાટા મારતો હતો તેથી રફીક પૂછે છે કે તો પછી આપણાથી વાત કેમ ન થાય. ઘોષાલે મનોમન બચાવ ઊભો કરી લીધો, સોનાલી કાંઈ ક્લાયન્ટ નથી, ક્લાયન્ટ રફીક છે, સોનાલી સાથે વાત કરવાનો વાંધો નહીં (સફેદ જૂઠ) રફીક સાથે લટરપટર ન થાય (હાફ જૂઠ.)

'વાતો કરીએ તો આ લોકો માને અથવા સામેવાળાનો વકીલ માને કે હું તમારી સાથે મૈત્રી કરીને તમારી ફેવર કરું છું. પણ ફેવર તો કરીશ, ડોન્ટ વરી.' ઘોષાલે કાવતરાખોરની અદાથી રફીકને જણાવ્યું.

મનોવિશ્લેષકનો ટોપો પહેરીને ઘોષાલે વિચાર્યું, રફીક સાથે ઘરોબો બાંધવાનો એક લૂલો પ્રયત્ન. બિકોઝ રફીક સાથે

સારાસારી વિલ લીડ ટુઉઉ? સોનાલી સાથે સારાસારી. મનોવિશ્લેષકના ટોપા નીચેથી ઘોષાલે વિચાર્યું કે તે કારણ વિના મનમાં ને મનમાં બહુ લાંબીચૌડી પંચાત કરે છે. ઘણા લોકો સ્ત્રીઓની હાજરીમાં બહુ બોલકા બની જાય છે, એવો બુડબક 'ઘણા લોકો' ઘોષાલ પોતે હતો, સ્સ્સ્સ્સ્ટોપ!

આખરે સરકારી વકીલ આવ્યા, તરત રફીકને પૂછ્યું, 'તમે એમડી રફીક?'

રફીકે ડોકું હલાવ્યું. વકીલે અકળાઈને પૂછ્યું, 'આ એમડી રફીક? એમડી એટલે શું? તું ડાક્ટર છે?' રફીક ગૂંચવાયો, ઘોષાલે સ્પષ્ટતા કરી કે આ મહમ્મદ રફીક છે, અને મહમ્મદનું ટૂંકું એમડી. વકીલે આ વાત સાવ સ્ટુપિડ હોય તેમ ફિટકાર દર્શાવ્યો. ઓકે ડાક્ટર સાહેબ, વકીલે ઠઠ્ઠો કરતાં કહ્યું, 'હજી દારૂ પીઓ છો?'

'જી, નહીં.'

'છેલ્લે ક્યારે પીધેલો?'

'વન વીક!' રફીકે એક આંગળી ઊંચી કરીને સમજાવ્યું. વન વીક કોમ્પલીટ. આહહા, ઘોષાલને તાળો મળ્યો. ઘોષાલ દારૂના વ્યસનમાં પોતાનો પગાર વાપરી નાખે છે. ભાડું ભરાતું નથી. મકાનમાલિકે કેસ કર્યો છે. વોટ? મકાનમાલિક તો હાજર નથી!

'ગુડ, ગુડ. થેરેપી લેવા જાઓ છો?' રફીકે ઘોષાલ સામે જોયું. તેની રજા સાથે રફીકે સમજાવ્યું કે ગયા હિયરિંગમાં જજ સાહેબે થેરેપીને બદલે મસ્જિદમાં ઇમામ પાસે ધાર્મિક ઉપદેશ લેવા ભલામણ કરેલી, કેમ કે બંગાલી થેરેપિસ્ટ અહીં બર્નમ સિટીમાં મળવો કઠણ હતો.

'ઓ,' વકીલે રફીકની પત્નીને જોતાં-જોતાં ઘોષાલને પૂછ્યું, 'વાઇફ વિટનેસ થશે?' ઘોષાલે સોનાલીને પૂછ્યું, 'તમારો વર ઇમામ પાસે જાય છે?' સોનાલીએ હા પાડી. 'વીકમાં કેટલી વાર?' 'ત્રણ વાર?'

રફીકે મસ્જિદના લેટરહેડ ઉપર હાથેથી લખેલું સર્ટિફિકેટ બતાવ્યું, ત્રણ વાર જાય છે.

'કેટલા દિવસથી વાઇફ ઉપર હાથ ઉગામ્યો નથી?'

શાંતિ! કોઈ બોલતું નથી. સોનાલીની આંખમાંથી આંસુડાં પડે છે, ડસક, ડસક. સોનાલી ટિશ્યૂ પેપરથી આંસુ લૂછે છે. ફરિયાદી મકાનમાલિક નથી. ફરિયાદી સો-ના-લી છે. મારો વર મને દારૂ પીને મારે છે. પહેલી સુનાવણીમાં જજ સાહેબે હુકમ કરેલો કે દારૂ બંધ, ને બે મહિના થેરેપી લો તો ઘરમાં રહેવા દેશે નહીંતર ઘરની બહાર.

વકીલે ફરીથી સોનાલીને પૂછ્યું, 'કેટલા દિવસથી તારી ઉપર હાથ ઉગામ્યો નથી?'

ઘોષાલે નોંધ્યું કે વકીલ સાહેબ સોનાલીની પીઠે આશ્વાસનનો હાથ

મૂકવા ધારે છે, ને હજી બે-ત્રણ સવાલ પૂછ્યા પછી મૂકશેયે ખરા. વકીલ સાહેબ બી પુરુષ છે.

સોનાલી કાંઈ બોલી નહીં. રફીક કાંઈ બોલ્યો નહીં. વકીલે તેમની નાની બેબીને રમત-રમતમાં પૂછ્યું, 'તારો બાપ તારી માને મારે છે?'

બેબી રડવા લાગી. સોનાલીએ તેને શાંત કરી. ચાલો કોર્ટમાં. બધાં અંદર ગયાં. રફીકનો કેસ આવ્યો. સરકારી વકીલ સાહેબે રજૂઆત કરી કે આરોપી મસ્જિદમાં ઉપદેશ લેવા જાય છે, ને એક મહિનાથી પત્ની ઉપર હાથ ઉપાડ્યો નથી. જજ સાહેબે યોગ્ય સવાલો પૂછી એક મહિના પછી પાછા આવવા ડેઇટ આપી. એ મહિનામાં રફીક દારૂ ના પીએ ને પત્નીને ન કનડે તો જજ સાહેબ થોડો ફાઇન કરી તેને જવા દેશે. બેબીના સતત રડવાના અવાજમાં જજ સાહેબનું ફરમાન સંભળાતું નહોતું, પણ આ રૂટીનની ઘોષાલને ખબર હતી અને તેણે ફરમાનનું અક્ષરશ: બંગાળી કરી ઘોષાલને સમજાવ્યું કે દારૂ બંધ એટલે સદંતર બંધ, ને હાથ ઉગામ્યો છે તો પોલીસ રફીકને ઘરની બહાર કાઢી મૂકશે અને તેણે કોઈ ફ્રેન્ડને ત્યાં કે કોઈ હોટલમાં રહેવા જવું પડશે. અને તેનું તે જ બિહેવિયર ચાલુ રહે તો સેપરેશન, અને ડિવૉર્સ, ડિવૉર્સ, ડિવૉર્સ.

ઓક્કે. આવતા મહિને ફરી કોર્ટમાં આવવાનું થશે, અને જજસાહેબને ફાઇનલ રિપોર્ટ આપવાનું થશે. ઓક્કે, વકીલ, સોનાલી, બાળકી, રફીક અને ઘોષાલ બધાં કોર્ટની બહાર આવ્યાં. ચાલો, ગુડ લક, કહીને સરકારી વકીલ સાહેબે પિતૃભાવે સોનાલીની પીઠે હાથ થપથપાવ્યો. સોનાલીએ આંખો વડે આભાર દર્શાવ્યો. સતત રડતી બેબીને તેડી લીધી.

રફીકે ઘોષાલનો હાથ ખેંચી પૂછ્યું, 'તમે મોટરકારમાં આવ્યા છો?'

'ના, કાર નથી મારે.' ઘોષાલે કહ્યું.

'ઓહ.'

'ચાલો, તબિયતનું ધ્યાન રાખજો, દારૂથી દૂર રહેજો. આવજો.' ઘોષાલે હાથ ઊંચો કરી બંગાલી પરિવારને બાય બાય કર્યું. ઘોષાલને લાગ્યું કે રફીક તેને જવા દેવા માગતો નથી, કાંઈ કહેવા માગે છે. નો, નો, નો! ક્લાયન્ટ લોકો ઇન્ટરપ્રિટર પોતાની ભાષા બોલે એટલે પોતાની વકીલાત પણ કરશે એવું ધારી લેતા હોય છે. પણ આપણે નિષ્પક્ષ રહેવાનું. ઘોષાલે મનોમન જાતને શાબાશી આપી. સોનાલીએ સૌજન્યથી હાથ ઊંચો કર્યો. ઘોષાલને વહેમ ગયો કે તેના હોઠ પણ થથર્યા. કાંઈક કહેવા માગે છે? કે એકદમ ઉત્તેજિત થઈને 'કિસ્સ'નો સંકેત આપે છે. અહ્હ! બેબી રડ-રડ કરે છે ને અચાનક સોનાલી અણધાર્યા ઝનૂનથી બેબીને તમાચો મારી દે છે. ડઘાઈને બેબી સજ્જડ ચુપકીદીમાં ગરકાવ થઈ જાય છે.

'દાદા,' રફીકે ફરી ઘોષાલનો હાથ પકડ્યો. 'મારા ઘરે ચાલો ને, ચા-કૉફી કાંઈ?' ઘોષાલને લાલચ થાય છે, ઓકે, સોનાલીની આડકતરી સંગતના વિચારે તે ભીનો-ભીનો થાય છે, પણ નો નો નો! કેસ હજી ચાલુ છે, ને 'મી-ટૂ'ના આ સમયમાં કોને ખબર કોણ ક્યારે વકરે ને નાહક --

ઘોષાલે રફીકના વાંસે આશ્વાસનનો હાથ ફેરવતાં જણાવ્યું કે કેસ પતે પછી જરૂર આવીશ. ઘોષાલનો હાથ અડકતાં જાણે રફીકને કરન્ટ વાગ્યો હોય તેમ તેણે બદન હટાડી લીધું. 'ના, ના, ખાલી-ખાલી વિવેક નથી કરતો, હું ભાત સાથે માછેર ઝોલનું ભોજન જમીશ.' તેણે કહ્યું. પછી 'ઘણા લોકો'ની જેમ વિચાર્યું કે સોનાલી તેને ભાત પીરસવા નીચી નમશે ત્યારે-- સ્સ્સ્સ્ટોપ!

'અબોશ્યો, અબોશ્યો.' રફીક કહે છે, કાતર નજરે ઘોષાલને જતો જુએ છે, બંગાલી પરિવાર આ તરફ બસસ્ટૉપ પાસે ઊભો રહે છે, ઘોષાલ આ તરફ ઉબર બોલાવવા ફોનમાં નોંકઝોંક કરે છે. બંગાલીઓ બસમાં ચડી જાય છે, ને બસ જાય છે.

વાર્તા એટલે વીજળીનો કરન્ટ, તેને મીડિયમ જોઈએ. સોનાલીની હાજરી નથી તેથી ઘોષાલ ફરીથી નૉર્મલ બની જાય છે, યસ, યસ, ઇન્ટરપ્રિટરનો ટોપો ઉતારી, મનોવિશ્લેષકની ચુંગીનો ઘા કરી ઘોષાલ વિચારે છે કે માત્ર હાજરીથી પોતે આટલો ઘેલો થઈ જાય છે ને કોર્ટ બેઇલિફ લહેરમાં આવી જાય છે ને સરકારી વકીલ પાણી-પાણી થઈ જાય છે, તો રોજ રાત્રે પોતાના પડખામાં સોનાલી સૂતી હશે ત્યારે રફીક હરામખોર તો સાતમા આસમાને જતો હશે----સ્સ્સ્ટોપ!

પિસ્તાલીસ વરસનો સુકલકડી બંગાલી દારૂ પીને પોતાની બીજીવારની બેગમને ફટકારે છે? કુદરતનો કેવો વ્યભિચાર! ઉબર ટૅક્સી આવતાં ઘોષાલ અંદર બેસવા જાય ત્યાં કોઈ ટૅક્સીની અંદરથી વાર્તાકાર ઘોષાલનું પહેરણ ખેંચે છે?

અરે? આ તો રફીક છે, ને એકલો રફીક છે? ઘોષાલ તાજ્જુબીથી પોતાના માથે હાથ ફેરવે છે તો તેની વાર્તાકારનો ટોપો પોતાના માથે નથી, તે ટોપો રફીકના માથે ગોઠવાઈ ગયો છે! વાર્તા એટલે વીજળીનો કરન્ટ, તેને મીડિયમ ખપે, ને વાર્તા જ્યારે તદ્દન ખોટા પાટે જાય ત્યારે વાર્તાકાર કોઈ બી રૂપમાં દેખા દે છે.

જી! વાર્તાકારના અવતારમાં ભગવાનને ઘોષાલ જોઈ રહે છે. આરોપી રફીક પહેરણ ઊંચું કરીને પોતાનો વાંસો બતાવે છે, તેની ઉપર ફટકા માર્યા હોય તેવા સોળ છે. રફીક કહે છે, 'મેં જિંદગીમાં દારૂ પીધો નથી.' રફીક કહે છે. 'હું મુસલમાન છું, શરાબ હરામ છે.'

'તો પછી આ કેસ શાનો છે?'

'સોનાલી ને કૉફી શૉપનો મૅનેજર

બંને મારા ઘરમાં બાંધીને મને મારે છે! હું દારૂ પીને સોનાલીને મારું છું એવો ખોટો આરોપ મૂકી ડિવૉર્સ લેવા માગે છે. બંગલા દેશમાં મારું ઘર છે, ખેતર છે, ને અહીંયાં મારું પેન્શન છે, તેની ઉપર બેયની નજર છે.'

ઘોષાલ રફીકને તાકી રહે છે. પૂછવાની જરૂર નથી કે રફીક શા માટે પોતાનો બચાવ કરતો નથી? છી, પુરુષ થઈને ભરી અદાલમાં કબૂલ કરે? કે તેની જોરુ તેને મારે છે? પાગલ છે શું?

રફીક વાર્તાકારનો ટોપો ઘોષાલના માથે પરત કરે છે. ઘોષાલ વાર્તાકારના પાવરથી એક મહિના પછીનું કોર્ટ હિયરિંગ આજે ભજવાતું જુએ છે. જજ સાહેબ સોનાલી બેગમને પૂછે છે, 'હજી રફીક તમને મારે છે?'

જવાબમાં ડસક, ડસક. સરકારી વકીલ જજ સાહેબને જણાવે છે કે રફીક ઉપર વધારાનો આરોપ છે, તેણે સોનાલી બેગમને ડામ દીધા છે! વકીલ સાહેબ નાટકીય રીતે સોનાલીનો હાથ પકડી ડામ દર્શાવે છે, પછી સૉરી યૉર ઑનર કહી પોતાનો હાથ ઝટકાથી પાછો ખેંચે છે.

'હાવ ડૂ યુ પ્લીડ?' જજ સાહેબ પૂછે છે. 'ગિલ્ટી કે નોટ ગિલ્ટી?'

પબ્લિક ડિફેન્ડરની સલાહ મુજબ રફીક જવાબ આપે છે,

'નોલો કોન્તેન્દેરે.' યાને હા પણ નહીં, ના પણ નહીં, ને 'નો કોન્ટેસ્ટ.'

અને રફીકને એક મહિનાની જેલ થાય છે. રડતી દીકરીનો હાથ છોડાવી કોર્ટના સિપાઈ રફીકને હાથકડી પહેરાવી અંદર લઈ જાય છે. બેબી જોર-જોરથી રડે છે. કોર્ટમાં કૉફી શૉપનો મૅનેજર હાજર છે. તે આંસુભીની સોનાલીને તથા બેબીને પોતાની કારમાં બેસારી ઘરે લઈ જવા તૈયાર છે. રફીકને પકડીને સિપાઈઓ લઈ જાય છે. રફીક છેવટ સુધી સોનાલીને જોયા કરે છે.

ફરી ઘોષાલની ઉબર ટૅક્સી આવે છે. ઘોષાલની નજર ડ્રાઇવર તરફ જાય છે : ડ્રાઇવર રફીકની બેબી છે! ઓહ યસ, આ વખતે વાર્તાકારનો ટોપો બેબીએ પહેર્યો છે!

'આબાર કિ? વળી પાછું શું બાકી છે?' ઘોષાલ પૂછે છે. વાર્તાનું એવું છે ને કે વાર્તા એટલે સપોઝ વીજળીનો કરન્ટ! તેને વહેવા માટે મીડિયમ ખપે.

'ઓકે, તો?'

હવે ધીમે-ધીમે સોનાલીને ડિવૉર્સ, એલિમોની ચાઇલ્ડ સપોર્ટ મળશે.

'બસ?'

'નો નો નો નો!' વાર્તાકાર ઘોષાલને આંખ મારે છે. સોનાલી બેગમ સમય જોઈને ડોનટ કૉફી શૉપના મૅનેજર ઉપર સેક્સ્યુઅલ હરાસમેન્ટનો કેસ કરશે. કંપની પાસેથી ફિફ્ટી થાઉઝન્ડ ડૉલર્સનો દરમાયો મેળવશે.

ઓહ, ટૅક્સીમાં કોઈ નથી. બસ વાર્તા પૂરી.

❑❑❑



એ રાતે

☐ બાદલ પંચાલ

એ સાંજે કૉલેજનું છેલ્લું લેક્ચર બંક કરીને આપણે અહીં જ, બગીચાની આ જ બેન્ચ પર રોજની જેમ આવીને બેઠેલાં, જ્યાં હું હમણાં બેઠો છું. મારા બેસતાં જ બેન્ચે હળવો કિચૂડાટ કર્યો, કદાચ મારા એકલાનો ભાર એને વર્તાયો હશે. આમ જુઓ તો બગીચો એવો ને એવો જ છે, પણ એના વાતાવરણમાં અકળ બેચેની

અનુભવાઈ રહી છે, તે છતાં આપણી વાતોનો જથ્થો હજુયે અહીંની હવામાં અકબંધ છે. તારો વહેતા ઝરણા જેવો અવાજ અહીંનાં પાંદડાંઓના મર્મરમાંથી સતત ઝર્યા કરે છે. છેલ્લે જે ફૂલોને આપણે વહાલ કર્યું હતું એ ફૂલો હવે નથી રહ્યાં. સામેના ઝાડ પર કાગડાએ બનાવેલો પેલો માળો જેની ગૂંથણી આપણે સહિયારી આંખે જોઈ હતી એ માળો હવે ખાલી પડ્યો છે. આપણી બેન્ચની બેય બાજુનાં વૃક્ષોની ડાળીઓ એકમેકમાં ગૂંથાઈને ઘેરું આચ્છાદન રચી રહી છે, જેમાં અંધારું ઊભરાઈ રહ્યું છે. ખૂણામાં ઊભેલો શીમળો નિસ્તબ્ધ બનીને મારી રિક્તતાને તાકી રહ્યો છે. બેન્ચની ડાબી તરફ બનાવેલા ચોસલામાં નાનાં-નાનાં સૂરજમુખીની જગ્યાએ હવે જંગલી ઘાસ ઊગી નીકળ્યું છે. સારું થયું, આ તારા જોવામાં આવ્યું નહિ, નહિ તો...

તારી આંખોની ચપળતાનો હું ચાહક છું. કેટલાંય પુસ્તકોનો અર્ક તારી આંખોમાં સમાવિષ્ટ છે. તારી સતત વાંચતી આંખોમાં મને ખૂબ વિશ્વાસ છે. એટલે જ પેલી સાંજે મેં તને કહેલું : 'શ્રુતિ, મારી આ વાત ધ્યાનથી સાંભળજે. મને ખબર છે કે આ સાંભળ્યા પછી તને ઘણા પ્રશ્નો થશે, પણ તું બિનધાસ્ત થઈને પ્રશ્નો પૂછજે. જે અકળ લાગી રહ્યું છે એ કદાચ તારા પ્રશ્નો અને તારું વાંચન કળી શકે. સમયનો વિસ્તૃત પટ ખૂંદતાં આપણે એકબીજાના શ્વાસને ઓળખી શકીએ એટલાં નજીક આવી ચૂક્યાં છીએ ત્યારે આ કહેવું મારા માટે કેટલું યોગ્ય છે એ મને ખબર નથી, પણ જ્યારથી હું સમજણો થયો છું ત્યારથી મને લાગે છે કે રોજ રાત્રે નીંદરમાં કોઈ મારી આંખોને ઘસડીને અંધારી કોટડીમાં પૂરી નાખે છે. આ આંખો કોઈની બંધક છે, જે વર્ષોથી એ કોટડીમાંથી બહાર નીકળવાનો નાહક પ્રયત્ન કરી રહી છે. કોઈ પરાપૂર્વનો શાપ એ ભોગવી રહી છે કદાચ. કોઈ અભિસારિકા જેમ પોતાના સ્વજનોની નજરકેદ તોડવા તરફડતી હોય છે, એવી જ દશા રોજ રાત્રે મારી આંખોની હોય છે. મારી આંખોમાં ફેલાયેલું સૂકુંભટ રણ વર્ષોથી કોઈ પાણીદાર સપનાની રાહ જુએ છે પણ...

લોકો કહે છે, મરેલો માણસ સપનાં જોઈ શકતો નથી, પણ મને મારા મૃત્યુની કોઈ સાબિતી મળતી નથી. અને જો હું મૃત્યુના કોઈ અદૃશ્ય ભ્રમણક્ષેત્રમાં વિહરતો હોઉં તો તને જોઈને લય ગુમાવી બેસતાં મારા ધબકારનું શું? તારા મારકણા હાસ્યથી મારી નસોમાં ઉછાળા મારતા રક્તનું શું? તને સ્પર્શવાને હળવું થથરતાં મારાં ટેરવાંનું શું?

સપનું ન આવે એ તો સમજી શકાય છે, પણ સપનાની કોઈ અનુભૂતિ જ ન હોય એ કેવું?

ત્યારે તેં મને અધવચ્ચેથી રોકતાં

પૂછેલું : 'અભિનવ, તારા કાંડે પહેરેલી ઘડિયાળના કાંટાની ટક-ટક તને સંભળાય છે?'

મેં કહેલું : 'ના.'

તેં પૂછેલું : 'આપણી ઉપર ફેલાયેલા વૃક્ષનાં પાંદડાંમાંથી ચળાઈને આવતા આ કૂણા તડકાનો ગરમાવો તને લાગે છે?'

મેં કહેલું : 'ના.'

તેં પૂછેલું : 'આપણને પેલા ખૂણામાંથી રોજેરોજ તાકી રહેતા શીમળાના વૃક્ષની લાલચટ્ટક આભામાં રહેલા એના ચહેરાની લાલિમા તને દેખાય છે?'

મેં કહેલું : 'મને તો એનો ચહેરો પણ દેખાતો નથી.'

તેં પૂછેલું : 'આ સામે વિખરાયેલાં સુક્કાં પાંદડાંઓએ પાડેલી છેલ્લી વખતની ચીસ તેં સાંભળી?'

મેં આંખો પહોળી કરીને આસપાસ વિખરાયેલાં પાંદડાંઓને જોતાં બેસી પડેલા અવાજે કહેલું : 'ના.'

તેં પૂછેલું : 'તું કદી કોઈ વાર્તાના પાત્રને પ્રેમ કરી શક્યો છે?'

મેં કહેલું : 'મને વાર્તા કદી સમજાઈ નથી.'

પછી તેં હવાથી ઝૂલતા હીંચકા સામે એકીટશે જોતાં પૂછેલું : 'તારા જીવનની અધૂરપ જણાવીશ?' અને હું પોટલું ખોલવા બેઠેલો. મેં કંઈ કેટલીય અધૂરપો તને ગણાવેલી. જેટલી ક્ષણો એટલી અધૂરપો. કશીયે પૂર્ણતાને હું કદીએ પામી શક્યો નહોતો. બત્રીસ વરસની અધૂરપોનો ઢગલો તારી સામે ઠાલવતાં મને હાંફ ચઢેલી. આટલી અધૂરપો હું મારામાં સંઘરીને બેઠેલો એ જોઈ મને નવાઈ લાગી. એ દરિમયાન મેં ખરી પડતાં પાંદડાની ચીસ સાંભળવાનો પ્રયત્ન કરી જોયો, શીમળાના વૃક્ષનો ચહેરો જોવાનો પ્રયત્ન કરી જોયો, ઘડિયાળની ટક-ટક સાંભળવાનો પ્રયત્ન પણ કરી જોયો; પણ હું નિષ્ફળ રહ્યો.

મારી અધૂરપોને બગીચાના ચોગાનમાં પાથરી દીધા પછી મેં જોયું કે આ તો ખરી પડેલાં પાંદડાની માફક આમથી તેમ ફંગોળાઈ રહી હતી અને પછી એકાએક પવનના હળવા હાથે ઊંચકાઈને એ આપણી આસપાસ ગોળ-ગોળ ફરવા લાગી હતી.

પછી તેં ધ્રૂજતા હોઠે એ અધૂરપોની વણજાર સામે જોતાં મને પૂછેલું : 'તને આપણા પહેલા ચુંબનનો સ્પર્શ યાદ છે?'

અને મેં બગીચાની બહારના પેલા રોડની અંતિમ છોર પરની ધૂંધળી રેખા પર નજર નાખતાં કહેલું : 'અધૂરપના લિસ્ટમાં એને પણ ઉમેરી લેજે.'

થોડી ક્ષણો પછી મેં જોયું તો તું મારી બાજુની બેન્ચ પરથી હટીને સામેની બેન્ચ પર બેસી ગઈ હતી અને મારી અધૂરપોનો ઢગલો તારી આસપાસ વિખરાયેલો પડ્યો હતો. એક ક્ષણ માટે તો મને લાગ્યું કે મારી સામે તું નહિ, પણ કોઈ બીજી જ સ્ત્રી આવીને બેઠી છે, જેને હું ઓળખતો જ નથી. તારી

પક્વ આંખો ધીમે ધીમે બધું ઉકેલી રહી હતી. મારી અધૂરપોમાંથી મને માપવાના કોઈ પ્રયાસો તારી આંખોમાં ન દેખાતાં મને હાશકારો થયેલો. થોડી ક્ષણો માટે મૌનનું પાતળું આવરણ આપણી વચ્ચે તરતું રહ્યું. આપણા બંનેની બેન્ચ વચ્ચે પડેલી પાતળી સળીને એકધારું જોયા પછી તેં કહેલું : 'અભિનવ, આ સળીની જેમ જ કોઈ પાતળી ભેદરેખા આપણા પ્રદેશોની સીમા નક્કી કરે છે. આ ભેદરેખા કોઈ ઊંડી ખીણ જેવી લાગે છે. એની સામસામે ઊભેલા આપણે એકબીજાને જોઈ તો શકીએ છીએ પણ પામી શકતાં નથી. આ ભેદરેખાની ખીણને કેટલાંય વર્ષોથી, કેટલાય પ્રેમીઓ શબ્દોના અને અધૂરપોના ડૂચાઓથી પૂરવાનો પ્રયત્ન કરે છે, પણ આ ખીણ પૂરી શકાઈ નથી. મેં પણ તારી અધૂરપોના ડૂચા આમાં ઠાલવી દીધા છે, છતાંયે જોને ખીણનું મોઢું પુરાયું નથી. જ્યારે આ ખીણ પુરાઈ જશે ત્યારે આપણી બંનેની વચ્ચેના પ્રદેશોનું અંતર ઓગળી ગયું હશે. પછી હું તારા અને તું મારા પ્રદેશમાં સહેલાઈથી આવ-જા કરી શકીશ.'

મને તારી આંખો અને વાતોને ઉકેલતાં હંમેશાં તકલીફ પડી છે, ત્યારે પણ કંઈ ન ઉકેલાતાં મેં તને રોકીને પૂછેલું : 'શ્રુતિ, તારી આ વાતો મને ગૂંચવી નાખે છે, હું ફક્ત એટલું જ સમજી શક્યો છું કે આપણે બંને જુદા કાળખંડની સપાટી પર જીવી રહ્યાં છીએ અને આપણી વચ્ચે અંતહીન અંતર પથરાયેલું છે, છતાં પ્રેમના નાજુક તંતુથી આપણે જોડાયેલાં છીએ. તને શું લાગે છે આપણી વચ્ચેની આ ખીણ ક્યારે પુરાશે? શું બધા જ પ્રેમીઓને આ ખીણ નડતી હશે?'

તેં કેટલી સહેલાઈથી કહેલું : 'ખીણ ક્યાં કદી કોઈને નડે છે, આપણી અધૂરપો જ આપણને નડતી હોય છે. જે ક્ષણે અધૂરપો મટી જાય છે, તે ક્ષણે ખીણ આપોઆપ પુરાઈ જતી હોય છે.'

પછી તેં મારી આંખોમાં આંખ નાખીને હળવેથી કહેલું : 'તને ખબર છે, તને સપનું કેમ નથી આવતું? કારણ કે તું પોતે જ સ્વપ્નપ્રદેશમાં એક સ્વપ્ન વિતાવી રહ્યો છે અને હું વાસ્તવિક પ્રદેશમાં જીવન વિતાવી રહી છું.'

તારી આ વાતથી મને બહુ મોટો આંચકો લાગેલો. મને આમ અચંબિત થયેલો જોઈને તું હસેલી - ખિલખિલાટ, પણ તારું એ હાસ્ય ભયના ઓઠા હેઠળનું હાસ્ય હતું, જે હું જોઈ શકેલો.

પછી જાણે કોઈ નિર્ણય કરતી હોય એમ તું બૅગ લઈને ત્યાંથી ઊભી થયેલી અને કહેલું : 'અંધારું ખૂબ વધી ગયું છે, ચાલ હું જાઉં છું.'

મેં નોંધેલું કે તારા શબ્દોનો ક્યાસ ફરી ગયો હતો. જતાં-જતાં તારી સર્વગ્રાહી આંખે આખા બગીચાને પોતાનામાં સમાવી લીધેલો, ત્યારે મેં

તારો હાથ પકડીને પૂછેલું જે મેં ન પૂછ્યું હોત તો...

'શ્રુતિ, મારા આ પ્રલંબ આભાસી સ્વપ્નપ્રદેશને ભાંગીને તું મને તારા નક્કર વાસ્તવિકતાના પ્રદેશમાં લઈ આવીશ?' તારી આંખોએ મારી આંખોમાં લાંબા સમય સુધી જોયા કરેલું અને પછી મારી આજીજીને હોંકારો ભણેલો. બગીચામાંથી જતી વખતે તારી પાછળ રહી ગયેલો તારો પડછાયો મેં મારી આંખોમાં બીડી દીધેલો.

એ રાતે મેં પહેલી વાર સપનું જોયેલું. સપનું જોવું અને સપનામાં જીવવું કેટલું ભિન્ન હોય છે તે મારી આંખોને પહેલી વાર સમજાયેલું. મારી આંખોમાં સચવાયેલો તારો પડછાયો કોઈ આસ્તરણની માફક લહેરાઈ રહ્યો હતો. સપનામાં હું અને તારો પડછાયો બગીચામાં લટાર મારી રહ્યાં હતાં. તારા પડછાયા સાથે હું કોઈ રીતે મારી જાતને સાંકડી શકતો નહોતો. પછી એકાએક ક્યાંકથી પ્રકાશનો શેરડો મારી આંખોમાં અથડાયો અને મારી આંખો અંજાઈ ગઈ. મારી આંખોમાં વિખરાયેલા પ્રકાશના એ કણોએ તારા પડછાયાને શોષી લીધો. હું મહામહેનતે ભોંયરામાંથી બહાર નીકળતો હોઉં એમ સ્વપ્નમાંથી બહાર આવ્યો. તે રાત્રે મને જીવનમાં જોવાતા સપનાની ભયાનકતા સમજાઈ.

બીજા દિવસે હું મોડેથી ઊઠેલો. સાઇલન્ટ પર રાખેલા મોબાઇલમાં જોયું તો કેટલાય દોસ્તોના ફોન આવી ગયેલા. મેં નિશીથને ફોન જોડેલો અને એણે ગઈ કાલે ઘરે પહોંચતી વેળા થયેલા તારા ભયાનક અકસ્માતના સમાચાર આપેલા.

તું હવે હવામાં ઓગળી ગઈ હતી, પાણીમાં પ્રસરી ગઈ હતી, આકાશમાં ફેલાઈ ગઈ હતી, અંધારાની ખરલમાં ઘૂંટાઈ ગઈ હતી, રણની રેતીના સૂક્ષ્મ કણની વરખ બનીને ચમકી રહી હતી.

તું કાળગણનાનો પરિઘ વળોટીને, સમયના આયામોની પેલે પાર નિર્લેપ, નિષ્ક્રિય અને નીરવતામાં પગરવ માંડી ચૂકી હતી.

કેવી કમનસીબી છે કે આજે બગીચાની આ બેન્ચ પર બેઠાં-બેઠાં હું મારા કાંડાઘડિયાળની ટક-ટક અને સૂકાં પાંદડાંઓની ચીસ સાંભળી શકું છું, કૂણો તડકો અને હવાનો ભેજ અનુભવી શકું છું, શીમળાના વૃક્ષની લાલચટ્ટક આભામાં રહેલા એના ચહેરાની લાલિમા જોઈ શકું છું અને છેલ્લે મારી વાર્તામાં તારી હાજરી અનુભવી શકું છું, તને પ્રેમ કરી શકું છું, પણ પેલા ચુંબનની અધૂરપ તો આજીવન રહેશે.

એ રાતે મારી આંખોમાં સંગ્રહી રાખેલો તારો પડછાયો સુધ્ધાં જોતજોતામાં ઓઝલ થઈ ગયેલો અને આપણે પોતપોતાની દુનિયા વળોટી ચૂકેલાં અને તે છતાંયે રસ્તામાં ક્યાંય નહોતાં મળ્યાં.

❑❑❑

બાકીનું શરીર

☐ વીનેશ અંતાણી

માધવીએ થાય એટલું જોર લગાવી શ્યામને ખુરસી પરથી ઊભો કર્યો. એનું શરીર લૂછ્યું હતું છતાં થોડું ભીનું હતું. માધવી પણ અરધી ભીંજાઈ ગઈ હતી. શ્યામ માધવીનો હાથ પકડીને આગળ ડગલું માંડે તે પહેલાં બાથરૂમની ભીની લાદી પર એનો પગ લપસ્યો. શરીર ખુરસી પર પછડાયું. સ્વસ્થ થયો પછી માધવીએ ખૂબ સંભાળીને એને ફરી ઊભો કર્યો. શ્યામને બંને બાજુથી પકડી એ ઊંધા પગલે પાછળ ખસવા લાગી. શ્યામ એની સાથે ખેંચાતો હતો. ધીરેધીરે ચાલતાં બાથરૂમમાંથી બહાર આવ્યાં. શ્વાસ ભરાઈ આવ્યો હતો. એકબીજાને પકડી થોડી વાર ઊભાં રહ્યાં. શ્યામના મોઢા પર અથાક પીડા હતી. માધવીને સમજાયું નહીં, એ પીડા એના શરીરને પડતા કષ્ટની હતી કે માધવીના શ્રમ માટે હતી? પાછળ જોયું. પલંગ ચાર-પાંચ ડગલાંના અંતરે હતો છતાં જોજનો

દૂર લાગ્યો. પલંગ પાસે પહોંચીને માધવી બાજુમાં ખસી, શ્યામને ધીરેથી બેસાડવા ગઈ પણ એના શરીરે બધું વજન છોડી દીધું હોય એમ એ ધબ્બ દેતો પથારીમાં ફસડાયો. શ્યામે માધવીની પકડમાંથી એનો હાથ ખેંચી કપાળ અને ગરદન પરથી પરસેવો લૂછ્યો. માધવી હાંફતી હતી. એણે શ્યામ સામે જોયું. શું હતું એની આંખમાં? લાચારી, જાતે ચાલી ન શકવાની શરમ, માધવી પ્રત્યે સહાનુભૂતિ? એની આંખો સૂકી લાગી, સૂકી અને દૂર. ક્યાંક ચાલ્યા ગયા પછી અજાણ્યા થઈ ગયેલા માણસ જેવી.

* * *

કોઈ એને ઢંઢોળે છે, કાન પાસે ઘંટડી વગાડે છે, મોટા અવાજે એને બોલાવે છે. માધવી સફાળી જાગી ગઈ. કોઈ નહોતું. કોઈ અવાજ નહોતો. બધું નિ:સ્તબ્ધતામાં ડૂબી ગયું હતું. વચ્ચેથી કપાયેલી ઊંઘવાળી આંખમાં અજવાળું ખૂંચ્યું. દિવસ ઊગી ગયો? માની ન શકી. ઘડિયાળમાં જોયું. સાડા નવ... સાડા નવ વાગી ગયા? ફડકા સાથે બેઠી થઈ. આટલું મોડું ક્યારેય નથી થયું. અત્યાર સુધીમાં એણે શ્યામને નવરાવી, એનાં કપડાં બદલાવી, નાસ્તો કરાવી લીધો હોય.

આજે શું થયું? એ સમયસર જાગી કેમ નહીં? રોજ સવારે તો છ વાગ્યાનું એલાર્મ સંભળાય તે પહેલાં એ ઊભી થઈ ગઈ હોય. શ્યામે શું કર્યું હશે? બેબાકળો થઈ ગયો હશે, ઘંટડી વગાડતો રહ્યો હશે, માધવીને બોલાવવા બૂમો પાડી હશે. કદાચ જાતે ઊભો થવા ગયો હોય અને પથારીમાં પટકાઈ પડ્યો હોય. લાચાર નજરે બારણા સામે જોતો પડ્યો રહ્યો હશે.

માધવીના માથામાંથી તીવ્ર સણકો ઊઠ્યો. બે હાથે માથું પકડી બેસી રહી. શું થઈ ગયું છે એને? પચીસ દિવસ થઈ ગયા છતાં એ વાસ્તવિકતા પકડી શકતી નથી? શ્યામ હવે નથી. એ ચાલ્યો ગયો છે - એનું બધું સમેટીને, કેટલુંય અધૂરું છોડીને, કેટલુંક તો શરૂ કરતાં પહેલાં...

- આ વખતે ક્રિસમસમાં હર્ષલ અને માનસી પાસે યુ.એસ. જવું જ છે. અંકિત પણ પૂછતો હતો - દાદાજી, તમે ક્યારે આવશો?

- અંકિત મને પણ કહેતો હતો - દાદી, તું અહીં આવતી કેમ નથી?

- આ વખતે તો જવું જ છે... હું આજે જ હર્ષલને આપણી ટિકિટ બુક કરાવવાનું કહું છું.

- બહુ સારું... પણ આપણી પાસે વિઝા ક્યાં છે?

- ઓહ!

માધવી એના ખભા પર હાથ મૂકે છે.

- તો શું થયું? વિઝાની જરૂર ન હોય એવી કોઈ જગ્યાએ જઈશું.

એમની વચ્ચે એવી રમત ચાલ્યા કરતી. શ્યામની ફિઝિયોથેરપી ચાલતી હતી. જલદી હાલતોચાલતો થઈ જવાની

આશા જીવંત હતી. પરંતુ એવું બન્યું નહીં અને શ્યામ મજાકમાં થયેલી વાતને ગંભીરતાથી લીધી હોય એમ વિઝાની જરૂર ન પડે એવા સ્થળમાં ચાલ્યો ગયો.

એનું જવું માધવીએ જોયું નહોતું. એ રાતે માધવી રસોડાનું કામ આટોપી, બધી લાઇટો બંધ કરી, શ્યામ માટે દૂધનો ગ્લાસ લઈ એના રૂમમાં ગઈ હતી. અંદર જતાં જ ચીસ પાડી ઊઠી. શ્યામનું માથું ઓશીકા પરથી નીચે ઢળી ગયું હતું, હોઠમાંથી ફીણ નીકળતું હતું, મોઢું ખેંચાઈ ગયું હતું અને બેડશીટમાં અનેક સળ પડ્યા હતા.

'શ્યામ...! શ્યામ...! શું થાય છે તને? આંખ ખોલ, જવાબ દે મને... શું થાય છે, શ્યામ? કંઈક તો બોલ...'

એ બેભાન હતો, કદાચ...

માધવીએ હર્ષલના મિત્ર સંજયને ફોન કર્યો હતો. એ અરધા કલાકમાં ડૉક્ટરને લઈને આવ્યો. ડૉક્ટરે શ્યામને તપાસીને માધવી સામે માથું ધુણાવ્યું.

બસ એટલું જ બને? કોઈ માથું ધુણાવે અને એ સાચું માની લેવું પડે? માધવી સંજયને કરગરી હતી : 'સંજય, જલદી ઍમ્બ્યુલન્સ બોલાવ, એને હૉસ્પિટલ લઈ જઈએ. એ મને છોડીને આમ ન જઈ શકે, સંજય!'

એ રાત પછી માધવીએ રોકી રાખેલું રુદન હવે કોઈથી છુપાવવાનું નથી. માધવી સિવાય આ ઘરમાં કોઈ નથી. હર્ષલ, માનસી અને અંકિત ગઈ કાલે રાતની ફ્લાઇટમાં યુ.એસ. પાછાં જવા નીકળી ગયાં છે. માધવી એમને મૂકવા ઍરપોર્ટ પર ગઈ હતી. ઘેર આવી ત્યારે અઢી વાગી ગયા હતા. પછી ઊંઘ આવતાં બહુ વાર લાગી હતી.

પલંગ પરથી ઊભી થઈ. પગ લથડ્યો. ચોંકી ઊઠી - હું પણ? રૂમમાં નજર ફેરવી. એક સમયે આ રૂમ શ્યામ અને માધવીનો હતો. પાંચ વરસ પહેલાં શ્યામને સ્ટ્રોક આવ્યો ત્યારે એ ઘણા દિવસ હૉસ્પિટલમાં રહ્યો. જમણા શરીરે લકવો પડ્યો હતો. સારા નસીબે મોઢા અને જીભ પર વધારે અસર નહોતી થઈ.

ડૉક્ટરે કહ્યું હતું - આગળની સારવાર ઘરમાં કરી શકાશે. ફિઝિયોથેરપીથી સુધારો થશે. શ્યામને માસ્ટર બેડરૂમને બદલે નાના રૂમમાં સુવડાવવાનું સૂચન હર્ષલનું હતું. શ્યામને સ્ટ્રોક આવ્યો ત્યારે એ યુ.એસ.થી આવી ગયો હતો. એણે કહ્યું હતું :

'મમ્મી, પપ્પા માટે હૉસ્પિટલમાં હોય એવો પલંગ લેવો પડશે, તમારા બેડરૂમમાં ડબલ બેડ પલંગ છે. એને બીજે મૂકવા જેટલી જગ્યા ઘરમાં નથી. આપણે પપ્પાને નાના રૂમમાં સુવડાવીએ તો?'

માધવી તૈયાર નહોતી.

'મમ્મી, આપણે તારો પણ વિચાર કરવાનો છે.'

'મારો વિચાર? પ્રશ્ન મારો નથી, શ્યામનો છે.'

‘સાંભળ, ફિઝિયોથેરપિસ્ટ રોજ આવશે. પપ્પાના મિત્રો અને આપણા સગાસંબંધીઓ એમને જોવા આવશે. પપ્પાના રૂમમાં આખો દિવસ કંઈ ને કંઈ ચાલતું રહેશે. આ પરિસ્થિતિ બહુ લાંબો સમય ચાલશે, મમ્મી. પપ્પા તમારા રૂમમાં હોય તો તને બહુ અગવડ પડશે. તારાં કપડાં, તારી વસ્તુઓ, તારો બાથરૂમ બધું એ રૂમમાં છે. બીજા લોકોની હાજરીમાં તને નહીં ફાવે.’

શ્યામને ઘેર લાવે તે પહેલાં હર્ષલે નાનો રૂમ તૈયાર કરી રાખ્યો. શ્યામને એ રૂમમાં સુવડાવ્યો ત્યારે એણે માધવીને પૂછ્યું : ‘આ રૂમમાં?’ હર્ષલે કારણો આપ્યાં. શ્યામે ચૂપચાપ સાંભળી લીધું, પરંતુ માધવીએ એના મોઢા પર નારાજગીની આછી રેખા જોઈ લીધી હતી.

ત્યાર પછી પાંચ વરસોમાં શ્યામ અને માધવીના આ બેડરૂમનો ખાસ ઉપયોગ રહ્યો નહોતો. બધું શ્યામના રૂમમાં જ થતું. માધવી નાહવા, કપડાં બદલવા કે કબાટમાંથી કશુંક લેવા માટે જ આ રૂમમાં આવતી. રાતે શ્યામના રૂમમાં નીચે પથારી પાથરી સૂઈ જતી, શ્યામ બોલાવે ત્યારે એને ત્રણ-ચાર વાર ઊઠવું પડતું.

એ કાલ રાતે ઍરપોર્ટથી આવી ત્યારે ઘરનો સૂનકાર ઘેરી વળ્યો હતો. અચાનક એને લાગ્યું હતું કે એના જ ઘરમાં એની પોતાની કોઈ જગ્યા રહી નથી. માસ્ટર બેડરૂમ અજાણ્યો થઈ ગયો હતો. શ્યામના રૂમમાં સૂવા માગતી નહોતી. ગેસ્ટ રૂમ જેવો ત્રીજો બેડરૂમ હર્ષલ અને માનસીનો હતો. લગેજમાં વજન વધવાથી એ લોકો એમની ઘણી વસ્તુઓ અહીં મૂકી ગયાં છે. એ બધું એ રૂમમાં જેમતેમ પડ્યું છે.

સંતાનો અહીં હતાં એટલા દિવસ માધવી ડ્રૉઇંગ રૂમના સોફા પર સૂઈ જતી. કાલ રાતે પણ સોફા પર ઓશીકું મૂકવા જતી હતી ત્યારે લાઇટ બંધ કરતા પહેલાં ખાલી ઘરમાં નજર ફેરવી. એને લાગ્યું, ઘરના ત્રણેય બેડરૂમ એને તાકીને જુએ છે. ઘરની વચ્ચે સોફા પર એકલી સૂતેલી સ્ત્રી, જાણે એને બધા રૂમમાંથી કાઢી મૂકી હોય.

એણે તે જ ક્ષણે નિર્ણય લીધો હતો. એણે ફરી ગોઠવાવાનું છે અને એની શરૂઆત પોતાના બેડરૂમથી જ કરશે. પાંચ વરસ પછી પહેલી વાર એના રૂમમાં સૂવા ગઈ. લાઇટ કર્યા વિના, ઓશીકું પલંગ પર ફેંકી, ચાદર ઓઢ્યા વિના, શરીર લંબાવ્યું હતું. નવી જગ્યામાં પહેલી રાતે ઊંઘ આવતાં વાર લાગે એમ એ ઘણી વાર જાગતી પડી રહી હતી.

સવારના અજવાળામાં એણે આ રૂમને નવેસરથી જોયો. ડ્રેસિંગ ટેબલ, બે કબાટ – એક માધવીનો અને એક શ્યામનો. ડબલ બેડ પલંગ, દીવાલ પર ફ્રેમ કરેલું સુંદર ચિત્ર. એ અને શ્યામ આ ફ્લૅટમાં રહેવા આવ્યાં ત્યારે શ્યામે

એમનો રૂમ ખૂબ સરસ સજાવ્યો હતો.

માધવીએ શ્યામનો કબાટ ઉઘાડ્યો. જૂની સુગંધ આવી. શ્યામને ગમતાં પર્ફ્યુમની, એનાં કપડાંની, એની ચીજોની આછી, કદાચ કલ્પનામાં સચવાયેલી સુગંધ. શ્યામનો એક સૂટ અને બે શર્ટ હેન્ગરમાં લટકતાં હતાં. એ હમણાં જ ટુવાલ વીંટીને બાથરૂમમાંથી આવશે અને તૈયાર થતાં પહેલાં બૂમાબૂમ કરશે : માધવી, કયો શર્ટ પહેરું? મારું પેન્ટ? ટાઈ ક્યાં મૂકી છે? ને મારાં કફલિન્ક્સ? માધવી રસોડામાંથી દોડતી આવશે. આ પડ્યું બધું, શ્યામ! દેખાતું નથી તને? જમણું ડ્રોઅર ખોલ... જો, આ રહ્યું તારું ઘડિયાળ, તારું વૉલેટ, તારાં કફલિન્ક્સ...

એ ખડખડાટ હસશે.

– ભલે બધું જગ્યાએ હોય, છતાં મને શોધી આપ ને, પ્લીઝ!

હવે શું શોધું, શ્યામ? તારી ચીજોને કે તને?

કબાટ બંધ કર્યો. લૉક કરી ચાવી મૂકવા માધવીએ પોતાનો કબાટ ખોલ્યો. એ કબાટ પણ ભરચક ભર્યો છે. સાડીઓની થપ્પી, કેટલાંય ડ્રેસ, દુપટ્ટા અને એનાં પણ પર્ફ્યુમ. દરેક વસ્ત્રો, દરેક ચીજોનો, એક ઇતિહાસ હતો અને એ પાંચ વરસથી સડવા લાગ્યો હતો. આ સાડી છેલ્લે ક્યારે પહેરી હશે અને આ ડ્રેસ? આ વરસોમાં તો એણે ઘરમાં પહેરવાનાં ઊપટી ગયેલાં કપડાંથી ચલાવ્યું છે.

પલંગ તરફ વળી. આ બાજુ શ્યામની જગ્યા... રાતે પ્રેમ કરી લે પછી કહેતો – હવે મને નિરાંતે ઊંઘવા દેજે. આખો દિવસ ઑફિસ અને રાતે તું – નિરાંત કરવા દેતાં નથી! ડોન્ટ ડિસ્ટર્બ મી નાઉ, ઓકે? ચલ, ગુડ નાઇટ... થોડી વારમાં ઘસઘસાટ ઊંઘી જતો. માધવી થોડી ખસીને પલંગની ધાર પર સૂતી. પડખું ફેરવે ને એનો હાથ શ્યામ પર પડે તો? ક્યારેક એ જાગી જતો તો માધવીની નજીક ખસી એના પર પગ મૂકતો. માધવી બબડતી – મારી ઊંઘ બગાડી એનું શું?

– બગડે તો બગડે! કેટલીય વાર કહ્યું છે તને, આપણી વચ્ચે આટલુંક પણ અંતર ન જોઈએ.

ડ્રેસિંગ ટેબલના અરીસામાંથી માધવીનું પ્રતિબિંબ એને આશ્ચર્યથી જોતું હતું. આ કોણ અજાણી સ્ત્રી અહીં બેઠી છે? એટલી બધી બદલાઈ ગઈ એ આ વરસોમાં, જાણે મૂળ માધવી રહી જ ન હોય? એ કઈ માધવીને જોવા માગે છે? શ્યામની પત્નીને કે એની નર્સને કે હવે પ્રેયસી, પત્ની કે નર્સ પણ ન રહેલી માધવીને?

બહાર આવી. ડ્રૉઇંગ રૂમ જાણે રાત વચ્ચે લાંબો અને પહોળો થઈ ગયો હતો. શ્યામનો રૂમ બંધ હતો. હર્ષલ-માનસીનો રૂમ સાફ કરાવવાનો છે. કામવાળી રાધાને કહેશે – આજે મારો અને હર્ષલનો રૂમ સાફ કરી નાખ. રાધા નાના રૂમ તરફ

આંગળી ચીંધીને પૂછશે - તો ભાઈનો રૂમ? એ પછી કરશું, પહેલાં આ બે રૂમ બરાબર સાફ કરી નાખ.

હર્ષલ, માનસી અને અંકિત વિધિઓ પૂરી થઈ પછી બાર દિવસ રોકાયાં. વધારે રોકાવું શક્ય નહોતું. બંનેને ઑફિસમાંથી વધારે રજા ન મળે અને અંકિતની સ્કૂલ બગડે. કાલ રાતે એરપોર્ટ જવા નીકળતાં પહેલાં બધાં ડ્રૉઇંગ રૂમમાં બેઠાં હતાં. માધવીને બહુ વિચિત્ર લાગ્યું હતું - એમની સૂટકેસો ફ્લૅટના દરવાજા પાસે પડી હતી અને શ્યામનો રૂમ બંધ હતો. કેવું લાગશે એ લોકો જશે પછી? આ વખતે પાછા જવું અગાઉના પાછા જવા કરતાં અલગ હતું.

હર્ષલે પૂછ્યું : 'મમ્મા, હવે તું -'

'હવે કંઈ નહીં. નવરી થઈ ગઈ - બસ!'

ખામોશી છવાઈ ગઈ હતી.

માનસીએ કહ્યું : 'મમ્મી, તમે ત્યાં આવી જાઓ ને.'

'એમ જલદી ન નીકળાય, મારે અહીં ઘણું કરવાનું બાકી છે.'

માધવીએ શું કરવાનું બાકી છે એવો સવાલ એમણે પૂછ્યો હોત તો એની પાસે જવાબ નહોતો. કદાચ એ જવાબ શોધવા માટે પણ એણે અહીં રહેવાની જરૂર છે.

* * *

છાપાવાળો ફ્લૅટના દરવાજા નીચેથી આજનું છાપું સરકાવી ગયો હતો. માધવીને નવાઈ લાગી. એણે તો ઘણા મહિનાથી છાપું લેવાનું બંધ કર્યું છે. તો આજે એને આ ફ્લૅટમાં પણ નાખી જવાનું કેમ સૂઝ્યું? છાપાવાળાએ અજાણતાં જ માધવીને કોઈ સંકેત કર્યો છે? શું બહારના લોકોને પણ ખબર પડી જાય કે આ ઘરમાં એક સમય પૂરો થયો અને નવો શરૂ થયો?

છાપું ડાઇનિંગ ટેબલ પર મૂકી એ ચા બનાવવા રસોડામાં ગઈ. ભૂખ પણ લાગી છે. રાતે બધાંએ જેમતેમ ખાધું હતું. એ લોકોને ફ્લાઇટમાં નાસ્તો મળ્યો હશે. માધવીએ બનાવવો પડશે. કંટાળો આવી ગયો. નહીં બનાવે નાસ્તો... શું ફરક પડશે એક દિવસ નાસ્તો ન કરે તો? એવી તો કેટલી સવારે નાસ્તો ઠંડો થઈ ગયો હોય અને એણે ખાધો ન હોય.

ચાનો કપ અને પ્લેટમાં બે બિસ્કિટ લઈ ડાઇનિંગ ટેબલ પાસે આવી. કશાકની રાહ જોતી હોય એમ ઊભી રહી. હમણાં ઘંટડી સંભળાશે અને એણે કપ મૂકીને જવું પડશે. એ ટચલી આંગળી ઊંચી કરશે. માધવી યુરિનપૉટ લાવશે, ધરી રાખશે અને પછી ટૉઇલેટમાં ઢોળી આવશે. બીજું કંઈ? એક પછી એક કામ ચીંધશે. પાછળથી પલંગ ઊંચો કર, મારે બેસવું છે. બેસાડશે. જાઉં? ચાદર બતાવશે. સંકેલ. ઓશીકું ખસી ગયું છે, પીઠ પાછળ સરખું મૂક. હવે જાઉં? મારી ચા ઠંડી થાય છે. જવાબ નહીં મળે. એ કોઈ અપેક્ષામાં ઊભી રહેશે. કદાચ એ એને પૂછે, નારાજ થઈ જાય - તેં હજી

ચા નથી પીધી? કેટલા વાગ્યા ખબર છે? કાલથી મારી પાસે બેસીને ચા-નાસ્તો કરજે. એવું કશું બનશે નહીં. એ આંખો બંધ કરીને બેઠો હશે. માધવી બહાર આવશે. ચા ઠરી ગઈ હશે. આંખ બંધ કરીને પી જશે. ત્યાં જ ફરી ઘંટડી સંભળાશે.

ખુરસી પર બેઠી. કપ હોઠે માંડ્યો. ગટગટાવી જવાની હોય એમ પહેલો ઘૂંટ ઝડપથી ભર્યો. દાઝી ગઈ. નારાજ થઈ ગઈ. આવી ઉતાવળ? નિરાંતે પી... બંને પગ ખુરસી પર લીધા. પલાંઠી વાળી. ઘૂંટણમાંથી સટાકો નીકળ્યો. પગ જાણે વળવાનું ભૂલી ગયા હોય. છાપું ખોલ્યું. આટલાં વરસો પછી પહેલી વાર બહારનું જગત એની આંખ સામે ઊઘડ્યું. બીજો ઘૂંટ ભર્યો. પાનું ફેરવ્યું. આજે શહેરમાં યોજાનારા કાર્યક્રમોની વિગતો પર નજર ફેરવી. આર્ટ ગૅલરીમાં કોઈ ચિત્રકારનાં ચિત્રોના પ્રદર્શનનો છેલ્લો દિવસ છે. રાતે સાડા આઠે ટાઉન હૉલમાં એક નાટકનો પ્રથમ શો છે. બે દિવસ પછી 'રવીન્દ્ર ભારતી'માં સાત દિવસનો સંગીત મહોત્સવ શરૂ થવાનો છે. પહેલા દિવસે કૌશિકી ચક્રવર્તીનું ગાયન છે. એ નામ સાંભળ્યું હોય એવું લાગ્યું. યાદ આવ્યું. એને યુટ્યૂબ પર સાંભળી છે. શ્યામને ઑફિસથી આવતાં મોડું થયું હોય કે એ પાર્ટીમાં ગયો હોય કે બહાર ગામ ગયો હોય ત્યારે એ બાલ્કનીમાં બેસીને સંગીત સાંભળતી. ક્યારેક એ અને શ્યામ એક-એક ઇઅર ફોન કાનમાં નાખી બાજુબાજુમાં બેસીને સાંભળતાં. એ પૂછતો - કયો રાગ છે? માધવી નામ જણાવતી. એ નવાઈથી જોતો. તને ક્યાંથી ખબર? માધવી હસી પડતી. ભૂલી ગયો? એક સમયે હું પણ -

ક્યાં મૂકી દીધી છે સિતાર? શોધવી પડશે. પછી? પછી શું? પાંસઠ વરસની ઉંમરે કંઈ પણ ફરી શરૂ કરવું બહુ અઘરું છે.

છાપું વાળી ટેબલ પર મૂક્યું. સામેની ખુરસી પર એ પણ છાપું વાળે છે. ઘડિયાળમાં જુએ છે.

- ઓહ! આજે પણ મોડું થઈ ગયું... માધવી, તું, યાર, થોડી વહેલી ઊઠીને સમયસર નાસ્તો બનાવતી હોય તો?

- રાતે વહેલી સૂવા દે તો વહેલી ઊઠું ને!

એ હસતી-હસતી ઊભી થવા માગે છે, પરંતુ પલાંઠી વાળેલા પગમાં આંટી ચડી ગઈ છે.

- બેઠી શું છે, ઊભી થા... ટાઈ કોણ બાંધશે?

એ મોઢું ઊંચું રાખી ઊભો છે. માધવી ટાઈની ગાંઠ બાંધી એના ગાલે હળવી ટપલી મારે છે.

- થઈ ગયું, જા હવે!

- જાઉં તો ખરો, પણ...

ધક્કો મારે છે

- જાને હવે... મારે પણ ઑફિસ જવાને મોડું થાય છે.

* * *

રાધા આવી. માધવીને આરામથી બેઠેલી જોઈને નવાઈ પામી હોય એમ ઊભી રહી.

'હવે પીઓ છો ચા?'

'આજે મોડી ઊઠી.'

'હર્ષલભાઈ ને ભાભી ગ્યાં?'

'કાલે રાતે ગયાં.'

'બે'ન, તમે બઉ એકલાં થઈ જાશો.'

રાધાના વાક્યનો અર્થ એના સુધી બરાબર પહોંચ્યો નહીં. એકલી થઈ જઈશ? કયા કારણે? હર્ષલ-માનસી-અંકિત ગયાં એ કારણે? એ લોકો તો ઘણાં વરસોથી દૂર રહે છે.

તો?

'ભાઈ ભલે એ રૂમમાં જ સૂતા, પણ તમને વસતી તો રે'તી. મન ભરેલું રે' કે કો'ક ઘરમાં છે. હવે તો બઉ એકલાં થઈ જાશો, બે'ન, ઘરમાં કોઈ નહીં.'

રાધા કહે છે એ વાતનો ભાવ એના સુધી પહોંચતો કેમ નથી? વચ્ચે શું આવે છે? શ્યામ ઘરમાં હતો એ કારણે માધવી એકલી નહોતી? એને લકવો પડ્યો તે પહેલાંના સમયમાં એ કંપનીના કામે બહાર જતો એટલા બે-ત્રણ દિવસ માટે પણ એ એકલી પડી જતી - પણ હવે...

બન્યું હશે એવું? માધવીને ખબર પડી ન હોય અને એ આ પાંચ વરસમાં ટીપુંટીપું એકલી પડતી ગઈ હોય? એક સમયે શ્યામ માધવીના જીવનમાં પૂરેપૂરો

"With Best Compliments"

TM

RUBY

RUBY POLYMERS

E-1, Near G.I.D.C. Office, G.I.D.C, Metoda.

Dist : RAJKOT. GUJARAT. INDIA

Phone : (02827) 287706, 287715.

E-mail : ruby_poly@yahoo.com

❑ ***TarpaulinS*** ❑ ***Kishan Pipes*** ❑ ***Granules***

હાજર હતો. ચારે બાજુ, દર ક્ષણે, વાતાવરણમાં પ્રેમ હતો, સાંનિધ્ય હતું - સૂતાં, બેસતાં, જાગતાં, જમતાં, ઑફિસ જતાં અને પાછાં આવતાં, વહેલી સવારે, મધરાતે... દિવસનો કોઈ હિસ્સો ખાલી રહેતો નહીં કે એકલું લાગે.

તો પછી બન્યું શું?

શરૂઆતમાં કશું નહોતું. એ અને શ્યામ પરિસ્થિતિ સામે સાથે મળીને લડતાં હતાં. આશા હતી કે બધું સારું થઈ જશે. ફિઝિયોથેરપી લાંબી ચાલી, પણ ઘણો ફાયદો થયો. એ વૉકરથી એના રૂમમાં થોડાં ડગલાં ભરવા લાગ્યો હતો. માધવી એની સાથે રહેતી. એક દિવસ એ બહાર કશુંક કરતી હતી ત્યારે અંદરથી કોઈનો પડવાનો અવાજ સંભળાયો. દોડતી ગઈ. શ્યામ પોતાની મેળે ચાલવા માટે ઊભો થવા ગયો હતો, વૉકર ખસી ગયું અને પડી ગયો. નવી ઉપાધિ આવી. ડાબા પગમાં ફ્રેક્ચર થયું. ત્યાર પછી એ તદ્દન પથારીવશ થઈ ગયો. હિંમત અને વિશ્વાસ ગુમાવી બેઠો.

અપંગ તો માધવી પણ થઈ હતી. ઘરમાંથી બહાર નીકળવું બંધ થઈ ગયું. ખરીદી અને બૅન્કનાં કામ ઑનલાઇન કરવાં પડતાં અથવા બીજા લોકો પર આધાર રાખવો પડતો. રૂમમાં ઘંટડી વાગતી અને બૂમ સંભળાતી.

- માધવી... મા...ધ...વી...!

- ઉપમા આટલો ઠંડો?

- ઊભી તો રહે? કઈ વાતની ઉતાવળ આવી ગઈ છે?

અને પછી એક દિવસ...

- તારાથી થતું ન હોય તો ના પાડી દે...

વજ્રાઘાત થયો હતો. ચૂરેચૂરા થઈ ગઈ હતી માધવી. સંકોચાતી ગઈ હતી પોતાની અંદર. પતિ ઘરમાં જ હોય છતાં એકલી-એકલી ભટક્યા કરતી. બહારના જગતથી કપાતી ગઈ. રાત પડતી ત્યારે જ ખ્યાલ આવતો કે દિવસ પૂરો થઈ ગયો. કયો દિવસ, કયો વાર, કેટલા વાગ્યા - કશાયનું ભાન રહ્યું નહોતું. વિચારતી - ક્યારેક બહાર જવું પડશે તો ઘેર પાછા આવવાનો રસ્તો નહીં મળે. જીવવું જ ઉભડક બની ગયું હતું. વરસાદ પડતો ત્યારે બારીઓ બંધ કરી નાખતી, એક પણ ટીપું અંદર આવશે તો સળગી જશે. શું કામ છે એવી કોઈ સુખદ ઘટનાનું આ ઘરમાં? આ ઘરમાં તો એક જ ઋતુ છે - અંદરથી સબડવાની, કોહવાતા જવાની, ભૂકો થઈ જવાની.

રૂમમાં સૂતેલો માણસ પણ કોહવાતો ગયો હતો. એ ઊંઘતો હોય ત્યારે માધવી એને ધારીધારીને જોતી. ચત્તો સ્થિર સૂતો હોય. માધવી એના નાક પાસે હથેળી ધરતી, જાણે કશાકની ખાતરી કરતી હોય. વાળ વધી ગયા છે, દાઢી વધી ગઈ છે, કૃશ થયો છે. આ એ જ માણસ છે, જે એને મોડી રાત સુધી સૂવા ન આપતો અને પછી કહેતો કે

વહેલી ઊઠતી જા ને! એક બાજુના હાથ અને પગ એના શરીર સાથે એવી રીતે જોડાયેલા લાગતા, જાણે એના શરીરનો ભાગ ન હોય. નિ:શ્વાસ સરી પડતો, મન ભરાઈ આવતું. ઉમળકા તો ક્યારના ભુલાઈ ગયા હતા - બાકી રહી ગઈ હતી કેવળ કોરી રિક્તતા. એવી કોઈ ઘડીઓમાં માધવીને થતું - એનું પોતાનું શરીર પણ બે હિસ્સામાં વહેંચાઈ ગયું છે. એક પડખું હાંફતું-હાંફતું જીવે છે, બીજું ક્યાંક ખોવાઈ ગયું છે.

* * *

રાધા કામ પતાવીને ગઈ પછી માધવી ઊભી થઈ. હાથની આંગળીના ટચાકા ફોડ્યા, બંને પગને ઝાટકા મારી જકડાયેલા સાંધા છૂટા કર્યા.

હવે? ક્યાંથી શરૂઆત કરે? નાના રૂમ પાસે ગઈ. બારણું ખોલ્યું. અંદરની હવામાંથી વાસ ઊઠી. એ જ વાસ - પેશાબની, પરસેવાની, પથારીમાં પડેલા માણસની. માધવીએ રૂમની બારી ઉઘાડી. બહારનું અજવાળું ખચકાતું-ખચકાતું અંદર આવ્યું. ભુલાઈ ગયેલી તાજી હવા મોઢા પર અથડાઈ. આ રૂમમાં કશુંક અજુગતું બન્યું હોય એમ માધવીની આંખો બંધ થઈ ગઈ. તરત ખોલી નાખી. હવે એણે ખુલ્લી આંખે જોવાનું છે.

આ પલંગ હવે કામનો નથી. સંજયને કહેશે કે કોઈ સંસ્થામાં આપી દે. યુરિનપૉટ અને બેડપાન ફેંકી દેશે. બેડશીટ, ચાદરો, ટુવાલ, નૅપ્કિન, ઓશીકાંની ખોળો... આપી દેશે કોઈને બોલાવીને. પલંગ પાસે ઊભી હતી, જાણે ઘંટડી સાંભળીને દોડતી આવી હોય. હજારો વાર એ રીતે દોડતી આવી છે અને હજારો વાર આ પલંગને ઊંચો કર્યો છે અને નીચે ઢાળ્યો છે.

અને આ વૉકર?

માધવી વૉકરના બે હાથા પકડી એની વચ્ચે ઊભી રહી. કેવું લાગતું હશે વૉકરથી ચાલતાં? માધવીએ વૉકર પકડી એક ડગલું ભર્યું, બીજા ડગલે પલંગ પર ફસડાઈ પડી. આંખ ઊંચી કરી છત સામે જોયું. એ આ જ છતને રાતદિવસ તાકતો રહ્યો હતો. ધૂંધળું કેમ દેખાય છે? દશ્યો પ્રવાહી કેમ લાગે છે? કોઈ આવતું કેમ નથી? એણે પણ ઘરમાંથી બહાર નીકળી ખુલ્લા રસ્તા પર ચાલવું છે. એ બધી જગ્યાએ જવું છે, જ્યાં એ લોકો જતાં.

માધવીનો હાથ પથારીમાં ફરતો-ફરતો ઓશીકા પાસે ગયો. કશુંક અડક્યું. જોયું તો ઘંટડી. હાથમાં લીધી. એકધારું જોતી રહી. ધીરેધીરે ઘંટડીનો આકાર કોઈ પુરુષમાં બદલાતો ગયો. એનો ચહેરો સ્પષ્ટ થયો. ઓળખાણ તાજી થઈ. માધવીએ એના ગાલ પર હળવી ટપલી મારી અને બોલી ઊઠી -

- મારું બાકીનું શરીર ક્યાં છે, શ્યામ?

❑❑❑

રામાયણીબાબાનો જમાઈ

☐ વર્ષા અડાલજા

ચંદ્રકાંત બસસ્ટૉપ પર ઊભો રહ્યો. બસડેપો પછીનું આ પહેલું જ સ્ટૉપ એટલે લાંબી લાઇન નહીં અને બસ પણ લગભગ ખાલી.

બસમાં પ્રવેશતાં જ પહેલી એક જ સીટ. એની અનામત. ત્યાં બેસતાં જ કંડક્ટર સાથે સ્મિત અને ગુડ મૉર્નિંગની આપલે. એ બરાબર ટિકિટનું પરચૂરણ ધરે, કંડક્ટર જરા નારાજીના ભાવ સાથે સ્વીકારે. ઘરે એક નાની થેલીમાં

પરચૂરણ રાખેલું. પત્ની રમા બજારેથી આવે અને ખરીદીમાં મળેલું પરચૂરણ થેલીમાં જુદું મૂકે, એમાંથી બે ટાંકી પોલીસસ્ટેશન સુધીનું ભાડું ગણીને એ લઈ લે.

આમ તો પોલીસકર્મી હોય એને વળી ભાડાની શી ચિંતા? એમ તો ઘણા પોલીસ સવારનો-બપોરનો નાસ્તો, ચા-કૉફી, શરબત આવતાંજતાં રસ્તા પરની રેંકડીમાંથી પતાવી લેતા. ઉપરથી સલામ મળે તે લટકામાં.

પણ ચંદ્રકાંતના એ સંસ્કાર જ નહીં ને! મા ગામમાં છૂટક ખેતમજૂરી કરે, બાપા શહેરમાં કૉન્સ્ટેબલ. ખૂબ કરકસરથી જીવે અને બાકીનો પગાર મનીઑર્ડરથી ઘરે આવે, બાપાના દૂરના, કાકાના દીકરા ગિરીશભાઉના નાના ગામમાં વાડીવજીફા.

આઈએ પૂછેલું, ''આ ભાઉ પાસે બંગલો... ખેતર આણિ આપણ...''

''નાહી રે. હરામનો પૈસો છે. એક દિવસ પછડાશે ઊંધે માથે કે શરીર પર ફૂટી નીકળશે જોજે.''

સાંભળતાં જ આઈ ગભરાઈ ગયેલી અને કવિતાનો મોંપાઠ કરતાં અટકી જઈ એ ડઘાઈને તાકી રહેલો. બાપા એક ચોરને પકડવા એટલું દોડ્યા કે હાર્ટઍટેકથી રસ્તા પર જ ઢળી પડ્યા. ગિરીશભાઉએ પછી જોર કરી પોલીસમાં એને ભરતી કરી જ દીધો. ટ્રેનિંગ લીધી. શરીર મજબૂત કર્યું. સાથે મન પણ, હરામની કમાઈ નહીં તે નહીં જ.

જીવન પણ એવું ગોઠવાયું કે રામાયણીબાબાની દીકરી સાથે લગ્ન થયાં. સાસરું તો બાજુના ગામનું. એના ગામના પડખામાં. સસરા આમ તો પોસ્ટમાસ્ટર પણ પૂરા રામમય. મહિને બે મહિને ગામમંદિરમાં રામકથા કરે, રામ-વનવાસની વાત કરતાં ચોધાર આંસુએ રડે, ગામલોકોય ડૂસકે ચડે. ભરતની પાદુકાપૂજનની વાત કરતાં હંમેશાં કહે, કુણાચા અણહક્કચા ગેઉ નકા.

એમનું નામ જ રામાયણીબાબા પડી ગયું હતું. દીકરીનું નામ પણ રમા. રમા લગ્નમાં રામલક્ષ્મણજાનકીની નાનકડી મૂર્તિઓ સાથે લાવી હતી, દીવાલ પરના નાના મંદિરમાં એમનું નિવાસસ્થાન. સવારે ઊઠતાં અને રાત્રે સૂતાં રામજીને પગે લાગવાનો ઘરમાં નિયમ. લગ્ન પછી એણે ગામનું ઘર વેચ્યું, ગિરીશભાઉની મદદ અને મુંબઈની ચાલીમાં સંસાર ગોઠવાયો. યોગાનુયોગ કે ભાઉની પહોંચ, પહેલા બે વરસ બે ટાંકી પોલીસસ્ટેશનમાં ડ્યૂટી. એના ઘરથી થોડું પાસે.

રમાએ બનાવેલા વરણભાતનું ટિફિન લઈ ચંદ્રકાંત સવારની કે રાતની ડ્યૂટી પર સમયસર હાજર. ન માવો, ન સિગારેટ. ઇન્સ્પેક્ટર શિંદે કહેતા : હે રામાયણીબાબાચા પક્કા જમાઈ. ગોખલે એનું નૉનવેજ ટિફિન ધરે કે એ દૂરના

ટેબલ પર જતો રહે. કંઈ કામ ન હોય ત્યારે હનુમાન ચાલીસા કે સુંદરકાંડનો પાઠ કરતા, હોઠ ફફડતા રહેતા.

બે વરસમાં તો નોકરી અને સંસારમાં ટિપાઈ-ટિપાઈને ઘડાઈ ગયો. કરકસરથી જીવવાની ટેવ તો હતી જ, પણ હવે રમા પણ સાડીને ફોલ મૂકતી, ચાલમાં કોઈને જમાડતી, ટાંપાંટૈયાં કરી થોડું કમાઈ લેતી અને બાજુ પર મૂકતી.

''આપલ્યા મૂલી સાઠી રે! એને ભણાવશું, ગણાવશું, સાહેબ બનાવશું, સ્કૂલ-ફી ફાર મોંઘી છે.''

વાત તો ખરી. સ્વાતિ બે વર્ષની પણ એટલી સ્માર્ટ અને રૂપાળી. આજકાલ તો લેડી ઇન્સ્પેક્ટરથી લઈ પોલીસખાતાની મોટી-મોટી પોસ્ટ સુધી સ્ત્રીઓ પહોંચી ગઈ છે.

* * *

બે ટાંકી પોલીસસ્ટેશન બસસ્ટૉપથી જરા દૂર. ડ્રાઇવરે બરાબર પોલીસસ્ટેશન પાસે બસ સહેજ થોભાવી, ચંદ્રકાંત તરત ઊતરી પડ્યો અને બસ ચાલી ગઈ.

ડ્યૂટી બદલાઈ રહી હતી. રજિસ્ટરમાં સહીસિક્કા કર્યા. રાત્રે બે-ચાર તોફાની દારૂડિયાને પકડી લૉકઅપમાં પૂર્યા હતા એ અત્યારે કકળાટ મચાવી રહ્યા હતા. નાનીમોટી ફરિયાદો લઈ લોકોની આવનજાવન શરૂ થઈ. શહેરમાં એક જગ્યાએ દંગલ ફાટી નીકળ્યું હતું.

ડ્યૂટી પૂરી કરી એ અને ગોખલે સાથે બહાર નીકળ્યા. ગોખલે નવાનક્કોર સ્કૂટર પર સવાર થયો.

''ચલ બસ, આજ મી તુમ્હાલા સોડતો.''

એ નવાઈ પામી ગયો.

''ગોખલે સ્કૂટર? છાન છે, પણ કેટલું મોંઘું હશે?''

''સાંગતો, બેસને તું.''

ગોખલે કુશળતાથી ભીડમાંથી રસ્તો કરતો દરિયાકિનારે આવ્યો. મગદાળનાં વડાં લઈ બન્ને દૂરની પાળ પર બેઠા.

''આ મગદાળ-વડાં ફેમસ છે. હાથ માર.''

''પણ ગોખલે સ્કૂટર...''

આજુબાજુ જોઈ ગોખલેએ ખિસ્સામાંથી નોટનો થોકડો કાઢ્યો. ચંદ્રકાંતનાં હાથમાં દાળવડું અધ્ધર!

''પહેલા વડું મોંમાં મૂક અને સાંભળ, આમાં બધાનો ભાગ છે, તું તો રામભક્ત. તું તો આમાં માનતો નથી. એ તો સાહેબને તારી પર દયા આવે છે, નહીં તો જે ખાય નહીં એની સીધી ટ્રાન્સફર.''

''પણ... આટલા બધા...''

''સિમ્પલ. ક્રિસમસ થી ના! સાહેબે મુ�ळે, ભોંસલેકો ક્લબ પાસે નાકાબંધીકા ડ્યૂટી દીયા. રાત્રે નબીરાઓ ક્લબમાંથી નીકળે, પકડવાના. બ્રેથ એનેલાઇઝરની ટેસ્ટ કરવાની, દારૂ પીધો છે, ડ્રાઇવિંગ કરો છો? મ્હણજે પાંચ-છ હજાર કા તોડ કરનેકા. આયા સમજમેં?''

પેટિસની પ્લેટ આવી.

''મારી વાત સમજ, પૈસાદાર લોગ મોટી-મોટી ચોરી કરે છે, બેંકકો કરોડોકા ચુના લગાતે હૈ બરાબર!''

''હાં તો?''

''તો અપુન ભી છોટામોટા પૈસા લઈ લીધા તો શું થયું? તારા મારા પગાર જેટલું તો એમનું રેસ્ટોરાંનું બિલ! ગામમાં પોતાનું ઘર, રિટાયર્મેન્ટકી આરામકી જિંદગી.. સમજે!''

એ ખડખડાટ હસી પડ્યો. માવો ખાધેલા લાલચટ્ટક દાંત સ્ટ્રીટ-લેમ્પમાં ઝબકી ઊઠ્યા.

''તું તો રામભક્ત મેરે ભાઈ. બોલો સિયાવર રામચંદ્રકી જે.''

બાઇક ઝડપી ગતિએ દોડવા માંડી.

* * *

''ચલ લાઇસન્સ દીખા.''

યુવાને ફટ દઈ ૫૦૦ રૂપિયાની નોટ ધરી.

'પીછેકી સીટ પર હેલ્મેટ કીધર? ઓ મેડમ!''

બે નોટ એના હાથમાં મૂકતાં જ બાઇક સડસડાટ દોડી ગઈ.

એનો હાથ હજી કંપી રહ્યો હતો. એણે આજુબાજુ જોયું, આકાશ એની જગ્યાએ ઝળૂંબતું હતું, દુનિયા એની ગતિએ ચાલી રહી હતી. ચંદ્રકાંત એ ક્ષણ પર સ્તબ્ધ ઊભો હતો.

એ સવારે ઘરે પહોંચ્યો, રમા રાહ જોતી હતી. ગરમ પાણી કાઢ્યું, કપડાં મૂક્યાં. એ ચૂપચાપ નાહ્યો અને રામમંદિરને નીચી આંખે પ્રણામ કરી પથારીભેગો થયો. રૂપિયાની નોટો વૉલેટના અંદરનાં ખાનામાં ઘડીની ઘડી કરી મૂકી હતી. રમા કદી વૉલેટ જાતે ન લેતી, એટલે નિરાંત હતી.

ધીમે-ધીમે એની આંખમાં ગામ વસવા લાગ્યું. પેલો જાય ધૂળિયો રસ્તો... રવિવારની ચિલ્લર બજારનો ધમધમાટ... આસપાસના ગામથી આવતા લોકો સાથે કશા - કાયના લહેકાઓ...

અને રૂમઝૂમ વહેતી નદી સામે નાનકડો બંગલો... આંગણામાં ફૂલછોડને પાણી પાતી રમા અને એના ખોળામાં રમતાં સ્વાતિનાં છોકરાં... રમા પૂછી રહી છે, આ સાલ પંઢરપૂરની જાત્રાએ જશું ને! મી તો નક્કી જાણાર, અહો! આઈકતે કા?

એ ઝબકીને બેઠો થઈ ગયો. એ તો બંગલાના આંગણામાં પોતાપોતી સાથે રમતો હતો, નદીનું ઝમઝમ મીઠું ગીત ચાંચમાં લઈ ઊડી આવતો, વીંઝણો વીંઝતો પવન...

પંખો કર્કશ અવાજે ઘૂમતો ગરમ હવા ફેલાવી રહ્યો હતો. રમા રામજી મંદિરમાં ભોજનની થાળી ધરી ઘંટડી વગાડી રહી હતી. સ્વાતિ વાસણ પછાડતી ચીસો પાડતી હતી.

એ ક્યાંથી ક્યાં ફંગોળાઈ ગયો હતો!

રમા પાસે આવી, વહાલથી એને માથે હાથ ફેરવ્યો.

''બહુ થાક લાગ્યો છે? આખી રાત

ભટકવાનું, મંગ કાય.''

એ આજુબાજુ જોવા લાગ્યો.

''અરે શું જુઓ છો? હજી ઊંઘવું છે? ચલો, જેવણ કરતે. ભૂલી ગ્યા છો ને! આજ સ્વાતિચા વાઢદિવસ આહે!''

અરે સ્વાતિનો જન્મદિવસ ભૂલી ગયો! સાંજે કોઈ ભેટ ખરીદીને ડ્યૂટી પર જવાનો હતો, પણ ગોખલે સાથે મગદાળ-વડાંમાં ભૂલી જ ગયો!

પાંચસો રૂપિયાની નોટનો લીલો રંગ કેટલો લોભામણો હતો! ગોખલેએ શું કહ્યું હતું! હે તુમચા હક્ક આહે. હક્ક! નહીં તો શું! દેશમાં કરોડોનો ભ્રષ્ટાચાર થાય છે એમાં ૫૦૦ રૂ.ની નોટનું વજન શું! એક કાગળિયું. એ લૂંટતો નથી, માગતો નથી.

''અહો! શું બેસી રહ્યા છો? સ્વાતિની ગિફ્ટ ભૂલી ગયા? મી કાય બોલલી? ચાલો ઊઠો. થાળી પીરસું એ પહેલાં મોં ખોલો, રામજીનો પ્રસાદ...''

રમાએ મંદિરમાં મૂકેલી નાની થાળી લઈ, શીરો પતિના મોંએ ધર્યો. આંખો બંધ કરી એ શીરો ગળે ઉતારી ગયો. એ ચૂપચાપ ઊઠ્યો, વૉલેટમાંથી એક નોટ લઈ રમાના હાથમાં મૂકી.

''સ્વાતિલા પસંદ હોય તે લઈ લેજે. કાલે રાત્રે કામ હતું, દુકાન સઘળી બંદ.''

રમા રાજી થઈ ગઈ, થાળી પીરસવા જતાં પૂછ્યું, ''પણ તમે ઘરેથી ગયા ત્યારે સો રૂપિયા મેં આપેલા, આ નોટ ક્યાંથી લાવ્યા?''

''હું... મેં... સાહેબે જ આપી, સ્વાતિના જનમદિન માટે. પગારમાંથી પાછા આપી દઈશ ને?''

''મેં કીધું છે ને, ઉધારી નહીં કરવાની. મારા બાબા તો ના જ પાડે, યાદ છે ને?''

ચંદ્રકાંત હસવાનું કરતાં હાથ ધોઈને જમવા બેઠો.

''યાદ છે... યાદ છે... માઝી રમાબાઈ. રામાયણીબાબાનો જમાઈ છું.''

રમાએ થોડો વધુ શીરો પીરસ્યો, ''અને માઝા વર. બાબાની સોમી રામકથાનો ઉત્સવ છે. ગામ તો જવું પડશે. અહો, આઠ દિવસની રજા મૂકી દેજો.''

''આઠ દિવસ?''

''તો? બધાને રજા મળે તો તમને કેમ નહીં! ખરચની ચિંતા નહીં કરતા. લૉજની રોટલી વણી-વણીને કમાઈ છું.''

''ના રમા. એ પૈસા તુમચી મહેનત અને આપણી સ્વાતિના એજ્યુકેશનના.''

''લો, સ્વાતિને કાલે કૉલેજમાં દાખલ કરવાની છે? હું વરસથી બાબાને - આઈને મળી નથી.''

સ્વર ડુમાઈ ગયો.

''અરેરે! રડુ નકોસ. હું રજા મૂકીશ બસ! ખરચની ચિંતા નહીં કરતી.''

''બૅન્કમાં એક જ એફ.ડી. છે. તોડું નકા પ્લીઝ.''

''નહીં રે. ગોખલે પાસે બીજું કામ છે, થઈ જશે.''

બે દિવસ પછી ચંદ્રકાંતે રમાના હાથમાં અઢી હજાર રૂપિયા મૂક્યા.

''નવીન સાડી અને સ્વાતિ માટે ચાંગલા ફરાક લઈ લેજે. રામાયણીબાબાની દીકરી. વટ પડવો જોઈએ ને!''

રમા તો શું ખુશ! પણ આ પૈસા!

''થોડું કામ મળ્યું છે, પણ જો કોઈને કહેવાનું નહીં. શું છે કે આજકાલ લોકોમાં ઈર્ષ્યા... સમજતે ના!''

ધીમે પગલે ઘરમાં નાની-નાની સુખસગવડો ચૂપચાપ આવી. જે દિવસે વૉલેટના અંદરના ભાગમાં નોટોની ઘડીઓ હોય ત્યારે રામજી મંદિરની રામની નાની મૂર્તિની આંખો એને જ તાકી રહી હોય એમ અસ્વસ્થ થઈ જતો. નીચી નજરે દૂરથી પ્રણામ કરતો. પલંગ બરાબર રામજી મંદિરની સામે ખસેડવો હોય તો ઓરડીમાં જગ્યા જ ક્યાં હતી? રાત્રે લંબાવે ત્યારે અંધારામાં નાનકડી આંખો એની પર ઝળૂંબતી, શારડીની જેમ ગોળ-ગોળ ફરતી એને વીંધતી, અંદર ઊતરતી. એ ચત્તોપાટ પડ્યો રહેતો.

* * *

ગરમ મગદાળનું વડું મોંમાં મૂકતાં ગોખલેએ કહ્યું, ''સાહેબની બદલી હોણાર. ઉપરની પોસ્ટ અને ઠેઠ દિલ્હી.''

''કાય સાંગતે! ખરેખર!''

''ગાભરુ નકો. બીજો સાહેબ આવે છે એની કુંડળી મેં કાઢી છે. પાક્કો ખેપાની છે. આપણી જમીન પાક્કી, આમ ચૂટકીમાં.''

વડું ચટણીમાં બોળી ચંદ્રકાંતે મોંમાં મૂક્યું. આજે ચટણી જરા તીખી અને ચટાકેદાર હતી. એણે સિસકારો બોલાવ્યો.

''તારી રજા એપ્રૂવ ઝાલી?''

''હા, સાહેબે આઠને બદલે દસ દિવસની રજા આપી, પાંચસોએક દિલે. પ્રસાદ ધરવા.''

''લે, મારા પાંચસો. થાય છે હુંય આવું. રામાયણીબાબા, તારા સસરા વિશે બહુ સાંભળ્યું છે. એમની સોમી કથા અને ઉત્સવ. આવો ચાન્સ ફરી ક્યારે મળે? મેં તો રામકથા ક્યારેય સાંભળી નથી. મી રજા ઠેવૂ?''

ચંદ્રકાંત ઉત્સાહમાં ગોખલેને ભેટી પડ્યો.

''રજા ન મળે તો સીક લીવ! કાય સાંગતે? આપણાં નસીબમાં વેકેશન ક્યાંથી? તું ચાલ. તું જો આખું ગામ બાબાનું ભક્ત. બાબા મ્હણજે દેવ. સંત છે સંત. તું જોશે કે સ્વતઃ પાય લાગીશ.''

''અને તું સંત સસરાનો જમાઈ!''

ખડખડાટ હસતાં ગોખલેએ એને ધબ્બો માર્યો. એણે પણ હસવાનું કર્યું, વૉલેટ આજે ફાટ-ફાટ થતું હતું. એમાં તણખો મૂક્યો હોય એમ તણખો એને ઝીણું-ઝીણું બાળતો રહ્યો. સિસકારો બોલી ગયો.

''શું થયું રે!''

''ચટણી તીખી હતી. ચલ ઊઠ.''

''ઓકે, ચલો. મૂડ ઑફ્ફ!''

''નહીં રે જરા માથું ભારે છે.''

માથું ભારે હતું કે હૃદય એ સમજાયું નહીં. મૂંગા-મૂંગા ચાલવા માંડ્યું.

* * *

શૌચાલયમાં બન્નેએ ડ્યૂટી પરનો ડ્રેસ બદલી, પૅન્ટ-શર્ટ પહેર્યાં. કૅપ અને ગોગલ્સ. સીસીટીવી કૅમેરાથી બચતા બન્ને વારાફરતી બૅન્કમાં દાખલ થયા, લૉકરરૂમમાં જઈ ખાનામાં પૈસા મૂક્યા, ચંદ્રકાંતે નોટો પર હાથ ફેરવ્યો, થોડું સોનુંય એમાં હતું. સ્પર્શ કરતાં આંગળીને ટેરવે નોટનો લીલો રંગ ફરફરી ઊઠ્યો. શરીર રોમાંચિત થઈ ગયું. જમીન અને બંગલો થાય એટલું તો ગરથ હતું.

કોઈ દિવસ ઇન્ક્વાયરી થઈ કે એવી કોઈ ઘટના...

એના હોઠ આપોઆપ હનુમાન ચાલીસા બોલતાં ફફડવા લાગ્યા.

નોટો વચ્ચેથી સોનાનો હાર મલકી રહ્યો હતો. એણે સેરવીને બહાર કાઢ્યો. ઝબક ઝબક ચળકતો હતો. સ્વાતિના ગળામાં કેવો શોભે! એક દિવસ ગોખલેએ એના ખિસ્સામાં સેરવી દીધેલો.

''સ્વાતિચા લગ્ન સાઠી.''

એ ચમકી ગયેલો.

''જો ચંદ્રકાંત, આઠવણ છે ને! પ્રીતિ અગ્રવાલનો ઍક્સિડન્ટ કેસ! રાત્રે દારૂ પી લગ્નમાં જતી હતી, રૉન્ગ ટર્ન લઈ ગાડી ઠોકી એક માણુસલા. સારું કે નાનો રોડ, નો સીસીટીવી. હાર-કંગન લઈ જવા દીધાં, હા...''

એનો શ્વાસ અધ્ધર થઈ ગયો.

''અને પેલો માણસ?''

''હું લઈ ગયો ને હૉસ્પિટલ! ઍડ્મિટ કર્યો, કિસ્મત કે બચી ગયો. હિટ ઍન્ડ રન કેસ. રજિસ્ટર કરી દીધો. પેલી બાઈનું કામ થયું, મારું થયું, કાય સાંગતે!''

એના હોઠ હજી ફફડતા હતા.

તુમ રચ્છક કાહૂ કો ડરના... કાહૂકો ડરના... એણે હાર ફરી લૉકરમાં મૂક્યો, હાથ કંપી ઊઠ્યો. ધડ દઈ લૉકર બંધ કર્યું, ચાવી ફેરવી.

બન્ને થોડે-થોડે અંતરે બહાર નીકળ્યા અને જુદા રસ્તે નીકળી ગયા.

ઘરે પહોંચતાં મોડું થયું. સ્વાતિ ચાલીમાં રમતી હતી, રમા પાસે સાડી-બ્લાઉઝની થપ્પી પડી હતી. એ ધ્યાનથી બટન ટાંકતી હતી, પતિને જોતાં જ કપડાં આઘાંપાછાં કરતી ઊભી થઈ ગઈ.

''અહો! આજ ઉશીર ઝાલા?''

ચંદ્રકાંતે શૂઝ ઉતાર્યા, પલંગ પર બેસી પડ્યો. રમા પાણી લઈ આવી.

''રોજ કહું છું ડબલ ડ્યૂટી નહીં કરો. માલા સંતોષ આહે. કાંઈ જોઈતું નથી મારે. સ્વાતિચા ભવિષ્ય સાઠી મી કામ કરતે ના!''

''પણ તું આટલી મહેનત કરે છે, મને નથી ગમતું રમા.''

રમાએ વહાલથી પતિની પીઠ પર

હાથ ફેરવ્યો.

''અને તમે અમારે માટે ડબલ ડ્યૂટીચા કામ કરતે ના! હું તો રોજ માઝા રામજીચા આભાર કરતે, આવો મહેનતુ, પ્રામાણિક નવરા દીલા માલા. કોઈ વ્યસન નાહી, દુર્ગુણ નાહી.''

રમાનો હાથ પકડી એ ઊભો થઈ ગયો.

''આજે ઊંઘ ચડી છે. સ્વાતિને બોલાવ, જેવણ કરી લઈએ.''

જમ્યાં. રમા રસોડાનો ઢાંકોઢૂંબો કરવા રોકાઈ, એણે લંબાવ્યું, બાબા કહેતી સ્વાતિ એના પડખામાં સૂઈ ગઈ. આંખ બંધ હતી. સામેના ગોખલાના રામજીમંદિરમાં દીવો ઝીણો ટમટમી રહ્યો હતો, ઘી ખૂટ્યું હતું પણ પાંપણની આરપાર સીતાજીના ગળાનો રોલગોલ્ડ હાર આંખોમાં ઝગમગતો હતો.

આંખો પર હાથ દાબી એ પડખું ફરી ગયો.

* * *

ગામ જવા બસને ટાણે ગોખલે ટૅક્સી સાથે હાજર. મારો દોસ્ત છે યાર, બસ જેટલું જ ભાડું આપજે. ગામમાં સહુને લાગવું જોઈએ, હે રામાયણીબાબાચા જવાઈ.

બોલતાં-બોલતાં એ ચંદ્રકાંત સામે મલકતો હતો, રમા તો ભાવથી પગે લાગી.

''ભાઉ, તમે મારા નવરાના સાચા દોસ્ત છો. કેટલું ધ્યાન રાખો છો! ઉત્સવને દિવસે પહોંચી જજો.''

''નક્કી યેણાર.''

રમા હરખાતી હતી, સ્વાતિ તાળીઓ પાડતી નાચી ઊઠી. એ શું બોલે! ટૅક્સીમાં રમા ડ્રાઇવર સાથે વાત કરતી હતી.

નામ શિવનાથ. રામાયણીબાબાચા મી ભક્ત. એમની કથા એક જ વાર સાંભળી છે, વહિની, મેં બીડી, દારૂ છોડી દીધાં. માઝા ઘરમાં ફોટો છે સકાળી રામજી અને બાબા બેયને પગે લાગીને જ ટૅક્સી કાઢું અને બાબાની કૃપા જુઓ, એમનાં દીકરી-જમાઈને મારી ટૅક્સીમાં લઈ જવાનું સૌભાગ્ય મળ્યું.

બપોરે રમાએ ટૅક્સી રોકાવી. સાથે ઘરનું સરસ ભાતું લાવી હતી, એક ઘટાદાર વૃક્ષ નીચે જમ્યાં. શિવનાથ તૃપ્ત થઈ ગયો. આગ્રહ કરી-કરી રમાએ સહુને જમાડ્યા. છાસ, મુખવાસ બધું સાથે.

''રમા, આટલી તકલીફ લીધી, હાઈવે પર હોટલ તો હોય ને!''

''અહો, ઘરનું ખાવાનું અને બે પૈસા બચે. શિવનાથભાઉ, મારા આ સાહેબ એટલે મહેનતુ, અમારા માટે ડબલ ડ્યૂટી કરે, પોલીસનું કામ તો તમે જાણો છો, રાતદિવસ દોડાદોડી.''

''ભાભી, ગોખલે ભાઉ પણ એવા જ. બે ભાઈબંધ જાણે, રામલક્ષ્મણની જોડી. ચલો, સ્વાતિ બેટા!''

ટૅક્સી દોડી રહી. સાંજ પડતાં તો ગામ પહોંચાડી દીધાં. રમાએ શિવનાથને

બે દિવસ રોકી લીધો, ઉત્સવનું મોટું જેવણ છે, પ્રસાદ ઘેઉન જા, લાંબો રસ્તો છે, સાથે ભાતું બંધાવીશ. શિવનાથ બાબાના પગમાં સાષ્ટાંગ લાંબો થઈને પડ્યો.

બાબાને ચંદ્રકાંત-રમા પગે લાગ્યાં, સ્વાતિ નાનાના ખોળામાં ચડી બેઠી. આખું ગામ હિલોળે ચડ્યું હતું. મંદિરને તોરણ, ફૂલોથી લોકોએ શણગાર્યું હતું. લોકો દૂર-દૂરથી દર્શને આવતા હતા. એક ન્યૂઝ ચેનલ ગામનું, મંદિર અને બાબાનું શૂટિંગ અને બાઇટ્સ લઈ ગઈ હતી. લોકો તો એનેય ઘેરી વળતા હતા, સ્વાતિ તો એક હાથમાંથી બીજા હાથમાં.

કથાના આરંભમાં જ બાબાએ કહ્યું, લોકો પોથીપૂજામાં પૈસા મૂકશે તે સીધા દાનપેટીમાં. એ પૈસાને એ સ્પર્શ પણ નહીં કરે. ગામમાં પાણીની તકલીફ છે, એમાંથી કૂવો ખોદાશે, દાન આવશે તો મોટર મુકાવશું.

લોકોને મન તો દેવવાણી. હર્ષનાદના પડઘા ગુંજતા રહ્યા. બાબાની પીઠિકા પાસે મંદિર બનાવી રામલક્ષ્મણજાનકીની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા થઈ હતી અને બાબાની પીઠિકા પાછળ હનુમાનજીનું વિશાળ ચિત્ર. ગામના થોડા જુવાનિયાઓ ઇન્ટરનેટ પર આ નાનકડા ગામની ગૌરવપ્રદ ઘટનાના સમાચાર મૂક્યા હતા. બે બસ ભરીને લોકો સાથે થોડા ફોરેનર્સ પણ આવી પૂગ્યા હતા. જોકે બાબાએ તો ઠઠારો અને ભપકાની ના જ પાડી હતી, પણ લોકોની દલીલ હતી - આપણું રામમંદિર તો શ્રદ્ધા અને ભક્તિનું થાનક. ઘર-ઘર આપણા શ્રીરામ પહોંચશે.

ગોખલે બરાબર ટાંકણે આવી એય સાહેબને લઈને, સાહેબની કારમાં. સાહેબ તો છક્ક!

બાબા પીઠિકા પર બેઠા. સાદાં, જૂનાં સફેદ વસ્ત્રો, ખભે રામનામનો ખેસ, ચહેરા પર શાંત સ્મિત. માંડવામાં હકડેઠઠ લોક. શ્રી રામચંદ્રકી જયના ગગનનિનાદથી મંદિરમાં પૂજા સંપન્ન થઈ. ગામની બાલિકાઓએ પોથીને ફૂલહાર કરી મધુર કંઠે સંકટમોચન હનુમાનાષ્ટક ગાયું. લોકો ભાવવિભોર થઈ ગયા હતા. પછી ભજન.

પાપાચી વાસના નકો દાવૂં ડોળા
ત્યાહુની આંધળા બરા મી.

છેલ્લે, તુકા મ્હણે મજ અવધ્યાચા કંટાળા... ગાતાં-ગાતાં તો કેટલાયની આંખો ભીની થઈ ગઈ. સિંયાવર રામચંદ્રની જેની ગુંજ ઊઠી. હવે સહુ બાબાની વાણી માટે તત્પર હતા. આગલી હરોળમાં ગામના વડીલો અને મહેમાનો હતા. ચંદ્રકાંતની આનાકાની છતાં ચંદ્રકાંત, રમા, સ્વાતિ અને ગોખલે તથા સાહેબને બેસાડ્યા હતા. એ આવ્યો ત્યારથી એને અને રમાના ગામલોક ખૂબ માનપાન આપતા હતા. કાર્યક્રમની વિગતો માટે ઘરે અવરજવર કરતા લોકો બાબાને પગે લાગતા અને ચંદ્રકાંતને પણ. એ ગભરાતો, ના પાડતો પણ

લોક તો બાબાચા જવાઈ, કહેતાં એને પગે પડતા, ઘણા દંપતીને પોતાને ઘરે આવવા વીનવતા, આમી ધન્ય ઝાલો.

પ્રાર્થના-ભજન પૂરાં થયાં કે ગામના સરપંચ ઊભા થયા.

''આમચી વિનંતી. ગામલોકો તરફથી શ્રીરામલક્ષ્મણજાનકીની મૂર્તિઓને ચાંદીનું છત્ર ચડાવવું છે, તો રમાબાઈ આણિ ચંદ્રકાંતભાઉલા વિનંતી. આ પવિત્ર કાર્ય આપના હાથે થાય.''

ચંદ્રકાંતનું શરીર પસીનાથી ઠંડુંગાર. આવું પવિત્ર કાર્ય એને હાથે! સામે જ રામજી મરક-મરક હસી રહ્યા હતા. ગોખલેસાહેબ - શિવનાથ તો સડક! ઓહો! આવું બહુમાન! કેટલાય મોબાઇલ ફોટો અને વીડિયો માટે તત્પર એની સામે તકાઈ રહ્યા હતા. રમા તરત ઊભી થઈ, રાજી થતાં સરપંચને હાથ જોડ્યા, પણ ચંદ્રકાંત તો જમીનમાં ખીલાની જેમ ખોડાઈ ગયો હોય ઊભો જ ન થઈ શક્યો. લોકો નવાઈ પામી જોઈ રહ્યા. એણે ડોકું ધુણાવતાં સરપંચને હાથ જોડ્યા.

''જી, માલા ક્ષમા કરા. કોઈ યોગ્ય વ્યક્તિને બુલાવો.''

''એહો તુમચા પેક્ષાત યોગ્ય વ્યક્તિ કોણ? ઊઠો ઊઠો. તમારી રમાની તો રામસીતાની જોડી.''

એ ચારેબાજુએથી ઘેરાઈ ગયો હોય એમ ગભરાયો, અંદર ને અંદર કોકડું વળી ગયો. સામે જ વિશાળ કેન્વાસમાંથી હનુમાનજીની દૃષ્ટિની ફણા એને વીંધી રહી હતી, મંદિરમાંથી રામચંદ્રજી મલપતા એને નીરખી રહ્યા હતા. સીતામાએ નજર ઢાળી દીધી હતી અને લક્ષ્મણજી ધનુષની પ્રત્યંચાનો ટંકાર કરી રહ્યા હતા. પીઠિકા પરથી બાબાએ આશીર્વાદની મુદ્રામાં હાથ લંબાવતાં કહ્યું, ''ચંદ્રકાંત!''

સહુની નજર એની પર હતી. જાણે આ ક્ષણ પર આવી સમય થંભી ગયો હતો. ગોખલેનો ટેકો લઈ એ માંડ ઊભો થયો. રમાએ ચાંદીનું ઝુમ્મર પકડેલો હાથ લંબાવ્યો. એની રૂપેરી ઘંટડીઓ મીઠું રણકી ઊઠી.

રમાની સાથે એણે ઝુમ્મર પકડી મંદિર સામે ઊભો રહ્યો, ધ્રૂજતા હાથે મંદિરમાં લટકાવવા જતાં એ નાનકડા ઝુમ્મરમાં ત્રિભુવનનો ભાર હોય એમ એનો હાથ લબડી પડ્યો અને એ નીચે ઢગલો થઈ ગયો.

❑❑❑

અન્ય માટની નિસબત આપણા જીવનને અર્થસભર બનાવે છે, બધા માનવીય આનંદના મૂળમાં આવી પરસ્પર નિસબત જવાબદાર છે.

- દલાઈ લામા

સાચી નિસબત આપણને આચરણ માટે પ્રેરિત કરે છે, અવસાદ માટે નહીં.

- કરેન હોર્ની

રડવું એટલે....

☐ કિરીટ દૂધાત

અચ્યુત જીવાણીનો પરિચય મને ત્રીસેક વરસ અગાઉ થયેલો. એ દિવસોમાં મારી બદલી મામલતદાર, રાજપુર તરીકે થઈ હતી. ગુજરાતની સ્થાપના થઈ ત્યારથી, વિકાસની દોડમાં એક-બે જિલ્લા પાછળ રહી ગયેલા. રાજપુર એવા એક જિલ્લાનો છેવાડાનો તાલુકો, એટલે એ તો વળી સૌથી પાછળ. એ દિવસોમાં તમે રાજપુર ગયા હો તો જાણતા હશો કે પૈસા ખરચવાની તૈયારી હોવા છતાં બપોરે જમવા મળે એવી કોઈ વ્યવસ્થા નહોતી. ગાંઠિયા અને સિંગતેલમાં તળેલી જલેબી પીરસતી હારબંધ દુકાનોના થડે ગંજી અને લેંઘો પહેરીને બેઠેલા કારીગર કમ માલિકો અચાનક જાગી જઈને કૂતરાં હડકારતાં કે માખીઓ ઉડાડતાં હોય એવાં દશ્યો સુસ્ત બપોરે તમારી નજરે પણ પડ્યાં હશે. તમે બાજુના ગામેથી હટાણું કરવા આવેલા હો અને કોઈ કારણસર બસ

ચૂકી ગયા હો તો આવી એકાદ દુકાને જઈને એ આચરકૂચર દુકાનના પાછલા ભાગમાં રાખેલા તૂટેલા બાંકડા પર બેસીને, જાહેરમાં જારકર્મ કરતા હોય એમ, નીચું ઘાલીને તમે પણ આરોગી હશે.

અચાનક જ રાજપુર તાલુકાના સદીઓ પહેલાં ભાંગેલા કાંગરવા બંદરનો વિકાસ કરવાનું સરકારે નક્કી કર્યું. કોઈને ઝંઝેડીને કાચી ઊંઘમાંથી જગાડો અને આંખો ચોળતો આસપાસ જે ચાલી રહ્યું હોય એને સમજ્યા વગર જોઈ રહે એવી રીતે રાજપુર તાલુકો વિકાસના પંથે અગ્રેસર થયો હતો, ત્યાંના લોકોની ભાષામાં તાલુકો 'એકદમ લાઇટમાં આવી ગયો' હતો. એની પહેલી અસર એવી થઈ કે કાંગરવા બંદરની આજુબાજુનાં ગામોની જમીનના ભાવોમાં અચાનક ઉછાળો આવેલો. એ વિસ્તારના માથાભારે તત્ત્વોએ સ્થાનિક રાજકારણીઓની ભાગીદારીમાં જે મળી એ જમીનો વેચાતી લઈ લીધેલી. કેટલાક ઉદ્યોગો રાતોરાત શરૂ થયા હતા. નવી આવેલી કંપનીઓએ જમીનના ભાવો વધે એ પહેલાં હજારો એકર જમીનો ખરીદી લેવાનું વિચારેલું. ત્યારે રાજપુરના મામલતદાર સંઘવી છ મહિના પછી નિવૃત્ત થવાના હતા એથી હોય કે કેમ પણ કલેક્ટર પી. રામકૃષ્ણન્ કહેતા કે 'સંઘવીચાચા પોચું પડી ગયું છે.' સંઘવી મહેસૂલી અધિકારીઓની માસિક મિટિંગમાં વાત કરતાં-કરતાં ઉદાસ થઈ જતા કે હાથ જોડીને રડી પડતા. ઑફિસમાં હોય ત્યારે મુલાકાતીઓને સમજાવતા કે જમીનના હક્કપત્રકમાંથી બહેન-દીકરીઓનાં નામ એમની સંમતિ સિવાય નાબૂદ કરવાં એ પાપ છે, એવું કરનારને કે એમાં મદદગારી કરનારને નરકમાં પણ આશરો નહીં મળે. સ્થાનિક કંપનીઓના અધિકારીઓમાં મામલતદારના આવા વર્તનથી આતંક ફેલાઈ ગયો હતો અને ખેડૂતોને અંધારામાં રાખીને હસ્તગત કરવા ધારેલી જમીનોના અનેક ગણા વધારે ભાવ આપવા પડશે, જેની અવળી અસર પ્રોજેક્ટની કુલ કિંમત પર પડશે એમ માનીને તાત્કાલિક ધોરણે સંઘવીની બદલી કરીને કોઈ યુવાન અને 'પ્રૅક્ટિકલ' અધિકારીને મૂકવાની રજૂઆત ઠેઠ ગાંધીનગર સુધી થઈ હતી. સરકારે એના પર તાત્કાલિક અમલ કરીને રાતોરાત મારી બદલી રાજપુર મામલતદાર તરીકે કરી હતી.

મેં હવાલો સંભાળ્યો એના બીજા જ દિવસે ત્યાંના સિમેન્ટના કારખાનાના મૅનેજર કુલકર્ણી શુભેચ્છા મુલાકાતે આવેલા. એમની સાથે એક યુવાન અચ્યુત જીવાણી પણ હતો. કુલકર્ણીને જમીનો અંકે કરવામાં અત્યાર સુધી સંઘવીએ ફાવવા દીધા નહોતા. મારા કિસ્સામાં પહેલેથી જ પરિચય કેળવી લેવા માટેની એ મુલાકાત હતી. કુલકર્ણીને

ગુજરાતી જીભે ચડી નહોતી. અચ્યુત આજુબાજુના કોઈ જિલ્લાનો હોય એવું લાગ્યું. એણે કુલકર્ણીને ઇશારો કર્યો. કુલકર્ણીએ ગિફ્ટ પૅક કરેલાં બે પુસ્તકો 'પ્લીઝ સર, પ્લીઝ સર, ડોન્ટ ટેક ઇટ અધરવાઇઝ...' કહીને ડરતાં-ડરતાં મને આપ્યાં. મેં રેપર ખોલીને જોયું તો 'ગોલ્ડન ટ્રેઝરી' અને ગુજરાતી પુસ્તક 'જિંદગી જીવવાની જડીબુટ્ટી' એવાં બે પુસ્તકો હતાં. એ લોકો મારા વાંચવાના શોખ વિશે અગાઉથી માહિતી મેળવીને આવ્યા હોય એમ લાગ્યું. મને સારું લાગ્યું. અચાનક મને વિચાર આવ્યો :

'અચ્યુત, ('તમને અચ્યુત કહું તો વાંધો નહીં ને?' 'અરે હોતો હશે કંઈ સાહેબ? ઑલ્વેઝ ઍટ યૉર સર્વિસ.') તું કયા સેક્શનમાં છો? તારો સબ્જેક્ટ લૅન્ડ નથી લાગતો.'

'યસ સર! આપે બરાબર પકડ્યું. કુલકર્ણીસાહેબ, હું તમને નહોતો કહેતો. આ સાહેબ ખૂબ જ ઇન્ટેલિજન્ટ છે. તો યસ સર, હું હૉસ્પિટાલિટી સેક્શનમાં છું. અમારું, એટલે કે કંપનીનું પોતાનું એક ગેસ્ટહાઉસ છે. વાત એમ છે કે અહીં તમને ક્યાંય ડિસન્ટ ફૂડ નહીં મળે એટલે જે વી.આઇ.પી. આવે એની રહેવા-જમવાની વ્યવસ્થા કંપનીએ જ કરવાની થાય. મેં અને પ્લાન્ટના માલિકના દીકરા રાજીવે, હોટેલ મૅનેજમેન્ટનો કોર્સ સાથે કરેલો, એણે જસ્ટ એક વધારાના ક્વૉલિફિકેશન તરીકે હોટેલ મૅનેજમેન્ટ કરેલું, પણ અમારી દોસ્તી જામી ગઈ તે વૅકેશનમાં રાજીવ મને પકડીને એને ત્યાં લઈ જ જાય. રાજીવ તો મૅનેજમેન્ટનું કરવા અમેરિકા ચાલ્યો ગયો, પણ અહીં પ્લાન્ટમાં હૉસ્પિટાલિટીના પ્રૉબ્લેમ વધવા માંડ્યા એટલે પાપાજી, પ્લાન્ટના માલિક જયપુરિયાજીએ, મને બોલાવીને કહ્યું કે "અચ્યુત, યે સારા જિમ્મા તુમ્હી સંભાલો." હવે દોસ્તીમાં હું અહીં આવીને ભરાયો છું.''

'ભરાયો છું' એમ કહેતી વખતે એના ચહેરા પર ગૌરવની લાગણી હતી એ જોતાં એના મનમાં આ તબક્કે પોતાની જિંદગીનો કોઈ ચોક્કસ નકશો નહીં હોય, નહીંતર આ ઉંમરે આવા પછાત તાલુકામાં એ આવ્યો ન હોત. એના ચહેરા પર એક મલ્ટિનૅશનલ કંપનીના ભવિષ્યના માલિકના મિત્ર તરીકે કંપનીને મોટી મુશ્કેલીમાંથી ઉગારી રહ્યાની લાગણી હતી. મને ભારપૂર્વક આમંત્રણ અપાયું અને પ્લાન્ટના ગેસ્ટહાઉસમાં એક સાંજ ગાળવાની વિનંતી કરવામાં આવી. અહીં પછાત કસબામાં ઝીંક્યા એ આઘાતમાંથી શ્રીમતી હજી બહાર નહોતાં આવ્યાં. એમની અસંખ્ય ફરિયાદોમાંથી એકાદ સાંજ માટે મુક્તિ મળશે એવી ધારણાથી આવતા અઠવાડિયે એક સાંજ કંપનીના મહેમાન થવાનું નક્કી કર્યું.

પરંતુ એ દિવસે અગત્યનું કામ આવી ગયું તો અચ્યુતે તાત્કાલિક હલ કાઢ્યો

કે એ શ્રીમતી અને દીકરીને કંપનીની કારમાં જાતે આવીને લઈ જશે. હું સીધો ડિનરમાં જોડાઉં તો પણ ચાલશે. રાતે નવેક વાગ્યે હું પ્લાન્ટ પર પહોંચ્યો ત્યારે દીકરી અને એની મમ્મીએ જમી લીધું હતું અને કર્મચારીઓની વસાહતમાં લટાર મારવા નીકળી પડ્યાં હતાં. અચ્યુતે મને પણ સૌપહેલા આ વસાહતમાં એક લટાર મારીને અને ખાસ તો પ્લાન્ટની જમીન પર કંપનીએ ઉગાડેલાં દસ હજાર આયુર્વેદિક વૃક્ષોનું વન જોવાનું સૂચવ્યું. અમે નીકળ્યા. દસેક મિનિટમાં દીકરી અને એની મમ્મી મળી ગયાં. સાથે કરાટેનો પોશાક પહેરેલી એક યુવતી હતી. શ્રીમતી ઉત્સાહથી ઊભરાઈ જતાં હતાં, 'આજેય મોડું કર્યું ને? મારે અને બેબીને એકલાં જમવું પડ્યું! અહીં યોગા સેન્ટર પણ છે. આ મેડમનું યોગાનું નૉલેજ જબરજસ્ત છે. અરધા કલાકમાં મને હેલ્થની દસેક ટિપ આપી. એ તો કહે છે કે અમેરિકામાં એક યોગા યુનિવર્સિટી બની છે, જેમાં ફક્ત યોગાથી કૅન્સર મટાડવાના સફળ પ્રયોગ થયા છે. એ બહેને મારી સામે જોઈને જાપાનીઓની ઢબે માથું નમાવ્યું અને અદબ વાળીને થોડાં દૂર ખસીને ઊભાં રહ્યાં.

મેં આજુબાજુ જોયું. બે'ક કિલોમીટર દૂર પ્લાન્ટની મુખ્ય ચીમની ભૂખરા રંગનો અઢળક ધુમાડો ફેંકતી હતી. ચારે તરફ જામેલા અંધારામાં ટાપુ જેવી આ વસાહતમાં પ્લાન્ટમાં ઉત્પન્ન થતી વીજળીથી પીળી રોશની કરીને અવાસ્તવિક લાગે એટલી હદે વાતાવરણ ઝળહળ કરવામાં આવ્યું હતું. અહીંના કર્મચારીઓ જમ્યા પછી પત્ની અને બાળકો સાથે 'વૉક' લેવા નીકળ્યા હતા. એ બધા આવી સુંદર જગ્યાએ કામ કરવા અને રહેવા મળ્યું એનો આનંદ વ્યક્ત કરતા ધ્વનિઓ કાઢતા ફરી રહ્યા હતા. મેં ફરી વાર યોગા ટીચર સામે જોયું. ઑફિસમાંથી એક નાયબ મામલતદાર હોળીની રજા મૂક્યા વગર વતનમાં જતો રહેલો એટલે મારે ભાગે આવેલી કામગીરી પતાવવામાં મોડું થયેલું. આમ પણ મારો મૂડ ઊખડેલો હતો. ઉત્પાદનની પ્રક્રિયા દરમ્યાન ખર્ચ બચાવવા આ પ્લાન્ટમાંથી છૂટતા કાર્બનના કણો રોકનારાં યંત્રોને ઉત્પાદન-ખર્ચ બચાવવા મોડી રાતે બંધ કરી દેવામાં આવે છે એવી ફરિયાદ ખેડૂતો તરફથી દરરોજ મળતી હતી. એના કારણે ખેતરોમાં ઊગેલા છોડ પર એ કણોની ચાદર રાતભર પથરાઈ જઈને પાકનો વિકાસ અટકાવતી હતી. પરિણામે પાક નિષ્ફળ જતો હતો. આ રીતે સતત બીજા વરસે પાક નિષ્ફળ જવાથી આજે એક ખેડૂતે જંતુનાશક દવા પીને આપઘાત કર્યો હતો, જેના મૃતદેહનું ઇક્વેસ્ટ ભરવા મારે જવું પડ્યું હતું. બે જ કલાક પહેલાં એક લાશ પાસે લમણે હાથ દઈને બેઠેલી એની પત્ની

અને નાનાં બાળકોના ચહેરા જોઈને આવ્યા પછી યોગા આવો કોઈ ચમત્કાર કરી શકે એવી વાત કોઈ બીજા ગ્રહની ભાષામાં થતી હોય એવું લાગતું હતું. હમણાં જોયેલા આયુર્વેદિક વન અને કંપની દ્વારા ચલાવાતી લોકકલ્યાણની યોજનાઓ કોઈ ગંભીર અનિયમિતતાને ઢાંકવા માટે કરેલો કારસો છે એવો વિચાર રહી-રહીને આવતો હતો. અગાઉના મામલતદાર સંઘવી બે હાથ જોડીને મને કશું અસ્પષ્ટ કહી રહ્યા હોય એવો ભ્રમ થયા કરતો હતો. તો દીકરી મારી આંગળી પકડીને ધમાલ કરતી હતી, 'પપ્પા અહીં કેવી મજા આવે છે હેં ને? હેં ને? આપણે ઘેર નથી જવું હો, અહીં જ રોકાઈ જઈએ, કેટલી બધી લાઇટો છે જુઓ ને, પ્લીઝ... પ્લીઝ અહીં તો થીન ક્રસ્ટ પિત્ઝા પણ મળે છે!' મેં અચ્યુત સામે જોયું. એમણે યોગા ટીચરનો પરિચય કરાવ્યો, 'આ શૈલજા દેશપાંડે, આમ તો અહીંના કૉર્પોરેટ સોશિયલ રિસ્પૉન્સિબિલિટી સેક્શનનાં હેડ છે, પણ શોખથી હાઉસ વાઇવ્ઝને યોગા પણ શીખવે છે.'

*

હું રાજપુર તાલુકામાં બહુ ટક્યો નહીં. આવ્યો ત્યારે ત્યાંની કંપનીઓને બહુ અનુકૂળ થઈશ એમ ધારીને મને મૂકવામાં આવેલો, પણ 'અનુકૂળ થવું'માં નાના અને સીમાંત ખેડૂતોના હક્કોના મહેસૂલી કાયદાઓનું મારીમચડીને અર્થઘટન, એક હદથી વધારે કરવામાં મન ચચર્યા કરતું હતું. છ મહિનામાં મારી બદલી થઈ. ટ્રકમાં સામાન ભરાતો હતો ત્યારે અચ્યુત અને શૈલજા અચાનક આવ્યાં. શ્રીમતી માટે બનારસી સિલ્કની સાડી શુભેચ્છા તરીકે આપવા આવેલાં. હું નારાજ થયો, 'અચ્યુત, તું જાણે છે કે છેલ્લા બે મહિનામાં મેં તારી કંપનીને કેટલી નોટિસો ફટકારી છે, છતાં આ રીતે તમે ભેટ લઈને આવો એ જેસ્ચર મને ગમ્યું નથી.' અચ્યુત અને શૈલજા બંને એકસાથે બોલવા લાગ્યાં, જેનો મતલબ થતો હતો કે, 'પાપા એટલે કે જયપુરિયાજી હંમેશાં સંબંધો સાચવવામાં માને છે. તમે કંપનીને એક કરોડનું નુકસાન કર્યું હોત તો પણ તમારી સાથે આટલો જ ઉષ્માપૂર્ણ વ્યવહાર થયો હોત.' શૈલજા, 'ભાભીજીને મદદ કરાવું' કહીને રસોડામાં ગઈ. મેં અચ્યુતને કહ્યું, 'છોડ કંપનીની વાત, પણ તું કે શૈલજા ગાંધીનગર આવો તો મળવા આવજો.' પછી મનમાં ઝબકારો થયો, 'અચ્યુત ટુ બી વેરી ફ્રેંક પણ તારે અને શૈલજાને કશુંક, આઇ મીન, સમથિંગ સિરિયસ ચાલે છે? શ્રીમતી પણ એવો ઇશારો કરતાં હતાં.' અચ્યુત થોડો શરમાઈ ગયો. પછી આનંદમાં આવીને બોલ્યો, 'તમે અને મેડમે બરાબર પકડ્યું. અમે તો ડીપ લવમાં છીએ, પણ બંનેનાં કુટુંબ રાજી નથી. જરૂર પડે તો અમારાં મમ્મી-પપ્પાને મનાવવા તમારે આવવું

પડશે.' જોકે એવી પરિસ્થિતિ આવી નહીં. અચ્યુતનાં માતા-પિતા તો તરત રાજી થઈ ગયાં. શૈલજાના ઘરના લોકોએ કચવાતા મને મંજૂરી આપી. હું લગ્નમાં જઈ શક્યો નહોતો, પણ લગ્નના ત્રણ મહિના પછી, હનીમૂન માટે બંનેને રજા મળી ત્યારે જેસલમેર જતાં પહેલાં મેં એ બંનેને જર્ની બ્રેક કરીને ગાંધીનગર મારે ઘેર જમીને આગળ જવાનું કહેલું. બંને ઘેર આવ્યાં. જમ્યા પછી વાતો કરતાં બેઠાં હતાં ત્યારે મેં હસતાં-હસતાં પૂછ્યું, 'તો અચ્યુત હવે ક્યારે વાઇસ પ્રેસિડેન્ટ તરીકે ગોઠવાઈશ? એ જૂના તાલુકામાં એક વાર ફરવા આવવાનું મન છે, જો ને બેબી પણ કહ્યા કરે છે કે ચાલો રાજપુર, ચાલો રાજપુર.' અચ્યુત અને શૈલજાનાં મોં પડી ગયાં. મને કશુંક અજુગતું બન્યાનો ખ્યાલ આવ્યો. એવું બનેલું કે જયપુરિયાજીએ રાજીવને કંપનીનો વહીવટ ધીરે-ધીરે સંભાળી લેવા જણાવેલું. એ માટે રાજીવ મહિનામાં સાતેક દિવસ પ્લાન્ટ પર આવીને રોકાતો. આ દરમ્યાન અચ્યુત અને રાજીવને પ્લાન્ટના વહીવટને લઈને મતભેદ થવા માંડ્યા. હનીમૂનનું તો બહાનું હતું, પણ અચ્યુત અને શૈલજાએ એક મહિનાની નોટિસ સાથે રાજીનામાં આપેલાં. શૈલજાની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. હજી એના હાથમાં લગ્નની મેંદીની ભાત આછી-આછી દેખાતી હતી. અચ્યુત પણ સ્વસ્થ રહેવા માટે વારંવાર ખોંખારા ખાતો હતો. 'હવે?' 'હવે તો કોઈની નોકરી કરવી નથી. રાજીવે જિંદગીનો મોટામાં મોટો પાઠ ભણાવી દીધો. હવે તો મારો પોતાનો હોટેલ બિઝનેસ કરીશ. સાહેબ, હું આ કંપનીમાં આવ્યો ત્યારે ઑલરેડી મને ત્રણ ઑફર આવેલી. એક તો ફાઇવસ્ટાર હોટેલની હતી, પણ બસ હવે તો હું અને શૈલજા અમારું પોતાનું એન્ટરપ્રાઇઝ ડેવલપ કરીશું.' આ રીતે કોઈ નોકરીમાંથી છૂટા થવાની નોટિસ આપીને હનીમૂન કરવા જાય એ અઘટિત લાગતું હતું. એ ક્યારેક ભવિષ્યનો વિચાર કરીને અચાનક ઉત્સાહથી ઊભરાઈ પડતો હતો તો બીજી મિનિટે સાવ હતાશ થઈ જતો હતો. અમે છૂટાં પડ્યાં ત્યારે એના મનમાં હનીમૂનના ઉત્સાહ કરતાં અનિશ્ચિત ભવિષ્યની ચિંતા વધારે હતી. શૈલજા 'બધું સારું થશે' એવું કહ્યા કરતી હતી, પણ એનામાંય આત્મવિશ્વાસ નહોતો.

*

એક મહિના પછી અચ્યુતનો પત્ર આવ્યો. એને ઉજ્જૈનથી ત્રણ કિલોમીટરે ઇન્દોર જતાં હાઇવે પર એક તૈયાર રિસૉર્ટ ભાડાપટ્ટે ચલાવવા મળી ગયો હતો. એકાદ મહિનામાં એ પોતાની કલ્પના મુજબ એને રિનોવેટ કરીને ચાલુ કરશે. મેં એને પત્ર લખીને રિનોવેશનમાં બહુ પૈસા ન નાખીશ એવી સલાહ પણ આપેલી. સામે પત્ર લખીને એણે પણ

મને તથા શ્રીમતીને મહાકાલબાબાનાં દર્શન માટે તાત્કાલિક આવી જવા જણાવ્યું. છતાં અમારે ત્રણ મહિને ત્યાં જવાયું. રિસૉર્ટમાં એણે અમારું ભવ્ય સ્વાગત કર્યું. શરણાઈવાળાને બોલાવ્યો હતો. અમારો ઉતારો પહેલા માળે હતો, પણ દરેક પગથિયે બંને બાજુ ફૂલોથી સુશોભન કરીને દિવસ છતાં દીપ પ્રગટાવ્યા હતા. મેં એને ઠપકો આપ્યો. આવા સ્વાગતથી અમને ક્ષોભ થયો. શ્રીમતીએ એકાંતમાં મને હસતાં-હસતાં કહ્યું કે, 'અચ્યુતભાઈ પાગલ થઈ ગયા છે!' શૈલજા નહોતી. એને સારા દહાડા રહેલા અને ડૉક્ટરે એને હળવો શ્રમ કરવાની પણ ના પાડેલી એટલે પિયર આરામ કરવા ગયેલી. અચ્યુતની ખુશીનું આ પણ એક કારણ હતું. અમે ત્રણ દિવસ રોકાયાં, પણ અચ્યુતે અમારી રાજાશાહી ઢબે આગતાસ્વાગતા કરી. દર મહિને એના પત્રો આવતા, જેમાં રિસૉર્ટ કેવો તો જામતો જતો હતો એના સમાચાર મુખ્ય રહેતા. એ બાજુનો રિસૉર્ટ પણ ભાડે રાખવાનું વિચારતો હતો. અમને ફરીથી બોલાવ્યા કરતો હતો. શૈલજાને અધૂરા મહિને દીકરાનો જન્મ થયો હતો, પણ કશું ચિંતાજનક નહોતું. આમ ત્રણ વરસ નીકળી ગયાં. મારી બદલી, બઢતી સાથે ભરૂચ થઈ હતી. એક દિવસ અચાનક જ એ મારી ઑફિસે ટપકી પડ્યો. એનું વજન થોડું વધી ગયું હતું, આંખોની નીચે કાળાં કૂંડાળાં થઈ ગયાં હતાં. એ ખાસ એવું કહેવા આવ્યો હતો કે ઉજ્જૈનવાળો રિસૉર્ટ એણે કાઢી નાખ્યો હતો અને એમાં એને ઠીક-ઠીક નુકસાન વેઠવું પડ્યું હતું. શરૂઆતમાં તો બહુ સરસ ચાલતું હતું તો પછી શું થયું? એણે કહ્યું કે રેસ્ટોરાંનો સ્ટાફ માલસામાનમાં પહેલેથી ચોરી અને છેતરપિંડી કરતો હતો. એને ખબર પડી ત્યાં સુધીમાં તો ઘણું મોડું થઈ ગયેલું. ખાતર ઉપર દીવો કરવા કરતાં જે ભાવ મળ્યો એ ભાવે ખાતર અને દીવો બંને વેચી કાઢ્યાં. હવે? શૈલજાને એના પિયર મોકલીને, આગળ ઉપર શું કરવું જોઈએ એની સલાહ લેવા આવ્યો છે. હું એને મારા ક્વાર્ટર પર લઈ ગયો. મોડી રાત સુધી એણે મારી આગળ જુદી-જુદી યોજનાઓ રજૂ કરી. એના ક્ષેત્રનો મને અનુભવ ન હોવાથી મને બધી જ આકર્ષક લાગતી હતી. હું કોઈ એકમાં સંમત થાઉં એટલે એ એમાં છુપાયેલાં નિષ્ફળતાનાં કારણો ચીંધી બતાવતો હતો. છેવટે બે વાગ્યે મારાં લમણાં ચસકવાં માંડ્યાં અને ભારે માથે હું સૂવા જતો રહ્યો. સવારે એ વહેલો ઊઠીને નર્મદાકિનારે ચાલવા નીકળી ગયેલો તો ઠેઠ સાડાનવે આવ્યો. આવતાં જ એણે કહ્યું કે આખી રાત વિચાર કરીને એણે નક્કી કર્યું હતું કે - હાલ પોતાનું નવું સાહસ ન કરવું, પણ બે-ત્રણ વરસ નોકરી કરી નાખવી. એના ઘણા જુનિયરો બે-ચાર ફાઇવસ્ટારમાં સારા હોદ્દા પર હતા એટલે કોઈ સારી

જગ્યાએ લાગી જશે.

*

એમ કરતાં ચારેક વરસ નીકળી ગયાં. મારી બદલી જામનગર થઈ હતી. ભરૂચની જેમ અચ્યુત એક દિવસ જામનગર પણ અચાનક આવી ચડ્યો. આ વેળા એની વાતોમાં ઉત્સાહ છલકતો હતો. સતત ફાઇવસ્ટારના હવામાનમાં રહેવાથી એની ચામડીમાં જુદી જ ચમક આવી ગઈ હતી. રાતે અમે બંને ચર્ચા કરતા બેઠા ત્યારે એ અચાનક બોલ્યો :

'સર, એક વાત છે.'

'શું?'

એ હસીને બોલ્યો, 'વન્સ એ હોટેલિયર ઇઝ ઑલ્વેઝ એ હોટેલિયર.'

મને ફડક પડી.

'એટલે અચ્યુત?'

'એટલે કે અપુન અપના એક નયા હોટેલ શરૂ કરને વાલા હૈ!'

'અચ્યુત, ના.'

પણ આ વખતે એ બરાબર આયોજન કરીને આવેલો. એણે જે-જે વાતો કરી એમાં મેં ખૂણેખાંચરેથી વાંધા કાઢ્યા, પણ એ બધાના એની પાસે સચોટ જવાબ હતા. આ વખતે એણે બે યોજના વિચારેલી. એક, એની બચતમાંથી દ્વારકાની નજીક હોટેલ કરવી અને બીજું, કે હાલ તો એ જગ્યા ભાડે લઈને હોટેલ ચાલુ કરી દેશે, પણ સાથોસાથ એ વિજયનગર તાલુકામાં ખેતીની જમીન પણ ખરીદી લેશે અને બે-ત્રણ વરસમાં બિનખેતી કરાવીને દ્વારકાવાળી હોટેલમાં મળેલો નફો એમાં નાખીને પોળોના જંગલ બાજુ પોતાનો સ્વતંત્ર રિસૉર્ટ કરશે. મારો જીવ સુકાતો હતો, પણ એ મક્કમ હતો. જરૂર પડે તો શૈલજા એનાં ઘરેણાં વેચવા પણ તૈયાર હતી. એ તો એના દીકરાને પણ ભવિષ્યમાં પોતાના ધંધામાં લઈ લેવા માગતો હતો. પછી તો એણે હોટેલ કરી જ. આ વેળા પણ એણે આગ્રહ કરીને અમને ત્રણેયને દ્વારકાની હોટેલ પર બોલાવ્યાં. મેં સખત તાકીદ કરી હતી એટલે એણે ઉજ્જૈન જેવું શાહી સ્વાગત તો ન કર્યું, પણ એની લાગણી છલકાતી. એ જે રીતે બધાને હુકમો છોડતો અને દબડાવતો હતો એ જોઈને શ્રીમતીને પણ ખાતરી થઈ ગઈ કે હવે નિષ્ફળ જવાનું કોઈ કારણ નથી. આ વેળા એના પત્રો નહિ, પણ નવા શરૂ થયેલા મોબાઇલ આવતા હતા. આ વખતે કેવી સરસ પકડ આવી ગઈ છે એની લાંબી ચર્ચાઓ કરીને મને ઇનકમિંગના મિનિટદીઠ સોળ રૂપિયાના ખાડામાં ઉતારતો. હું એનો ઉત્સાહ જોઈને હોંકારો ભણતો. આમ ત્રણ વરસ ગયાં. એ દરમિયાન એની પોળોના જંગલની જમીનને રિસૉર્ટ માટે બિનખેતીની મંજૂરી પણ મળી ગઈ. એમાં મારે મામલતદાર કચેરીમાં ભલામણ કરવી પડેલી એટલે એનું મારા તરફનું માન ઘણું વધી ગયેલું. એ પોળોવાળી જમીનમાં શું કરવું એની ઠોસ યોજનાઓ બનાવતો થઈ ગયો હતો. એક વાર રાતે

સાડાબાર વાગ્યે એનો મોબાઇલ આવ્યો. એની જીભ લથડતી હતી. કદાચ એણે થોડો પીધો હશે. એણે જે વાત કરી એનો સાર એટલો જ થતો હતો કે દ્વારકાવાળી હોટેલમાં એણે બહુ મોટી ખોટ ખાધી છે અને શૈલજાનાં બધાં ઘરેણાં પણ વેચાઈ ગયાં છે. આ છેડે હું પણ શું બોલવું એ નક્કી કરી શકતો નહોતો. 'પણ કારણ શું?'

'કારણોનું તો લાંબું લિસ્ટ થાય એવું છે. હું અહીં સંકેલો કરીને રૂબરૂ આવું ત્યારે વિગતે જણાવીશ.

*

ફરી એની એ જ દડમજલ. પોતાના જુનિયરોના હાથ નીચે કોઈ ફોર કે ફાઇવસ્ટાર હોટેલોમાં સમય જોયા વગર કામ, કામ અને કામ. શૈલજા ક્યારેક સાથે હોય તો ક્યારેક પિયર. શ્રીમતીએ એક-બે વાર શૈલજા સાથે વાત કરવાનો પ્રયત્ન કરેલો, પણ એના જવાબો બહુ આત્મીય નહોતા. એ જોતાં તેને અને અચ્યુતને મનદુઃખ થયું હશે એવું લાગતું હતું. એના દીકરાના શિક્ષણનું શું થતું હશે? એમ જ ત્રણ-ચાર વરસ વીતી ગયાં. મને ક્યારેક વિચાર આવી જતો કે અચ્યુત હજી પણ સાહસ કર્યા વગર નહીં રહે. આ વિચારથી જ હાથમાં ચાનો કપ કે છાપું એમ જ રહી જતાં, તો ક્યારે એક હાથના અંગૂઠાથી બીજા હાથની હથેળીથી મસળીને મેલ કાઢવા મંડી પડતો. એવું જ થયું. એણે ફરી એક વાર પોળોના જંગલમાં રિસૉર્ટ કર્યો જ. આ વખતે પણ એનું આગ્રહપૂર્વકનું આમંત્રણ હતું. સાવ નજીકના જિલ્લામાં પોસ્ટિંગ હોવા છતાં અમને બંનેને બે વરસ સુધી ત્યાં જવાનો મોકો મળ્યો નહીં. છેવટે ત્રણેય અઢી વરસે જઈ શક્યાં. અગાઉ ઉજ્જૈન ગયાં ત્યારે રિસૉર્ટ નવો શરૂ થયેલો એની ચમક અનોખી હતી, દ્વારકામાં એકાદ વરસ પછી ગયાં ત્યારે એ ચમક હજી ઓસરી નહોતી, પણ આ વખતે રિસૉર્ટ ચાલુ થયે ઘણા સમયે જવાયું એટલે ત્યાંના વાતાવરણમાં રહી-રહીને ગમગીનીનો અનુભવ થતો લાગ્યો. પહેલા માળે જવાના દાદરનાં પગથિયાં ખૂણેથી ઘસાઈને ક્યાંક-ક્યાંક તૂટી ગયાં હતાં. મેંદીની વાડની બાજુમાં ઘણે ઠેકાણે સિમેન્ટની બોરી ફાટીને પડી હતી અને એમાંથી બહાર નીકળેલી સિમેન્ટના ગઠ્ઠા જામી ગયા હતા. અમારા જવાના માનમાં સ્વિમિંગ-પૂલમાં પાણી ભરવામાં આવ્યું હતું, પણ એ ઘણા મહિનાઓથી ખાલી પડ્યો હશે એવું લાગતું હતું. સાંજે એણે ત્રણ ખુરશીઓ સ્વિમિંગ-પૂલ પાસે ગોઠવી અને બાર્બેક્યુમાં તંદૂરી પનીર બનાવડાવ્યું. 'આજે તો તમને લોકલ મહુડાનો ટેસ્ટ કરાવવો છે. સ્પેશિયલ ઑર્ડર આપીને બનાવડાવેલો છે.' કહીને એણે મહુડાના એક પોતાનો અને એક મારો એમ બે ગ્લાસ ભર્યા. થોડીક વાર પછી શ્રીમતી ઊઠીને પહેલા માળે અમને ઉતારો મળેલો એ રૂમની આગળ ખુરશી

મુકાવીને બેઠાં. એને નીચે બેઠેલા અમે બંને દેખાતા હતા, પણ અમારી વાતો સંભળાતી નહોતી. મેં પૂછ્યું,

'કેમ ચાલે છે અચ્યુત? હવે તો વાંધો નથી ને?'

પણ વાંધો હતો. રિસૉર્ટની જમીન અગાઉ કોઈ આદિવાસી ખેડૂતની હતી એ બિનઆદિવાસીની છે એવો રેકૉર્ડ ઊભો કરીને અચ્યુતને વેચવામાં આવેલી. હવે એ જમીનની ખરીદી ગેરકાયદે છે એમ ગણીને સરકારે એને નોટિસ આપેલી. અચ્યુતની દલીલ હતી કે પોતે બોનાફાઇડ પરચેઝર હતો એથી એ વેચાણ ગેરકાયદે હોય તો પણ હળવો દંડ લઈને કાયદેસર કરી આપવું જોઈએ. આ રજૂઆત સ્થાનિક મહેસૂલી તંત્ર સ્વીકારતું નહોતું અને જમીન 'સરકાર દાખલ' કેમ ન કરવી એવી નોટિસો આપતું હતું. વળી બાજુમાં એક નવો રિસૉર્ટ - જેમાં કોઈ પોલીસવાળા અને સ્થાનિક રાજકારણીનાં કાળાં નાણાંનું રોકાણ હોવાથી તડકભડક સાથે શરૂ થયેલો - ખૂબ ચાલતો હતો, જેની સામે હરીફાઈ કરવામાં અચ્યુત પહોંચી શકતો નહોતો. સરકારી અધિકારીઓ પોતાનાં સગાંઓ અને મિત્રોને લઈને આઠ-દસની સંખ્યામાં આવીને મફતમાં મહેમાનગતિ એની માણી જાય, પણ ઑફિસમાં એને નાનું એવું કામ પડે તોય હાથ ઊંચા કરી દે એવી ફરિયાદ પણ કરી. હું આ બધું લાચારીથી સાંભળતો હતો. છેવટે, 'વૉશરૂમ જતો આવું' કહીને છટક્યો અને મારા રૂમમાં આવીને પથારીમાં બેઠો. શ્રીમતી મારી પાછળ આવ્યાં, 'કહું છું, શું થયું?

'શું થયું?'

'અચ્યુતભાઈ વાત કરતાં રડતા હતા?'

'ના રે ભૈ...'

'હું અહીં પહેલા માળની લૉબીમાં ઊભી-ઊભી જોતી હતી તો મને એવું લાગ્યું.'

હું ઊભો થઈને લૉબીમાં આવ્યો. રિસૉર્ટની આછી લાઇટના પ્રકાશમાં ગ્લાસ છાતીએ અડકાડીને, એ નીચું જોઈને બેઠો હતો, પણ એ રડતો હોય એવું લાગ્યું નહીં.

'કદાચ તને ભ્રમ થયો હશે.' કહીને હું અચ્યુત પાસે જઈને બેઠો. એણે ફરીથી પોતાની વાત શરૂ કરી અને અગાઉ મને સમજાવેલા મુદ્દા ફરીથી સમજાવવા લાગ્યો. વચ્ચે-વચ્ચે એ અટકીને ધીમેથી ખોંખારી લેતો હતો. માણસ આ રીતે વાત કરે એને રડવું કહેવાય? બે દિવસ રોકાઈને અમે પાછાં ફર્યાં. મહિના પછી એનો વ્હૉટ્સ-ઍપ મૅસેજ આવ્યો, 'ફૉર ધ ટાઇમ બીઇંગ, રિસૉર્ટ ઇઝ ક્લોઝ્ડ ફોરેવર. ટૂ મચ હેરેસમેન્ટ ફ્રૉમ લોકલ ઑથૉરિટીઝ.' (સ્થાનિક તંત્રની વધુ પડતી પજવણીને લીધે કાયમી ધોરણે રિસૉર્ટ હાલ પૂરતો બંધ કર્યો છે.)

❑❑❑

સમરસ

☐ બિપિન પટેલ

અઠવાડિયામાં નિ. ના. નિવૃત્ત થશે, પણ વિભાગમાં હલચલ નથી. બાકી અમારો વિભાગ બારેમાસ જીવતો. એક તહેવાર બાકી ન મૂકે. ઘણી વાર તો નવરાત્રીના દિવસોમાં મોટે ભાગે સેમિનાર ખંડમાં, ક્યારેક લૉબીમાં બહેનો ગરબા લે. સાથે કેટલાક કાનુડાઓ પણ ઊછળકૂદ કરે. એક વાર તો કુસુમબહેને

સત્યનારાયણની કથા માનેલી. બધાંને નડતર ન થાય એટલે સવારે નવ વાગ્યે રાખેલી. સચિવશ્રી ઑફિસ આવે એ પહેલાં કથા સમાપ્ત કરવાની નેમ, પણ એ દિવસે સચિવશ્રી વહેલા આવી ગયેલા. લોભી, અશ્રદ્ધાળુ વાણિયાનું વહાણ ડૂબી ગયેલું. સત્યનારાયણ ભગવાન એને કઈ રીતે બચાવે છે એ ભાગ આવે તે પહેલાં, દવેસાહેબનો પ્યૂન ડૂબતા ટાઇટેનિકના તૂતક પર જેમ પેલાં બે પ્રેમીઓ હાથ ફેલાવી ઊભાં હતાં તેમ હાથ ફેલાવી, "અલ્યો મારગ કરો, મારગ કરો, સચિવશ્રી પધારી જ્યા છ, મારગ કરો." સચિવશ્રી પણ વિવેકથી, "કોઈ બાત નહીં, કોઈ બાત નહીં." બોલતાં સમૂહ વચ્ચેથી કૂદતાં-કૂદતાં એમની ચેમ્બર પાસે પહોંચી ગયા. વિભાગ નાનો એટલે સહુમાં ઘણો મનમેળ. સંપીને રહે. દિવાળીની રજા પછી, ઊઘડતા દિવસે સહુ આખા સચિવાલયમાં એકબીજાને નૂતનવર્ષ અભિનંદન ચોડવા પહોંચી જાય. પણ અમારા વિભાગમાં વળી જુદો ચાલ. પહેલો આવનાર જણ લૉબીમાં ઊભો રહી જાય. એના પછીના આવનારને સાલમુબારક કરે. એમ લાઇન લાંબી થતી જાય. છેલ્લે સચિવશ્રી એમના પી. એ. સાથે આવી દરેક જણને હાથ મેળવીને સાલમુબારક પાઠવે. આટલા મોટા માણસ પણ અભિમાનનો છાંટો નહીં. અમે બહુ વખાણ કરીએ ત્યારે દોઢિયા બોલે, "આટલા બધા ઢહળા શું થઈ જાઓ છો? એય કારકુન જ કહેવાય, થોડા મોટા. મંત્રીશ્રી સામે કેવા 'ઝૂકી-ઝૂકી કરે સલામ'ના વેશમાં આવી જાય છે?"

વિદાયની તો વળી વાત જ જુદી. કોઈ પણ મહિનાની એકત્રીસમી કે પછી ત્રીસમી તારીખે ઑફિસ ખૂલતાં જ વાતાવરણમાં ઉત્સાહ છલકે. એનું કારણ પગારદિવસ નહીં. હવેની સરકાર મહિનાનું વ્યાજ બચાવવા પહેલી તારીખે પગાર કરે છે. આ તારીખે ભરૂચા કહેતા એમ, "એક, બે કે ત્રણ વિકેટ પડે." એનો નેગેટિવ અર્થ ન લેતા. આજકાલ નકારાત્મકતાની હવા ચાલે છે, પણ આપણે પૉઝિટિવ રહેવાનું. ટૂંકમાં સરકારમાં આયખું ખૂટતાં વિભાગ, મિત્રો, સહુને મૂકીને જેનો વારો આવે એ, 'એકલો જાને રે!'ની જેમ ચાલી નીકળે.

છાંટબારભાઈ સમારંભની શરૂઆત કરે, "માનનીય, વંદનીય, પ્રાતઃસ્મરણીય સચિવશ્રીસાહેબ, અધિકારીગણ અને કર્મચારી ભાઈ-બહેન, આજે એક તેજસ્વી તારલો ખરી પડશે, વયો જાશે. હંમેશ સારુ નહિ, આપણાં મન, હૃદયમાં રહેવાના, તો પણ એક પ્રકારનો એન્ડ આવી જશે. આપણે બી જઈએ એવો નહીં, પણ એકલા પડી જવાનું, કંઈ પણ કામ વગર બેસી રહેવાની બીક તો લાગે ને ચોરેરાભાઈને? કશી ચિંતા ફિકર નથી ચોરેરાભાઈ, આખો વિભાગ તમારા પડખે અડીખમ ઊભો છે. નિત

આંયાં હાલ્યા આવવાની એને બંધી નથી." કહીને ન બન્યા હોય એવા પ્રસંગો ટાંકી નિવૃત્ત થનારને મોટો કરે.

ઓઝાસાહેબ ઊંચા કુળના તેથી જ્ઞાનીની જેમ રૂપકમાં વાત કરે. ભલે એનું એ રૂપક, પણ રૂપક તો ખરું! એમની કાયમની સ્પીચ, "માનનીય સચિવશ્રી અને મિત્રો, આપણે સહુ સચિવાલયથી ગાડીમાં બેઠા છીએ. સહુનાં ઊતરવાનાં સ્ટેશન જુદાં અને ઊતરે અલગ-અલગ સમયે. આજે ચોરેરાભાઈનું સ્ટેશન આવ્યું તેથી એ ઊતરશે. એનો કોઈએ હરખ-શોક કરવો જોઈએ નહિ, ન એમણે, ન આપણે." ઓઝાસાહેબ પણ ગુણાનુરાગી તેથી કહેવું ન પડે. વળી, છેલ્લાં વર્ષોથી પડેલા નવા ચીલા પ્રમાણે પ્રશસ્તિપત્રનું પઠન કરી અર્પણ કરવા સચિવશ્રીને વિનંતી કરે. સચિવશ્રી આગ્રહપૂર્વક, "કોઈ ગુજરાતી ભાઈ-બહેન વાંચશે તો સારા રહેશે." કહી ઓઝાસાહેબને પરત આપે. આ પ્રક્રિયા સચિવે-સચિવે બદલાય. ઓઝાસાહેબ શરમાતાં-શરમાતાં વિવેકપૂર્વક, સહુ વતી આરોહ-અવરોહ સાથે મોટેથી પ્રશસ્તિપત્ર વાંચે.

પછી સ્ટાફ માટે દસ મિનિટ ફાળવે. આ ક્ષણો નિવૃત્ત થનાર મનમાં સંઘરી રાખે, હંમેશ માટે.

(૨)

આજે એકત્રીસ ઑગસ્ટ. નિ. ના. આજ પછી નહિ હોય એ વાતે મન ઉદાસ હતું. અમે સેક્શન અધિકારી તરીકે પાંચ વર્ષ માટે બાજુ-બાજુમાં બેસતા તેથી એને સારી રીતે જાણું. બહાર ઝરમર વરસતા વરસાદનું ધીમું સંગીત સાંભળી બારી પાસે ગયો. વિકાસની દોટમાં ગીચોગીચ બંધાયેલાં સરકારી બિલ્ડિંગોને કારણે, અગાઉ દૂર-દૂર લીલાંછમ વૃક્ષો પર વરસતા વરસાદને બદલે સિમેન્ટના છજા પર તાક ધીનાધીન તાક કરતા બોદો અવાજ કરે છે. મેં ખિસ્સામાં નિ. ના. વિશે ભાષણ આપવાનો કાગળ ફંફોસ્યો, મળી જતાં જોરથી દબાવ્યો. ઑફિસમાં સવારથી જ કોઈ સંચાર નથી. યોગાનુયોગ આજે નિ. ના. એકલો જ નિવૃત્ત થતો હતો, એટલે ઑફિસવાળાને ફાવતું જડ્યું. બધા તહેવાર ટાણે એમ આજે પણ એક જુદી જ સમરસતાનું વાતાવરણ રચાયું હતું.

નિવૃત્તિના બે મહિના પહેલાં નિ. ના.ને મહત્ત્વ વગરના સંકલન અને બજેટ શાખા ફાળવી હતી. બહાર પાડેલું તે અનુસાર નિ. ના.ને બદલે કોઈક બીજા અધિકારી તૈયાર થઈ શકે એવો ઉમદા હેતુ. એમના ફર્મા મુજબ થોડો વહેલો તાજ ઉતારી લીધો. તે દિવસે લંચ વખતે નિ.ના.એ મને કહ્યું, "આ શેની પૂર્વતૈયારી હશે?" મને અંદાજ નહિ. મેં કહ્યું, "તપાસ કરીને કહું."

પંદરેક દિવસ પહેલાં કર્મચારી મહામંડળના વિભાગીય પ્રતિનિધિ નવીન બારોટને દાણો દબાવી જોયેલો, "આ નિ.

ના.નું શું કરવાનું છે?"

"ખબર નઈ!"

"તમે મંડળમાં છો ને?"

"નિ. ના. સાહેબનું નક્કી નહીં કર્યું!"

"પણ આપણે તો સહુને વિદાય આપવાની પરંપરા છે ને?"

"ભલે, હશે!"

"પણ એનો જીવ ન બળે? એણે સહુની પાર્ટીમાં ફાળો આપ્યો હશે."

"પણ એ વોંકો છ. પૂછી જોવો આખા વિભાગમ. આ, મન કીધુ એ કીધુ, બીજા કોકન કહેશો તો મૂઢું ચૂંટી લેશે. ગમે તાણ ઈની ચેમ્બરમાં જોવ, ઈનો તોબરો ફૂલેલો. મગજનું તપેલુ નિત ચડેલું જ હોય. પીધેલો હોય ઈમ વાતે ન વાતે આપડન ઉતારી પાડ."

"પણ હવે તો એ જશે, કાયમને માટે. ગમે તેવા ખરાબ માણસના મોતનો મલાજો નથી રાખતા, આપણે સહુ? છેવટે બેસણામાં તો... જઈએ જ છીએ ને?"

"માર એવું કથોલું નહીં બોલવું." કહી જતો રહ્યો.

ટી ટાઇમે મિત્રોને પૂછ્યું, "આ બારોટ તો આમ કહે છે, નિ. ના. વિષે નથી વિચાર્યું. તમે શું કહો છો?"

જયેશ અમારામાં સહુથી નાનો. એણે પાંચ વર્ષ પહેલાંની ઘટના યાદ કરી. મારી ફાળવણી આપણા વિભાગમાં થઈ. આવા મહત્ત્વના આપણા વિભાગમાં મારું ઍલૉટમેન્ટ થયું એટલે મનોમન પોરસાયો, હરખાયો. કાફકાની 'કેસલ' નવલકથાની જેમ ઓળખ વગરની ચૉઇસલેસ દુનિયામાં મને ભિડાવીને આસપાસ કેવા અંકોડા ભિડાવવાની છે એથી બેખબર હું આપણા વિભાગની મહેકમ (Establishment) બ્રાંચમાં પહોંચ્યો.

મહેતાઓથી લહેણું હોય તેમ મહેકમ શાખાના સેક્શન અધિકારી પણ આપણા નિ. ના. સાહેબ હતા. એમણે કાનમાં પેન્સિલ ભરાવી, હાથમાં ઊંધી પકડેલી પેન, (ઊંધી પકડેલી પેનનું રહસ્ય ત્યારે નહીં સમજાયેલું) બીજા હાથની બે આંગળીઓ લમણા પર દબાવીને કોઈ ગહન સમસ્યાની ભેખડે ભરાયા હોય તેમ ઊંચું જોયા વિના ફાઈલનાં પાનાં ઉથલાવતા હતા. હું પાંચેક મિનિટ ઊભો રહ્યો. ધીરજ ખૂટતાં એક ખાલી ખુરશી પર બેઠો કે બ્લાસ્ટ થયો, "મેં તને બેસવાનું કહ્યું?"

"ના સાહેબ, પણ ખુરશી ખાલી હતી."

એમણે અવાજ ઊંચો કર્યો, "ખુરશી તો સચિવશ્રીની પણ ખાલી છે, ત્યાં પણ બેસી શકાય."

હું ઉતાવળે ઊભો થઈ હવે પછીની આજ્ઞાની રાહ જોતો નિ. ના. સાહેબને તાકી રહ્યો. મને વિચાર આવ્યો કે હમણાં જ નોકરી મળ્યાના આનંદનો ઉછાળ પળમાં શમી ગયો. સાહેબ બોલ્યા, "હવે બેસ, બોલ કેમ આવવું થયું? પૂછ્યા વગર ખુરશીમાં બેસી ન

જવાય. રાજ્યની સર્વોચ્ચ કચેરી છે. એનું ડેકોરમ જળવાવું જોઈએ કે નહીં? બોલ મારી વાત ખોટી છે? ખોટી હોય તો પછી આપ." હું વધારે ગૂંચવાયો. જવાબ આપ્યા વગર મારો અૅલૉટમૅન્ટ ઑર્ડર એમના ટેબલ પર મૂક્યો.

પહેલા જ દિવસે આવા કડછાનો મુકાબલો થાય તો કૉલેજના ફૂટડા યુવાનની શી હાલત થાય?

પાઠકે જી. પી. એફ.માંથી ઉપાડની વાત યાદ કરી. રૂલ બુકમાં મનોરંજનનાં સાધનો માટે લોનની જોગવાઈ છે તો પણ વીડિયો ગેમ માટે કેમ મંજૂર ન કરે? ઘરની ધોરાજી હાંકે એ થોડું ચાલે? પાછો રૂબરૂ બોલાવી મૌખિક ઠપકો આપે, "એ નશો છે, લત છે. બાળકોને એના રવાડે ન ચડવા દેવાય."

"મસ્ટરમાં પણ ૧૦:૩૫ પછી એક મિનિટ ન ચલાવે. પાંચ-દસ મિનિટમાં એમના બાપનો કયો ગરાસ લૂંટાઈ જવાનો? પણ ના, "આ નિરંજન મહેતાનો વહીવટ બોદો ન હોય." કહી ફિશિયારી મારે. મોડા આવનાર પટાવાળા જેવા નાના માણસોની અર્ધી-અર્ધી રજાઓ કાપી વર્ષને અંતે વીસ-પચ્ચીસ ઈ. એલ. ઓછી કરે. કસાઈ છે, કસાઈ." જી. ટી. પટેલે કહ્યું. જોકે એણે કહ્યું ખરું કે, "આપણને એવું અંગત નુકસાન નથી કર્યું, પણ વિચિત્ર તો ખરો. બારોટે ખોટું નથી કહ્યું. વળી આજના સમયમાં સહુની સાથે રહેવામાં મજા." બધાંનાં ડોકાં સહમતીમાં હલ્યાં. મેં વાત આગળ ન વધારી. માત્ર સૂચન કર્યું કે, "આપણે કેટલાક શુભચિંતકોએ વિચારવું જોઈએ."

(૩)

છેવટે એ દિવસ આવ્યો. નિ. ના.ની નિવૃત્તિનો છેલ્લો દિવસ. છેલ્લે-છેલ્લે હવાતિયાં મારવાનો કોઈ અર્થ નહોતો. નિ. ના. કદાચ વિચિત્ર હશે, ખરાબ નહીં. જોકે મને લાગે છે એ મૂળ અમારા વિભાગનો નહિ, પણ નાણાં વિભાગનો એટલે એને પારકો ગણતા હશે. એમ તો દસ વર્ષથી ઓછાં વર્ષોમાં તો કાયદા પ્રમાણે ભારતનું નાગરિકત્વ મળી જાય. તો પછી ક્યાં સુધી એનું મૂળ ખોદતાં રહેવાનું?

આજે સવારે સ્પેશિયલ બસ વહેલી આવેલી. મને થયું કે નિ. ના.ને ત્યાં ભીડ થઈ જાય તે પહેલાં પેટછૂટી વાત કરી લઉં. એની ચેમ્બરમાં પ્રવેશતાં જ કહ્યું, "નિ. ના. આજે પાર્ટિંગ ગિફ્ટ હો જાય!" એણે ઊતરી ગયેલા ચહેરે, મારી સામે ન જોતાં, બારીમાંથી બહાર ઝાંખતો હોય એમ કહ્યું, "મારો મૂડ નથી. તારી ઇચ્છા હોય તો તારી એકલાની મગાવી દઉં." પછી કાચ નીચે રાખેલો એની પત્નીનો ફોટો ધારીને જોઈ રહ્યો. વધારે બેસવાની મારી હિંમત ન હતી.

આખો દિવસ કામમાં ગયો. વિચારતો રહ્યો, નિ. ના.ની ચેમ્બરમાં કોઈ મળવા આવ્યું હશે? એ બધાંને

મળવા ગયો હશે? છેવટે એના પિયરના નાણાં વિભાગમાં ગયો હશે? મને તો મળવા નહોતો આવ્યો. મેં એના પ્યૂનને કહી રાખ્યું હતું, "નિ. ના. ચેમ્બરમાંથી ઘેર જવા નીકળે ત્યારે મને બોલાવજે." ઑફિસ છૂટવાનો સમય થઈ ગયો તોય એનો પ્યૂન ન આવ્યો. સમય થતાં સ્પેશિયલ બસમાં જનારા કર્મચારીઓ જવા માંડ્યા. હું રેગ્યુલર બસને બદલે સાત વાગ્યાની બસમાં જવાનું નક્કી કરી બેઠો રહ્યો. બરાબર પોણા સાત વાગ્યે એનો પટાવાળો મારી રૂમમાં આવ્યો. મેં હથેળીથી ઇશારો કર્યો, નિ. ના. ક્યાં?

"સાહેબને સેમિનાર હૉલમાં જતા જોયા હતા."

હું વીજળી ઝડપે ઊભો થઈ સેમિનાર રૂમ તરફ ધસી ગયો. સેમિનાર રૂમ ઝળાંહળાં હતો. રાઉન્ડ ટેબલની મુખ્ય ચૅરમાં નિ. ના. અંતર્મુખ થઈ બંધ આંખે બેઠો હતો. આંખનો ખૂણો સહેજ ભીનો હતો. એની સામે પડેલા આઇસક્રીમ કપનો આઇસક્રીમ દૂધ કોલ્ડ્રિંક થઈને એના રેલા બહાર આવતા જતા હતા. નિ. ના.ની બાજુમાં સેક્રેટરીસાહેબની ખુરશી સામે પડેલા કપની સ્થિતિ પણ એવી જ. નિ. ના.ની ખુરશીની ડાબી બાજુ થોડે દૂર બે આઇસક્રીમ બૉક્સ સહુની રાહ જોતાં હતાં. એમાંનું પ્રવાહી જ્યાં જગ્યા મળી એ ધારમાંથી બહાર રેલાવા મથતું હતું. હું નિ. ના. ભણી ધસી ગયો. મેં મોટેથી બૂમ પાડી, "નિ. ના.?" એ જવાબ આપ્યા સિવાય મૌનીબાબા બનીને બેસી રહ્યો. મને ત્યાં વધારે વખત ઊભા રહેવું અકારું લાગતાં નિ. ના. તરફ જોયા સિવાય પાછો ફરી ગયો. મારા પટાવાળાને, "છેવટે નિરંજન નારણરાય મહેતાએ વિભાગની સમૃદ્ધ પરંપરા અનુસાર પાર્ટિંગ ગિફ્ટ આપી ખરી!" કહી લિફ્ટ તરફ ગયો.

❑❑❑

ઘેરબેઠાં 'નવનીત સમર્પણ'
મેળવવા ઘેરબેઠાં લવાજમ પણ ભરો

ઓનલાઈન લવાજમ ભરવાની
એકદમ આસાન સેવાનો લાભ લેવા...

જસ્ટ ક્લિકઃ
www.navneetsamarpan.com
રવાનગી વિભાગ : 23530916-23514466



જીવવું નિસબત મરવું

૧૯૫૨ની બ્લૅક ઍન્ડ વાઇટ મૂવી ઇકિરુ (Ikiru) વિષે થોડી વાતો

☐ ઋષિત પ્રબોધ દુબલ

વાર્તા

ઉનાળાની સાંજનો સમય. જાપાનના ટોક્યો શહેરના એક ક્લિનિકનું વેઇટિંગ રૂમ. પીળી ઝાંખી લાઇટમાં, ગરમીથી ત્રસ્ત બેઠેલા દર્દીઓ. ક્લિનિક પર પેટદર્દના ઇલાજ માટે આવેલો કાન્જી (જાપાનીઝમાં પૂરું નામ kanji watanbe).

આ કાન્જી એક 62 વર્ષનો સરકારી બાબુ છે, જે છેલ્લાં 30 વર્ષથી સરકારી ઑફિસમાં, કાગળોના ઢગલા વચ્ચે કામ કરવાનું નાટક કરે છે(!) આમ તો એનું કામ નાગરિકોની ફરિયાદનું નિરાકરણ કરવાનું છે, પણ કાન્જી ફાઈલો ફેરવવાથી વિશેષ કંઈ કરતો નથી. સરકારી ઑફિસમાં 'કામ ન કરવાવાળી નોકરી' તો કોને ન ગમે? કાન્જી સરકારી ઑફિસમાં મોટા હોદ્દા પર કબજો જમાવી બેઠો છે. કદી રજા લેતો નથી. રખે ને લોકોને ખબર પડી જાય કે તેના વિના કામકાજ ચાલી જાય છે. એનું માનવું છે કે ભલે કંઈ ન કરતા હોઈએ, પણ આપણે કંઈક કરી રહ્યા છીએ એવું જ વર્તન કરવું જોઈએ. લાકડે માંકડું વળગે એમ કાન્જીભાઈ નોકરીને વળગીને વર્ષો કાઢતા ગયા અને આજે ઉનાળાની મોડી

સાંજે, દર્દી કાન્જીને ખબર પડી કે તેને લાસ્ટ સ્ટેજ ટર્મિનલ કૅન્સર છે અને 6 મહિના બાકી છે. ઘડીભર મન સુન્ન થઈ ગયું, શરીર અને ઇન્દ્રિયોમાંથી ચેતના વિલીન થઈ ગઈ. કાન્જીને લાગ્યું કે કોઈ તેના આખ્ખેઆખ્ખા જીવનને છેતરી ગયું.

કાન્જી પોતાના શરીરને ઢસડીને ક્લિનિકમાંથી બહાર નીકળે છે ત્યારે ડૉક્ટર નર્સને પૂછે છે, "જો તારી પાસે જીવવાના 6 મહિના જ બાકી હોય તો તું શું કરીશ?" અને મહદંશે આ મૂવીનો કેન્દ્ર-પ્રશ્ન છે.

મૃત્યુ આવે ત્યારે દુઃખ થાય પણ જો જીવ્યા જ ન હોઈએ અને મૃત્યુ આવે તો અફસોસ અને દુઃખ બંને થાય. જીવનની રેખાનું અંતિમબિંદુ કોઈ દૂરના ભવિષ્યમાં ધૂંધળું ભાસે તો વાંધો નહિ, પણ એ વાસ્તવિકતા સામે આવી ઊભી રહે ત્યારે શું? હતાશ અને હેબતાઈ ગયેલો કાન્જી, એક મૃતવત્ શબની જેમ ચાલતો-ચાલતો ઘરે જાય છે.

કાન્જીની પત્ની વર્ષો પહેલાં મૃત્યુ પામી છે. કુટુંબમાં ફક્ત એક યુવાન પુત્ર અને પુત્રવધૂ છે. સૌપ્રથમ તેનું મન પુત્ર તરફ વળે છે. પોતાનું કોઈ છે અને તેને કહેવાથી દુઃખ હળવું થશે એવી આશા છે, પણ જ્યારે ખબર પડે છે કે પુત્ર અને પુત્રવધૂને તેના પૈસામાં જ રસ છે ત્યારે કાન્જી તેમને કૅન્સર વિશે કહેવાનું માંડી વાળે છે. એ રાત્રે કાન્જી તેના રૂમમાં જઈ દીવાલ પર લાગેલી ફ્રેમ જુએ છે કે જે તેની 25 વર્ષની 'સરકારી સેવા'ના સન્માનરૂપે મળી છે. આ છબી તેને વ્યર્થ અને ન જિવાયેલા જીવનની યાદ અપાવે છે અને પછી તે ધ્રુસકે-ધ્રુસકે રડે છે.

કાન્જીની પ્રતિક્રિયા

તો હવે આ અંદરની ટીસ, જે છાતીમાં ભોંકાયા કરે છે, તેનું શું કરવાનું? જીવનની

અનિત્યતાની નિશ્ચિતતા બહુ ભારે છે. કાન્જી હવે આ મૃત્યુ સાથે ક્ષણિક સમાધાન કરવાનો યત્ન આદરે છે.

મૃત્યુની વાસ્તવિકતાને બદલી નહિ શકાય તો એને ભૂલી તો શકાય જ, એવું વિચારી કાન્જી શરાબ તરફ વળે છે. મોડી રાતે એક બારમાં, પીધેલી હાલતમાં તે એક અજાણ્યા ગુમનામ લેખક ને કહે છે, "... મને ખબર નથી કે આટલાં વર્ષોથી હું મારા જીવન સાથે શું કરી રહ્યો છું. હું કેટલો મૂર્ખ છું."

પેલો ગુમનામ લેખક કહે છે, "એ જ તો વિધિની વક્રતા છે, મરવાના ટાઇમે જ જીવનની કિંમત સમજાય છે. માણસ કેવો મૂર્ખ છે, જ્યારે એને ખબર પડે છે, હવે બહુ જીવન બાકી નથી, ત્યારે જ તેને જીવનની સુંદરતાનો અનુભવ થાય છે. અને એ અનુભવ પણ બધાના ભાગ્યમાં નથી." તે કાન્જીને કહે છે, "અત્યાર સુધી તું જીવનનો ગુલામ હતો અને હવે જ્યારે તને ખબર જ છે કે જીવન અલ્પ છે ત્યારે કોઈ પણ ભોગે જીવન જીવી લેવું." એકલપંડે દુઃખ ખમતો કાન્જી, લેખકની વાત માને છે. ટોક્યોની નાઇટલાઇફ, ડ્રિંકિંગની અને સ્ટ્રીપટીઝની મોજછોળમાં પોતાને ભૂલી જવાનો પ્રયત્ન કરે છે, પણ મૃત્યુની નજીક ઊભેલા કાન્જીને આ બધું સ્પર્શતું નથી. એક રાત નાઇટલાઇફમાં ડૂબી ગયા પછી, તેને સમજાયું કે આ ઉકેલ નથી. અંતિમ સમયમાં ક્ષણભંગુર ઇન્દ્રિય ઉપભોગનો મતલબ નથી.

કાન્જી તેની ઑફિસમાં કામ કરતી ખુશમિજાજ અને ચુલબુલી યુવતીના સંપર્કમાં આવે છે, જેનું નામ ટોયો છે. ટોયોને સલામત સરકારી નોકરીથી કંટાળો ચડ્યો છે અને નોકરી છોડવી છે, એટલે તે કાન્જી પાસે રેઝિગ્નેશન પર સહી લેવા આવી છે. કાન્જીને આ મધ્યમ વર્ગની યુવતીમાં જીવનના ઉલ્લાસ અને આનંદની ઝલક દેખાય છે. કાન્જીને હવે ટોયોને મળવું ગમે છે. તેને આ યુવતીનું પ્રેમાળ અને જીવનથી ભરપૂર હળવાપણું ગમે છે. ટોયો જે નવી જગ્યાએ કામ કરે છે ત્યાં કાન્જી તેને મળવા જાય છે. ત્યાંનો સંવાદ કંઈક આવો છે :

કાન્જી : ...જ્યારે હું તમને જોઉં છું, ત્યારે મને હૂંફ મળે છે... બીજા શબ્દોમાં

કાન્જી અને ટોયો

કહીએ તો, તમે મને મારા કુટુંબ જેવાં લાગો છો... ના, એટલું જ નહિ, તમે યુવાન છો તેથી જ... તમે આટલાં જીવંત કેવી રીતે છો? મરતાં પહેલાં હું એક દિવસ તમારી જેમ જીવવા માગું છું... મારે કંઈક કરવું છે... મને કહો હું તમારા જેવો કેવી રીતે બની શકું?

ટોયો : પણ હું માત્ર (રમકડાંની ફૅક્ટરીમાં) કામ કરું છું અને મારું પેટ ભરું છું. મને એમાં મજા આવે છે. ક્યારેક તો એવું લાગે છે કે આ રમકડાંથી હું જાપાનનાં બધાં બાળકો સાથે રમી રહી છું. તમે પણ મજા આવે એવું કંઈક કરો ને!"

કાન્જી : અને બીજું શું (કરું)?

ટોયો : એટલું જ.

સાર્થકતા

ટોયો સાથેની વાતચીતથી એણે એક વાત ગાંઠે બાંધી કે "...હું કંઈક કરી શકું છું. મારે ફક્ત શું કરવું તે શોધવાનું છે, હું કંઈક કરી શકું છું." (ભારપૂર્વક). જ્ઞાનની એ ક્ષણમાં, કાન્જીને સમજાયું કે જીવનની નિરર્થકતાની પીડામાંથી નીકળવા માટે હજી બહુ મોડું નથી થયું.

બીજે દિવસે કાન્જી ઑફિસ જઈ, ફરિયાદોના થોકડા કાઢે છે. તેમાં સૌથી ઉપરની ફરિયાદ છે નજીકની ઝૂંપડપટ્ટીની. લોકોની ફરિયાદ છે કે ખુલ્લી જગ્યામાં ગંદકી અને મચ્છરોનો ત્રાસ છે તો એ ગંદકી દૂર કરી ત્યાં બાળકોને રમવા માટે એક મેદાન બનાવવાની વિનંતી કરેલી. ફિલ્મમાં એ મેદાન માટે 'પાર્ક' શબ્દનો ઉપયોગ થયો છે. આમ તો આ ફરિયાદ મહિનાઓથી ધૂળ ખાતી હતી, પણ આજે કાન્જીની અર્થ શોધતી આંખોને આ ફરિયાદમાં અર્થપૂર્ણ-કર્મ દેખાયું. કદાચ તેને લાગ્યું કે પેલી યુવતી ટોયોની જેમ તે પણ નાનાં બાળકોના આનંદ-કિલ્લોલનો સહભાગી બનશે.

કાન્જીનો સમય 'બાળકોના પાર્ક'ની પરમિશન માટે અલગ-અલગ સરકારી ઑફિસમાં ધક્કા ખાવા, અપમાન સહન કરવા અને તે (ભૂતકાળમાં) જેવો હતો, તેવા ખડૂસ અને ખંધા સરકારી બાબુઓને મળવામાં જાય છે. તે વગદાર લોકો (સ્થાપિત હિતો)ની અને જમીન ચાંઉ કરવા માગતા ગુંડાઓની ધમકીઓ પણ સહન કરે છે. તે જાતે ઝૂંપડપટ્ટીની ગંદકીમાં જાય છે. દરેક અવરોધ અને સમસ્યાને ધીમો તથા મક્કમ જવાબ આપે છે. કાન્જીને એટલું સમજાયું છે કે જીવનના અંતમાં સંતોષનો આધાર અન્ય લોકો શું વિચારે છે એ નહિ, પણ આપણે પોતાના જીવન માટે કેટલી સાર્થકતા અનુભવીએ છીએ એના પર છે. બચેલા સમયમાં બને એટલી ધીરજ અને સમર્પણથી કામમાં લાગી જાય છે, જાણે પોતે જ પોતાની અંતિમ ઇચ્છા પૂરી કરી રહ્યો હોય.

સરકારી ઑફિસના લોકો તેને આ વિચાર પડતો મૂકવા સમજાવે ત્યારે તે એટલું જ કહે છે કે (જીવનની) અર્થપૂર્ણતા માટે માત્ર ઇચ્છાશક્તિની જરૂર હોય છે. મૂવીની આ ક્ષણોમાં આપણે વૃદ્ધ છતાં

મક્કમ, મૃત્યુના ભયથી દુઃખી છતાં અડગ અને નિર્બળ છતાં દૃઢનિશ્ચયી કાન્જીને જોઈએ છીએ. તેની ધગશ અને ધીરજના પરિણામરૂપે બાળકોને રમવા માટે એક પાર્ક બને છે. એ જ પાર્કમાં હીંચકા ખાતાં-ખાતાં કાન્જી અંતિમ શ્વાસ લે છે.

લોકપ્રતિક્રિયા અને પ્રતિભાવ

સદ્‌ગત કાન્જીનું બેસણું છે. કુટુંબીજનો, ઑફિસના કાર્યકરો અને સરકારી અધિકારીઓ બેસણામાં ભેગા થયા છે. જે સરકારી અધિકારીઓએ કાન્જીને અવગણ્યો, અસહકાર આપ્યો, વારંવાર ઠેબે ચડાવ્યો, આજે તે જ લોકો કાન્જીના બેસણામાં બેઠાં-બેઠાં પોતાનાં અને સદ્‌ગતનાં કાર્યોનું આત્મમંથન કરે છે. જે અસંતોષ અને મૂંઝવણ લાવે છે અને છતાં આ રીઢા બાબુઓ આ 'પાર્ક'નું શ્રેય કોઈ અપરાધભાવ વગર લઈ લે છે. કાન્જીનાં કાર્યોના દર્પણમાં આજે એ લોકોને પોતાનું જ કુત્સિત વ્યક્તિત્વ દેખાય છે, પણ દંભનું આવરણ તેમની મનોસ્થિતિના સત્યને ઉજાગર નથી થવા દેતું.

જાપાનીઝ પ્રણાલી મુજબ, બેસણામાં આવેલા સરકારી અધિકારીઓની ખાતીરદારી થાય છે. શરાબ ચડ્યા પછી તેમને થોડો સ્મશાનવૈરાગ્ય પણ જાગે છે. એ ઉજાગર ક્ષણોમાં તેઓ કાન્જીના સમર્પિત જીવનનું થોડું સત્ય-ઉદ્‌ઘાટન કરે છે. મોડી રાત્રે નશાની હાલતમાં સરકારી બાબુઓ પ્રામાણિક અને કર્મઠ બનવા માટે પ્રતિબદ્ધ થાય છે. ફિલ્મના અંતિમ દૃશ્યમાં આપણે જોઈએ છીએ કે બીજે દિવસે સવારે સરકારી ઑફિસમાં કોઈ ફરિયાદ લઈને આવે છે અને સરકારી બાબુઓ થોડા ખચકાટ સાથે જૂની ઢબે ફાઈલો વચ્ચે ફરિયાદને દફન કરી દે છે અને ઘરેડમાં ગોઠવાઈ જાય છે.

સારાંશ

ફિલ્મના ડિરેક્ટર અકિરા કુરોસાવાએ એમના જ એક લોકપ્રિય મૂવી રાશોમોન (1950)માં અમુક પ્રશ્નો કર્યા'તા : 'અર્થહીન વિશ્વમાં કેવી રીતે જીવવું જોઈએ, જ્યાં મૃત્યુ નિશ્ચિત છે, વ્યક્તિઓ સ્વાર્થી છે અને ભગવાનનું અસ્તિત્વ નથી, ત્યાં શું કરવું?' ઇકિરુ ફિલ્મ કોઈક રીતે આ પ્રશ્નોનો જવાબ આપે છે કે ભલે કુટુંબીજનો સ્વાર્થી હોય, ભલે છીછરા ઇન્દ્રિયભોગ લલચામણા હોય, ભલે તમે એકલા હોવ, ભલે સમય સીમિત હોય, તો પણ જીવનમાં કંઈક સારભૂત કરી શકાય છે. જાપાનીઝ ભાષામાં ઇકિરુનો અર્થ થાય છે જીવવું.

કાન્જી કોઈ પ્રસિદ્ધિ કે દેખાડા માટે નહિ, પણ પોતાના જીવનના વ્યક્તિગત અર્થ અને આંતિરક સંતોષ માટે સર્જનાત્મક કાર્ય તરફ દોરાય છે. મારા જીવનનું મેં શું કર્યું? એ પ્રશ્ન ઊભો થાય ત્યારે તેને એક જવાબ જોઈએ છે અને કાન્જી અંત સમયે એકદમ નિરુત્તર નથી.

દાનધર્મનું સુખ કે સામાજિક માન-મોભો પણ 'પાર્ક'ના નિર્માણનું ચાલકબળ

હોઈ શકે અને આજકાલ તો એવો જ સ્વાર્થી ઉદ્દેશ્ય હોય એવા સંજોગ વધારે છે. તો બીજી તરફ 'જીવનસાર્થકતાનો સંતોષ' એ જ પાર્કના નિર્માણનું પ્રેરકબળ બની શકે (જે કાન્જી માટે બન્યું પણ ખરું). બંને અંતિમો વચ્ચે જમીન-આસમાનનું અંતર છે. બંનેનું છેવટનું પરિણામ તો 'પાર્કનું નિર્માણ' જ છે, છતાં એ પ્રક્રિયામાં આંતરિક પરિવર્તનને કેટલો અવકાશ છે તે કામ કરનારની દૃષ્ટિ અને ઉદ્દેશ્ય પર આધાર રાખે છે.

* * *

અર્થસભર જીવનનો આ વિચાર બીજા એક મૂવીમાં બખૂબી ઝિલાયો છે. મૂવી છે 'ઇટ્સ અ વન્ડરફુલ લાઇફ' (1946). વર્લ્ડ સિનેમાની ઉત્તમોત્તમ ફિલ્મોમાંથી એક વાર્તા કંઈક આવી છે. વાર્તાનો નાયક 40 વર્ષનો જ્યૉર્જ છે, જેને ક્રિસમસની સાંજે આપઘાતના વિચાર આવી રહ્યા છે. તેને બચાવવા માટે સ્વર્ગમાંથી એક દૂત (angel) મોકલવામાં આવે છે. મનુષ્યલોક પર આવ્યા પહેલાં આ નવાસવા દૂતને જ્યૉર્જનું જીવન 'ફ્લેશબૅક'માં દેખાડવામાં આવે છે. દૂત જુએ છે કે જ્યૉર્જ કેવી રીતે બાળપણમાં તેના નાના ભાઈને ડૂબતાં બચાવે છે અને તેમાં આંશિક શ્રવણશક્તિ ગુમાવે છે (જે વખત જતાં એક વરદાન સાબિત થાય છે), એક વ્યક્તિને ઝેરી દવા લેતાં રોકીને તેનો જીવ બચાવે છે, તેની બાળપણની પ્રેમિકા સાથે લગ્ન કરે છે. સામાન્ય જીવનમાં બનતી જ હોય એવી ઘણી બધી ઘટનાઓ જ્યૉર્જના જીવનમાં નજરે પડે છે અને તે ઘટનાઓ જાણતાં-અજાણતાં, ડોમિનોઝ ઇફેક્ટની જેમ સંખ્યાબંધ લોકોના જીવનને સ્પર્શે છે.

ક્રિસમસની સાંજે જ્યારે જ્યૉર્જ એક બ્રિજ પરથી પડતું મૂકવાનું વિચારે છે ત્યારે દૂત ધરતી પર આવીને તેને મનુષ્યરૂપે મળે છે. નિરાશા અને અપરાધભાવમાં ગર્ત જ્યૉર્જ કહે છે, "હું કદી જન્મ્યો જ ન હોત તો સારું હતું." દૂત વરદાન આપે છે, "જેવી તારી મરજી! તથાસ્તુ." જીવનથી થાકેલો જ્યૉર્જ એને બકવાસ માનીને ધ્યાન નથી દેતો અને ઘરે પાછો ફરે છે. એ જુએ છે કે ઘરની નેમપ્લેટ પર એનું નામ નથી અને થોડી જ વારમાં એને સમજાય છે કે પેલા દૂતની વાત સાચી પડી છે. સમગ્ર અસ્તિત્વમાંથી એનું નામ ભૂંસાઈ ગયું છે. એ જીવે છે પણ જો એ જન્મ્યો જ ન હોત, તો શું થયું હોત એ જુએ છે.

જ્યૉર્જ પોતાના અનસ્તિત્વનો અનુભવ કરે છે. એ સ્વજનોને મળે છે અને જુએ છે કે જો તે જન્મ્યો ન હોત તો એ સ્થિતિમાં તેના કુટુંબ, સગાંવહાલાં, મિત્રો, પ્રિયતમ ક્યાં છે, કઈ પરિસ્થતિમાં

છે અને કેટલા અલગ છે! તેને ખ્યાલ આવે છે કે કઈ રીતે એકદમ નજીવી લાગતી તેની નાની-નાની વાતો, આદતો, વિચારો, કર્મો - સૂક્ષ્મથી સ્થૂળ સ્તર સુધી, આસપાસની નાનકડી દુનિયા અને તેના લોકોને સ્પર્શે છે. મનની મોકળાશ કઈ રીતે જીવનને હળવુંફૂલ કરે છે. રોજિંદી જિંદગીની સામાન્ય લાગતી મુલાકાતો કઈ રીતે સ્વજનોમાં સમજણ ઉગાડે છે, શાંતિ પમાડે છે તથા ધીરજ અને સાંત્વના અર્પણ કરે છે. એક ગહન અનુગ્રહ સાથે તેને આત્મસાત્ થાય છે કે આ બ્રહ્માંડમાં તેનું એક અનન્ય અને અદ્વિતીય સ્થાન છે. વિચાર વિચારવા જેવો છે. (બે ઘડી માટે, એક થૉટ એક્સ્પેરિમેન્ટ તરીકે પણ આ પ્રશ્ન ખુદને પૂછવા જેવો છે કે હું આ દુનિયામાં આવ્યો જ ના હોત તો, માતા-પિતા, પત્ની-બાળકો, મિત્રો-સગાંવહાલાનું જીવન અને આસપાસની દુનિયા 'કઈ રીતે' અલગ હોત?) ફિલ્મનું તાત્પર્ય, ભાવાર્થ અને સાર એક અલગ લેખનો વિષય છે.

સમયના પરિમાણને એકમ તરીકે લઈ - જીવનની કરુણતા, વ્યક્તિગત અને સામાજિક અસમંજસતા (Existential uncertainty), અસ્તિત્વની ગૂઢતા પર પ્રકાશ પાડતી ઘણી મૂવીઝ બની છે, જેમ કે The Curious Case of Benjamin Button (2008), Interstellar (2014), Back to the Future (trilogy 1985-1990), About Time (2013), The Butterfly Effect (2004). સમય એક રેખા પર ન વહેતાં, જો વર્તુળાકાર હોય તો શું થાય? જે સમય ગયો એ પાછો આવે તો શું થાય? આ ફિલ્મો એવી કલ્પનાની પાંખે ઊડી આંતરિક તેમજ બાહ્ય જીવનની આંટીઘૂંટી ઉકેલવા મથતાં અને એ મથામણમાં જીવનનો અર્થ અને પ્રકાશ શોધતાં વ્યક્તિત્વોની વાત માંડે છે. અંધકારમાં ઝગમગતા દીવાની જેમ. શુભ દીપાવલી.

* * *

સહકાર્યકર:...તેઓ (સરકારી બાબુઓ) તમારું અપમાન કરી રહ્યા છે, તમારે ગુસ્સે થવું જોઈએ.

કાન્જી : મારી પાસે ગુસ્સે થવાનો સમય નથી.

❑❑❑



ઝાં-લુક ગોદાર (૩ ડિસેમ્બર ૧૯૩૦-૧૩ સપ્ટેમ્બર ૨૦૨૨) છબી સૌ. એલએ ટાઈમ્સ

ગોદાર મારા ગામે

ફ્રેંચ ફિલ્મ દિગ્દર્શક ઝાં-લુક ગોદાર (૧૯૩૦-૨૦૨૨)

☐ અમૃત ગંગર

મારું ગામ એટલે મુંબઈ. ટપાલખાતામાં હજી બૉમ્બે હતું. ત્રીસ વર્ષ પહેલાની આ વાત છે. ૧૯૯૨નું વર્ષ. દર બે વર્ષે યોજાતા ભારત સરકારના દસ્તાવેજી, ટૂંકી અને એનિમેશન ફિલ્મોનો આંતરરાષ્ટ્રીય ફેસ્ટિવલ હજી બૉમ્બેના નામે હતો - બીફ. હજી એ મુંબઈના નામે નહોતો થયો - મીફ. તેની ૧૯૯૦ની પ્રથમ આવૃત્તિની પૂર્વ તૈયારીઓ ચાલતી હતી ત્યારથી હું તેની સાથે જોડાયેલો હતો. ફેસ્ટિવલના સ્થાપક ડાયરેક્ટર શ્રી વિજય ચંદ્ર મારા સલાહસૂચન લે. માને. ૧૯૮૯માં મધ્ય-પૂર્વ યુરોપના મારા પ્રવાસ દરમિયાન મેં આ ફેસ્ટિવલ માટે ઘણી દસ્તાવેજી, ટૂંકી અને એનિમેશન ફિલ્મો પસંદ કરી હતી. હા, તો ૧૯૯૨માં આ ફેસ્ટિવલની ઇન્ટર્નેશનલ જ્યુરીના સભ્ય થવા માટે મેં પેરિસમાં રહેતા મારા ફિલ્મમેકર મિત્ર દોમિનિક ડ્યૂબોસ્ક મારફતે ઝાં-લુક ગોદારને આમંત્રણ મોકલ્યું હતું. એમની નવી ફિલ્મના શૂટિંગમાં વ્યસ્ત હોવાથી તેઓ આવી નહોતા શક્યા. મારો વિચાર હતો ઝાં-લુક ગોદાર અને મણિ કૌલને ભેગા કરવાનો. મણિ કૌલ, ગોદારના ક્રિટિક. મણિ કૌલને વાત કરી ત્યારે તેઓ ખડખડાટ હસ્યા હતા.

યુરોપ જવાનું આમંત્રણ મને ફેડરેશન ઑવ ઇન્ટર્નેશનલ ફિલ્મ ક્લબ્સ (એફઆઈસીસી) તરફથી મળ્યું હતું. બર્લિનમાં મળેલી તેની આંતરરાષ્ટ્રીય

સભાએ મારા ભારતીય ફિલ્મ સોસાયટી ચળવળના કાર્ય બદલ સન્માનિત પણ કર્યો હતો. અમારી મુંબઈ-સ્થિત ફિલ્મ સોસાયટી સ્ક્રીન યુનિટમાં ગોદારની ફિલ્મો બતાવીએ ને ચર્ચા કરીએ. તેની સાઈક્લોસ્ટાઈલ્ડ પ્રોગ્રામ નોટ્સમાં ગોદારના સંદર્ભો અવારનવાર આપતો રહું. મુંબઈની ફ્રેંચ સાંસ્કૃતિક સંસ્થા ઓલિયાન્સ ફ્રાંસેમાં ગોદારની અલભ્ય ફિલ્મોનું પ્રદર્શન થાય અને તેનો લાભ પણ અમને મળે. ગોદારની રમતિયાળ પણ બૌદ્ધિક રીતે તીક્ષ્ણ ફિલ્મકૃતિઓ યુવાન માનસને સંકોરે. મારા તાજેતરના પુસ્તકના મથાળામાં ગોદાર આમેજ થઈ ગયા એ કોઈ જોગાનુજોગ નહોતો. મથાળું: *ચલચિત્ર. છલચિત્ર! રીઆલિટીનું રિફ્લેક્શન. રિફ્લેક્શનની રીઆલિટી.* (૨૦૨૦: ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર) ગોદાર આ પુસ્તકનું આંતરડું છે. (પ્રકરણ ૮: "ઈમેજ, ધ્વનિ અને રાજકારણ - ઝાં-લુક ગોદાર.") ફ્યોદોર દોસ્તોયેવસ્કીની નવલકથા *ધ પઝેસ્ડ*નું આછું રૂપાંતર કરતી એમની ૧૯૬૭ની ફિલ્મકૃતિ *લા શિનોઆ* (La chinoise, ૧૯૬૭) માં એક પાત્ર કહે છે: "આર્ટ ઈઝ નૉટ ધ રિફ્લેક્શન ઑવ રીઆલિટી, ઈટ ઈઝ ધ રીઆલિટી ઑવ ધેટ રિફ્લેક્શન." આ ફિલ્મકૃતિ પેરિસમાં રહેતા સાંપ્રત યુવાન ક્રાંતિકારીઓ વિષે વાત કરે છે. ૧૯૬૦ના દાયકાના સમયનો અજંપો સાવ અલગ હતો. સરકારની અન્યાયી નીતિઓ સામે આદરેલા જંગી વિરોધ પ્રદર્શનોમાં ગોદાર અને તેમના સાથીઓ પણ ૧૯૬૮માં પેરિસની શેરીઓમાં જોડાયા હતા. વિયેટનામ પર અમેરિકાએ કરેલા યુદ્ધ સામે પણ આંદોલનકારીઓનો આક્રોશ હતો.

એકાદ દાયકા પહેલાં હું ઉત્તર ફ્રાંસના લીલ (Lille) મેટ્રોપોલિટન વિસ્તારમાં આવેલા રૂબે (Roubaix) શહેરની એસ્પાસ ક્રોઆ (Espace Croise) નામની ગૅલેરીમાં મારી ફિલ્મ થિયરી "સિનેમા ઑવ

અ વુમન ઈઝ અ વુમન, ૧૯૬૧. ભારતીય શાસ્ત્રીય સંગીતને સંદર્ભતા પાત્રો. છબી: સ્ક્રીન શૉટ

ઈટ ઈઝ માય લાઈફ, ૧૯૬૨, છબી: સ્ક્રીન શૉટ

પ્રયોગ”ને સંદર્ભતી કેટલીક ભારતીય ટૂંકી ફિલ્મકૃતિઓ પ્રસ્તુત કરી રહ્યો હતો. અચાનક કોઈએ કહ્યું કે નજીકના આર્ટ સેન્ટરમાં ઝાં-લુક ગોદાર માસ્ટર ક્લાસ કન્ડક્ટ કરી રહ્યા હતા. હું તરત જ ત્યાં જવા માટે દોડ્યો પણ પહોંચું તે પહેલાં ગોદાર ત્યાંથી નીકળી ગયેલા. વર્ષ ૨૦૦૫માં ઝ્યુરિક શહેરના મ્યુઝિયમ ઑવ ડિઝાઈને “બૉલિવૂડ ઇન સ્વિત્ઝર્લેન્ડ”ના નામે ત્રણ-ચાર મહિના ચાલેલો ભવ્ય કાર્યક્રમ યોજ્યો હતો. તેના ફિલ્મ વિભાગનો ક્યૂરેટર હું હતો. એક દિવસ ઝ્યૂરિકથી ઈટાલી જતી ટ્રેનમાં બેસી ગયો. વચ્ચે આવતા વવ્વે નામના સ્ટેશને મારે ઊતરવું હતું. અહીં જ ચાર્લી ચૅપ્લિને બંગલો બાંધ્યો હતો. લેક જીનીવાના કાંઠે એમનું પૂતળું ખૂબ લાક્ષણિક. લેક જીનીવાના વાયવ્ય કાંઠે રોલે નામના ગામમાં ઝાં-લુક ગોદાર રહે. આજુબાજુ કોઈ તેમને ઓળખે નહીં. અગાઉથી કોઈ એપોઈન્ટમેન્ટ લીધેલી નહીં. પણ “અતિથિ દેવો ભવ:”ના ભવ્ય ભારતીય વારસાને ખભે લઈને ત્યાં પહોંચવાની નિષ્ફળ કોશિશ કરી હતી. લેક જીનીવાની ચોતરફ, ઈશાન, આગ્નેય, વાયવ્ય, નૈઋત્ય, ગોદાર ક્યાંય નજરે ચડે નહીં, નહીં તેમની સિગારમાંથી ઊડતા ધુમાડા! સોટી લઈને ઊભેલા ચાર્લીને સલામ ભરીને પાછા ઝ્યુરિક! ચોરપોલિસની રમતમાં ઝાં-લુક જીતતા રહે! બંદાને તો હારવાનો આનંદ લૂંટવાનો! ખેર એમની ફિલ્મકૃતિઓ જોવાનો આનંદ તો કોઈ ઝૂંટવી ન શકે! શકે?

તો સુજ્ઞ વાચકોને તેની જરીક લ્હાણી કરાવું. સાંપ્રત ફિલ્મસર્જકોમાં ગોદારે એમની ફિલ્મકૃતિઓ દ્વારા સૌથી વિશેષ અને આગવી રીતે મૂડીવાદી આર્થિક રાજકારણનું પૃથક્કરણ કર્યું છે. કોઈ

પણ નારાબાજી વિના. કારણ કે એમના માટે રાજકારણી ફિલ્મો બનાવવાનું નહીં (મોટા ભાગના દિગ્દર્શકો આવું કરતા હોય છે) પણ રાજકારણની દૃષ્ટિ દ્વારા ફિલ્મકૃતિઓ સર્જવાનું કાર્ય અગત્યનું હતું. તેઓ કહેતાં, "ધ પ્રોબ્લેમ ઈઝ નૉટ ટુ મેઈક પોલિટિકલ ફિલ્મ્સ, બટ ટુ મેઈક ધેમ પોલિટિકલી." જર્મન ફિલસૂફ હેગલ (૧૭૭૦-૧૮૩૧)ની ફિલસૂફીની અસર ગોદારની કેટલીક કૃતિઓમાં વરતાય. દા.ત. એમની ફિલ્મકૃતિ Une Femme es tune femme (અ વુમન ઈઝ અ વુમન, ૧૯૬૧) ના એક દૃશ્યમાં હેગલનું પુસ્તક Aesthetics દેખાય છે. કારકિર્દીની શરૂઆતમાં બનાવેલી એમની એક ટૂંકી ફિલ્મના દૃશ્યમાં પેરિસની સોર્બોન યુનિવર્સિટીમાં ભણતી વિદ્યાર્થિની હેગલના આ પુસ્તકને છાતીસરસી ચાંપીને ઊભી છે. હેગલના માનવા મુજબ ગતિનાં મૂળમાં, ખરેખર તો સમગ્ર જીવનનાં મૂળમાં, વિરોધાભાસો સમાયેલાં છે. હેગલ: "બધી વસ્તુઓ આંતરિક રીતે વિરોધાભાસી છે અને તે સત્યને સૌથી વિશેષ રીતે પ્રદર્શિત કરનારું મૂળ તત્ત્વ છે." આ ફિલ્મકૃતિ ભારતીય સંગીતની પણ વાત કરે છે.

ગોદાર પણ કહે છે, "સત્ય બધી વસ્તુઓમાં રહેલું છે. આંશિક રીતે વિચારગત ભૂલમાં પણ." એમની ફિલ્મ Vivre sa Vie (ઈટ ઈઝ માય લાઈફ, ૧૯૬૨) માં એક પાત્ર કહે છે, "સત્ય માટે ભૂલ આવશ્યક છે." (Error is necessary to truth.) સિનેમામાં કથનની કલ્પનાને ગોદારે ક્રાંતિકારી બનાવી દીધી. એમણે કહેલું, વાર્તાનો આરંભ, મધ્ય અને અંત હોય પણ એ જ ક્રમમાં હોય તે જરૂરી નથી. એમની ફિલ્મકૃતિઓ નૉન-લિનિયર

ગુડબાય ટુ લેન્ગ્વેજ (૨૦૧૪) માં ગોદારનો પોતાનો પાળેલો કુતરો રૉક્ષી. બે યુગલોને આવરતી પ્રકૃતિ અને રૂપકની વાત કહેતી ગોદારની વિલક્ષણ 3D ફિલ્મકૃતિ છબી સૌ. વીકીમીડિયા કૉમન્સ.

રહી છે એટલે જ તેમને સળંગ વાર્તા કે સિનોપ્સીસમાં ઢાળવાનું કાર્ય લગભગ અશક્ય છે. ગોદાર કદી પરંપરાગત પટકથા નહોતા લખતા. અને એ વાત એમના માટે બાધારૂપ પણ થતી હતી. એક વખત જર્મન ટેલિવિઝને ગોદારને ફિલ્મ બનાવવા માટે આમંત્ર્યા હતા. ગોદારે સમંતિ આપી પરંતુ થોડા સમય પછી ગોદારને પટકથા કે સ્ક્રીપ્ટ રજૂ કરવાનું કહેવામાં આવ્યું. ગોદાર તો અન્ય ફિલ્મ દિગ્દર્શકોની જેમ પટકથા લખતા નહોતા. "ના"માં ઉત્તર જવાથી જર્મન ટેલિવિઝનના અધિકારીઓ એમનાં ધારાધોરણોથી ઉપરવટ જઈને ઝાં-લુક ગોદાર દ્વારા ફિલ્મ બનાવી નહોતા શક્યા. ટૂંકમાં ગોદારની પ્રકથન કે નૅરેટિવ શૈલી જ બિલકુલ વેગળી, જોખમી પણ!

Vivre sa Vie ના એક દૃશ્યમાં સમસ્ત પડદા પર પૈસાની લેવડદેવડ કરતા બે હાથ દેખાય છે. એક હાથ સેક્સવર્કર તરીકે પાર્ટટાઈમ કરતી પેરિસની ગૃહિણીનો છે. ફ્રાંસના ઉપભોક્તાવાદી વાતાવરણમાં જીવતી આ ગૃહિણીને ઘરવપરાશનાં આધુનિક સાધનો ખરીદવાં છે અને તેના માટે પૂરતા પૈસા ઊભા કરવા છે. ગોદાર આ પાત્રને પ્રશિષ્ટ પ્રકથનની શૈલીને અનુસરીને ઢાળી નથી દેતા. નથી કોઈ નૈતિક-અનૈતિકતાના પ્રશ્નમાં કે એવી લાગણીવશતામાં પડતા. બલ્કે ધ્વનિપટ્ટી પર પોતાના કંઠ (વોઈસઓવર)નો ઉપયોગ કરીને પાત્ર વિષે સવાલ ઊઠાવે છે. અહીં અગત્યનું એ છે કે જેમ સામાન્ય રીતે દસ્તાવેજી ફિલ્મોમાં થતું હોય છે તેમ ધ્વનિ છબી પર પ્રભુત્વ નથી જમાવતો. જે પૃથક્કરણને આધીન થાય છે તે પૈસો છે, જેની લેવડદેવડ થતી આપણે જોઈએ છીએ. પ્રશ્ન જાહેરાતી ફિલ્મોની ઈમેજને આધીન થતા આપણાં ઉપભોક્તાવાદી સમાજનો છે અને તેના તરફ ગોદાર તેમની સાદગીભરી કલાત્મક શૈલીમાં આપણું ધ્યાન દોરે છે.

લગભગ બે દાયકા (૧૯૮૦ના દાયકાથી ૧૯૯૮) સુધી ચાલેલો તેમનો આઠ ભાગનો ૨૬૬ મિનિટનો પ્રોજેક્ટ Histoire(s) du Cinema પણ એમની ડાયાલેક્ટિકલ તર્કપ્રણાલીને જાળવી રાખે છે, એના પછીની બે ફિલ્મકૃતિઓ Adieu au Langage (ગુડબાય ટુ લેંગ્વેજ, ૨૦૧૪, 3D એક્સપેરિમેન્ટલ નિબંધ ફિલ્મ) અને ઈમેજબુક (૨૦૧૮)ની જેમ. અંતિમ ઘડીએ લાગ્યું કે હવે દેહરૂપી દેવળ જર્જરિત થઈ ગયું છે એટલે કાયદાની રીતે સ્વીત્ઝર્લેન્ડમાં સ્વીકાર્ય છે તેમ તબીબી સહાયથી 'આત્મહત્યા' (assisted suicide) કરવાનું નક્કી કર્યું. . પ્રાણપંખેરુ ઊડી ગયું. અને સિનેમાકલાનો આખ્ખો યુગ ખતમ થઈ ગયો...

(નોંધ: ગોદારની પ્રથમ ફિલ્મકૃતિ બ્રેથલેસ (૧૯૫૯) અને જમ્પકટની શૈલી વેશે જુઓ "બ્રેથલેસ, જમ્પકટ, ગોદાર અને પેરિસનું હવાઈ મથક," અમૃત ગંગર, *નવનીત સમર્પણ*, ફેબ્રુઆરી ૨૦૦૦).

નિસર્ગ-નિસબત

☐ હિમાંશુ પ્રેમ

"તારે એની સાથે શું નિસબત?"

"એ લોકોને જે કરવું હોય એ કરવા દે, તું એમાં માથું ના માર."

"એ બધા તારું ઘર ચલાવવા પૈસા મોકલવાના છે? તારા કામમાં તું ધ્યાન રાખ ને ભાઈ!"

જ્યારે પણ ઝાડ કપાય, જંગલ કપાય, પશુ-પક્ષીનો નાશ થાય કે કોઈ સામાજિક અન્યાય થતો હોય અને આપણે એની સામે અવાજ ઉઠાવવા જઈએ ત્યારે આવી-આવી જ વાતો સાંભળીને મોટા થયેલા આપણે આજે પણ આ પ્રકારના ભણકારા અનુભવીએ છીએ.

આપણે શું લેવાદેવા? આપણે શું નિસબત?

શું ખરેખર આપણે આ બધા સાથે કોઈ નિસબત નથી?

પવન ફૂંકાય, વાવાઝોડું, વંટોળ આપણાં ઘર તોડી જાય, જમીનો ધસી પડે, પૂર આપણાં મકાનો કે ગામનાં ગામ ઉજાડી નાખે, વરસાદ ના આવે, અનાજ અને પાકનાં નુકસાન થાય અથવા દુષ્કાળ પડે અને લોકોને ખાવા ન મળે એ સ્થિતિની સાથે પણ આપણે કોઈ નિસબત ખરી?

મુરબ્બી મિત્રો, વૃક્ષો-વનસ્પતિ, પ્રકૃતિ જો બચી જશે તો જ માનવજાત બચી શકશે. એ માટે સૌપ્રથમ જરૂર છે જાગૃતિની, શિક્ષણની. માણસજાત પૃથ્વીને કેવળ પોતાને ભોગવવા માટે આપવામાં આવી છે એવી ભ્રામક માન્યતામાં જીવી રહી છે - ધરતી પર ઓછામાં ઓછા 52 લાખ 'પ્રકાર'ના સજીવો છે, જેઓ આપણી સાથે આ ગ્રહ પર વસે છે અને તેમનો પણ આ પૃથ્વીના જળ-વાયુ મંડળ પર એટલો જ હક્ક છે, જેટલો માનવજાતનો.

નિસર્ગ સાથે પ્રગાઢ નિસબત ધરાવનાર, પ્રકૃતિ પરત્વે અપાર જાગૃતિ આણનાર અને પ્રકૃતિ સંરક્ષણ ક્ષેત્રે ઉમદા પ્રદાન કરનાર હજારો જબરજસ્ત વ્યક્તિઓ આપણી વચ્ચે રહી છે, આજે પણ રહે છે અને પૃથ્વી પર મોટા ગજાનાં એવાં અસંખ્ય નામ ગણાવી શકાય; પરંતુ આજે આ બધામાં આગળ તરી આવનાર એક ખૂબ ઉચ્ચ દરજ્જાના પ્રમુખ વ્યક્તિત્વ વિષે વાત કરવા ઇચ્છું છું અને આપ સૌની સમક્ષ એમના વિષે કેટલીક જાણી-અજાણી વાત મૂકું છું. આ નામ ઘર-ઘરમાં જાણીતું થયેલું અને આજની પેઢી તો ચોક્કસ એમનાથી સારી રીતે પરિચિત હોવી જોઈએ.

વર્ષ 1947માં ક્લેર કૉલેજ, કેમ્બ્રિજમાં કુદરતી વિજ્ઞાનની માસ્ટર ડિગ્રી મેળવી, પ્રાણીશાસ્ત્ર અને ભૂસ્તરશાસ્ત્ર સાથે સ્નાતક થયા પછી 21 વર્ષીય એક યુવાન બ્રિટનની રૉયલ નેવીમાં બે વર્ષની રાષ્ટ્રીય સેવા માટે કાર્યરત થાય છે. બ્રિટનની સ્કૉટલૅન્ડસ્થિત ફોર્થ નદીના સમુદ્રદ્વાર સન્મુખ વિમાનવાહક જહાજમાં 2 વર્ષ ફરજ બજાવ્યા પછી, (વિશ્વવિહાર કરવાની ઇચ્છા પરિપૂર્ણ ના થતાં) સાલ 1949માં 23 વર્ષની વયે તે એક શૈક્ષણિક પ્રકાશન ગૃહમાં કામ કરવાનું શરૂ કરે છે. ત્રણેક વર્ષ બાળકોનાં વિજ્ઞાન પાઠ્યપુસ્તકોનું પ્રકાશન, સંપાદન કરતાં-કરતાં સાલ 1952માં આ યુવાન વિશ્વવિખ્યાત British Broadcasting Corporation (BBC) પ્રસારણ સેવામાં તાલીમાર્થી તરીકે જોડાય છે. તાલીમ પૂર્ણ થયા બાદ બીબીસી માટે ટેલિવિઝન નિર્માતા બનતાંની સાથે જ વર્ષ 1954માં બીબીસીનું પહેલવહેલું સાવ અલગ પ્રકારના કાર્યક્રમનું નિર્માણ થાય છે - આ નિર્માણ સાથે દુનિયાના એક મહાન પ્રકૃતિ-પ્રશિક્ષકની કારકિર્દીનો પ્રારંભ થયેલો ગણી શકાય - સરિસૃપ ક્યુરેટર જેક લેસ્ટર સાથે મળીને, 1954માં તે ટેલિવિઝન (Zoo Quest) શ્રેણી ઝૂ-ક્વેસ્ટની શરૂઆત કરે છે, જેમાં જીવંત પ્રાણીઓને પ્રથમ વાર તેઓનાં વન્ય રહેણાક અને પ્રાણીસંગ્રહાલયમાં જઈને ફિલ્માવવામાં આવ્યાં હતાં. તે દરમ્યાન લાઇવ સ્ટુડિયો પ્રસ્તુતિને પ્રથમ વખત સ્થાન પરના ફૂટેજ સાથે જોડવામાં આવી હતી. વિશ્વનાં દુર્લભ

પ્રાણીઓ - ચિમ્પાન્ઝી, અજગર સહિત સ્વર્ગનાં પંખી (Birds of Paradise) ને તેઓ દર્શકોના બેઠકખંડમાં લાવ્યા અને સાબિત કર્યું કે વન્યજીવન કાર્યક્રમો અઢળક પ્રેક્ષકોને આકર્ષી શકે છે. આ શો ખૂબ જ લોકપ્રિય સાબિત થયો અને બીબીસી દ્વારા ઑફર કરવામાં આવતા શૈક્ષણિક પ્રોગ્રામિંગનો અવકાશ વિસ્તૃત થયો. આવી શ્રેણીની કલ્પના કરનાર યુવાન એટલે ડેવિડ એટનબરો. આ શ્રેણીમાં આગળ જતાં, એટનબરોએ પ્રસ્તુતકર્તા તરીકેનો કાર્યભાર સંભાળ્યો (1956) અને પ્રસારણ સહિત ઝૂ-ક્વેસ્ટ ટુ ગુયાના (Zoo Quest to Guiana) માટેનાં પુસ્તકો પણ લખ્યાં.

તે પછી તો ઘણા કાર્યક્રમો પ્રસ્તુત કર્યા અને 1965માં BBC-ટુના કંટ્રોલર-પદ પર ઉન્નત થતાં જ રજૂ કરી જબરજસ્ત બે કથાઓ: જેકબ બ્રોનોવસ્કીની ધ એસેન્ટ ઑફ મૅન (The Ascent of Man) અને કેનેથ ક્લાર્કની સિવિલાઇઝેશન (Civilization) : સીમાચિહ્નરૂપ સાંસ્કૃતિક-શૈક્ષણિક શ્રેણી. બીબીસી-ટુના કંટ્રોલર તરીકે તેમણે યુરોપમાં સૌપ્રથમ રંગીન પ્રસારણની દેખરેખ સંભાળી, કંઈક નવું કરવાની દોડમાં હરીફ જર્મન પ્રસારણકર્તાઓને તેમણે ત્રણ અઠવાડિયાંથી હરાવ્યા. એટનબરો 1968થી 1972 સુધી બીબીસીના ટેલિવિઝન પ્રોગ્રામિંગના દિગ્દર્શક રહ્યા; પરંતુ ફ્રીલાન્સ ધોરણે ટેલિવિઝન શ્રેણી લખવા અને નિર્માણ કરવા માટે તેમણે પછી રાજીનામું આપ્યું. ત્યારબાદ માનવશાસ્ત્ર અને પ્રાકૃતિક ઇતિહાસ પર પુસ્તકો લખ્યાં અને કેટલીયે પુરસ્કાર વિજેતા ટેલિવિઝન શ્રેણીઓનું લેખન અને વર્ણન કર્યું, જેમાંની અમુક નોંધનીય છે લાઇફ સિરીઝ :

Life on Earth (1979), The Living Planet (1984), The Trials of Life (1990), Life in the Freezer (1993), The Private Life of Plants (1995), The Life of Birds (1998), The Life of Mammals (2002–03), Life in the Undergrowth (2005), Life in Cold Blood (2008); The Blue Planet (2001), an Exploration of the World's Oceans, and State of the Planet (2000) and Are We Changing Planet Earth? (2006)

વર્ષ 1975માં પૃથ્વી પરના કેટલાક દૂરસુદૂરના વણખેડાયેલા અંતરિયાળ પ્રદેશોની આદિ માનવજાતિઓનું ફિલ્માંકન કરવા માટે બીબીસી એક્ઝિક્યુટિવ તરીકેની તેમની ભૂમિકામાંથી મુક્ત થઈને, એટનબરો સંશોધક બનવા માટે પ્રકૃતિમાં પાછા ફર્યા. તેમણે આદિવાસીઓ વિશે શ્રેણીબદ્ધ કાર્યક્રમો કર્યા; કહે છે કે તેમના આગમન પહેલાં યુરોપિયનો દ્વારા આ વન્યમાનવોનો ક્યારેય સંપર્ક કરવામાં આવ્યો ન હતો. સોલોમન

ટાપુઓમાં ફિલ્માંકન કરતી વખતે એટનબરોએ પોતે પણ કમરના કપડા સિવાય કશું જ પહેર્યું ન હતું; તે પછીના સમયગાળામાં પણ એમણે અન્ય ગીચ વન ધરાવતા ટાપુઓનો પ્રવાસ ખેડ્યો - પાપુઆ ન્યૂ ગિનીનાં જંગલોમાં, જ્યાં 42માંથી 38 પ્રકારનાં સ્વર્ગનાં પંખી જોવા મળે છે. તેમને પુછાયેલા એક પ્રશ્નના ઉત્તરમાં ડેવિડ એટનબરો કહે છે કે અહીં, નરભક્ષી આદિજાતિ તેમના જેવા અજાણ્યા બહારની વ્યક્તિને સ્વીકારે કે વિશ્વાસ કરે તે માટે 'સ્મિત એ ચાવીરૂપ હતું.' મનોવૈજ્ઞાનિકો માટે આ અદ્‌ભુત નોંધ ગણી શકાય.

એ જંગલોમાં જઈને ડેવિડ તેમની સંસ્કૃતિમાં ડૂબી ગયા. આપણા પોતાના કરતાં અલગ, વિશિષ્ટ જીવન પદ્ધતિઓ બતાવવામાં અને વૈજ્ઞાનિક સ્તરે માનવ અનુભવની વિવિધતા અને સાર્વત્રિકતા સમજાવવામાં ડેવિડે અત્યંત અગત્યનો ભાગ ભજવ્યો અને માનવશાસ્ત્ર સરખા આ જટિલ વિજ્ઞાનને સુગમ બનાવી ટીવી સિરિયલ દ્વારા લોકભોગ્ય કરીને પીરસ્યું.

કુદરતી વિશ્વની અજાયબીઓ કેમેરામાં કંડારી જનમાનસ સમક્ષ મૂકવા ડેવિડે પૃથ્વીના ખૂણે-ખૂણે વિશ્વયાત્રા કરી. આટલા ઊંચા ગજાના ધોરણે ફિલ્માંકનનો પહેલાં ક્યારેય પ્રયાસ કરવામાં આવ્યો ન હતો. એટનબરોની અને તેમના સાથીઓની મહત્ત્વાકાંક્ષાનું પરિણામ 'લાઇફ ઑન અર્થ' હતું, BBC અને વૉર્નર બ્રધર્સના સંયુક્ત ઉપક્રમે બનેલ આ એક ટેલિવિઝ્યુઅલ લહાણીમાં પ્રાણીઓને તેમનાં કુદરતી રહેઠાણોમાં બતાવવા માટે અદ્‌ભુત ફોટોગ્રાફી અને નવીન કેમેરા તકનીકોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જાન્યુઆરીથી એપ્રિલ 1979 દરમ્યાન પ્રસારિત થયેલ અપ્રતિમ ફિલ્મો માટે એવો અંદાજ છે કે વિશ્વભરમાં 500 મિલિયન (50 કરોડ) લોકોએ આ શ્રેણી જોઈ હશે. એટનબરો અને તેમના સહયોગીઓની પ્રબળ અભિલાષા અને દૃઢતા વિના, આપણામાંથી લાખો લોકો વિશ્વના કેટલાક અતિદુર્લભ જીવોને ક્યારેય જોઈ ન શક્યા હોત. એટનબરોએ 'ધ બ્લૂ પ્લૅનેટ'માં એક ગજબની વિચિત્ર નવી દુનિયાની, ઊંડા સમુદ્રની અજાયબીઓનો આપણને પરિચય કરાવ્યો અને પ્રથમ વખત રુવાંટીદાર એંગલર માછલી અને ડમ્બો ઑક્ટોપસ સહિતની અનેક પ્રજાતિઓને ફિલ્મમાં કૅપ્ચર કરવામાં આવી. આગળ જતાં હમિંગ બર્ડ, ચામાચીડિયાં, વિશ્વનું સૌથી મોટું પુષ્પ, બ્લૂ વહેલ, ઓરાંગઉટાન, ટેમેરિન મંકી, ગોરીલા વગેરેને રૂબરૂ કરાવ્યાં.

અમુક રોમાંચક યાદગાર પ્રસંગોમાંનો એક : જ્યારે એટનબરો રવાંડામાં (ડિયાન ફોસી-વિખ્યાત) અભયારણ્યમાં પર્વતીય ગોરીલાઓના જૂથ તરફ આગળ વધે છે; સંશોધકો દ્વારા વર્ષોથી અવારનવાર

અભ્યાસ થતો હોવાથી ત્યાંના પ્રાઇમેટ્સ મનુષ્ય માટે થોડા ટેવાઈ ગયેલા. અલબત્ત, તેમનાથી સુરક્ષિત અંતર રાખવું જરૂરી હોય; એ સમયે એટનબરોનો મૂળ હેતુ માત્ર ગોરીલાના અંગૂઠાના ઉપયોગ વિશેના ફિલ્મી ભાગને વર્ણવવા પૂરતો જ જરાક નજીક જવાનો હતો, પરંતુ જ્યારે તેઓ ચાર પગે ચાલીને અત્યંત હળવાશથી કપિ-કબીલા તરફ આગળ વધ્યા ત્યાં અચાનક એક પુખ્ત ગોરીલા માદા સાવ સામે આવી ઊભી રહી ગઈ! તેઓ સ્ક્રિપ્ટેડ ભાષણ છોડીને કૅમેરા તરફ આસ્તેથી સ્વયંસ્ફુરિત વક્તવ્ય બોલી પડ્યા. જ્યારે એટનબરો બીજા દિવસે સાઇટ પર પાછા ફર્યા, ત્યારે માદા અને બે યુવાન ગોરીલા તેમની સાથે આવી રમવા લાગ્યાં! સનસનીખેજ જેવી આ એક અવિસ્મરણીય અદ્‌ભુત ઘટના કહી શકાય - તેમનાં સંસ્મરણોમાં એટનબરો આ પ્રસંગને "મારા જીવનની સૌથી રોમાંચક મુલાકાતોમાંની એક" તરીકે વર્ણવે છે. જોકે ત્યારપછી ખબર પડી કે કૅમેરામૅન પાસે ફિલ્મ ખૂટી પડી હોવાથી માત્ર થોડીક સેકન્ડો રેકૉર્ડ કરવામાં આવી હતી તેથી આ અમૂલ્ય દૃશ્યને યોગ્ય સમય ફાળવી શકાયો નહીં!

આ વ્યક્તિત્વને નામે અનેક ઍવૉર્ડ નોંધાયા છે (સંક્ષિપ્તમાં નમૂનારૂપ): BAFTA Fellowship, National Television Award Special Recognition, British Academy Television, Goodreads Choice, National Television Impact, Primetime Creative Arts Emmy, Association For International Broadcasting (AIB) Awards, Cannes Corporate Media & TV Awards, Jackson Wild Media Awards, (Outstanding Nature Documentary, Outstanding Individual Achievement in a Craft: Writing, Best Narration, Best Voice Over, Lifetime Achievement Award, Best Documentary, Features, Founders Gold Medal..... ઇત્યાદી ઇત્યાદિ... વર્ષ 1985માં ક્વીન એલિઝાબેથ તરફથી 'સર'નો ખિતાબ મળ્યો. વર્ષ 2022માં હજુ હમણાં લગભગ ચાર મહિના પહેલાં જ પ્રિન્સ ચાર્લ્સ તરફથી 'Knight Grand Cross'નો વિખ્યાત ખિતાબ એનાયત થયો.

સર ડેવિડના નામ પરથી જે સજીવોનું નામકરણ થયું હોય તેવાં 40થી વધુ છોડ, સજીવો અને પ્રાણીઓ છે. એટનબરોને 32 માનદ પદવીઓ અપાઈ હતી, જે અન્ય કોઈ કરતાં વધુ હતી. 'ધ ટેલિગ્રાફ' સાથે વાત કરતાં તેમણે જાહેર કર્યું કે એ બધી પોતાના ડ્રોઅરમાં રાખે છે અને ઉમેર્યું: "એ શૈક્ષણિક વિશ્વની પ્રશંસા છે."

પ્રકૃતિવાદી, ફિલ્મનિર્માતા અને અગ્રણી પ્રસારણકર્તા સર ડેવિડ

એટનબરોએ કુદરતી વિશ્વને આપણાં ઘરોમાં લાવીને લાખો લોકોને પ્રેરણા આપી છે. જોકે સજીવ બ્રહ્માંડના આ એક એવા સાધક (જીવવિજ્ઞાની, કુદરતી ઇતિહાસકાર, ફિલ્મકાર, પ્રશિક્ષક અને લેખક) છે કે પોતાને પ્રકૃતિપ્રેમી કહેડાવવાની તેઓ સ્પષ્ટ ના પાડે છે!

તેમનું કહેવું છે કે એમણે સંરક્ષણને ધ્યાનમાં રાખીને કાર્યક્રમો બનાવવાનું શરૂ કર્યું નહોતું - તેમને ફક્ત કુદરતી વિશ્વનું નિરીક્ષણ કરવામાં આનંદ થતો, પરંતુ જેમ-જેમ સમય પસાર થતો ગયો તેમ-તેમ તેમને જણાયું કે તેઓ જે પ્રાણીઓ અને તેમનાં રહેઠાણોનું શૂટિંગ કરી રહ્યા છે તે જોખમમાં છે.

સર ડેવિડને તેમણે બીબીસીમાં અરજી કરેલી પ્રથમ નોકરીમાંથી નકારી કાઢવામાં આવ્યા હતા અને જ્યારે તેમને ટેલિવિઝનમાં પહેલી નોકરી મળી ત્યારે તેમની પાસે એક ટીવી પણ નહોતું!

જે વિષય હાથમાં લે તેમાં કંઈક નાવીન્ય ચોક્કસ લાવે - 1969 જેવા શરૂઆતના સમયગાળામાં મોન્ટી પાયથોનનું ફ્લાઇંગ સર્કસ (Monty Python's Flying Circus) નામથી એક કલ્ટ સ્કેચ શોનું સંચાલન કરીને કૉમેડીની દુનિયામાં આગવું સ્થાન જમાવ્યું, તો 2015માં તેમણે ગ્રેટ બેરિયર રીફના અગાઉ ન જોયેલા ભાગોનું ફિલ્માંકન કરવા માટે ઑસ્ટ્રેલિયન દરિયાકાંઠે એક સબમર્સિબલમાં 1,000 ફૂટ ડાઇવિંગ કરીને રીફ પર અત્યાર સુધીની સૌથી ઊંડી ડાઇવનો રેકૉર્ડ તોડ્યો! એટનબરો આપણા માટે ભલે હીરો હોય પણ તેમનો પણ એક હીરો છે - અર્નેસ્ટ થૉમ્પસન સેટન (Ernest Thompson Seton) નામના એક કૅનેડિયન અમેરિકન વ્યક્તિ - લેખક, આર્ટિસ્ટ અને કૅલિફોર્નિયાના પ્રેયરીઝ પર રેન્જર હતા, જેમણે (એટનબરો અનુસાર) 'તેજસ્વી પુસ્તકો લખ્યાં છે!' આવા ડેવિડ એટનબરો માટે હીરો હોય એવાં અનેક નામી-અનામી વ્યક્તિત્વો આ ધરતી પર થઈ ગયા અને આજે પણ અમુક હયાત છે તેમાંનાં કેટલાંક નામ છે: જેન ગુડોલ, ડિયાન ફોસી, જ્યોર્જ શેલર, જેરાલ્ડ ડ્યુરલ, જેક્સ કોસટેઉ, રોજર ટોરી પીટરસન, સર પીટર સ્કોટ, જોહન ગોલ્ડ.. અને ભારતના પણ આગળ પડતાં વ્યક્તિત્વ જેવા કે રૂબિન ડેવિડ, ધર્મકુમારસિંહજી, પ્રદ્યુમ્ન કંચનરાય દેસાઈ, વિજયગુપ્ત મૌર્ય, લવકુમાર ખાચર, હરીનારાયણ આચાર્ય, સલીમ અલી .... અને એવા અન્ય અનેક.

- તેમના વિષે ફરી ક્યારેક વાત...

8 મે 2022ના રોજ, બ્રિટનના પ્રિય પ્રકૃતિવાદી, સર ડેવિડ એટનબરો 96 વર્ષના થયા! ઈશ્વર એમનું સુખદ દીર્ઘાયુ હજુ વધારી આપે એવી પ્રાર્થના... પરંતુ... ખેર... આપણે એમની સાથે કોઈ નિસબત?

**નોંધ : (ઘણીખરી માહિતી માટે internet searchનો સહારો લેવામાં આવ્યો છે.)*

[પૃ. ૬૬થી ચાલુ]

પ્રશ્ન : આપણે જેમ ભારતીયતાની વ્યાખ્યા કરી એમ ભારતીય સાહિત્યની વ્યાખ્યા કરવા પ્રયત્ન કરીએ તો ઇન્ડિયન લિટરેચર કોને કહીશું? આજે અંગ્રેજી વિશ્વભાષા બની છે એની સાથે અનેક ભારતીય મૂળના લેખકો-સર્જકો અંગ્રેજીમાં લખતા થયા છે અને ડાયસ્પોરા સાહિત્ય વિકસી રહ્યું છે, તો સાહિત્યની ભારતીયતા વિશે કંઈક વાત કરો.

બહુ સારો મુદ્દો છે, એના વિશે મેં એક લેખ કર્યો છે અને ભારતની નવેક ભાષાઓમાં એનો અનુવાદ થયો છે. છેક સુનીતિકુમાર ચેટરજી અને સર્વપલ્લી રાધાકૃષ્ણનથી માંડીને આપણા ઉમાશંકર જોશી સુધીના દેશના નામાંકિતો, એમાં આપણા ઇન્દ્રનાથ ચૌધરી, શંકરદેવ, કે. એમ. જ્યૉર્જ, ભૈરપ્પા, શ્રી અરવિંદ પણ આવી જાય છે - એવા પુષ્કળ લોકોએ એના વિશે વિચાર કર્યો છે. કેટલાક લોકો સાવ સામા છેડેથી જુએ છે કે હવે ગ્લોબલાઇઝેશનના જમાનામાં તમે ભારતીય સાહિત્યની વાત કરો એ કેટલે અંશે વાજબી છે? તમે વૈશ્વીકરણના જમાનામાં જીવો છો અને આવી સંકુચિતતામાં રાચો છો? કોઈ એને રાજકીય મુદ્દા તરીકે જુએ છે, પણ સાચી વાત એ છે કે આવી કોઈ શંકામાં ઘેરાવાની કે કોઈ વિવાદોમાં ઊતરવાની જરૂર નથી. જો જર્મન સાહિત્ય, ફ્રેંચ સાહિત્ય, ઇટાલિયન સાહિત્ય વગેરેને આપણે સ્વીકારી શકતા હોઈએ તો ભારતીય સાહિત્યના વિભાવનને આપણે કેમ ન સ્વીકારી શકીએ? આપણા દેશમાં કેટલાય પ્રકારનું સંગીત છે, એ જ રીતે કેટલીય નૃત્યશૈલીઓ છે, કેટલાય પ્રકારની ફિલ્મો છે, એ બધાને આપણે ભારતીય તરીકે સ્વીકારી શકીએ છીએ તો પછી ભારતની વિવિધ ભાષાઓમાં રચાતા સાહિત્યને આપણે ભારતીય તરીકે કેમ ન સ્વીકારી શકીએ? કે. એમ. જ્યૉર્જે એક રૂપક વાપરીને વાત કરેલી અને કહેલું કે ગુલાબી ગુલાબનો છોડ એ અસલી ગુલાબ છે, પણ તમે કલમ કરીને એની પ્રત્યેક ડાળીમાં જુદા-જુદા રંગના ગુલાબનું રોપણ કરો તો મૂળ છોડ ગુલાબી રંગના ફૂલનો હોવા છતાં એમાં જુદા-જુદા રંગનાં ફૂલો થાય છે ને, તેમ ગમે તે ભારતીય ભાષામાં લખાતું સાહિત્ય અંતે તો ભારતીય સાહિત્ય છે. આપણે સમજવાની વાત એ છે કે કોઈ પણ રાષ્ટ્રનું સાહિત્ય મુખ્યત્વે ત્રણ બોધ કરાવે. એક, વાસ્તવબોધ, બીજો સૌંદર્યબોધ અને ત્રીજો મૂલ્યબોધ. ભારતીય સાહિત્યની આગવી ઓળખ આ ત્રણ બોધમાં છે. ભારતીય સાહિત્યને તમારે ઓળખવું હોય તો એ બે રીતે ઓળખાય. એક એમાં ભારતીયતાનું કેટલું નિરૂપણ છે, જેને વાંચીને પ્રત્યેક ભારતીયને એમ થાય કે એમાં મારી સંવેદના અને મારી સમસ્યાનું નિરૂપણ છે. ભારતીય પ્રજાને થાય એ ઉપરાંત

બીજી પ્રજાઓને પણ થાય કે આ ટિપિકલ ઇન્ડિયન સેન્સિટિવિટી છે, તો એને તમે ભારતીય સાહિત્ય કહી શકો. બીજી બાજુ, દુનિયાભરનું સાહિત્ય વાસ્તવિકતાનું નિરૂપણ કરે છે, પણ ભારતીય સાહિત્યના વાસ્તવિકતાના અભિગ્રહણમાં જે દૃષ્ટિકોણ છે તે આખી દુનિયાની સાહિત્યની કૃતિઓ કરતાં જુદો છે. એવું જ સૌંદર્યબોધનું છે. ભારતીય પ્રજાની સૌંદર્ય દૃષ્ટિની બે વિશેષતાઓ છે. આપણી પાસે સૌંદર્ય માટે બે સંજ્ઞાઓ છે - રમણીયતા અને લાવણ્ય. એને કારણે તમે જોશો કે ભારતીય પ્રજામાં જેટલાં ચિત્રો કે શિલ્પો છે એ વસ્ત્રાવૃત છે અને નેત્રો અર્ધનિમીલિત નેત્રો છે. આ આપણો સૌંદર્ય વિશેનો ખ્યાલ સૂચવે છે. યુરોપનાં ચિત્રો કે શિલ્પો જોજો, એમાં ઓછામાં ઓછાં વસ્ત્રો છે. ત્રીજી વાત, ભારતીય સાહિત્યમાં પ્રજાની સંવેદનાઓ અને સમસ્યાઓનું જે નિરૂપણ છે એની ત્રણ લાક્ષણિકતાઓ છે. પહેલી વાત એ છે કે આપણો પ્રણયભાવ, ભક્તિભાવ અને મોક્ષનો ભાવ. આ ત્રણ આખી દુનિયાની પ્રજામાં વિશિષ્ટ છે. સ્ત્રી પ્રત્યેનો આપણો અભિગમ પણ વિશિષ્ટ છે. સાહિત્યમાં માતાનું નિરૂપણ તમે લો. **न मातुः परदैवतम्**. ભારતીય સાહિત્યમાં સ્ત્રીની વિવિધ ભૂમિકાઓનાં ચિત્રણ તમે લો તો, 'નરનારીનાં જોડલાં એની ઉરદોરી એક', એવું ચિત્રણ પણ થયું છે આપણે ત્યાં. પણ ભારતીય પરંપરાએ કામને વામ ગણ્યો છે અને એની જગ્યાએ પ્રેમનો મહિમા સ્થાપ્યો છે. આપણે ત્યાં રાધા-કૃષ્ણ, શિવ-પાર્વતી, સત્યવાન-સાવિત્રી એવાં એનાં પ્રતીકો બનાવ્યાં છે. હવે તમે જોશો કે 'ઠુમક ચલત રામચંદ્ર', 'મા મને ચાંદલિયો વા'લો', એટલે કે માના ખોળામાં બેસીને લાડ કરતું બાળક - એવાં પદ શું કામ આવે છે? તો માનો મહિમા જે રીતે ભારતીય સાહિત્યમાં છે, ભાભી કે બહેનનો અનર્ગળ પ્રેમ જે ભારતીય સાહિત્યમાં છે એ તમને વિશ્વના અન્ય સાહિત્યમાં ભાગ્યે જ જોવા મળશે. બે જ ઉદાહરણ લો : ટાગોરની નવલકથા 'ગોરા' અને 'વિપ્રદાસ' શરદબાબુની નવલકથા. બીજું, ભક્તિની સંવેદના આપણી એટલી બધી પ્રબળ છે, ભારતનો કોઈ પણ ખૂણો એવો નથી જે સંત-ભક્ત-કવિથી વંચિત હોય. વિદેશી આક્રમણનો સમય હતો ત્યારે એ બધાએ હરતીફરતી યુનિવર્સિટીનું કામ કર્યું. એક તુલસીદાસ કે સુરદાસ, કબીર-રહીમ, દાદુ દયાળ, નાનક, લલ્લેશ્વરી, મીરાં કે નરસિંહ ન થયા હોત તો શું થાત આપણી પ્રજાનું? અને ત્રીજું આપણી જે મોક્ષની સાધના છે, જીવનનું અંતિમ ધ્યેય એ ખરેખર તો આપણા આત્મા સાથે આપણું સંધાન કરવાનું છે, આપણી વૃત્તિઓમાંથી નિવૃત્ત થવાનું છે. એ મોક્ષ માટેની તાલાવેલી આપણા સાહિત્યમાં

પ્રગટ થઈ છે એ દુનિયાના કોઈ પણ સાહિત્યમાં તમને નહીં મળે. એની સાથે આપણી નરદમ સમસ્યાઓનું ચિત્રણ પણ આપણા સાહિત્યમાં છે. જીવનની સમસ્યાઓને નિહાળવાનો અને એનો પ્રતિભાવ આપવાનો ભારતીય દૃષ્ટિકોણ અનન્ય છે. એટલે સાહિત્ય એ દર્પણ પણ છે અને એક દીપ પણ છે. આ બેવડું કામ ભારતીય સાહિત્યએ અદ્‌ભુત રીતે બજાવ્યું છે.

પ્રશ્ન : સાહિત્યની વાત કરીએ તો આપણે ત્યાં વિદ્વત્તા વિસારે પડી રહી છે. વાંચન, અધ્યયન, એ આપણી નવી પેઢીના રસના વિષયો નથી. એવા સમયમાં સર્જનાત્મકતા-મૌલિકતાની વ્યાખ્યા શું કરી શકાય?

એનું મુખ્ય કારણ એ મીડિયાનો ઉપદ્રવ છે. તમે જુઓ કે બાળક રડે છે તો એને છાનું રાખવા માતા હાલરડું ગાતી નથી, એક વાર આ ખબર પડી કે એલેક્સા આ ગીત વગાડે છે તો બાળક છાનું રહી જાય છે. સુવડાવતી મા હાલરડાં-જોડકણાં કરતી હતી એમાં સર્જનાત્મકતા-મૌલિકતા હતી. એના હૈયામાંથી ઊઠતો જે ભાવ હતો, જે સંવેદના હતી તે એ પ્રગટ કરતી હતી. એ તો આખું લોકસાહિત્ય છે. 'નૈયા ઝુકાવી મેં તો જોજે ડૂબી જાય ના, ઝાંખો ઝાંખો દીવો મારો...' કોઈકે એક પંક્તિ વહેતી મૂકી પછી જેને જે ઠીક લાગ્યું તે ઉમેરતા ગયા. એ એક પ્રકારની સ્વાભાવિક-નૈસર્ગિક સર્જનાત્મકતા હતી, એની ઉપર કુઠરાઘાત થઈ ગયો. એટલે શિક્ષણે જે કામ કરવાનું હતું એ નથી કર્યું, વ્યક્તિમાં રહેલી સર્ગશક્તિ અથવા પ્રતિભાશક્તિને એણે કુંઠિત કરી નાખી છે. આજના શિક્ષકને કે વિદ્યાર્થીને પોતાની અંદર કેટલી સર્જનશક્તિ પડેલી છે એની ખબર જ નથી. બધું કટિંગ-પેસ્ટિંગથી ચાલે છે. પીએચ.ડી.ની થીસિસ પણ એ જ રીતે થાય છે, અહીંથી લીધું અને અહીં જોડ્યું, પણ એમાં એક પરિસ્થિતિ કાયમ રહેવાની. કલ્પનાશીલતા ક્યારેય મરે નહીં, ક્યારેક જેમ ધરતી ફાડીને કૂંપળ ફૂટે એમ એ નીકળે. આખો માહોલ છીછરાપણાનો છે, પણ એમાં પણ ક્યાંક અસલ મૌલિક પ્રગટે છે. વિનોદ જોશીનો દાખલો લો, એમની કવિતાઓ કેમ આટલી બધી બળકટ લાગે છે? એ લોકગીતોમાંથી કલ્પનો ઉપાડે છે, એ સંવેદનો પણ એમાંથી આવે છે. સોપારીના કટકાની વાત હોય કે બાઈજી સાથેનો સંવાદ હોય કે પારુલ ખખ્કરને જુઓ. એટલે હૃદયનો પાતાળકૂવો ફૂટે અને એની અંદરથી સરવાણીઓ નીકળવા માંડે ત્યારે એ કેટલી તાકાત સાથે નીકળે છે. આપણા અનિલ જોશી, રમેશ પારેખ, માધવ રામાનુજ વગેરે બધા આ પ્રકારનાં ઉદાહરણો છે. અમરેલીના છોકરા પ્રણવે હજુ તો કૉલેજનું પહેલું પગથિયું હશે ત્યાં એણે એક સરસ કાવ્ય

રચી દીધું, 'હરિ મારી આંખ્યુંમાં કરજો વિસામો, હું દ્વારે ઊભો બની સુદામો.' હવે તમે જુઓ કે આ ભાવ કેટલી સહજતાથી આવે છે. આવા ઉન્મેષો જ્યારે આવે ત્યારે આપણને સમજાય છે કે સર્જનાત્મકતા એ ઢાંકી ઢંકાય એમ નથી. એટલે આ વાતાવરણમાં પણ હું નિરુત્સાહી નથી.

પ્રશ્ન : ભારતીય સમાજ સામે આજે કયા મોટા પડકારો છે? શું આજે આપણા દેશને અને દુનિયાને ગાંધી જેવા યુગપુરુષની જરૂર છે?

આ સવાલ કોઈના પણ મનમાં ઊઠે એ વાજબી છે. આ સંસ્કૃતિની વિશેષતા જ એ છે કે યુગાવકાશે આપોઆપ એને યુગપુરુષની દેન મળતી રહી છે. પછી તમે એને રૂપ ગમે તે આપો, એને અવતાર કહો કે ન કહો. ગાંધીજીએ તો અવતારની વ્યાખ્યા આપી છે. એમણે કહ્યું કે એ એક એવો વ્યક્તિવિશેષ હોય જેને એના પછીની પેઢી યુગપ્રવર્તક તરીકે જુએ. તો કેટલા બધા અવતારી લોકો આપણી વચ્ચે આવતા રહ્યા. આપણા સમાજમાં આજે સંબંધો મરતા જાય છે, વહેવારો મરતા જાય છે, ભાષા ઘસાતી જાય છે, પ્રેમ ઘસાતો જાય છે. આપણાં આચારો, આદર્શો, મૂલ્યો, પરંપરાઓ આ બધામાં આપણે અવનતિ જોઈ રહ્યા છીએ. સમાજ બિલકુલ સ્વાર્થપરત, અંગત, નિજી, બૌદ્ધિક અને યાંત્રિક, સુખાકારીનું જીવન જીવતો થઈ ગયો છે, પણ સમાજમાં એક તરફ ઘસારો ચાલે છે તેમ બીજી બાજુ નવનિર્માણ પણ ચાલી રહ્યું છે. એટલે સમાજ જ્યારે પતનના માર્ગે જતો લાગે ત્યારે એની અંદરથી જ કેટલાક લોકો એવા જાગે છે જેમને એમ થાય કે આ અજુગતું થઈ રહ્યું છે. એવી કેટલી બધી સેવાભાવી સંસ્થાઓ છે જે લોકો માનવતાને વાવી રહ્યા છે, જીવનને ઉગાડીને એની માવજત કરી રહ્યા છે. એ જ સાચી ધાર્મિકતા અને આધ્યાત્મિકતા છે. માણસમાં રહેલી દૈવીસંપત્તિ ક્યારેય નાશ નથી પામતી. આપણી પાસે શંકરાચાર્ય જેવા બૌદ્ધિક, ગાંધીજી જેવા અધ્યાત્મવીર, વિવેકાનંદ જેવા પ્રાણપુરુષ, રમણ મહર્ષિ, શ્રી અરવિંદ, રામકૃષ્ણ પરમહંસ સમયે-સમયે પ્રગટતા રહ્યા. સાહિત્યકારોએ પણ યુગપ્રવર્તકનો આવો જ ધર્મ નિભાવ્યો છે - ટાગોર રૂપે કે શરદબાબુ રૂપે કે ગોવર્ધનરામ રૂપે કે વિશ્વનાથ સત્યનારાયણ રૂપે. આ બાબતમાં પણ હું નિરાશાવાદી નથી.

પ્રશ્ન : આપણા આ સંવાદનું સમાપન કરીએ ત્યારે - આપણા જીવનને આપણે બદલાતું જોઈ રહ્યાં છીએ, તો આવા પરિવર્તનના સમયમાં આપણે જીવનને શું આપી શકીએ?

તમે મને બહુ જ સુંદર મોકો આપ્યો. સૌથી મહત્ત્વની વાત એ કે લોકોને એ ખબર હોવી જોઈએ કે પોતે શું આપી શકે એમ છે. અડધી દુનિયા પર જેના શબ્દોની

અસર પડતી હતી, જેની સત્તા ચાલતી હતી એવા બિલ ક્લિન્ટન પ્રમુખપદેથી નિવૃત્ત થયા કે તરત એમણે પહેલા વિચાર કર્યો કે ગઈ કાલ સુધી મારી પાસે આટલી સત્તા હતી, હવે મારે ખરેખર કશુંક કરવું છે, પણ મારી પાસે શું છે? હું શું કરી શકું? એ સમજવા માટે એમણે આખી દુનિયાનો પ્રવાસ કર્યો અને એના પરથી એમણે પુસ્તક લખ્યું, 'ધ ગિવિંગ'. એમણે બહુ સરસ રીતે વાત સમજાવી કે આપણી પાસે સત્તા અથવા સંપત્તિ ન હોય તો કંઈ નહીં, આપણી પાસે પ્રેમ, સમય, હિંમત, માનવતા તો છે ને. એ કોઈકને આપી શકીએ. કોઈને ટેકો, કોઈને ખભો, કોઈને આશ્વાસન, કોઈને માટે ઘસાઈ છૂટીએ, કોઈને હાથ આપીએ. ઘણુંબધું થઈ શકે છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે હું ખાલી નથી એવું દરેકને ભાન થવું. એટલે જેને કરવું છે એ ગમે તે કરી શકે છે અને એ કરવું એ નાગરિક તરીકેની આપણી જવાબદારી અને ફરજ છે. એટલે કોઈને નડીએ નહીં, આપણા પૂર્વજોએ એક નાનકડા વાક્યમાં જીવનનો આ સંદેશ આપી દીધો છે. 'સ્વમાં વસ, આઘો ખસ, એટલું બસ.' તારી જાતમાં વસતાં શીખ, પોતાનામાં આત્મશ્રદ્ધા રાખતાં શીખ. સમાજની બુરાઈઓથી તું આઘો ખસ. આટલું કરીશ તોય ઘણું છે. આવું કંઈક થાય તો મનુષ્યને સાર્થકતાનો અનુભવ થાય.

❑❑❑

'નવનીત-સમર્પણ'માં જાહેરખબર

જીવન, સંસ્કાર અને સાહિત્યના સામયિક તરીકે 'નવનીત સમર્પણ' શુભ અને સુંદર વિચારોનો પ્રસાર કરે છે તે આપ સૌ જાણો છો. ભારતીય સંસ્કૃતિનાં શાશ્વત મૂલ્યોના જતન-સંવર્ધન સાથે જીવનના આધુનિક પ્રવાહોનું સન્માન કરતા આ સામયિકમાં જાહેરખબર મોકલી આ ઉમદા કાર્યમાં સહભાગી થઈ શકો છો.

જાહેરખબરના દર આ પ્રમાણે છેઃ

આખું પાનું (Colour)	રૂ. 9,000/-
આખું પાનું B/W	રૂ. 5,000/-
અડધું પાનું (Colour)	રૂ. 5,000/-
અડધું પાનું B/W	રૂ. 3,000/-
બીજું/ત્રીજું મુખપૃષ્ઠ (4 Colours)	રૂ. 11,000/-
પાછલું મુખપૃષ્ઠ	રૂ. 12,000/-

5 ટકા જીએસટી લાગુ

ચેક/ડ્રાફ્ટ 'ભારતીય વિદ્યા ભવન'ના નામે મોકલવો.

અન્ય વિગતો :

આખું પાનું

કુલ સાઈઝ 19.5 સે.મી. X 13.5 સે.મી.
પ્રિન્ટ એરિયા 15.5 સે.મી. X 10.5 સે.મી.

અડધું પાનું

આડું પાનું 8.0 સે.મી. X 10.5 સે.મી.
ઊભું પાનું 15.5 સે.મી. X 5 સે.મી

UCO Bank
Account No. : 00900110009413
IFSC Code : UCBA0000090

Contact Person:
Shri P. M. Madkaikar: 8879805196

‘અંતરિક્ષના આગિયા’ : એક પ્રતિભાવ

☐ ડૉ. સુશ્રુત પટેલ

આપણે કોઈ કામ કરતા હોઈએ અને તે લગભગ પૂરું થવામાં હોય, ત્યારે એ જ કામ કોઈ અન્ય કરે અને તે પણ બહુ સરસ રીતે કરે ત્યારે જે લાગણી થાય તેવી લાગણી અત્યારે હું અનુભવી રહ્યો છું. હું વાત કરું છું તેનો સંદર્ભ ‘નવનીત-સમર્પણ’માં જૂન ૨૦૨૨થી શરૂ થયેલી ‘અંતરિક્ષના આગિયા’ નામની સચિત્ર લેખમાળા સાથે છે. આ લેખમાળાના લેખક આપણા જાણીતા સાહિત્યકાર અને ખગોળપ્રેમી તથા ખગોળવિદ્યાના સારા એવા જાણકાર શ્રી ધ્રુવભાઈ ભટ્ટ છે, તેનો વિશેષ આનંદ છે. બહુ ઓછા જાણતા હશે કે ધ્રુવભાઈ ધરમપુરસ્થિત ‘નચિકેતા ટ્રસ્ટ’ અને ‘આર્ચ પ્રકાશન’ સંસ્થા સાથે ગાઢપણે સંકળાયેલા છે. એક કાળે આ સંસ્થાઓ દ્વારા ‘સંદર્ભ’ નામનું ગુજરાતી વિજ્ઞાન સામયિક (કે જે હાલમાં બંધ છે) પ્રગટ થતું હતું, જેની પાછળ શ્રી ધ્રુવભાઈનો હાથ રહેલો છે. થોડાં વર્ષો પહેલાં આ સંસ્થાએ માસવાર આકાશી નકશાનો ચિત્રસંપુટ પણ પ્રસિદ્ધ કર્યો હતો. તેમણે ‘ન ઇતિ..!’ નામે વિજ્ઞાન-નવલકથા પણ લખી છે.

આપણા ગુજરાતી ઘણાબધા ખગોળ લેખકોએ આકાશદર્શન કરાવવા સાથે, લખાણને લોકભોગ્ય કરવા માટે પોતાનાં પુસ્તકોમાં દેશ-પરદેશની પૌરાણિક કથાઓ, લોકકથાઓ, આખ્યાયિકાઓ વગેરે આમેજ કરી છે. જૂના લેખકોની વાત કરીએ તો તેમાં સર્વશ્રી હરિહર ભટ્ટ, ભોગીલાલ પટવા, ડૉ. છોટુભાઈ

સુથાર વગેરેનાં નામ આપી શકાય. આજના વિજ્ઞાનલેખકોની વાત કરીએ તો તરતમાં સૂઝે તેવાં નામોમાં ડૉ. જે. જે. રાવલ, ડૉ. જે. એન. દેસાઈ, પ્રો. એચ. એસ. શાહ, ડૉ. બાલકૃષ્ણ જોષી, આર. કે. મહેતા, ડૉ. સુશ્રુત પટેલ, ડૉ. પ્રદીપ સંઘવી વગેરે આવે. યાદ રહે, આપણે અહીં ખગોળના માત્ર એવા ગુજરાતી લેખકોની વાત કરીએ છીએ કે જેમણે ગુજરાતની પ્રજાને આકાશદર્શનને લગતું સાહિત્ય આપ્યું છે. આ નામોમાં હજુ પણ ઉમેરો કરી શકાય, પણ આ ટૂંકા લખાણમાં તેમ કરવું શક્ય નથી. આ દિશામાં વધુ ખેડાણ અથવા કહો કે પહેલ કરનાર શ્રી કાકાસાહેબ કાલેલકર હતા. તે પછી શ્રી નિરંજન વર્મા અને શ્રી જયમલ્લ પરમાર વગેરે જેવા સાહિત્યકાર-વિજ્ઞાનપ્રેમી લેખકોએ આ કામ આગળ ધપાવ્યું છે. આવું એક મજાનું પુસ્તક વર્મા-પરમાર બેલડીનું 1944માં પ્રસિદ્ધ થયેલું 'ગગનને ગોખે' છે. આ લેખક બેલડીએ આ વિષયને લગતાં અન્ય પણ પુસ્તકો આપ્યાં છે, પણ એ વાતને આજે તો લગભગ 78 અને તેથી પણ વધુ વરસનાં વહાણાં વહી ગયાં છે. વળી અત્યાર સુધીમાં પ્રસિદ્ધ થયેલાં આ બધાં પુસ્તકોનું મુખ્ય લક્ષ્ય આકાશદર્શનનું રહ્યું છે, તેમાં આપેલી કથાઓ તેની સહાયક છે, પણ કથાઓને જ, માત્ર ને માત્ર કથાઓને જ પ્રાધાન્ય આપતાં ખગોળનાં ગુજરાતી પુસ્તકો નહીંવત્ છે. એટલે આ દિશામાં નવી કલમે ખેડાણ થાય તે જરૂરી છે.

અહીં એક વાત નોંધવી જોઈએ. આકાશની જ્યોતિઓને બહુધા વિદેશની કથાઓ અને પાત્રોનાં નામ આપવામાં આવ્યાં છે, પણ તેમાં ભારતીય કથાઓ કે તેમાંનાં પાત્રોનાં નામ બહુ જોવા મળતાં નથી. આવી ઉપેક્ષા ખટકતાં મહારાષ્ટ્રના શ્રી બાળશાસ્ત્રી જાંભેકર નામના પંડિતે કેટલાંય અંગ્રેજી નામોનાં પ્રતિયોગી દેશી નામ યોજી દીધાં! જેમ કે, પર્સ્યુસ, એન્ડ્રોમીડા અને કેસોપિયાની કથા ઉપરથી એમણે અનુક્રમે યયાતિ, દેવયાની અને શર્મિષ્ઠાનાં નામ યોજ્યાં અને તેમને અનુરૂપ ભારતીય કથા જોડી દીધી! આ કથા અને પાત્રોને આપણે પણ હવે તો અપનાવી લીધાં છે. શ્રી જાંભેકર મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં ગણિત અને ખગોળવિદ્યાના અધ્યાપક હતા. આ કૉલેજમાં અધ્યાપક બનનારા તેઓ પહેલા દેશી હતા.

લેખમાળાના અત્યાર સુધીના હપતા જોતાં જણાય છે કે લેખકનો મુખ્ય ઉદ્દેશ પણ આ જ છે : આકાશી જ્યોતિઓ સાથે સંકળાયેલી દેશ-વિદેશની પૌરાણિક કથાઓ આપવી. શ્રી ધ્રુવભાઈની કસાયેલી-રસિલી કલમે આ કામ થઈ રહ્યું છે તેને હું ગુજરાતી વિજ્ઞાન સાહિત્યમાં એક 'વિશિષ્ટ ઘટના' તરીકે જોઉં છું. આ માટે લેખકશ્રી અને

સામયિક સાથે સંકળાયેલા સૌ કોઈ ધન્યવાદને પાત્ર છે.

આપણી પૌરાણિક કથાઓને પ્રાધાન્ય આપતી આ લેખમાળા પુસ્તકસ્વરૂપે પ્રકાશિત થશે તો ગુજરાતી વિજ્ઞાન સાહિત્યમાં નોંધપાત્ર કૃતિનો ઉમેરો થશે. આમ કહું છું, કારણ કે આકાશી પિંડોના પરિચય સાથે આપણા દેશ સહિત વિદેશની પૌરાણિક કથાઓ આવરી લેતી સંભવત: આ એકમાત્ર ગુજરાતી કૃતિ હશે! અંગ્રેજી ભાષામાં તો આ પ્રકારનાં સંખ્યાબંધ પુસ્તકો જોવા મળે છે, જેમાં આકાશદર્શન ખપ પૂરતું અને પ્રાચીન ગ્રીસ યા પ્રાચીન અન્ય દેશોમાં પ્રચલિત પૌરાણિક કથાઓ વધુ જોવા મળતી હોય. આવા કેટલાંક પુસ્તકોનાં નામ આ ઘડીએ સૂઝે છે તે આ : બ્રિટિશ ખગોળવિદ અને ખગોળલેખક પેટ્રિક મૂર રચિત 'Legends of the Stars' અને બીજું પણ બ્રિટિશ ખગોળલેખક ઇઆન રિડપાથ કૃત 'Star Tales'. આ ક્ષેત્રે બેનમૂન કહેવાય તેવું એક પુસ્તક તે રિચાર્ડ એલેનનું સન 1899માં પ્રસિદ્ધ થયેલું 'Star Names : Their Lore and Meaning' છે. તેમાં વિવિધ દેશોની આખ્યાયિકાઓ ઉપરાંત ક્યાંક-ક્યાંક ભારતની પૌરાણિક કથાઓ પણ આપી છે.

એક સૂચન કરવાનું મન થાય. પ્રસ્તુત લેખમાળામાં આકાશી નકશા અને પુરાણકથાઓનાં પાત્રો કે ઘટનાઓનાં અલ્પ સંખ્યામાં ચિત્રો જોવા મળે છે. હજુ તેમાં વધારો કરીને (અથવા તો લેખમાળા જ્યારે પુસ્તકરૂપે આવે ત્યારે તેમાં ઉમેરીને) વધુ રસમય કરી શકાય. જેમ કે રાજા રવિ વર્મા, રવિશંકર મ. રાવળ, બંગાળના ચિત્રકારો, વગેરે જેવા આપણા મહાન ચિત્રકારોએ દોરેલાં ભારતીય કથાઓને અનુરૂપ બીજાં પણ અનેક ચિત્રો મૂકી શકાય. દા.ત. ૨. મ. રાવળનું 'વસિષ્ઠ અને અરુંધતી'. યુરોપિયન ચિત્રકારોનાં તો આવાં ઢગલાબંધ ચિત્રો મળી રહે! જેમ કે, Elihu Vedder નામના ચિત્રકારનું સન 1885માં દોરેલું 'The Pleides' (કૃત્તિકા).

આ લેખમાળા પુસ્તકરૂપે અવતરે તેની પ્રતીક્ષા.



નોંધ: અંતરિક્ષના આગિયા - ધ્રુવ ભટ્ટ હવે પુસ્તકાકારે ઉપલબ્ધ હોઈ શ્રેણી અહીં સ્થગિત કરીએ છીએ.
અંતરિક્ષના આગિયા (નભે ટમટમતી કથાઓ) - ધ્રુવ ભટ્ટ
પ્રથમ આવૃત્તિ : ૨૦૨૨, પૃષ્ઠ: ૧૫૨, કિં રૂ. ૨૦૦,
પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ ૩૮૦૦૦૧.
ફોન: ૦૭૯-૨૨૧૪૪૬૩, ૦૯૨૨૭૦૫૫૭૭૭.

ભ વ ન્સ - વૃ ત્ત

કોચી કેન્દ્રઃ ગુણવત્તા દિવસ અને ભારત સેવક સમાજ પુરસ્કાર – ૨૦૨૨

ભારતીય વિદ્યા ભવન કલાભારતી અને ભારત સેવક સમાજના સંયુક્ત ઉપક્રમે તા. ૨૭ જૂન ૨૦૨૨ના રોજ સરદાર પટેલ સભાગૃહ ખાતે ભારત સેવા સમાજ પુરસ્કાર સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

બીએસએસના વિવિધ વિભાગોમાં પ્રશંસનીય કામગીરી કરનાર પાંચ પ્રતિષ્ઠિત વ્યક્તિઓ જેમાં, ૧. ભારતીય વિદ્યા ભવનના નિદેશક શ્રી ઈ. રમણકુટ્ટી, ૨. સ્વાતિ સંગીતા સભા પલક્કડના નિવૃત્ત ડેપ્યુટી કલેકટર શ્રીમતી પી. વિજયામ્બિકા, ૩. બીએસએસ સંસ્કૃતિક અભિયાન ડિપ્લોમા કોર્સ(નૃત્ય વિભાગ) વિદ્યાશાખાના અધ્યક્ષ ડૉ. સી. પી. ઉન્નિકિષ્ણન, ૪. કલા ભારતીના સંયોજક શ્રી કે. પી. રાજમોહન વર્મા, ૫. નાટ્યગૃહ સ્કૂલ ઑફ ડાન્સ ઍન્ડ મ્યુઝિક, માહે અને પોંડીચેરીથી સી.એ. શ્રીમતી દિવ્યાનું સન્માન કરવામાં આવ્યું.

ભવનની કલાભારતી કોચી કેન્દ્ર અને બીએસએસ સંસ્કૃતિક અભિયાન દ્વારા બીએસએસના સંગીત, નૃત્ય અને ચિત્રકામ ડિપ્લોમાં અભ્યાસક્રમમાં શ્રેષ્ઠ પ્રદાન કરનાર વિદ્યાર્થીઓ જેમાં, શ્રીમતી વીણા સુબ્રહ્મણ્યમ, મેધા લક્ષ્મણ રાવ, હ્રિદયા રામસ્વામી, નિરંજના સુબ્રહ્મણ્યમ, મેન્યુઅલ મેથ્યુ, પ્રણવ મનોજ, શ્રીરામ, આદિત્ય નારાયણ, નિલા પરબતકુમાર, સરસ્વતી એ. આર્ય અને આર્યવૃંદા વી. નાયરને કોચી કેન્દ્રના નિયામક શ્રી ઈ. રમણકુટ્ટીએ ગુણવત્તા પુરસ્કાર અને પ્રમાણપત્ર એનાયત કર્યાં.

અમૃતસર કેન્દ્ર : કહાની વાલી અમૃતા

ભવન કલા કેન્દ્ર અમૃતસર અને પંજાબ નાટશાળાના સંયુક્ત ઉપક્રમે તા.૨૪ જુલાઈ, ૨૦૨૨ના રોજ ભવનની એસએલ પબ્લિક સ્કૂલ ખાતે પ્રખ્યાત લેખિકા અમૃતા પ્રીતમની ચાર કથાઓ પર આધારિત કલાકેન્દ્રનો ૭૨મો અદ્‌ભુત કાર્યક્રમ 'કહાની વાલી અમૃતા'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેના દિગ્દર્શક શ્રી નવનીત રાંધે અને લેખક શ્રી કુંવલ રાંધેય હતા. અમૃતસરની એસઆર મહિલા કૉલેજના ભૂતપૂર્વ આચાર્ય ડૉ. ગુર્નામ કૌર બેદી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. 'આવાઝ રંગમંચ ટોળી'ના કલાકારો દ્વારા નાટક ભજવાયું હતું. નાટકના લેખક સરદાર કંવલે જણાવ્યું હતું કે છોકરીઓ/સ્ત્રીઓના જીવનમાં આવતા પડકારો વિશેનો આ સંદર્ભ એમણે અમૃતા પ્રીતમની ચાર નવલકથાઓમાંથી લીધો છે.

હૈદરાબાદ કેન્દ્ર : સ્થાપના/પ્રતિષ્ઠાન દિવસ

ભવનની આત્મકુરી રામા રાવ શાળામાં ૪ જુલાઈ ૨૦૨૨ના રોજ ૧૪મો સ્થાપના દિવસ અને પ્રતિષ્ઠા સમારોહ ઉજવવામાં આવ્યો હતો. ભારતીય વિદ્યા ભવન હૈદરાબાદ કેન્દ્રના અધ્યક્ષ શ્રી ડી. પ્રભાકર રાવ આ સમારોહના મુખ્ય અતિથિ હતા. શાળા સંચાલન કમિટીના અધ્યક્ષ તેમજ નિવૃત્ત આઈ.એ. અને એ.એસ. શ્રી ગોપાલકિષ્નન, ભારતીય વિદ્યા ભવન હૈદરાબાદ કેન્દ્રના શૈક્ષણિક સમિતિના નિદેશક શ્રીમતી સી. રમાદેવી અને અન્ય મહાનુભાવો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં. મુખ્ય અતિથિ શ્રી ડી.પ્રભાકર રાવે શાળાના નવા ચૂંટાયેલા આગેવાનોને શપથ લેવડાવી બિલ્લા એનાયત કર્યા. ત્યારબાદ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ માટે ધોરણ ૧૦ના અને ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષામાં તેમના ઉત્કૃષ્ટ પ્રદાન બદલ ઇનામ વિતરણ સમારોહ યોજાયો હતો.

વાડક્કંચેરી કેન્દ્રઃ રામાયણ મહિનો

ભવનની એસ. રામકૃષ્ણન મેમોરિયલ પબ્લિક સ્કૂલ, અકામલા ખાતે ૧૮ જુલાઈ ૨૦૨૨ના રોજ રામાયણ મહિનાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભૂતપૂર્વ બૅંક કર્મચારી, નાણાકીય સલાહકાર અને ધાર્મિક વિદ્વાન શ્રી વી. આર. રામચન્દ્રન આશીર્વાદ આપવા હાજર હતા.

ઉદ્‌ઘાટન સંબોધનમાં શ્રી રામચન્દ્રને વર્તમાન પરિસ્થિતિમાં રામાયણના મહત્ત્વ વિશે વાત કરી હતી. એમણે જીવનમાં રામ આચરિત 'ધર્મ'ના મહત્ત્વને પ્રાધાન્ય આપવા પર ભાર મૂક્યો.

નવી મુંબઈ કેન્દ્ર : શબ્દોની શક્તિ

ભવન નવી મુંબઈ કેન્દ્રની ચિલ્ડ્રન્સ ક્લબ દ્વારા ૨ જુલાઈ ૨૦૨૨ના રોજ શબ્દોની શક્તિ 'ગોલ્ડન પાવર' પર સંવાદાત્મક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. શિક્ષણ ક્ષેત્રે ૩૦ વર્ષના અનુભવી અને માનસિક સ્વાસ્થ્ય તેમજ મનોવૈજ્ઞાનિક સલાહકાર શ્રી નયના ભટ્ટે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. એમણે વિવિધ ધ્વનિ પ્રવૃત્તિથી શરૂ કરીને શબ્દ રમત, વાર્તા લેખન તથા બોલીમાં શબ્દો અને સ્વરની અસર સમજાવવા કાર્યશાળામાં રજૂઆત કરી હતી.

૬ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ 'ભારત, એક ખોજ' વિષય પર આરતી કુટ્ટે દ્વારા સંચાલન થયું. તેઓ કોર્પોરેટ મેનેજમેન્ટમાં ૧૫થી વધુ વર્ષનો અનુભવ ધરાવે છે.

સંવાદાત્મક સત્રમાં ભારતના રાષ્ટ્રીય પ્રતીકો, કૉલાજનું નિર્માણ વગેરે જેવી અનેક પ્રવૃત્તિ વિશે વાત કરવામાં આવી હતી.

બેંગલુરુ કેન્દ્ર : વ્યાસ જ્યોતિ પુરસ્કાર – ૨૦૨૨

ભારતીય વિદ્યા ભવન અને જ્યોતિ ચેરીટેબલ ટ્રસ્ટ, બેંગલુરુના સંયુક્ત ઉપક્રમે ૧૭ જુલાઈ ૨૦૨૨ના રોજ વિખ્યાત મહામહોપાધ્યાય વિદ્વાન જી. મહાબલેશ્વર ભટ્ટને વ્યાસ જ્યોતિ પુરસ્કાર ૨૦૨૨ એનાયત કરવામાં આવ્યો.

વર્ષ ૨૦૨૨નો વ્યાસ જ્યોતિ પુરસ્કાર મહામહોપાધ્યાય શ્રી મહાબલેશ્વર ભટ્ટને એનાયત થયો

૧૯૪૮માં જન્મેલા વિદ્વાન જી. મહાબલેશ્વર ભટ્ટે શ્રી ચામરાજેન્દ્ર સંસ્કૃત કૉલેજમાં ૩૪ વર્ષ સુધી વ્યાકરણશાસ્ત્રમાં અધ્યાપક તરીકે સેવા આપી છે. એમણે અવધૂત દત્તપીઠમ દ્વારા શાસ્ત્ર નિધિ, શ્રી સ્વર્ણાવલી મઠ દ્વારા વ્યાકરણ વિચક્ષણ અને પ્રતિષ્ઠિત રાષ્ટ્રપતિ પુરસ્કાર વગેરે અનેક પુરસ્કારો પ્રાપ્ત કર્યા છે.

વિદ્વાન શ્રી રાજગોપાલ શર્માએ એમના વક્તવ્યમાં ગુરુકુળ પ્રણાલીમાં ગુરુના માહાત્મ્ય વિશે વાત કરી. એમણે જ્યોતિ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આપણા પૌરાણિક ગ્રંથોના જ્ઞાનનો પ્રચાર કરતા વિદ્વાનોને પ્રતિષ્ઠિત કરવા બદલ સંસ્થાના યોગદાનની પ્રશંસા કરી. એમણે વેદોના પાઠ કરવાની સૌથી જટિલ રીતોમાંની એક 'ઘન'થી પોતાની વાતનું સમાપન કર્યું. કાર્યશાળાનું સમાપન શાંતિ મંત્ર દ્વારા થયું.

કોલકતા કેન્દ્ર : ટેબલ ટેનિસ ચેમ્પિયન

ચંદેરનાગોર જિલ્લા ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ ૨૦૨૨માં અન્ડર - ૧૫ (છોકરીઓ)ની શ્રેણીમાં ધોરણ ૮ની આરુષિ નંદી વિજેતા બની હતી. સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ઇન્ડિયા, સોલ્ટ સિટી કોલકતા ખાતે યોજાયેલી ક્રિકેટ ક્લબ ઑફ ઢાકુરિયા - CCD અન્ડર -૧૩ ચેમ્પિયનશિપમાં પણ બીજો ક્રમાંક મેળવ્યો. આ સાથે તેણે રાજદંગા ખાતે યોજાયેલી તબક્કા -૩ની પ્રતિયોગિતામાં કોસીમબજાર ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ પણ જીતી. આરુષિને ટ્રોફી, મેડલ, રોકડ પુરસ્કાર તેમજ પ્રમાણપત્રો મળ્યાં હતાં.

વોટ્સએપ

☐ સં. શરીફા વીજળીવાળા

આજે મિશ્રાજીની બીજી દીકરીનાં લગ્ન પણ થઈ ગયાં. મહેમાનોને વિદાય કરી મિશ્રાજી અને એમની પત્ની 'હાશ' કરીને બેઠાં. જરાકવાર રહીને મિશ્રાજીએ પત્નીને કહ્યું : તુમ્હે યાદ હૈ, જબ બચ્ચિયાં છોટી થીં, તબ લડતે વક્ત તુમ હંમેશાં કહા કરતી થી, 'ઈન બચ્ચિયોં કે કારણ પડી હૂં, વર્ના કબ કી છોડ કે ચલી ગઈ હોતી...' કુછ યાદ આ રહા હૈ?

☺ ☺ ☺

અતિશુદ્ધ જોડણીના આગ્રહી મિત્ર બે દિવસથી મારું લોહી પીતા હતા : સાચો શબ્દ કયો - નર્ક કે નરક? કારણ ધર્મ અને ધરમ બેઉ સાચા છે.

ચોથી વારના ફોનથી મારાથી કહેવાઈ ગયું કે 'તમારે જવાથી મતલબ છે કે જોડણીથી?' તમે નઈ માનો પણ છેલ્લા પંદર દિવસથી એણે મને બ્લોક કરેલ છે!

☺ ☺ ☺

ભગવત માનને દારૂ પીવાને કારણે વિમાનમાંથી ઉતારી દીધા એ વાંચ્યું ત્યારથી મારું ભેજું ચકરાવે ચડ્યું છે : અજબ વાત છે યાર! જો વિમાનમાં 'ચિતા' આવે તો 'પીતા' આવનાર સામે શો વાંધો છે ભાઈ?

☺ ☺ ☺

એશિયા કપની સળંગ બે મેચ હાર્યા પછી પણ ક્રિકેટરસિયા ભારતીયો સેમિફાઈનલમાં પ્રવેશવાની આશા રાખે એ કોના જેવું લાગે કહું?

અમારા ગામમાં ખોદણિયે ઓટે બેઠેલા વાંઢાઓ વિચારેને કે આ પેલાનું પેલી સાથેનું તૂટી જાય તો મારે મેળ પડી જાય!!

"આ તો દાંતના ડૉક્ટર હતા! મગજના સર્જન ક્યારથી થઈ ગયા?"
"એમનું ડ્રિલ મશીન થોડું ખસી ગયું એમાં!"

☺ ☺ ☺

"જૂના મોટા ફોને નાના ફોન સામે જોઈને કહ્યું, "હજી એંગેજ થવા માટે તું નાનો ગણાય."

☺ ☺ ☺

"એક કૂતરાએ લસણ ખાઈ લીધું."
"તો એમાં શું નવાઈ?"
"અરે, એના કરડવા કરતાં એના ભસવાથી લોકો ડરવા માંડ્યા."

☺ ☺ ☺

શિક્ષક: "અગ્નિની શોધ કોણે કરી?"
વિદ્યાર્થી: "કોઈ તેજીલા તણખાએ!"

☺ ☺ ☺

ગ્રાહક: "આવું ખાવાનું આપો છો? આમાં વાંદો છે!"
વેઈટર: "સાહેબ, માફ કરજો હું બીજી ડીશ લાવી આપું છું!"
ગ્રાહક: "તારો મેનેજર ક્યાં છે? એને બોલાવ, મારે ફરિયાદ કરવી છે!"
વેઈટર: "સાહેબ એમને ફૂડપોઈઝનિંગ થઈ ગયું છે, એટલે હૉસ્પિટલમાં છે!"

☺ ☺ ☺

"તમે બીજી વાર પરણો એ ગુનો ગણાય."
"એની સજા શું હોય છે?"
"બે સાસુ!"

Printed and Published by P.V. Sankarankutty on behalf of Bharatiya Vidya Bhavan, printed at Siddhi Printers, 13/14 Bhabha Bldg, Khetwadi 13th Lane, Mumbai-400 004 and published for Bharatiya Vidya Bhavan, K. M. Munshi Marg, Chowpatty, Mumbai-400 007.

Editor : Deepak Doshi

वेदोऽखिलो धर्ममूलम् । वेदो नित्यमधीयताम् । वेदोः वयं वः शरणं प्रपन्नाः । वेदो ये नः परं धनम् ।

અદ્વૈત વિદ્યાચાર્ય મહારાજા સાહેબ શ્રી ગોવિંદ દીક્ષિત પુણ્યસ્મૃતિ સ્મરણ સમિતિ (રજિ.)

"Sri Govinda Deekshita Ghatika Sthanam"

29-30, East Iyen Street (Entrance at Yagasalai St.), KUMBAKONAM.
Tamil Nadu - 612 001. India
Tel. No. Off : (0435) 2401789, 2425948 Patasala : 2401788, 2422866

E-mail : rajavedapatasala@dataone.in
Website : www.rajavedapatasala.org

વેદો અને શાસ્ત્રોના, પ્રાચીન ગુરુકુળ પદ્ધતિ દ્વારા, રક્ષણાર્થે જાહેર નિવેદન

શ્રી રાજા વેદ કાવ્ય પાઠશાળા, કુંભાકોણમની સ્થાપના ૧૫૪૨માં સુવિખ્યાત વહીવટકર્તા-સંચાલક સંત અદ્વૈત વિદ્યાચાર્ય મહારાજા સાહેબ ભગવાન શ્રી ગોવિંદ દીક્ષિતર દ્વારા પવિત્ર નદી કાવેરીના તટે વેદ અને શાસ્ત્રોના પ્રસાર માટે કરવામાં આવી છે. તેઓએ તંજાવુરના નાયક રાજાઓનું સતત ત્રણ પેઢી સુધી પ્રધાનપદ શોભાવ્યું છે. તામિલનાડુમાં જ આ એકમાત્ર પાઠશાળા છે જે પાછલાં ૪૭૧ વર્ષથી અવિતરપણે કાર્ય કરી રહી છે. જ્યાં ઋગ્વેદ, કૃષ્ણ અને શુક્લ યજુર્વેદ અને સામવેદ પ્રાચીન પરંપરાનુસાર અભ્યાસક્રમ શીખવાય છે. વિદ્યાર્થીઓને ૮થી ૧૨ વર્ષની વયથી શીખવાય છે ૬થી ૧૦ વર્ષ પર્યંતના આ અભ્યાસકાળમાં વિદ્યાર્થીના આવાસ, ભોજન તેમ જ વસ્ત્રાદિ તેમ જ યાત્રાભાડુંની વ્યવસ્થા કરવામાં આવે છે. હાલમાં અહીં ૧૫૫ વિદ્યાર્થીઓને ૧૪ અધ્યાપકો કેળવણી શિક્ષા આપે છે.

વૈદિક અભ્યાસ બાદ તેઓને શાસ્ત્રો અને વેદોના ઉચ્ચ અભ્યાસ માટે પાઠશાળાના વિદ્વાન અધ્યાપકો દ્વારા પ્રોત્સાહન અપાય છે.

તા. ૨૧-૬-૨૦૦૪ના રોજ નવી પાઠશાળા શ્રી ગોવિંદ દીક્ષિતર ઘટિકા સ્થાનમ્ (૧૩,૫૦૦ ચો. ફૂટ)ના મકાનનું અર્પણ કાંચી કામકોટી મઠના શંકરાચાર્ય પ.પૂ. શ્રી જયેન્દ્ર સરસ્વતીના શુભહસ્તે થયું.

પાઠશાળાના વધતા જતા ખર્ચને પહોંચી વળવા નીચે પ્રમાણેનાં દાન સ્વીકારાય છે. તમારા પત્ર/ઈમેલમાં સરનામા સાથે ફોન નંબર, STD કોડ અને મોબાઈલ નંબર લખવા વિનંતી. દાનની રકમ આવકવેરાની ૮૦-G કલમાનુસાર કરમુક્ત છે.

યોજના	દાનની રકમ	સ્થાયી થાપણ (જમા રકમ)
વિદ્યાર્થી ભોજન સાદું (સમારાધન)	રૂ ૭૦૦/-	રૂ. ૯,૦૦૦/-
વિશિષ્ટ ભોજન	રૂ. ૨,૫૦૦/-	રૂ. ૩૦,૦૦૦/-
દાળ-ભાત : (૭૫ કિલો)	રૂ. ૧,૬૦૦/-	રૂ. ૨૦,૦૦૦/-
વેદ અને શાસ્ત્રના અભ્યાસ શિક્ષણ/રક્ષણાર્થે (વિદ્યાર્થી દીઠ)	રૂ. ૧૨,૦૦૦/- પ્રતિ વર્ષ	૧,૫૦,૦૦૦/-

ક્રોસ ચેક, ડિમાંડ-ડ્રાફ્ટ, A.V.M.S.G.D.P.S. Samithi કુંભાકોણમ્ ખાતે કરી મોકલવા વિનંતી. (પત્રવ્યવહાર ઉપરના સરનામે પ્રમુખ કે ખજાનચી પ્રતિ કરવો.)

Total Pages 228
Date of Publication : 23rd of every previous month
R.N.I. 35887/80 Registered No. MCW / 110 / 2021-2023 Posted on Mumbai Patrika Channel Sorting Office Mumbai-400 001 on 27th & 28th of every previous month.

Books for All Times

Much Awaited Reprints



HB ₹ 1100/-

- HINDU DHARMA
- SAUNDARYALAHARI
- THE GURU TRADITION



HB ₹ 1200/-



HB ₹ 250/-

For copies, please contact:
BHARATIYA VIDYA BHAVAN Publication Division
505, Sane Guruji Marg, Gora Gandhi Compound, Tardeo, Mumbai 400 034
Ph.: 23530916/23514466/23519808 (Direct) Fax: 23520385
E-mail: pvsankarankutty@gmail.com or pvsankarankutty@bhavans.info
Website: www.bhavans.info
• Postage Extra